દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 4 જાન્યુઆરી, 2024 | માગશર વદ આઠમ | વિક્રમ સંવત 2080

પ્રામાણિક પરિશ્રમ સાથે સેવા એટલે સોનામાં સુગંધ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

વ્યક્તિએ પોતાના ઉદ્ધારક બનવાનું છે. ભીતરમાં મુક્તિની તરસ હોવી જોઈએ અને સમાજને પણ મુક્ત કરવાનું છે. યુવાવર્ગને મારે એટલું જ કહેવાનું કે તારી યૌવનની ઊર્જાને કામે લગાડ. યુવાનોમાં તો મોટી આશાનો દરિયો છુપાયેલો છે. આશાનું કિરણ છે. દેશની ઊછળતી ઊર્જા છે. ફરિયાદ ન કરે, પણ એ શક્તિને કોઈ સાધુ પરુષ, કોઈક સદ્ગુરુ એની પ્રેરણાથી, વડીલોના માર્ગદર્શનથી નિર્માણના કાર્યમાં લગાડે.

ક્યારેક પૌરુષને પડકાર મળતો હોય છે. બીજી તરફ સેવા અને શ્રમનું પણ મહત્ત્વ છે. જીવનમાં પ્રામાણિક પરિશ્રમ કરવામાં આવે તો વ્યક્તિ અર્થવાન બને છે. લક્ષ્મી તેની તરફ આવે છે. આ માટે જરૂરી છે કે, વ્યક્તિ સાચા માર્ગે ચાલે. યુવાવર્ગની સામે પડકાર છે, શક્તિ-શ્રમનો અને સમયનો. આજનો યુવાવર્ગ શ્રમ અને સેવાનો સમન્વય કરી સદ્ઉપયોગમાં સમય પસાર કરે, તો પોતે તો આગળ વધે અને બીજાની નજરમાં પણ આવી જાય.

ઘણાં તેના કાર્યને જોઈને કહે કે, 'વાહ! આ છોકરો કેટલા ઉત્સાહથી ભરેલો, કેટલો નિષ્ઠાથી કામ કરે છે. છોકરો કામનો છે. કોઈક પૂછશે તમારા કામથી રાજી થઈને કે શું કરે છે?' કહે કે, 'હમણાં બીજી કોઈ નોકરી નથી. પણ સમય છે મારી પાસે. એટલે આ કામ કરું છું.' એટલે તરત એ કાર્ડ આપીને કહેશે, 'મારી ચેમ્બરમાં આવીને મળજે મને. તારું કામ છે.'

જિસકે પાસ સંપત્તિ હૈ, વહ સંપત્તિ સે સેવા કર સકતા હૈ ઔર જિસકે પાસ સંપત્તિ ભલે હી નહીં હૈ

લેકિન સમય તો હૈ. સમય દેકર સેવા કરો.

એક વાર એક પ્લેટફોર્મ પર એક સંત બેઠા હતા. ત્યાં એક ભિખારી ભીખ માગતો માગતો નીકળ્યો. એક સુખી માણસ હતો. સુટેડબુટેડ હતો. ગોગલ્સ, લકી, ઘડિયાળ. લખપતિ માણસ હશે એવી છાપ પડતી હતી. એ.સી. ફર્સ્ટની ટિકિટ હતી. લખપતિ–કરોડપતિ હશે. ભિખારીએ આવીને એની પાસે પંદર મિનિટ બગાડી, 'આપો ને માઇ–બાપ કંઇક.' 'કુછ આપો ને. ગરીબો કી સુનોં, વો તુમ્હારી સુનેગા. તુમ એક પૈસા દોગે વહ દસ લાખ દેગા.' ગીત ગાઈ-ગાઈને ગળું બેસી ગયું, પણ પેલો ન પીગળ્યો, તે ન જ પીગળ્યો. ત્યાંથી આશા છોડીને ભિખારી થોડો આગળ ગયો.

એક સાવ સાદો માણસ. નીચલા મધ્યમ વર્ગનો લાગતો હતો. એની પાસે જઈને 'ગરીબોં કી સુનો..' ગાયું. હજી અડધી કડી પૂરી કરી, ત્યાં પેલાએ પાંચ રૂપિયાની નોટ હાથમાં મૂકી.

એટલે કોઈકે પેલા સંતને પૂછ્યું કે, 'બાપુ! આનો અર્થ શું? પેલો તો કરોડપતિ માણસ દેખાય છે અને પંદર મિનિટ ગાઈ-ગાઈને આનું ગળું બેસી ગયું, પણ પેલો ન પીગળ્યો. ખિસ્સામાં હાથ ન ગયો. દોઢિયું ન મળ્યું અને આ સાવ સાધારણ માણસ અને એણે પાંચ રૂપિયાની નોટ હાથમાં મૂકી!' સંતે જવાબ આપ્યો કે, 'બંને જણા પોતાની જાતને છુપાવે છે. ન આપવાવાળો અને આપવાવાળો - બેય પોતાની જાતને છુપાવે છે.'

આવું પણ બને. વિચાર કરવા જેવો છે. સંતે આવું શું કામ કહ્યું કે બંને જણા પોતાની જાતને છુપાવે છે. આવા લોકો પાસે કોઈ કદાચ ફાળો, કોઈ સારું કામ કરવા ટહેલ નાખવા જાય એટલે સુટેડબટેડ એરકન્ડિશન્ડ ચેમ્બરમાં બેઠો હોય, એ ધનપતિ પાછો કહે, 'આ વર્ષ થોડું નબળું છે. તમે તો જાણો છો. ધંધા હવે પહેલાં જેવા રહ્યા નથી.' અને એટલાં બહાનાં બતાવે, જાણે એના જેવો કોઈ બીજો ગરીબ નહીં હોય. એના જેવો નિર્ધન કોઈ બીજો નહીં.

આપણને થાય કે આ કેમ રોટલો ખાતો હશે? તમે ગયા હો ફાળો લેવા, પણ એની વાતો સાંભળીને તમે એને સો રૂપિયાની નોટ દઈને આવતા રહો અને પેલો ભલે ગરીબ હોય, બે છેડા અડતાં ન હોય, પૂરું થતું ન હોય. છતાં કોઈક આવે એટલે પાંચ રૂપિયાની નોટ આપીને એમ બતાવવા માગે છે કે હું ગરીબ નથી. પાંચ તો પાંચ પણ હું દઈ શકું છું. દિલ હોય એ દઈ શકે છે. દ્રવ્ય હોય એ બધા દઈ શકે એવું નથી.

અમારા પૂ. કૃષ્ણશંકર દાદાજી કહેતા કે બીજાના દુઃખને જોઈને દ્રવે એનું નામ દિલ અને બીજાના દુઃખને જોઈને માત્ર દ્રવે નહીં, પણ પાછું એ તરફ વહે, એનું નામ દ્રવ્ય. સંતોની પાસે દિલ છે અને શ્રીમંતોની પાસે દિલ અને દ્રવ્ય બંને છે. જો સંતો અને શ્રીમંતો ભેગા થઈ અને દિલ અને દ્રવ્યનો સદ્ઉપયોગ કરે તો સમાજમાં કોઈ દીનહીન અને કંગાલ ન રહે.

પૈસો, સિક્કો અને નોટ આમ સોલિડ ફોર્મે લાગે, પણ તેનો સ્વભાવ છે, લિક્વિડ. આમ નક્કર લાગે ધનરૂપ, પણ હકીકતમાં એ દ્રવ્ય રૂપ છે. એટલા માટે તો એને દ્રવ્ય કહે છે. કહે છે કે દાનથી ધનની શુદ્ધિ થાય.

જીવનમાં પ્રામાણિક પરિશ્રમ કરીએ તો સાચા અર્થમાં પારિશ્રમિક પ્રાપ્ત થાય. આવા મહેનતના ધનની સાથે સેવા પણ ભળે, તો સોનામાં સુગંધ ભળે તેવું કાર્ય થાય.

ભૂલ કયા એકમથી માપીશું?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

અમેરિકાના ન્યૂયોર્ક શહેરની એક હાઈસ્કૂલમાં એક શિક્ષિકાએ વિચાર્યું કે, મારા વર્ગમાં જે વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં જે કંઈ અસાધારણ કાર્ય કર્યું છે, તેમને મારે બિરદાવવા છે. તેણે બધી ગણતરી કરીને નામો ચૂંટ્યાં.

એક દિવસ તેણે વર્ગમાં વિદ્યાર્થીઓનાં નામ અને તેમણે કરેલાં અસાધારણ કાર્યોની જાહેરાત કરી. છેલ્લે તેણે દરેક વિદ્યાર્થીને એક-એક આસમાની રિબિન ભેટમાં આપી, જેના ઉપર સોનેરી અક્ષરમાં લખ્યું હતું કે, 'મેં કંઈક જુદું કરી બતાવ્યું છે.' ત્યાર પછી તેણે દરેક વિદ્યાર્થીને ત્રણ-ત્રણ એક્સ્ટ્રા રિબિન આપી અને કહ્યું કે, 'તમને જો કોઈ અસાધારણ વ્યક્તિ મળે, તો તમારે તેમને આ એક રિબિન ભેટમાં આપવી અને આગળ બીજા લોકોને આપવા માટે કહેવું.'

એક વિદ્યાર્થીએ પોતાને કરિયર પ્લાનિંગ માટે મદદ કરનાર જુનિયર ઓફિસરને ભેટ આપી. આ જુનિયર ઓફિસરે રિબિન પોતાના બોસને ભેટમાં આપી. બોસ ખડૂસ માણસ હતો. છતાં પોતાને મળેલી એક એક્સ્ટ્રા રિબિન તેણે પોતાના પુત્રને આપવાનો નિર્ણય કર્યો. ઘરે આવતાં જ તેણે તેના પુત્રને બોલાવીને કહ્યું કે, 'બેટા, મારો સ્વભાવ ક્રોધી છે. છતાં તમે લોકો મને સહન કરો છો. માટે તમે જે સહન કરો છો તેવું ખરેખર કોઈ સહન ન કરે.' એમ કહી ગળગળા થઈ દીકરાને રિબિન આપી. દીકરો રડી પડ્યો. પછી તેણે રૂંધાયેલા કંઠે પિતાને કહ્યું કે, 'પપ્પા, તમારાથી હું કંટાળી ગયો હતો. આથી આજે હું તમારા બધાંનાં સૂઈ ગયાં પછી આપઘાત કરવાનો હતો. મેં ચિઠ્ઠી પણ તૈયાર કરી નાખી હતી. પણ આજે તમે મને પ્રેમથી બોલાવ્યો, ત્યારે મને પહેલી વખત અનુભવ થયો કે તમે મને પ્રેમ કરો છો.' પિતાએ પુત્રના રૂમમાંથી ચિઠ્ઠી મગાવીને વાંચી અને પછી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

પિતાએ અજાણતાં જ માફી માંગી હતી, છતાં આવું ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત થયું. માફી માંગવાની આ તાકાત છે. માફી માગવી એ નાનપની નિશાની નથી, પણ મોટપની સંજ્ઞા છે.

પ્રમુખસ્વામી મહારાજ 1987ની સાલમાં સંતો-ભક્તોના સંઘ સાથે ઉત્તરાખંડની યાત્રાએ નીકળ્યા હતા. યાત્રાના દરેક વિશ્રામસ્થળે ઉતારાની, રહેવાની અને બીજી વ્યવસ્થાઓની ગોઠવણ અગાઉથી જ કરી લેવામાં આવી હતી. સંઘ મોટો હોવાથી સ્વાભાવિકપણે જ આ તીર્થસ્થાનોનાં મોટા ભાગનાં વિશ્રામસ્થળો સંઘ માટે આરક્ષિત થઈ ગયાં હતાં.

યાત્રા પૂરી થયા બાદ લંડનનિવાસી એક ભાઈએ પોતાને પડેલી તકલીફોનો ઉલ્લેખ કરતો પત્ર સ્વામીજી ઉપર લખીને એ બધી બાબતોનું દોષારોપણ સ્વામીજી પર કર્યું, 'તમે જે સમયે યાત્રાએ નીકળ્યા, એ સમયે હું પણ મારા પરિવાર સાથે યાત્રાએ ગયો હતો. તમે આટલો મોટો સંઘ લઈ બધાં તીર્થોમાં ફર્યા અને બધી જગ્યા રોકી લીધી, તેથી મને અને મારા પરિવારને આ બધાં સ્થાનોમાં ક્યાંય જગ્યા મળી નહીં. તમારે લીધે અમને તકલીફ પડી.'

આમ જોઈએ તો, આમાં સ્વામીજીનો કોઈ દોષ નહોતો. આથી આવા પત્રનો ઉત્તર આપવાનું સૌને ઉચિત ન લાગ્યું. છતાં સ્વામીજીએ તેમને નમ્રતાસભર ઉત્તર પાઠવતો પત્ર લખ્યો, 'અમારો ઇરાદો તમને કોઈ જ તકલીફ પહોંચાડવાનો નહોતો. તમારો કાર્યક્રમ અમારી સાથે-સાથે ઘડાશે એ પણ અમને જાણ નહોતી. તમે અમને એ યાત્રા દરમિયાન મળ્યા હોત, તો અમે તમને જરૂર કંઈક સગવડ કરી આપી હોત. અમારો આશય તમને અગવડરૂપ થવાનો નહોતો. છતાં તમને તકલીફ પડી તે બદલ અમે તમારી ક્ષમા માગીએ છીએ.'

ઘણી વખત આપણે માફી માગવામાં સરવાળો-બાદબાકી કરીએ છીએ. 'મારી ભૂલ હતી, પણ વધારે એની ભૂલ હતી.' 'મારો એકલાનો જ વાંક નહોતો, એનો પણ હતો.' 'હું તો ખાલી આટલું જ બોલ્યો હતો.' આવા શબ્દો દ્વારા આપણે આપણી ફરતે સ્વબચાવનો ગઢ રચવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ એક વાસ્તવિકતા એ છે કે જે માણસ આ ગણતરીમાંથી બહાર નીકળે છે, તે જ જીવન જીવવાની મજા માણી શકે છે, કારણ કે આપણે આપણી અને સામેવાળાની ભૂલ કયા એકમથી માપીશું? આપણે નક્કી કરેલું એકમ સામેવાળાને માન્ય થશે? સામેવાળાની ફૂટપટ્ટીથી આપણે દોષિત ઠરીશું તો? કદાચ સામેવાળાની ભૂલ પુરવાર થઈ ગઈ, પણ પછી સામેવાળાને કેટલો દંડ કરીશું? આ બધી માથાકૂટમાં પડવા કરતાં શું કામ આપણે આપણા દ્વારા થયેલી ભૂલની માફી પ્રામાણિકપણે માગી ભારમાંથી હળવા ન થઈએ? કારણ કે બધા પ્રશ્નોનો ઉકેલ આખા વિશ્વના બધા બુદ્ધિશાળી માણસો ભેગા થાય, તો પણ લાવી શકે એમ નથી.

જીરાવલા પાર્શ્વ પ્રભુનો ઇતિહાસ

કથાબિંદુ

મુનિ સજ્જયપુણ્ય વિજય

રાજસ્થાનના વરમાણ ગામનાં એક વૃદ્ધાની ગાય સેહીલી સરિતાના તટે દેવીની ગુફામાં જઈ દૂધ ઝરાવતી. વૃદ્ધાએ ધાંધલ નામના શ્રેષ્ઠીને આ કૌતુક જણાવ્યું.

કૌતુકનું રહસ્ય મેળવવા ધાંધલ શ્રેષ્ઠીએ તે ગુફામાં રાત્રીવિશ્રામ કર્યો. રાત્રે સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે શેઠને સંકેત આપ્યો કે અહીં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે.

બીજા દિવસે પ્રભુનાં પ્રગટીકરણ માટે સંઘ એકત્રિત થયો, તો ગુફાની સમીપવર્તી જીરાવલા ગામનો સંઘ પણ ત્યાં આવ્યો. ગુફાની જમીનમાંથી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઈ. સૌ દર્શન કરી હર્ષાન્વિત થયાં.

વરમાણ અને જીરાવલા બંને ગામના સંઘોએ પ્રભુજીને પોતાને ત્યાં લઈ જવાની ભાવના વ્યક્ત કરી. વિવાદ થતાં સમાધાનમાં એક વૃદ્ધ પુરુષે સમાધાન આપ્યું,

તે પ્રમાણે બળદગાડામાં પ્રભુજીને પધરાવ્યા. બળદગાડું જીરાવલા તરફ સ્વયંભૂ ચાલવા લાગ્યું. અહીં પ્રભુનો નગર પ્રવેશ થયો અને વિ.સં. 1191ની સાલમાં ગામમાં પ્રભુને પ્રસ્થાપિત કર્યા.

અત્યારે તો જીરાવલા તીર્થનું વિશ્વવિશ્રુત નવનિર્માણ થયું છે.

પ્રતિ વર્ષ લાખો ભક્તો પ્રભુનાં દર્શન કરવા આવતાં હોય છે. દિન-પ્રતિદિન પ્રભુજીનો પ્રભાવ વધતો જાય છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 11 જાન્યુઆરી, 2024 | માગશર અમાસ | વિક્રમ સંવત 2080 08

અનુકૂળતા કે પ્રતિકૂળતા જીવનનું ઘડતર કરે છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આ પણાં જીવનનું સ્તર આપણે જે કંઈ નિર્ણય કરીએ છીએ, એના પર નિર્ભર રહે છે. સંસ્કૃતિ પૂર્વની હોય કે પશ્ચિમની - બંનેમાં પોતપોતાની ખૂબી અને ખામીઓ છે. આપણે વિવેકથી આ બંનેને જોડીને તેમાંથી જે સારું હોય, તેને અપનાવી શકીએ. કોઈ પણ મનુષ્ય તે ભારતમાં જન્મ્યો હોય કે પશ્ચિમમાં - બંને સંસ્કૃતિમાં જે સારા વિચારો રહેલા હોય, તેને પોતાનાં જીવનમાં ઉતારીને સારું જીવન જીવી શકે છે.

આ દુનિયા બધા પ્રકારનાં લોકોથી ભરેલી પડી છે. બીજા સાથે સંયોગોનુસાર કુશળતા અને અક્કલમંદીથી વર્તન કરવું એમાં જ સાચી સમજદારી છે. એવી અપેક્ષા રાખવી કે પરિસ્થિતિ હંમેશાં તમારો સાથ દેશે, દરેક મનુષ્ય તમારી મદદ કરશે અને આપણી બધી જ ઇચ્છાઓ પૂર્ણ થશે, તે ખોટું છે.

એક વાર ગ્રેટ બ્રિટનની ઇન્ડિયન એમ્બેસીમાં યોજાયેલા સન્માન સમારોહ દરમિયાન પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે - 'સૌપ્રથમ તો ઈશ્વરે આપણને માનવ બનાવીને આપણું સન્માન કર્યું છે. કોઈ પણ જીવ જીવન પામીને સૌપ્રથમ સ્વયં જગદીશ દ્વારા સન્માનિત થતો હોય છે. મનુષ્ય એ જીવનને સારી રીતે જીવે છે. એ મનુષ્ય દ્વારા ઈશ્વરનું સન્માન છે. જ્યાં પરસ્પર પ્રેમ હોય ત્યાં આવો સદ્ભાવ અને એમાંથી નીપજતું સન્માન સ્વાભાવિક રીતે થાય છે.'

જીવનને એ દૃષ્ટિએ જોઈએ, ત્યારે એમાંથી નીપજતો સંતોષ. જીવન પ્રત્યેનો અહોભાવ અને જગદીશ પ્રત્યેનો અનુરાગ જીવનને હર્યુંભર્યું કરી દે છે.

પ્રસાદ પામનારો પ્રસન્નતાથી ન ભરાય, તો પ્રસાદ શું કામનો? અને એ પ્રસાદ વહેંચાવો જોઈએ. જ્યારે વહેંચાય ત્યારે જીવનનો એ આનંદ, સુખ, પ્રેમ- એનો ગુણાકાર થતો હોય છે. જીવનમાં આવતા મધુર કે કડવા અનુભવો, અનુકૂળતાઓ કે પ્રતિકૂળતાઓ જીવનનાં ઘડતરમાં શિલ્પીનું કામ કરતા હોય છે.

જીવનને મેં આ રીતે જોયું, જાણ્યું અને માણ્યું છે. આરંભમાં કથા જીવિકા હતી. હવે જીવન છે. પાંડુરંગ શાસ્ત્રીજી પાસેથી સંસ્કાર મળેલા હતા કે જીવનનો આ પ્રસાદ વેચવા નહીં, વહેંચવા માટે છે. તત્ત્વજ્યોતિ પાઠશાળામાં ગાળેલાં એ વર્ષો જીવન–શ્રદ્ધાનો પાયો મજબૂત થયો, જેને લીધે હું આ ભગવતતાનાં માર્ગે વળ્યો. પરિવારમાં કોઈ કર્મકાંડી નહીં, પણ આ સંસ્કારે જ મને આ ભાગવત માર્ગ તરફ વાળ્યો.

પછી તો કેટલાયે પ્રસંગો બનતા રહ્યા કે અહીં જ ટકી રહ્યું. ઘણીબધી ઘટનાઓ છે. કપુરભાઈ ચંદરિયાવાળી કથા વખતે બ્રિટનમાં ભગવતકાર્યનું મશાલરૂપ દૃષ્ટાંત બન્યું.

શરૂઆતમાં આ લોકોના હાથમાં 30 હજાર પાઉન્ડ આવ્યા. ખર્ચ 1 લાખ 5 પાઉન્ડમાં એક જણનું નેત્રદાન થતું હતું. એક ભાઈએ પોતાની બહેનને એના જન્મદિવસે પૂછ્યું, 'શું આપું?' બહેને કહ્યું, 'મને જેટલાં વર્ષ થયાં છે એટલાં પાંચ પાઉન્ડનાં સિક્કા આપ.' નવી ગાણિતિક ગમ્મત થઈ કે મારી પાસેથી જે બિલ્લા ખરીદશે તે હું પાછા ચડાવીશ. પોતાના વસ્ત્ર પર 35થી 40 બિલ્લા લગાડીને ફરે.

નેત્રદાતા તરીકે જે ખરીદી લે તેટલા ફરી વસ્ત્ર પર શણગારે. આમ કરતાં અઢી કરોડ રૂપિયાનું ફંડ થયું.

ગ્રેટ બ્રિટનની પ્રજાને ભાગવત-ભાવની હેલી ચડી. આવાં માનવકલ્યાણનાં કાર્યોની ભરતીને લીધે ભારતીય જનતા વતી 'રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઈન્ડ 'ને માટે ડો. પી. સી. એલેક્ઝાંડરે બ્રિટિશ પાર્લામેન્ટના સ્પીકરને બે લાખ પાઉન્ડનો ચેક આપ્યો. સામાન્ય રીતે આપણે લેતા હતા, અહીં એવું થયું કે ભારતવર્ષ આપે છે. એ વાતનો ગૌરવ અને સંતોષ છે.

વ્રજની અંદર ગોવર્ધનમાં કથા હતી. એ દરમિયાન પરિક્રમા કરેલી. જોયું કે ગંદકી છે ગિરિરાજની સેવા કરવાનો વિચાર આવ્યો. પરિક્રમાનો માર્ગ સાફસૂથરો, રળિયામણો હોય, તીર્થ આપણને પવિત્ર બનાવે છે. તો આપણે તીર્થસ્થાનને સ્વચ્છ રાખીએ. ઉદ્યોગપતિ શ્રી કેદારનાથ મોદી વગેરે આયોજકો હતા.

ભાગવતકથામાં ગોવર્ધનલીલાનો પ્રસંગ હતો. ગિરિરાજજીની લીલાનો પ્રસંગ અને કથા ચાલતી હતી. ફાગણ મહિનો હતો. ધોમધખતા તડકામાં વાદળાં ઘેરાયાં. અનરાધાર વરસાદ વરસ્યો. ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યો હતો એ પ્રસંગને અનુરૂપ આ ચમત્કાર થયો. મંડપમાં પાણી-તાડપત્રીની બિછાત લોકોએ ઉઠાવી. 'ગિરિરાજધરણ પ્રભુ તેરી શરણ' સંકીર્તન કરતાં દસ-પંદર મિનિટ વરસાદ વરસ્યો. મને થયું કે કથા સમેટું. મેં કહ્યું કે ઇન્દ્રને એની ભૂલ સમજાઈ? એ જ ક્ષણે વરસાદ બંધ. ન પવન, ન ઝડી. જે કંઈ થયું તે માત્ર એક કિલોમીટરમાં. બારેક વર્ષ પહેલાંનો આ પ્રસંગ, બરસાના, વૃંદાવનમાં વાત ફેલાઈ. લોકો કહે ચમત્કાર, ચમત્કાર...

મેં બીજે દિવસે કહ્યું હતું, આ ભૂમિ અનુભૂતિની ભૂમિ છે. અહીં આવનાર ભક્તોને ભગવાન પોતાની અનુભૂતિનો પ્રસાદ આપે છે, તેથી શ્રદ્ધા ટકી રહે. એમાંથી તીર્થવિકાસ ટ્રસ્ટ–ગોવર્ધનનો પ્રાદુર્ભાવ થયો. એના ઉપક્રમે આજે પરિક્રમા માર્ગનું નિર્માણકાર્ય થાય છે. ઉત્તર પ્રદેશ સરકારના વનવિભાગ સાથે મળી માર્ગ પર હજારો વૃક્ષો – ટ્રી ગાર્ડ, સમાંતરે રતુમડી કાળી, કાચી માટીનો રસ્તો બનાવ્યો.

આમ, વળાંક લેતી નદી જેટલી સુંદર લાગે તેવી રીતે જીવનમાં આવતાં આવા વળાંકો જીવનને સુંદરતા બક્ષે છે. ક્યારેક એમ લાગે છે કે આવું ન હોત અને જીવન સાવ સીધુંસાદું જ હોત તો જીવનમાં અકસ્માતોની સંભાવના વધારે હોત, જાગૃતિનો અભાવ હોત અને આનંદની બાદબાકી થઈ જાત અને તો જીવન 'પ્રસાદ' સંજ્ઞાને પાત્ર ન બનત.

સાચું રોકાણ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ના નાં ભાઈ-બહેન બજારમાં ફરવાં ગયાં. ભાઈએ પૂછ્યું, 'તારે કંઈ લેવું છે?' બહેન કહે, 'મારે ઢીંગલી લેવી છે.' બંને સ્ટોરમાં ગયાં. કાઉન્ટર પર બેઠેલા વૃદ્ધ બાળકોને જોઈને ખુશ થયા, બહેને એક આકર્ષક પોશાકવાળી ઢીંગલી પસંદ કરી. માલિકે પૂછ્યું, 'તમારી પાસે પૈસા છે?' બંને મૂંઝાઈ ગયાં. ભાઈએ પોતાના ખિસ્સામાંથી સમુદ્રનાં છીપલાં ટેબલ પર મૂક્યાં. માલિકે છીપલાં તરફ જોયું ને બીજી બાજુ ઢીંગલી તરફ જોયું. તેઓ બાળકની મૂંઝવણ પારખી ગયા.

બાળકને લાગ્યું કે 'વૃદ્ધને વધારે છીપલાં જોઈએ છે.' તેથી તેણે વધારે છીપલાં આપ્યાં. વૃદ્ધે છીપલાં ગણીને વધારાનાં છીપલાં પાછાં આપી દીધાં. બહેન-ભાઈ ઢીંગલી લઈને જતાં રહ્યાં. પણ આ દૃશ્ય જોનાર નોકરે આશ્ચર્યથી માલિકને પૂછ્યું કે, 'સામાન્ય છીપલાંથી ઢીંગલી અપાતી હશે?' ત્યારે વૃદ્ધ માલિકે કહ્યું કે, 'આ બાળકો મોટાં થશે ત્યારે તો તેમને ખબર પડશે ને કે આપણે એક વાર છીપલાંને બદલે ઢીંગલી લઈ આવ્યાં હતાં. તેમના જીવનમાં આવો પ્રસંગ બનશે ત્યારે તેઓ પણ નાનાં બાળકોને છીપલાંને બદલે ઢીંગલી આપી દેશે, પણ ઢીંગલી છીનવી નહીં લે. જો મેં તેની પાસેથી ઢીંગલી છીનવી લીધી હોત અને છીપલાં ફેંકી દીધાં હોત, તો તેઓ પણ મોટાં થઈ આવું જ કાર્ય કરત.'

ખરેખર, બાળકો સમાજનું ભવિષ્ય છે. એમનું યોગ્ય જતન, પોષણ અને સંસ્કરણ ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકે છે. હા, આ કાર્ય કરવા માટે આપણે ઘસારો વેઠવો પડે અને સમય પણ ફાળવવો પડે, પરંતુ આ રોકાણ કેવળ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે.

પ્રમુખસ્વામી મહારાજ 1973ના માર્ચ મહિનામાં સેલવાસ અને આસપાસનાં ગામોમાં વિચરી રહ્યા હતા. આ સમયગાળામાં મોટી તંબાડી ગામના રામુ નામના આદિવાસી બાળકે સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી! મારે ઘેર આવો.' તેણે ટૂંકી ને ટચ આમંત્રણપત્રિકા સ્વામીશ્રીને આપી દીધી.

'સારું, તારે ત્યાં આવીશું.' સ્વામીશ્રીએ પણ બાળકનું આમંત્રણ સ્વીકારી લીધું. તેથી સૌએ કહ્યું: 'સ્વામી! આના ગામ સુધી ગાડી જાય એમ નથી.'

'ભલે, પણ આપણે જવું છે.' સ્વામીશ્રી તે બાળકને રાજી કરવા નીકળી ગયા. વાઘછીપા સુધી ગાડી આવી પણ આગળ તો હવે બળદગાડાનીયે ગતિ ન થાય તેવી નાનકડી કેડી હતી. તેથી સ્વામી ગાડીમાંથી ઊતરીને પેલા બાળકની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. થોડે આગળ ગયા ત્યાં નદી આવી. તેને ચાલતાં-ચાલતાં જ પાર કરવાની હતી. તેથી સૌએ ફરી વાર સ્વામીશ્રીને ન જવા કહ્યું, પણ સ્વામી ચાલતા જ રહ્યા. ધોતિયું ઊંચે ચડાવી, પગરખાં કાઢી સ્વામીશ્રીએ પાણી ડહોળતાં નદી ઓળંગી.

સામે કિનારે પહોંચતાં એક ગાડાવાળો દેખાયો. તેને વિનંતી કરવામાં આવી: 'આ સ્વામીને ગાડામાં બેસાડશો?' તેણે 'હા' પાડી એટલે તેના ગાડામાં સ્વામીશ્રી વિરાજ્યા. ગાડામાં સ્વામીશ્રીની નીચે પાથરવા કોઈ આસન નહોતું. તેથી પૂળા બિછાવવામાં આવ્યા.

સ્વામીશ્રીએ રામુને કહ્યું: 'તું મને કહેતો જજે કે આ કયું ગામ આવ્યું? આ શું આવ્યું?' રામુ આવડે એવી વાત કરતો જાય અને સ્વામીશ્રી રસપૂર્વક સાંભળતા જાય. એમ કરતાં પંથ કપાયો અને રામુનું ઝૂંપડું આવી ગયું.

સ્વામીશ્રી તેમાં પધાર્યા. રામુ પાસે જ ઠાકોરજીનું પૂજન-આરતી કરાવ્યાં. તેના કપાળ પર ચાંલ્લો કરીને આશીર્વાદ આપ્યાં. રામુએ પણ સ્વામીશ્રીને ચાંલ્લો કર્યો. પછી તેણે પિત્તળની ગોબાયેલી તાસકમાં સાકરિયા લઈ આવીને ઠાકોરજીને ધરાવ્યા.

સ્વામીશ્રીની પધરામણીથી આજે રામુના ચંચળ શૈશવને પાંખો ફૂટી નીકળેલી. સમાજના છેવાડે-પછવાડે જીવતા બાળકના અરમાનને આ મહાપુરુષે આદર આપ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આ મહત્ત્વપૂર્ણ રોકાણ કરવામાં આવ્યું હતું. એમની પાસે બાળકના ઘરે ન જવાના સત્તર બહાનાં હતાં. 'ફરી ક્યારેક આવીશું' અથવા 'અહીં જ પૂજન કરી લઈએ.' પણ તેમણે આવા રસ્તા ન અપનાવ્યા, કારણ કે તેઓ જાણતા હતા કે આ સાચું રોકાણ છે. ઘસારો વેઠીને એ નાના બાળકના ઘરે કરેલી આ પધરામણી એ બાળકના કુમળા હૃદય પર કેટકેટલી અમીટ છાપ છોડશે! જેનું ફળ ભવિષ્યમાં સમાજ ચાખશે.

સામાન્ય રીતે આપણે પૈસાનું કે સંબંધોનું રોકાણ કરવામાં જાગૃતિ રાખીએ છીએ, સાવચેતીપૂર્વક પગલાં ભરીએ છીએ કારણ કે આપણને એ રોકાણ દ્વારા ભવિષ્યની સલામતીની નિશ્ચિંતતા મળે છે. પણ આવાં રોકાણો કર્યા પછી પણ જો સંતાનોને યોગ્ય રીતે પલોટ્યા નહીં હોય તો એકઠાં કરેલાં કીર્તિ કે ધનને તેઓ ક્યાંય રોળી નાખશે. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા કે, 'તમે જો તમારાં સંતાનોને સંસ્કાર નહીં આપો, તો સંપત્તિ અને સંતતિ બન્ને ગુમાવવાનો વારો આવશે.'

વિચાર આપણે કરવાનો છે કે, આપણે આપણાં સંતાનોમાં કેટલું રોકાણ કરીએ છીએ? એમને કેટલો અગ્રતાક્રમ આપીએ છીએ?

પોતાને જ નુકસાન

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

એ ક રાજાને નવા-નવા મહેલોનો શોખ હતો. તેઓ વૃદ્ધ થયા ત્યારે સરિતા કિનારે નવો રાજમહેલ બનાવવાની ભાવના જાગી. તેમણે નગરના વૃદ્ધ રાજશિલ્પીને બોલાવી કહ્યું : 'નગરથી દૂર અને સરિતાના કિનારે સર્વ સુવિધાયુક્ત નવો રાજમહેલ તમારે બનાવવાનો છે. સંપત્તિની ચિંતા ન કરશો. મહેલ સરસ બનવો જોઈએ.' એ જ દિવસે એક લાખ સોનામહોર તેમને રાજાએ આપી દીધી. આમ, સંપત્તિ મળવાથી કોઈનું પણ મન પ્રસન્ન થઈ જાય, પણ શિલ્પી મનોમન નારાજ થયા. સંપૂર્ણ જીવન તેમણે મહેલો બનાવવામાં જ વ્યતીત કર્યું હતું, તેથી હવે મહેલ બનાવવાની ઇચ્છા ન હતી. વૃદ્ધાવસ્થામાં શાંતિથી ઘરે રહેવું હતું. તેમણે સંપત્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવાના બદલે જલદી મહેલ બને, તેવી સાવ જ તુચ્છ સામગ્રી વાપરીને રાજમહેલ પૂર્ણ કર્યો.

નિર્ધારિત દિવસે સમારોહનું આયોજન થયું. રાજા એક પણ વાર આ મહેલ જોવા આવ્યા ન હતા. બહારથી સુંદર મહેલ જોઈ ખુશ થયા. સમારોહમાં રાજાએ કહ્યું : 'મારાં જીવન દરમિયાન મેં જે-જે મહેલો બનાવડાવ્યા છે, તે આ રાજશિલ્પીના હાથે બનાવડાવ્યા છે અને તેમણે પણ દર વખતે દિલથી કામ કર્યું છે. મારાં જીવનના અંતે હું તેમનું સન્માન કરવા ઈચ્છતો હતો. આજે મારી ઈચ્છા પૂર્ણ થઇ છે. આ રાજમહેલ હું રાજશિલ્પીને સમર્પિત કરું છું.' કહી રાજાએ રાજમહેલની ચાવી રાજશિલ્પીના હાથમાં મૂકી દીધી. વિચારવા જેવું છે કે ક્યારેક બીજાને છેતરવા જતાં આપણે સ્વયંને તો નથી છેતરતાં ને?

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 18 જાન્યુઆરી, 2024 | પોષ વદ આઠમ | વિક્રમ સંવત 2080 08

ધર્મ વગર શાંતિ, પ્રેમ અને સમૃદ્ધિ શક્ય નથી

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણે જ્યારે મિલેનિયમ યુગમાં પ્રવેશ્યા છીએ, ત્યારે પણ પરિસ્થિતિ બદલાયા કરે છે. પરિવર્તન સંસારનો નિયમ છે. જે સરકતો રહે છે તે સંસાર. તેથી સમયાંતરે મૂલ્યો બદલાતાં રહે છે. નૈતિકતા દેશ કાળ અને સમાજ સાપેક્ષ છે. કોઈ સમાજને માટે, કોઈ એક સમયને વિષય સ્થાન વિશેષમાં સૌએ સ્વીકારેલી વ્યવસ્થા, નિયમ કે નૈતિકતા અન્ય સમાજને માટે કે બદલાયેલા સમય અને સંજોગોમાં અનૈતિકતા પણ ઠરે.

યુગે યુગે વિવેકી પુરુષો દરેક સમાજમાં આવતા હોય છે અને પોતાના સમાજ માટે યુગાનુરૂપ નવી વ્યવસ્થા સમાજને આપે છે. જે વધારે તર્કસંગત અને કલ્યાણકારી હોય છે. એ વ્યવસ્થા ધર્મની પીઠિકા ઉપરથી અપાયેલી હોય છે. તેથી એનો સ્વીકાર તે ધર્મ અને અસ્વીકાર તે અધર્મ! ધારણ કરે તે ધર્મ! આ રીતે એ વ્યવસ્થા સમાજને ધારણ કરે છે, ટકાવે છે. ગતિશીલ રાખે છે અને સમાજનું કલ્યાણ કરે છે એ જ નૈતિકતા છે.

ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યોમાં પરિવર્તન થાય તે સ્વાભાવિક છે. પણ એ પરિવર્તન કલ્યાણકારી હોય એ અનિવાર્ય છે. નવા યુગમાં જ્યારે આપણું વિશ્વ પ્રવેશ્યું છે, ત્યારે દરેક ધર્માવલંબીઓ પોતપોતાના વિવેકી, નિઃસ્વાર્થ અને દૃષ્ટિવાળા યુગપુરુષો, પયગંબરો કે અવતાર દ્વારા અપાયેલી એ વ્યવસ્થાને સ્વીકારે એ જરૂરી છે.

મનુષ્ય ભગવાનને માને કે ન માને તેથી કંઈ ફરક નથી પડતો. મનુષ્ય કમ સે કમ પોતાને તો માને જ છે. પોતાના અસ્તિત્વનો તો સ્વીકાર કરે જ છે. એ અસ્તિત્વને ટકાવી રાખવા અને જીવનને ઉન્નત અને આનંદમય બનાવવા, ધર્મ અને શાસને આપેલી વ્યવસ્થા સ્વીકારવી રહી. શાસકોની આપેલી વ્યવસ્થામાં કદાચ સ્વાર્થ પણ હોય પરંતુ ભગવાને કે નિઃસ્વાર્થ મહાપુરુષોએ આપેલી વ્યવસ્થામાં પરમાર્થ જ હોય છે.

વિશ્વની માનવતાને પરમ કૃપાળુ પરમાત્માએ પ્રેમનો જ સંદેશ આપ્યો છે અને તેથી જ શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા પ્રમાણે મનુષ્યને જે પ્રેમથી જે દીક્ષિત કરે એ જ ધર્મ.

પ્રેમ આવ્યો એટલે એની પાછળ બધું જ આવે છે. ભાઈચારો, પરમાર્થ, ત્યાગ, સમર્પણ, સંવાદિતા, સહનશીલતા, ઉદારતા આ બધા જ ગુણો પ્રેમનો જ પ્રસાદ છે. જેના વિના જીવનમાં શાંતિ અને સમૃદ્ધિ સંભવ નથી.

હિંદુ ધર્મ તો ખરેખર સનાતન ધર્મ છે. હિન્દુત્વને ધર્મ કરતાં એક વિશિષ્ઠ જીવન શૈલી તરીકે સ્વીકારવામાં આવ્યું છે. એ શૈલીને અપનાવનારા સૌ હિંદુ છે. વિનોબાજીની દૃષ્ટિએ હિંસાથી જે દુભાય તે હિન્દુ સનાતન ધર્મને અવતારો, આચાર્યો અને સંતોએ પોતાના કથન અને જીવન દ્વારા વધુ ઉન્નત અને કલ્યાણકારી બનાવ્યો. ભગવાન બુદ્ધ અને શંકરાચાર્ય જેવા મહાપુરુષોએ એને સમુદ્ર જેવું ઊંડાણ અને હિમાલય જેવી ઊંચાઈ આપી દર્શનશાસ્ત્રોનો વિકાસ થયો.

આ યુગમાં અને વિશેષ આ છેલ્લી સદીમાં સ્વામી

વિવેકાનંદ અને મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોએ એના માનવતાવાદી સ્વરૂપને વિશ્વ સમક્ષ પ્રકટ કરી એના સૌંદર્યનો વિશ્વને પરિચય કરાવ્યો.

સમાજને ધાર્મિક, રાજકીય અને સામાજિક એમ અલગ અલગ રીતે પ્રભાવિત કરનાર ઘણાય મહાપુરુષો આ યુગમાં થયા, પરંતુ ધાર્મિક, રાજકીય અને સામાજિક ત્રણેય પ્રકારે પ્રભાવિત કરનાર કોઈ એક વ્યક્તિનું નામ આપવું હોય તો નિઃશંકપણે મહાત્મા ગાંધીજીનું નામ લઈ શકાય.

'યદા યદા હિ ધર્મસ્ય...' ગીતાના વચનાનુસાર જ્યારે અધર્મની વૃદ્ધિ અને ધર્મની ગ્લાનિ થાય, સજ્જનો પીડાય, દુર્જનતામાં વૃદ્ધિ થાય ત્યારે પરમ તત્ત્વ સદેહ પ્રગટ થઈ યુગાનુરૂપ સમાધાન આપે છે. શાસ્ત્રો અને અનુભૂતિ પ્રાપ્ત સંતોની વાણી સત્ય છે. એવી દૃઢ નિષ્ઠાને જ શ્રદ્ધા કહે છે. 'યો યઃ શ્રદ્ધઃ એવ સા' જેવી જેની શ્રદ્ધા એવો એ બને છે.

મુનિમથી કામ થતું હોય તો શેઠ ન જાય. મુનિમને મોકલે. એ મુજબ ભગવાનના મોકલેલા સંતો, આ સૃષ્ટિની સમસ્યાને હલ કરી, વિશ્વની માનવતાને કલ્યાણનો માર્ગ બતાવવા પોતાનાથી બનતા પ્રયત્નો કરે છે. છતાં કાર્ય સિદ્ધ ન થાય ત્યારે ભગવાનને પ્રાર્થના કરે છે. અને ત્યારે એ પરમ ચેતના પ્રગટ થતી હોય છે. આવું ઇતિહાસમાં બનતું આવ્યું છે. પછી એ પ્રાગટ્યને કોઈ યુગપુરુષના રૂપમાં જુએ કે ઈશ્વરમાં. અવતારમાં માનતા ભક્તો અવતારના રૂપમાં જુએ એ વાત એક જ છે.

જીવનમાં ધર્મને, સદ્ગુણોને બરાબર સમજવામાં આવે તો વ્યક્તિઓને કે સમાજને સુધારવાના આપણા પ્રયત્નો વધુ વિવેકયુક્ત બનશે. સદ્ગુણોમાં પોતાનામાં પરિવર્તન લાવવાની જરૂરિયાત પહેલાં રહે છે. આગળ કહ્યું તેમ વ્યક્તિ કે પરિસ્થિતિનો સ્વીકાર આંતરિક નિર્બળતામાંથી નહીં પરંતુ વિવેકપૂર્વકની સમજમાંથી જન્મે છે.

જ્યારે પણ સમાજ ઉત્કર્ષના આવા કૃષ્ણાર્પણ કાર્યો થતાં હોય, ત્યારે કૃષ્ણની ક્રાંતિના વિચારોને સ્વયં ભગવાને જ સ્વીકાર્યો હોય તેવું લાગે. આવા વિશિષ્ટ અનુભૂતિના પ્રસંગે કૃષ્ણકથાના માધ્યમથી સમાજ ઉત્કર્ષના વિભિન્ન યજ્ઞોની જે વાત પ્રભુ પ્રેરણાથી કહેવાઈ, તે વાતને ભગવાન સંમતિનો સિક્કો મારતાં હોય એવી ભાવના થઈ છે. જેને કારણે શ્રદ્ધા બળવત્તર થઈ. રામની શાંતિ અને કૃષ્ણની ક્રાંતિનો સંદેશ મળે એ દિશામાં કંઈક નક્કર થાય અને સમાજ આગળ વધે.

સવળો અભિગમ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

રામચંદ્ર ભગવાનના વનવાસમાં માતા કૈકેયી નિમિત્ત બન્યાં હતા. રામચંદ્ર ભગવાન વનવાસ પૂરો કરી, લંકાવિજય કરી અયોધ્યા પાછા પધાર્યા, ત્યારે તેમના સ્વાગત માટે કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી ઉપસ્થિત હતાં. રામચંદ્ર ભગવાન પહેલાં કૈકેયીને પગે પડ્યા. કૈકેયી જરા ક્ષોભ પામી ગયાં, ત્યારે શ્રીરામે કહ્યું કે, 'માતા! ક્ષોભ પામશો નહીં, તમે મને વનવાસ આપવામાં નિમિત્ત થયાં, તે તો મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. એમાંથી મને કેટકેટલું જાણવાનું મળ્યું, તે સાંભળો :

तातस्नेहो भरतमहिमा पौरुषं वायुसूनोः
सख्यं चापि प्लवगनृपतेः क्वापि
सौमित्रभक्तिः।
सीतासत्यं मम भुजबलं वैरिणां वैरभावो
ज्ञातं सर्वं तव चरणयोर्मातरेष प्रसादः॥

હે માતા! પિતાનો સ્નેહ કેવો કે મારા ગયા પછી તરત તેઓએ દેહ મૂકી દીધો. ભરત જેવો ભાઈ કેવો કે તેને રાજગાદી મળતી હતી છતાં તેણે તેનો ત્યાગ કરી દીધો. સીતાની શોધ કરનારા હનુમાનજીના બળનું મને જ્ઞાન થયું. વાનરપતિ સુગ્રીવના મૈત્રીભાવનો મને પરિચય થયો. પત્નીને ઘેર મૂકી મારી સેવામાં રહેલા ભાઈ લક્ષ્મણની ભક્તિનો મને પરિચય થયો. અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલાં સીતાના પતિવ્રતાપણાની મને અને વિશ્વને પ્રતીતિ થઈ. વળી, રાવણ સાથેના યુદ્ધમાં મારા બાહુબળનો મહિમા મને સમજાયો અને દુશ્મન કેવો હોય, તેના વેરીભાવનો પણ પરિચય થયો. આ બધું મને તમારાં ચરણની કૃપાથી જ જાણવા મળ્યું છે.'

ભગવાન રામ પાસે ફરિયાદ કરવા માટે ઘણી સામગ્રી હતી. તેઓ કહી શક્યા હોત કે, 'માતા! તારી દુર્મતિના લીધે કેટલા બધા લોકો દુઃખી થયાં છે, તે તું જાણે છે? તારાં લીધે પિતા દશરથનું મૃત્યુ થયું, મારે ચૌદ વર્ષ સુધી વનમાં ભટકવું પડ્યું, વાનરો સાથે વાસ કરવો પડ્યો અને ક્ષુલ્લક પશુઓની સાથે મિત્રતા કેળવવી પડી. સીતાને અસુરોનો ત્રાસ સહેવો પડ્યો. રાવણ સાથેના યુદ્ધમાં લાખો વાનરોનું મૃત્યુ થવાથી લાખો વાનરીઓ વિધવા બની ગઈ. લક્ષ્મણને પોતાની પત્ની ઊર્મિલાનો વિયોગ સહેવો પડ્યો. ભરતને જંગલમાં રહેવું પડ્યું.'

આ વાતો સો ટકા સાચી હતી, પણ રામ ભગવાને માતા કૈકેયીને આ યાદી ન ગણાવી. તેઓએ ઘટેલી ઘટના માટે ફરિયાદ ન કરી, પણ એને હસતે મોંઢે સ્વીકારી એમાં રહેલાં સવળાં પાસાંઓ ઉપર મીટ માંડી.

મહાપુરુષોના જીવનમાં જોવા મળે છે કે તેઓ નકારાત્મક પરિસ્થિતિમાં પણ સકારાત્મક અભિગમ રાખે છે. પ્રમુખસ્વામી મહારાજે દિલ્હી ખાતે મંદિર બનાવવા માટે 1971થી જમીન શોધવી શરૂ કરી હતી. અંતે, 1985માં સરકારે સંસ્થાને પાંચ એકર જમીન મંદિર માટે ફાળવી.

ભક્તોમાં આનંદનું મોજું ફરી વળ્યું. થોડા સમય પછી કોઈક કારણોસર સરકારે જાહેરાત કરી કે, જે જગ્યા મંદિર માટે ફાળવવામાં આવી હતી, ત્યાં હમણાં કોઈ વિકાસ કરવાનો નથી. માટે જમીન પાછી લઈ લેવામાં આવે છે. સરકારે ડિપોઝિટ તરીકે ભરેલા પાંચ લાખ રૂપિયા પણ પરત કરી દીધા. ભક્તો આ સમાચાર સાંભળીને દુઃખી થઈ ગયા, કારણ કે છેલ્લા ચૌદ વર્ષથી મંદિર માટે જમીન શોધાતી હતી અને માંડ માંડ આ જમીન મળી હતી. મોંઢામાં આવેલો કોળિયો છીનવાઈ જતો જણાયો. આવા કપરા સમયે પ્રમુખસ્વામી મહારાજે ભક્તોને કહ્યું કે, 'ભગવાનની કૃપાથી પૈસા પાછા મળ્યા એ કેટલી મોટી વાત કહેવાય. વળી, ભગવાનને નાની જગ્યામાં નહીં, પણ મોટી જગ્યામાં બેસવું હશે માટે આ નાની જમીન સરકારે પાછી લઈ લીધી.'

કોઈ પણ પરિસ્થિતિ અથવા ઘટનાને બે દૃષ્ટિકોણથી જોઈ શકાય છે - સવળી રીતે અથવા અવળી રીતે. કેટલાક લોકો એવા હોય છે કે જેમને સવળી પરિસ્થિતિમાં પણ અવળું જોવાની ટેવ પડેલી હોય છે. દા.ત. હીરાના ધંધામાં તેજી આવે તો કહે કે, પૈસો મળે, પણ આ ધંધામાં જોખમ બહુ છે. સારી નોકરી મળે તો કહે કે મોંઘવારી એટલી છે કે હાથમાં કશું બચતું નથી. અમેરિકાના વિઝા મળે તો કહે કે એ લોકોને લેબરની જરૂર છે એટલે વિઝા આપે છે. કોઈ પણ સવળી પરિસ્થિતિને ઊલટી કરી નાખવી, એ અમુક લોકોની ખાસિયત હોય છે. આ લોકોને દુનિયાની કોઈ તાકાત સુખી નથી કરી શકતી.

એની સામે મહાપુરુષો ગમે એવી વિપરિત પરિસ્થિતિમાં પણ પોઝિટિવ રહે છે. આપણામાંથી કેટલા લોકો હશે કે જેમને કોઈકના દ્વેષના કારણે ચૌદ વર્ષનો વનવાસ થયો હોય? આપણામાંથી કેટલા લોકો એવા હશે કે જેમણે ખરીદેલી જમીન આંચકી લેવામાં આવી હોય? આવા અંતિમોનો સામનો તો આપણે ક્યારેય કરવો નથી પડતો, પણ નજીવી બાબતોમાં પણ આપણે નાસીપાસ થઈ જઈએ છીએ. જેમ ઘરમાં સંગ્રહી રાખેલા મરેલા ઉંદરની ગંધ આપણને જ પરેશાન કરે છે, તેમ અંતરમાં સંગ્રહેલો અવળો અભિગમ આપણને જ દુઃખી કરે છે.

હનુમાનની પ્રભુભક્તિ

કથાબિંદુ

મુનિ સજ્જયપુણ્ય વિજય

વનવાસના દિવસોમાં એક દિવસ ભગવાન રામે હનુમાનને કહ્યું : 'અહીં આસપાસમાં તમારું મન જ્યાં ઠરે, ત્યાં સરસ ઝૂંપડી બનાવી દો.' હનુમાન ત્યાં તો કંઈ ન બોલ્યા, પણ દૂર જઈ રડવા લાગ્યા. સીતાજીએ સમીપ આવી પૂછ્યું : 'કેમ રડો છો?' 'ભગવાને મને કહ્યું કે, 'તમારું મન ઠરે ત્યાં ઝૂંપડી બનાવી દો.' મારી પાસે મન જ નથી, તો ઠરવાની વાત ક્યાંથી આવે?' લંકાવિજય પૂર્વેની આ ઘટના અને આવી જ લંકાવિજય પછીની એક ઘટના પણ જોઈએ.

એક વાર હનુમાનજીએ પોતાના આખા શરીર ઉપર સિંદૂર લગાવ્યું, તેથી તેઓ આખા લાલ દેખાતા હતા. રામે પૂછ્યું : 'હનુમાન! આખા શરીર ઉપર સિંદૂર કેમ લગાવ્યું?' 'ગઈ કાલે મેં સીતામાતાને સેંથીમાં સિંદૂર પૂરતાં જોયાં હતાં. મેં તેમને પૂછ્યું કે આપ આવું કેમ કરો છો, તો તેમણે કહ્યું : 'સેંથીમાં સિંદૂર પૂરવાથી સ્વામીનાથ દીર્ઘાયુ બને.' પછી મેં વિચાર્યું કે જો થોડું સિંદૂર પૂરવાથી આપ દીર્ઘાયુ બનો, તો હું મારા આખા શરીર ઉપર સિંદૂર લગાવી દઉં, તો આપ કેટલા દીર્ઘાયું બની જાઓ...! એટલે મેં આખા શરીર ઉપર સિંદૂર લગાવી દીધું.' રામ હસીને બોલ્યા : 'આપ મને વરદાન આપો કે હું જીવું ત્યાં સુધી જ નહીં, ભવિષ્યમાં પણ આપને દીર્ઘાયુ બનાવવા સૌ મને માત્ર સિંદૂર જ ચડાવે....' રામ હનુમાનની પ્રભુભક્તિ પર ઓવારી ગયા.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 25 જાન્યુઆરી, 2024 | પોષ પૂનમ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સફળતા માટે વિદ્યાનું મહત્ત્વ સમજો

વિદ્યાનું મહત્વ સમજો. એથી તમારા મનમાં શિક્ષણ પ્રત્યે એક લગન અને આદર ઉત્પન્ન થશે. જ્યાં દૃઢ ઈચ્છા અને માન હોય ત્યાં ભણવા પ્રત્યે રુચિ થશે. જ્યાં રુચિ હશે ત્યાં એકાગ્રતા ખૂબ સહજતાથી આવશે. એકાગ્રતાથી સફળતા જન્મ લે છે. સફળતાથી ખુશી મળે છે. આપણો જન્મ આનંદ માટે જ થયો છે અને આનંદ ત્યાં છે જ્યાં ખુશી છે, ખુશી પ્રેમની પાછળ પાછળ આવે છે. પ્રેમ કાર્યનાં મહત્ત્વને સમજવાથી ઉત્પન્ન થાય છે. એટલા માટે જીવનમાં વિદ્યાનું મહત્ત્વ સમજી અને તમે ભણશો તો તમને અવશ્ય સફળતા મળશે.

માતા-પિતા સ્વયં સારું આચરણ કરીને બાળકોનાં મનમાં આદર્શ અને સંસ્કાર સ્થાપિત કરી શકે છે, જે તેઓ ચાહે છે, કારણ કે બાળકો બહુ સરળતાથી મોટાઓનું અનુકરણ કરતાં હોય છે. એટલા માટે જ્યારે તમે પૂજા કરો છો, ત્યારે તેમાં બાળકોને સામેલ કરો. તમે તેનાં પર ઉપદેશ કે ભણવાનો કોઈ પ્રકારનો બોજ કે દબાણ ન રાખો, કારણ કે બાળકો માસૂમ અને મનનાં ચોખ્ખા હોય છે. એટલા માટે ઘરનું વાતાવરણ સંસ્કારી અને સુજ્ઞ બનાવો. એવી આશા ન રાખો કે બાળકો પણ તમારા જેટલો જ સમય પૂજાપાઠ કરે. વિદ્યાભ્યાસ કરતાં હોવાથી તેમનું પહેલું કામ ભણવાનું હોય છે. એટલે તેઓ ભગવાનને ફક્ત પ્રણામ કરે અને તેમનાં મા-બાપની ઈજ્જત કરે એ જ પૂરતું છે. માતાનો ખોળો દુનિયાની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી છે.

આપણી જિંદગી એક ઈમારત જેવી છે. જે રીતે ઈમારતનું નિર્માણ કરતી વખતે એક ઈંટની ઉપર બીજી ઈંટ રાખવામાં આવે છે. જો નીચેની ઈંટ જરા પણ હલે તો ઉપલી ઈંટ વધારે સમય સુધી ટકી શકતી નથી. એવી જ રીતે આપણે તરુણાવસ્થામાં આપણા બાળપણને યાદ રાખીને આવનારી જિંદગી બહેતર બનાવી શકીએ છીએ.

આપણે બાળપણમાં માતા-પિતા ઉપર જેવી રીતે વિશ્વાસ કરતાં હતાં, એટલો જ વિશ્વાસ ભગવાન ઉપર પણ કરીએ. બે પેઢી વચ્ચે ખાઈ ત્યારે બને છે, જ્યારે કોઈ પોતાની જાતને અતીતથી પૃથક બનાવી દે છે અને જુવાનીમાં શીખેલા સંસ્કાર ભૂલી જાય છે. સાથે જ એ પણ ભૂલી જાય છે કે બાળપણમાં તે કેવો માસૂમ અને સરળ હતો.

ઉંમર વધતાં આપણામાં પરિપક્વતા આવે છે, પરંતુ એ ત્યારે જ સંભવ બને જ્યારે આપણી અંદરનાં બાળકને મરવા ન દઈએ. સમસ્યા ત્યારે જ ઉદ્ભવે છે જ્યારે જીવન ટુકડામાં વહેંચાઈ જાય છે. જો આપણે તરુણાવસ્થામાં બાળપણને અને યુવાવસ્થામાં તરુણાવસ્થાને ભૂલી જઈએ, તો જીવનની શૃંખલા તૂટી જાય છે અને વૃદ્ધાવસ્થામાં દુઃખી અને એકલતા અનુભવીએ છીએ. જો ભગવાનમાં વિશ્વાસ રાખીશું તો આપણે જાણીશું કે જિંદગી એમણે આપેલી અદ્ભુત ભેટ છે. બે પેઢીઓ વચ્ચે અંતર દૂર કરવા માટે સૌથી સારું એ છે કે દાદા જ્યારે પૌત્ર સાથે રમે, તો પૂરી રીતે એકરૂપ થઈ જાય.

માતા-પિતાએ પોતાનાં બાળકો ઉપર ભરોસો

રાખવો જોઈએ. બાળકો અને પોતાની વચ્ચે સંતુલન જાળવી રાખવું જોઈએ. શાસ્ત્રો કહે છે કે પુત્ર પર કડક અનુશાસન કે દબાણ ન કરવું જોઈએ. બાળક સોળ વર્ષનો થઈ જાય તો તેને મિત્ર સમજવો જોઈએ. સોળ વર્ષ સુધીમાં તેમને સમજણ અને ઉપદેશ દેવાનું કાર્ય પૂરું થઈ જવું જોઈએ. જીવનના આ તબક્કામાં તેમની સાથે એક મિત્ર તરીકે વાત કરવી જોઈએ.

લોકો પોતાનાં સારા ચરિત્રથી જ સારા નાગરિક બની શકે છે અને સારા નાગરિકોથી મહાન રાષ્ટ્રનું નિર્માણ થાય છે. તમારું વ્યક્તિત્વ બાહ્ય રૂપથી પ્રગટ થાય છે, પરંતુ તમારું ચરિત્ર આંતરિક રૂપથી પ્રગટ થતું હોય છે. ચરિત્રનાં ત્રણ પાસાં છે : કર્મ, જ્ઞાન અને ભાવના. ભગવાન સચ્ચિદાનંદ રૂપ છે. આપણા ચરિત્રના આ ત્રણ પાસાં આપણને ભગવાન સાથે એ રીતે જોડી રાખે છે કે આપણે કરેલું પ્રત્યેક કર્મ ઈશ્વરનાં અસ્તિત્વનું પ્રમાણ બની જાય છે, આપણી શક્તિ એમના આશીર્વાદ બની જાય છે. ભાવના જો સાચી હોય તો વિચાર આપોઆપ શુદ્ધ થઈ જશે. વિચારો શુદ્ધ થવાથી સારા કર્મો થશે અને સારા કર્મો થવાથી, વિચારોથી અને ભાવનાથી ચરિત્ર શુદ્ધ થશે.

સમજદાર લોકો સમગ્ર સંસારનો ભાર સ્વમાનથી ઉઠાવી લેતાં હોય છે. જ્યારે વિવેકહીન લોકો હંમેશાં ઈશ્વરને ફરિયાદ કરતાં રહેતાં હોય છે. સમજદારીનાં અભાવથી જ દુઃખ ઉત્પન્ન થાય છે અને આપણે જીવનનાં સુખનો આનંદ મેળવી શકતા નથી. વાસ્તવિકતાથી જીવનનાં સુખનો અનુભવ કરવો હોય તો આ ત્રણ ચીજો જરૂરી છે. (1) જીવનમાં આપણને એકસાથે બે વાતોનો અનુભવ થાય છે. એક પળ આપણે ખુશ હોઈએ છીએ, તો બીજી પળે દુઃખી. (2) જીવન નિરંતર પરિવર્તનશીલ છે, એમાં કંઈ પણ શાશ્વત નથી. કોઈ એક વ્યક્તિ આપણને સુખ કે દુઃખ ન આપી શકે. આપણે સુખ અને દુઃખ અનુભવીએ છીએ. એનો અર્થ એ છે કે દુઃખ હોય કે સુખ કોઈ પણ સ્થિતિ નિરંતર નથી રહેતી. (3) દુઃખની સ્થિતિ આપણે જીવનમાં સંજોગો અનુસાર ઊભી કરીએ છીએ.

જિંદગીનો પર્યાય પ્રેમ છે. જ્યાં પ્રેમ હશે ત્યાં સમર્પણ એની મેળે આવશે. સમર્પણ એ પ્રેમની શરત નથી, સ્વભાવ છે. ધર્મનું સત્ત્વ પ્રેમ છે. ધર્મ વિનાનો મનુષ્ય પશુ સમાન હોય છે. જીવન એ ઈશ્વરે આપેલી અણમોલ ભેટ છે. ભગવાનની પરમ કૃપાથી આ મનુષ્ય અવતાર મળ્યો છે. તેને પૂરા દિલથી અપનાવો કારણ કે જીવન પ્રભુનો આપેલો પ્રસાદ છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

માનવતાના માર્ગદર્શક ભગવાન શ્રીરામ

ઉમાશંકર જોશી કહેતા, 'જે પ્રજા તેની વિભૂતિઓનું ઉચિત સમયે સન્માન અને સ્મરણ નથી કરતી, તે મહાન માણસો પ્રાપ્ત કરવાની શક્તિ ગુમાવી બેસે છે.' એટલે જ ભારત વર્ષમાં આપણે સૌ સમયે-સમયે મહાપુરુષોની જયંતી ઊજવીને એમના જીવન અને કાર્યને યાદ કરીએ છીએ. એમણે જે રાષ્ટ્ર માટે, માનવજાત માટે કર્યું એનો ઉપકાર ભૂલવો ન જોઈએ. જો આપણે ધાર્મિક મહાપુરુષો કે રાજકીય પુરુષોને યાદ કરતાં હોઈએ, તો જીવમાત્રના સર્જક, રક્ષક અને પોષક એવા ભગવાન અને તેમના ઉપકારોને તો આપણે કેમ ભૂલી શકીએ?

રામાયણની કથા આપણે સૌ કદાચ થોડીઘણી જાણતાં હોઈશું, પરંતુ એ કથા પાછળ છુપાયેલ ગ્લોરી તત્ત્વ વિશે આજે વાત સમજવી છે. ભગવાન શ્રીરામ દશરથના પુત્ર હતા, શિવધનુષ્યના ભંજક હતા, સીતાના સ્વયંવરના અભિરામ હતા, પિતૃ આજ્ઞાપાલક હતા, અહલ્યાના ઉદ્ધારક હતા, શબરીનો વિશ્વાસ હતા, વાલીના હર્તા હતા, સેતુના નિર્માતા હતા, કેવટના તારક હતા અને રાવણના સંહારક હતા. આ પરિચય તો છે જ, સાથે સાચા અર્થમાં તેઓ માનવતાના માર્ગદર્શક હતા. 'રામસ્ય અયનમ ઈતિ રામાયણ' એટલે કે રામનો માર્ગ તે જ રામાયણ છે. શ્રીરામનો સ્થૂળ માર્ગ તો ગૂગલ કે વર્તમાનપત્રો સમજાવશે, પણ રામના સદ્ગુણોનો માર્ગ સંતો અને શાસ્ત્રો સમજાવશે. રામ ભગવાને એમના યોગમાં આવનારા લોકોને માનવતાની શિક્ષા અને દીક્ષા આપી છે. માનવીય મર્યાદાઓની વચ્ચે રહીને પણ તેમણે માનવતા છોડી નથી.

ભગવાન શ્રીરામના જીવનને જોઈએ, તો તેઓએ ચીંધેલા માણસાઈના માર્ગને ત્રણ દૃષ્ટિકોણ દ્વારા સમજી શકાય. તેઓએ દાખવેલો વિવેક તેમ જ વિચારોની વિશાળતા - બંનેના સમન્વય રૂપે તેમણે આચરણ દ્વારા માણસાઈના માર્ગને તુલસીકૃત રામાયણને આધારે સમજવા પ્રયત્ન કરીએ.

(1) વિચાર દ્વારા માનવતા

આજે માણસ હંમેશાં પોતે કઈ રીતે સુખી થાય એ વિશે સતત વિચારતો હોય છે. પોતે સુખી થાય એના વિચાર કરવા એ આધુનિકતા છે, જ્યારે બીજા કઈ રીતે સુખી થાય એ વિચાર કરવો એ આધ્યાત્મિકતા કરતાં માનવતા છે. ભગવાન શ્રીરામના વિચારોમાં હંમેશાં માનવતા જોવા મળી છે. તેમનો રાજ્યાભિષેક થવાનો હતો, ત્યારે મનમાં રહેલી મૂંઝવણ જણાવતાં ગુરુ વશિષ્ઠને કહ્યું કે, 'અમે ચારે ભાઈઓ સાથે જ બાળપણમાં રમ્યા, સાથે જ વિદ્યા પ્રાપ્ત કરી, પરંતુ મને મોટાને જ કેમ રાજગાદી પ્રાપ્ત થાય?'

પોતાને સત્તા અને સન્માન મળતું હોય, ત્યારે બીજાનો વિચાર આવે એ માનવતા છે. આજે વ્યક્તિને સત્તા કે સન્માન મળે, ત્યારે પોતાના સાથીઓ કે પોતાને મદદરૂપ થયા હોય તેઓને વિસરી જાય છે. જ્યારે ભગવાન રામ હંમેશાં બીજાના સુખનો વિચાર કરતા. ભરત સાથે અનેક અયોધ્યાવાસીઓ શ્રીરામને અયોધ્યા પાછા તેડવા ચિત્રકૂટમાં આવ્યા, ત્યારે અયોધ્યાવાસીને એક દિવસ પડેલા વનના કષ્ટને જોઈને ભગવાન શ્રીરામ વશિષ્ઠજી પ્રત્યે ઉચ્ચારે કે, 'આ લોકોના દુઃખને જોઈને મારી એક-એક પળ એક યુગ સમાન જાય છે.'

ભગવાન શ્રીરામમાં બીજા પ્રત્યેના દુઃખોને જોઈને દુઃખી થવાનો સ્વભાવ હતો. અહીં એક વાત નોંધનીય છે કે તેઓને પોતાને પડેલા વનવાસના દુઃખોનું નહીં, પરંતુ બીજાને પડેલું, થોડું દુઃખ પણ યુગ સમાન લાગી રહેલું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવનસૂત્ર હતું કે, 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ.' બીજાના દુઃખે દુઃખી થઈએ અને બીજાના સુખનો વિચાર કરીએ, એ માણસના વિચારમાં માનવતા છે. ભગવાન અને સંતના જીવનમાં આપણને આ પ્રકારના વિચારોની માણસાઈ દેખાય છે.

(2) ઉચ્ચાર દ્વારા માનવતા

ભગવાન શ્રીરામના ઉચ્ચારોનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે, ઉગ્રતાભર્યા વાતાવરણમાં પણ તેઓનો પ્રતિભાવ હંમેશાં નમ્રતાભર્યો જ જોવા મળ્યો છે. શિવ ધનુષ્યભંગના પ્રસંગ વખતે શ્રી પરશુરામ પધાર્યા. તેઓ ખૂબ ગુસ્સામાં હતા, તેઓએ પૂછ્યું કે, આ શિવ ધનુષ્યનો ભંગ કોણે કર્યો? ત્યારે શ્રીરામે કહ્યું કે, 'તમારા કોઈક દાસે આ શિવ ધનુષ્યનો ભંગ કર્યો છે.' આ વાક્યમાં ઉદારતા દેખાય છે, જે ખરેખર માનવતા છે. અન્યનું હિત થાય અને અન્યને પ્રિય લાગે તેવી વાણીનો પ્રયોગ એ માનવતા છે.

એક વખત શ્રીરામ હનુમાનજીને કહે છે કે, 'હે હનુમાનજી! આપના ઉપકાર હું કઈ રીતે ચૂકવી શકું? આપના એક-એક ઉપકાર પર મારા પ્રાણ ન્યોછાવર કરું, તો પણ ઓછા છે.' શ્રીરામના શબ્દોમાં વાણીની મીઠાસ અને અંતરનો શુદ્ધભાવ હતો. પ્રમુખસ્વામી મહારાજે દિલ્હી અક્ષરધામના ઉદ્ઘાટન પ્રસંગે કહ્યું હતું, 'ये जो मंदिर है वो किसी को हम ऐसा कर सकते है वो दिखाने के लिए नही है। स्पर्धा के लिए नहीं है। ये तो योगीजी महाराज के संकल्प अनुसार बनाया है।' ભગવાન અને સંતનું નિર્મળ મન તેમની વાણી દ્વારા વ્યક્ત થાય છે. (ક્રમશઃ)

કોણ કોને સુધારે?

કથાબિંદુ

મુનિ સૌજન્યપુણ્ય વિજય

વેકેશનના દિવસો ચાલતા હતા. દર વખતે તો વેકેશનના દિવસોમાં રાજ મામાને ત્યાં જતો, પણ આ વખતે તેને કોઈ મહાત્મા પાસે જવાનું મન થયું. સારા સંસ્કાર મળે એટલે માતા-પિતાએ પણ ત્યાં મોકલ્યો. એક મહિનામાં તે ઘણું શીખીને આવ્યો, સારા સંસ્કારો લઈને આવ્યો. હજી વેકેશનના કેટલાક દિવસો બાકી હતા, તો સપરિવાર તેઓ ફરવા ગયા. જોકે રાજે સ્પષ્ટ કહ્યું કે, 'હું ફરવા આવીશ, પણ રાત્રીભોજન તો નહીં જ કરું.' ધાર્મિક દૃષ્ટિએ તો રાત્રીભોજન વર્જ્ય છે જ, શારીરિક દૃષ્ટિએ પણ તે વર્જ્ય છે. એ રાજ સમજતો હતો.

પ્રથમ દિવસે રાત્રે હોટલથી દૂર દરિયા-કિનારે સૌ ગયાં. ત્યાં પપ્પાએ ભેળપૂરીની ત્રણ ડિશનો ઓર્ડર આપ્યો. પુત્રએ આગ્રહપૂર્વક અરુચિ જણાવી. આખરે માતા-પિતાએ પોતપોતાની ડિશ પતાવી, સાથે પુત્રની ડિશ પણ અડધી-અડધી પતાવી.

હોટલમાં આવતાં સુધીમાં એમને થોડું પેટમાં દુખવા આવ્યું. રાજ ત્યારે કંઈ ન બોલ્યો, પણ રાત્રે માતાને ઊંઘ ન આવી. તે મોટેથી રડવા લાગી. પિતાએ જાગીને પૂછ્યું, તો તે બોલી : 'આપણે કેવાં માતા-પિતા છીએ કે પુત્ર ભૂખ્યો રહ્યો અને આપણે પેટ ભરીને ખાધું...!' બંનેને ખૂબ પશ્ચાત્તાપ થયો અને સંકલ્પ કર્યો કે હવે આજીવન રાત્રીભોજનનો ત્યાગ. દર વખતે માતા-પિતા જ બાળકોને ન સુધારે, ક્યારેક સંસ્કારી બાળક માતા-પિતાને પણ સુધારી શકે છે!

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 01 ફેબ્રુઆરી, 2024 | પોષ વદ છઠ | વિક્રમ સંવત 2080 08

ક્ષણ અને કણનું મહત્ત્વ સમજે તે શ્રેષ્ઠત્વ પામે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કણ-કણ વાવે તે કિસાન, ક્ષણ-ક્ષણ વાવે તે શિક્ષક. શિક્ષક એક સૈનિકને પણ પોતાનામાં સમાવીને બેઠો છે. એટલે શિક્ષક એ બંનેનું કોમ્બિનેશન છે! સૈનિક સીમા પર રહીને લડે છે, શિક્ષક શાળામાં રહીને લડે છે, સમાજમાં રહીને લડે છે અને શિક્ષકે જેની સામે લડવાનું છે, તે છે અજ્ઞાન, નિરક્ષરતા, અંધશ્રદ્ધા. તેથી તે બહુ મોટો યોદ્ધો છે.

શિક્ષક થવું અને સમાજના ઘડતરમાં. રાષ્ટ્રના નિર્માણમાં પોતાની જાતને સમર્પિત કરી દેવી પડતી હોય છે. પરંપરામાં કહેવાયું છે કે, ક્ષણત્યાગથી વિદ્યાપ્રાપ્તિ થતી નથી અને કણત્યાગથી ભોજન! માટે ક્ષણ અને કણ બંનેનાં મહત્ત્વને સમજવાનું છે. જેને આ મહત્ત્વ સમજાઈ ગયું તે ભણતર અને ગણતર બંનેમાં શ્રેષ્ઠત્વ પામશે.

અહીં ક્ષણને વાવવાની છે, તમે કોઈને રૂપિયા આપો તો એ પાછા મેળવી શકો, પણ તમે જ્યારે કોઈને સમયનું દાન કરો છો, ત્યારે તમે જીવનના એવા હિસ્સાને આપી દો છો, જે તમને ક્યારેય પાછો મળવાનો નથી. તેથી સમયનું દાન બહુ મોટું દાન છે.

શિક્ષકના સમયની એક-એક ક્ષણ કિંમતી છે. શિક્ષકની ક્ષણ-ક્ષણ અનાજના દાણા જેવી છે. કિસાન કણ વાવે છે, શિક્ષક ક્ષણ વાવે છે. ઋષિકર્મ અને કૃષિકર્મ બંનેનું આપણે ત્યાં બહુ મહત્ત્વ છે. કિસાન જે કણ વાવે છે તેના અનેક કણ થાય છે. તે અન્ન છે. તેને આપણા ઋષિઓએ ઉપનિષદમાં 'અન્ન બ્રહ્મ, રસો વિષ્ણુ, ભોક્તા દેવો મહેશ્વરઃ' અન્ન બ્રહ્મ છે. તે વાતને મહત્ત્વ આપ્યું છે. કિસાન અન્ન પેદા કરી સૌના શરીર ટકાવે છે અને શિક્ષક ક્ષણ-ક્ષણ વાવી વિદ્યાર્થીના જીવનને ઘડે છે.

કિસાન કણ વાવે છે તેનાથી એક પિંડ તૈયાર થાય છે. તે પિંડ પોષણ આપે છે. એ પિંડને આકાર આપવાનું કામ ક્ષણ-ક્ષણ વાવીને શિક્ષક કરે છે.

કોઈએ બહુ સરસ કહ્યું છે કે, 'જો તમે મને પૂછો કે આ રાષ્ટ્રનું ભવિષ્ય શું છે? તો મને ત્યાંના બાળકો પાસે લઈ જાવ. એ બાળકોનો ઉછેર કઈ રીતે થઈ રહ્યો છે તે હું જોઈ લઉં. તેમને કેવા પ્રકારનું શિક્ષણ અપાઈ રહ્યું છે તે હું જાણું અને તમને તરત કહી દઉં કે આ રાષ્ટ્રનું ભવિષ્ય કેવું છે?' શિક્ષકો રાષ્ટ્રના ભવિષ્યના નિર્માતા છે. આ સમય ફેંકી દેવાનો નથી. આ ક્ષણોને વેરી નાખવાની નથી, વાવવાની છે અને વાવ્યું ત્યારે કહેવાય જો ઊગે તો!

શિક્ષકે ક્ષણ વાવવાની છે અને તે ઊગી નીકળવી જોઈએ. તેથી શિક્ષક થવું એ જીવનની સૌથી મોટી ધન્યતા છે. હું એટલા માટે તમને આ વાત કરું છું કે હું મારી જાતને શિક્ષક માનું છું. કથા એ લોકશિક્ષણનું કાર્ય છે, સમૂહ-શિક્ષણનું માધ્યમ છે. તમારા વર્ગમાં સાઠ કે સિત્તેર વિદ્યાર્થી બેઠા હોય અને તમારે પછી પીરિયડ બદલવાનો અને બીજા વર્ગમાં જવાનું. અમારા વર્ગમાં પાંચ-દસ હજાર બેઠા હોય. તમારા વર્ગ પિસ્તાલીસ મિનિટ ચાલે અને અમારે ચાર-પાંચ કલાક અને ક્યારેક છ કલાક પણ ખેંચાઈ જાય. પણ આ વિચારોનું વાવેતર છે, આ યજ્ઞ છે.

શિક્ષક સ્કૂલમાં જે કાર્ય કરે છે તે જ્ઞાનયજ્ઞ છે.

અમારે ઘણી વાર નવકુંડી યજ્ઞ અને એકસો આઠ કુંડી યજ્ઞ થાય. અમારે ત્યાં દર મહિને બે મોટા યજ્ઞ થાય. ઘણી વાર લોકો પૂછે કે, 'કેટલા કુંડી યજ્ઞ કર્યા?' હું વિનોદમાં કહું, 'જેટલી મુંડી એટલી કુંડી.' જેટલા લોકો કથાશ્રવણ માટે બેઠા છે, તે બધાં હવનકુંડ છે.

શિક્ષકે એ સમજવાનું છે કે જેટલા વિદ્યાર્થીઓ છે તે યજ્ઞ વેદિકા સમાન છે અને જે બોલે છે તે આહુતિ આપે છે, પણ યજ્ઞ થાય ત્યારે વેદિકામાં અગ્નિ પ્રજ્વલિત હોય! યજ્ઞ કરનારાનું એ કામ છે કે પહેલા અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે. પછી એ પ્રજ્વલિત અગ્નિની પૂજા થાય પછી તેમાં આહુતિ અપાય. મારે તમને એ જ કહેવું છે કે આ પણ શિક્ષકનું કામ છે. વિદ્યાર્થીમાં શિક્ષણની ભૂખ જગાડવી તે અગ્નિ છે, જેથી એને ભણવાનું મન થાય.

શિક્ષકે લગાતાર એ ધ્યાન રાખવાનું છે કે મારી ક્ષણ વેડફાય નહીં, હું ક્ષણને વાવું છું તે ઊગવી જ જોઈએ. એ ત્યારે જ શક્ય બને, જ્યારે તે પ્રજ્વલિત અગ્નિમાં આહુતિ આપતો હોય. આજે મને સૌથી વધારે જરૂર એ લાગે છે કે બધાં આહુતિ તો આપે છે, પણ અગ્નિ નથી. તેમાંથી કેટલામાં તે આગ પ્રજ્વલિત છે એ શિક્ષકને સમજાવું જોઈએ અને જ્યાં એ આગ ન દેખાય ત્યાં અરણી મંથન કરીને પ્રગટ કરવાની. એ મંથન કેવુંક્યા પ્રકારનું હોય તે શિક્ષકે સમજવાનું છે.

આને માટે એક પ્રસંગ કહું. અમારા એક સાહેબ કેટલાક પ્રશ્નો છેડે. પછી જવાબ ન આપે અને આગળ વધી જાય. અમે બીજા દિવસે જઈને પૂછતા કે, 'સર! આ પ્રશ્ન તમે છેડ્યો, તેનો કોઈ જવાબ ન આપ્યો. તેઓ કહેતા કે, 'એટલા માટે જવાબ ન આપ્યો કે તમે આવીને પૂછો.' તમારામાં એ આગ પ્રગટ થઈ ગઈ. શિક્ષકનું આ કામ છે. આ અરણીમંથન છે સાહેબ! મનનની પ્રક્રિયા શરૂ થઈ જાય.

તેને વિચાર આપવાનો નથી. એને વિચાર આપતો કરવાનો છે. માત્ર વિચાર આપવો એ જ શિક્ષકનું, ધર્મગુરુનું લક્ષ્ય ન હોય, તેને વિચાર કરતો કરવો જરૂરી છે. એટલા માટે જ શિક્ષણ એ લાદવાની વાત નથી. લાદવાની વાત જ્યાં સુધી રહેશે ત્યાં સુધી ભણતર બોજો બનશે. ભણતર ભાર વગરનું હોવું જોઈએ. ભાર એટલે દફ્તરનો ભાર માની લેવાની જરૂર નથી. જે વસ્તુ લાદીએ એ એના માટે ભાર જ છે. તેથી કહે છે કે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે શ્રેષ્ઠત્વ પડેલું છે, તેને બહાર લાવવાનું છે. આ શિક્ષકની પ્રક્રિયા છે. વિદ્યાર્થીમાં સર્જકતા પેદા થાય અને તેને પોતાને કંઈક નવું કરવાની, નવું વિચારવાની લગની લાગે.

રામે ચીંધેલા માર્ગે ચાલીએ એ જ માનવતા

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

અયોધ્યામાં ભગવાન શ્રીરામની પ્રતિષ્ઠા થઈ, એ આપણા સૌ માટે ઐતિહાસિક અને આનંદનો અવસર બની રહ્યો. પરંતુ સાથે-સાથે આપણા સૌના હૃદયમાં રામની પ્રતિષ્ઠા થાય, તો એ શાશ્વત આનંદની ઘડી બની રહેશે. પ્રશ્ન એ થાય કે શું આપણે ભગવાન રામને ઓળખતા નથી?

રામાયણ જેવી ટી.વી. સિરિયલ કે વેબ સીરિઝ દ્વારા પોતાની સમજણ, જ્ઞાન અને અભિગમ મુજબ, રામ ભગવાનના જીવનને લોકો સુધી પહોંચાડવાનો કેટલોક પ્રયત્ન થયો અને થઈ રહ્યો છે, પરંતુ ક્યારેક દુઃખ સાથે કહેવાનું મન થાય કે રામના આ દેશમાં રામના કેટલા ભાઈઓ હતા, રામ કેટલા વર્ષ વનમાં રહ્યા, વનવાસ દરમિયાન કોની-કોની મદદને નિમિત્ત બનાવી હતી? આવા પ્રશ્નો જ્યારે પૂછવામાં આવે ત્યારે મહદ્અંશે લોકો મૌન સેવતાં હોય છે. એટલે મંદિરનું નિર્માણ થાય એ તો અગત્યનું છે જ, પરંતુ કરોડો ભારતીયોનાં મનોમસ્તિષ્કમાં રામ ભગવાન સંબંધિત જ્ઞાનની દૃઢતા થાય અને સમાજ રામના પગલે ચાલે તે જ આપણી સાચી સેવા અને ભક્તિ છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે, **मनसि एकम, वचसि एकम, कर्मणि एकम महात्मनः।** એટલે કે મહાન પુરુષોના વચનમાં, વિચારોમાં અને આચરણમાં એકતા હોય છે. ભગવાન શ્રીરામના પવિત્ર વિચાર અને વાણીના પ્રતિબિંબરૂપે તેઓના આચરણમાં પણ માનવતા જોવા મળતી. ભગવાન શ્રીરામ માટે તેઓના અનુજ ભરતજી કહે છે કે, 'રામે ક્યારેય પણ મારા મનને ભાંગ્યું નથી. તેઓ રમતમાં ઘણી વખત તેઓ પોતે હારીને અમને જીત આપી જતા.' આમ,

તેઓના આચરણમાં માનવતાના નિતનવા શિખરો જોવા મળતા.

ભગવાન શ્રીરામ જીવનમાં હંમેશાં બીજાને સાથે રાખી, તેઓને પૂછીને કામ કરતા. સમુદ્રને પાર કરવાના પ્રસંગે ભગવાન શ્રીરામ સુગ્રીવ અને જાંબુવાનને પૂછે છે કે, 'કેવી રીતે આપણે સૌ આ સમુદ્રને તરીશું?' પોતે સર્વજ્ઞાતા હોવા છતાં બીજાને પૂછવાની માનવતાના દર્શન તેઓના આચરણમાં થાય છે. આવા જ એક પ્રસંગે ચિત્રકૂટમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણને પૂછે છે, 'કેવી રીતે આપણે કુટીર બનાવવી જોઈએ?'

આવા તો કંઈક કેટલાય પ્રસંગે ભગવાન શ્રીરામે પોતાના આચરણ દ્વારા માનવતાને નવી દિશા આપી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા, 'પાંચને પૂછીને કામ કરવું.' માટે ભગવાન અને સંત એ વિચાર, વાણી અને આચાર દ્વારા માનવતાના માર્ગદર્શક બનીને માણસમાત્રને મહાનતાનું અમૃતપાન કરાવે છે. ભગવાને પોતાના આચારથી સમજાવ્યું છે કે ગમે તેટલા મોટા થયા પછી પણ દરેકનો આદર કરવો. જેમણે એમનું અહિત કર્યું હોય એમના પ્રત્યે તિરસ્કારની ભાવના પોતાના આચારમાં જણાવા દેતા નથી.

જંગલમાંથી અયોધ્યા પાછા ફર્યા બાદ સૌપ્રથમ માતા કૈકેયીને મળ્યા ત્યારે માતા કૈકેયી મનમાં ગ્લાનિ અનુભવે છે. તે સમયે ભગવાન શ્રીરામ એમને કહે છે કે, 'માતા આમાં આપનો કોઈ જ વાંક નથી. એ તો નસીબમાં જે લખેલું હોય એમ જ થાય.'

આ કળિયુગમાં આપણા જીવનમાં આવતી મુશ્કેલીઓ કરતાં અધિક મુશ્કેલીઓ ભગવાન શ્રીરામના જીવનમાં આવેલી જેનો રામાયણમાં અપાર ઉલ્લેખ છે. તેમણે મુશ્કેલીના સમયમાં ચીંધેલ માર્ગે એટલે કે વિચારમાં, ઉચ્ચારમાં અને આચારમાં માનવતાના માર્ગે ચાલીશું તો અવશ્ય પરમ શાંતિને પામીશું. ભગવાન શ્રીરામના જીવનમાં માનવતાનો આવો ત્રિવેણીસંગમ હતો.

આજે લાખો વર્ષ પછી પણ ભારતની ભાવિક પ્રજાએ રામમંદિરના નિર્માણને અદકેરા ઉત્સાહથી વધાવ્યું છે. આ મહોત્સવ બાદ આપણે પણ સંકલ્પબદ્ધ થઈએ કે 22મી જાન્યુઆરીએ અયોધ્યાના મંદિરમાં રામલલ્લાની પ્રતિષ્ઠા તો થઈ, પરંતુ મારા હૃદયમંદિરમાં રામ ભગવાનના સદ્ગુણોની પ્રતિષ્ઠા સાથે મારે સાચી રામ-સેવા કરવી છે. શ્રી હનુમાનજીએ છાતી ચીરીને શ્રીરામ-સીતાના દર્શન કરાવ્યાં હતાં, તેમ આપણા વિચાર, ઉચ્ચાર અને આચારમાં શ્રીરામનું પ્રતિબિંબ દેખાય તો આપણે પણ રામના સેવક સાચા.

નીચે રહેવાનો લાભ

ભિન્ન-ભિન્ન અનેક સ્થાનોથી કેટલીય સરિતાઓ સાગરમાં આવી રહી હતી. સહજ પ્રશ્ન પૂછ્યો : 'સાગર, અનેક સરિતાઓને તું તારામાં સહજતાથી સમાવે છે. ખરેખર કેટલી બધી ઉદારતા આ માટે જોઈએ, પણ એક પ્રશ્ન થાય છે કે આટલી ઉદારતા રાખ્યા પછી પણ સરિતાનું સ્થાન ઉપર અને તારું સ્થાન નીચે... આવું કેમ?'

સાગરે સસ્મિત કહ્યું : 'મિત્ર, માત્ર સરિતા જ નહીં, વાદળના વરસાદને, અરે! અનેક ગટરોને પણ હું મારામાં આનંદપૂર્વક સમાવું છું અને તેનો પણ મને અપાર આનંદ છે. સૌને હું સમાવી શકું, તે પાછળનું કારણ જ એ છે કે હું સૌથી નીચે રહું છું.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

જો હું સૌથી ઉપર રહેતો હોત, તો મારામાં સૌનો સમાવેશ કઈ રીતે થઈ શકત? મને ઊંચે રહેવામાં રસ નથી, નીચે રહી સૌને પોતાની ભીતર સમાવવામાં રસ છે. એટલે જ હું સૌથી નીચે રહું છું.' ગંભીર સાગરે અલ્પ શબ્દોમાં અતિગંભીર વાત જણાવી દીધી.

જીવનનો આ જ નિયમ છે કે પોતાની ભીતર બીજાને સમાવનારે હંમેશાં નીચે જ રહેવું જોઈએ. 'અન્ય કરતા હું ઊંચો રહું' આ ભાવનાથી 'શત્રુતા'નો જન્મ થાય છે, જ્યારે 'હું મારાથી સૌને ઊંચે જ રહેવા દઈશ' એ ભાવનાથી સર્વત્ર 'મિત્રતા'ને જન્માવી શકાય છે.

ભીતર પરાકાષ્ઠાની ઉદારતા કેળવી આપણે સૌથી નીચે રહીએ અને સર્વને પોતાની ભીતર સમાવી લઈએ.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જ્ઞાન-કર્મ-ભક્તિથી નારાયણની પ્રાપ્તિ

શ્રીમદ્ ભગવદ્ગીતા કહે છે. 'શ્રદ્ધામયોઽયં પુરુષઃ' તમારી શ્રદ્ધા જ દેવનું નિર્માણ કરે છે. શ્રદ્ધાની વાત છે.

એક કથા છે કે તમારા આરાધ્ય દેવ ગમે તે રૂપમાં તમારી સામે આવે અને તમે તેને ઓળખી શકો એવી શ્રદ્ધા ધરાવવી જોઈએ. આ જ વાતને લઈને કહે છે કે, કર્મ અને ભક્તિનો સમન્વય ભગવાન કોઈ પણ રૂપ ધરી સામે આવી શકે, ત્યારે તેમને ઓળખવાની તૈયારી રાખવાની છે. લગભગ આપણે ભગવાનને ઠેસે ચડાવતાં હોઈએ છીએ. માટે સમજણની બારીને ઉઘાડી રાખવાની. આપણી આંખને તૈયાર રાખવાની. કોઈ પણ રૂપે એ આવી શકે છે

'તુલસી ઈસ સંસાર મેં સબસે મિલીએ ભાઈ, ન જાને કિસ રૂપ મેં નારાયણ મિલ જાય!' આપણે પ્રભુને જોઈ શકીએ એવી આંખ આપણને મળે. પેલી થ્રીડી ફિલ્મ મેં જોઈ નથી, પણ સાંભળ્યું છે કે થ્રીડી ફિલ્મ જોવા માટે ખાસ પ્રકારના ચશ્માં પહેરવા પડે તો જ તમે તે જોઈ શકો. આપણે પણ વિવેક અને સમજણનાં ચશ્માં પહેરીએ વહાલા, કે ગમે તે રૂપમાં ભગવાન આવે, આપણે તેને ઓળખવાનું ચૂકીએ નહીં. નહીં તો બાજુમાં જ ઊભો હશે તો ઠોંસા મારીશું.

ગીતાની વાતો મનોરંજન માટે નથી, મનોમંથન માટે છે. ભગવદ્ગીતા શ્રુતિસાર છે.

બહુ પ્રસિદ્ધ શ્લોક છે -

સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ
પાર્થો વત્સઃ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્॥

શ્રુતિઓ, ઉપનિષદો, વેદ એ ગાયો છે. અત્યારે બહુ ઓછાનો આપણને પરિચય છે. તો ઉપનિષદોની સંખ્યા વધારે છે. એ ઉપનિષદો ગાયો છે અને ગાયોને દોહનારા ગોપાલનંદન-નંદબાવાનો છોકરો છે. જેમ ખેડૂતના દીકરાને ખેતી કરતા શીખવવાનું ન હોય, એમ ભગવાન પણ ગોવાળનો છોકરો છે. ભલે બાપ ટ્રેનિંગ આપે, પણ કેટલાક સંસ્કારો લોહીના હોય. એ બાળકો ઝડપથી શીખે છે.

ઉપનિષદરૂપી ગાયોને શ્રીકૃષ્ણે દોહી છે. ગોવાળિયો છે, ગાયની પાછળ-પાછળ ચાલે છે. શ્રુતિનું અનુસરણ કરે છે. એટલા માટે જ શ્રીકૃષ્ણ કહે છે કે, 'અર્જુન! હું તને જે કહું છું તે મારા ખિસ્સામાંથી કાઢીને વાત કહું છું, એવું નથી અને આ વાત આ પહેલાં નથી કહેવાઈ, એવું પણ નથી. સનાતન સત્ય છે.' અહીં વાછરડું કોણ છે? પાર્થો વત્સ : એ વાછરડાનું નામ છે.

અર્જુન એના જેવો સીધો, સરળ. કોઈ પોતાના દોષ તરફ આંગળી ચીંધે તો, પોતાની અંદર ઝાંકીને જુએ કે, 'એમ એવું છે? સાચું છે.' કોઈક કહે કે, 'તારા ચહેરા પર કંઈક કાળું ચોંટ્યું છે, તો તેને મારવા ન જવાય, અરીસામાં જોવાય કે સાચું બોલે છે કે મશ્કરી કરે છે. એ ખાતરી કરીને પછી ખરેખર હોય તો ધોઈ નખાય. સમજદારી એને કહેવાય.'

માટે આવી સમજણ એ ભોક્તા છે એના. એ શ્રુતિઓનો સાર છે તેથી આની અંદર પણ જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેયનો સમન્વય છે. સત્ય એનું એ હોય છે, માત્ર પ્રેઝન્ટેશન બદલાય છે. સમયે-સમયે

સામે બેઠેલા સમાજને અનુરૂપ સમજદાર વક્તા પ્રેઝન્ટેશન બદલે, પણ જે પીરસાઈ રહ્યું છે, તે એનું એ જ છે. સત્ય ન નૂતન છે, ન પુરાતન છે, સત્ય તો સનાતન છે અને એ જ સનાતન સત્યની વાત હું તને કહું છું. આ વાત નવી નથી. જે ઋષિઓએ અનેક વાત કહી છે તે આજે તને કહું છું. વેદોએ, શ્રુતિઓએ જે સત્ય પ્રબોધ્યું છે તેને જ હું દોહરાવી રહ્યો છું. ગાય એની એ જ હોય છે. દૂધ રોજ તાજું હોય છે. તાજું દૂધ સ્વાસ્થ્ય માટે સારું હોય છે.

શ્રીકૃષ્ણએ ઉપનિષદરૂપી ગાયોને દોહી એનું તાજું દૂધ આપણને આપ્યું. એનું નામ ભગવદ્ગીતા. કૃષ્ણ તો દોહનારા છે. પીનારા કોણ? 'સુધીઃ ભોક્તા' - સુંદર બુદ્ધિવાળા, જેની બુદ્ધિમાં વિવેક છે, સત્યને જાણવાની ઉત્કટ ઈચ્છા છે, સત્સંગમાં જેની રુચિ છે. એ ભોક્તા. દૂધ એમના માટે દોહવાયું છે.

આ ગોવાળને થાય કે મારી મા મને દોહીને પીવડાવતી હતી, એમ હું ગોવાળિયો આ ઉપનિષદરૂપી ગાયોને દોહી મારા પ્રેમીઓને પીવડાવું, પણ ગાય વાછરડા વગર પ્રાહવે નહીં. પહેલાં વાછરડું છોડીએ, એ વાછરડું થન પર મોઢું લગાડે અને ગાયને એ વત્સ પ્રત્યે જે વાત્સલ્ય ઊભરાય, એ દૂધ બની એના આંચળમાં પ્રગટ થાય.

અહીં વાછરડાનું નામ છે, અર્જુન. ગીતાના પહેલા છ અધ્યાયમાં કર્મની પ્રધાનતા છે, પછીના છ અધ્યાયમાં ભક્તિની પ્રધાનતા છે અને પછીના છ અધ્યાયમાં જ્ઞાનની પ્રધાનતા છે. આ ત્રણેયનું મહત્ત્વ છે. એમાંથી એકેયની ઉપેક્ષા ન થાય.

વ્યક્તિગત જીવનમાં એનું મહત્ત્વ વધુ કે ઓછું હોઈ શકે. કોઈ વિચારશીલ માણસ હોય તો તેના જીવનમાં જ્ઞાનપક્ષનું વધુ મહત્ત્વ હોય, પણ કર્મ અને ભક્તિ વગર તેને ન ચાલે. ભાવપ્રધાન જીવન જીવનારો હોય, તેના જીવનમાં ભક્તિનું મહત્ત્વ હોય, પણ કર્મ અને જ્ઞાનની ઉપેક્ષા એને ન પાલવે. કોઈ કર્મવાદી હશે તો એ કર્મ પર જોર આપશે, પણ જ્ઞાન અને ભક્તિરહિત કર્મયોગ નહીં બની શકે. ગીતા પર જે મહાપુરુષોએ ચિંતન કર્યું છે એને વાંચો.

આદિ શંકરાચાર્યનો જ્ઞાન તરફ ઝુકાવ છે. લોકમાન્ય ટિળકનો કર્મ તરફ ઝુકાવ છે. પ્રભુપાદનો ભક્તિ તરફ ઝુકાવ છે. સચ્ચિદાનંદના આપણે અંશ હોવાથી આપણી અંદર એ સતથી સંબંધિત કર્યા, ચિદ્-સંબંધિત વિચાર અને આનંદ સંબંધિત ભાવના છે. ત્રણેનો સંબંધ સચ્ચિદાનંદ સાથે છે. કર્મનો સંબંધ સત સાથે, વિચારનો સંબંધ ચિત સાથે છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સમાજસેવાને સમર્પિત મહાપુરુષો

લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન થયા પછી તેમને જે સરકારી મોટર મળી હતી, તે તેઓ સરકારી ઓફિસે જવા માટે જ વાપરતા. અંગત કામ માટે કોઈ દિવસ સરકારી ગાડી નહોતા વાપરતા. એક વાર શાસ્ત્રીજી બહાર ગયા હતા, ત્યારે તેમનો દીકરો સુનીલ ગાડી લઈને આંટો મારવા નીકળ્યો. તે પાછો આવ્યો ત્યારે શાસ્ત્રીજીએ તેને પૂછ્યું કે, 'કેટલા કિ.મી. થયા?' સુનીલે કહ્યું કે, 'પચીસ કિ.મી. થયા.' શાસ્ત્રીજીએ પાક્કું કર્યું કે, 'પચીસથી વધારે નહીં ને?' તેણે કહ્યું, 'ના.' શાસ્ત્રીજીએ તરત ફોન કરી સેક્રેટરીને બિલ બનાવી પૈસા લઈ જવા કહ્યું.

શાસ્ત્રીજી વડાપ્રધાન થયા એ પહેલાં તેમણે એક સામાન્ય મોટર ખરીદી હતી, જે ક્યારેક ધક્કા મારીને ચાલુ કરવી પડતી હતી. એમના દીકરાઓએ શાસ્ત્રીજી વડાપ્રધાન બન્યા, ત્યારે એક મોટર ખરીદવા માટે આગ્રહ કર્યો.

શાસ્ત્રીજીએ પોતાના ખાનગી સચિવને બોલાવીને પૂછ્યું, 'બેંકમાં મારા ખાતામાં કેટલી રકમ છે?' જવાબ મળ્યો, '4000 રૂપિયા.' ગાડીની કિંમત 12000 રૂપિયા હતી. આથી ખૂટતા પૈસા શાસ્ત્રીજીએ સરકારી લોન લઈને ભર્યા, જેથી લોન ધીમે ધીમે ચૂકવી શકાય.

શાસ્ત્રીજી 11-01-1966ના દિવસે અચાનક જ મૃત્યુ પામ્યા, તેથી સરકારે આ લોન માફ કરવાનું નક્કી કર્યું, પણ તે વખતે તેમનાં પત્નીએ શાસ્ત્રીજીના આદર્શોને ધ્યાનમાં રાખીને આ નિર્ણયનો અસ્વીકાર કર્યો અને તેમના કુટુંબને મળતા માસિક નિવૃત્તિ વેતનમાંથી 4 વર્ષમાં હપ્તે-હપ્તે લોન ભરી દીધી.

આવો જ પ્રસંગ સરદાર વલ્લભભાઈ પટેલનો પણ છે. એક વખત વલ્લભભાઈનાં પુત્રી મણિબહેનના સાડલા પર થીંગડું જોઈને મહાવીર ત્યાગી કહે, 'મણિબહેન! રામ-કૃષ્ણનું, અશોક-અકબરનું કે અંગ્રેજોનુંય નહીં હોય તેવું ચક્રવર્તી રાજ્ય જેણે સ્થાપી દીધું છે, તેવા સરદારની પુત્રી થઈ આવો સાડલો પહેરો તેમાં શરમ નથી લાગતી?'

આ સાંભળી સરદાર હસીને કહે, 'ગરીબ માણસની દીકરી છે. સારાં કપડાં ક્યાંથી લાવે? એના બાપ ક્યાં કશું કમાય છે?' કહી તેમણે ચશ્માંનું ખોખું બતાવ્યું જે લગભગ વીસ વર્ષ જૂનું હતું. ચશ્માંની એક જ દાંડી હતી. બીજી તરફ દોરો હતો. ત્રીસ વર્ષ જૂની ઘડિયાળ પણ બતાવી.

સરદારના સાથી ચંદ્રશેખર શાસ્ત્રીએ સરદાર વિશેના એક પુસ્તકમાં નોંધ્યું હતું કે, 'એ વખતના ઘણા પ્રધાનોની સ્થાયી સંપત્તિ પ્રધાનપદ દરમિયાન બેસુમાર વધી ગઈ હતી, જ્યારે સરદાર પટેલે પોતાની પુત્રી મણિબહેન માટે મકાન સુધ્ધાં બનાવ્યું નહોતું.' વિશેષમાં તેમણે નોંધ્યું હતું કે, 'સરદારે 15-12-1950ના રોજ આ દુનિયા છોડી, ત્યારે એમના બેંક બેલેન્સમાં માત્ર રૂપિયા 236 હતા.'

એક વખત સરદાર પટેલનો પૌત્ર બિપીન દિલ્હી ઈન્ટરવ્યૂ માટે ગયો હતો. દાદા સરદાર પટેલે પૂછ્યું, 'કેમ આવવાનું થયું?' તેણે કહ્યું, 'એક નોકરી માટેનો ઈન્ટરવ્યૂ છે.' વલ્લભભાઈએ તેને સૂચના આપી કે, 'સારું, પણ ત્યાં મારી ઓળખાણ આપીશ નહીં.'

સામાન્ય રીતે માણસ પાસે કોઈ પદવી કે સત્તા આવે, ત્યારે તે પરિવારજનોને સેટ કરવાના પ્રયત્નો કરવા માંડે છે. પણ સમાજના આગેવાન તરીકે પરિવારરૂપી નાના વૃંદની તરફદારી કરવી, તે સમગ્ર સમાજ માટે અન્યાયરૂપ બની રહે છે. સામે પક્ષે જે વ્યક્તિ આવા સમયે નિષ્પક્ષ અને નિર્લેપ રહે છે, તે જ દેશ અને સમાજની સારી સેવા કરી શકે છે.

એક વાર હરિભક્તે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું, 'દિવાળીબા (પ્રમુખસ્વામી મહારાજનાં માતુશ્રી) દોઢ કલાક આપણા ગોંડલ મંદિરમાં ઉતારા માટે અહીં-તહીં ફર્યાં. કોઈએ ભાવ ન પૂછ્યો.' સ્વામીશ્રીએ તરત જ વાત કાપી નાખતાં કહ્યું, 'સામૈયામાં એવું જ હોય.'

પરિવારના મટીને સમગ્ર વિશ્વના થયેલા પ્રમુખસ્વામી મહારાજ પોતાના સંન્યાસધર્મને સમર્પિત રહી, લોકકલ્યાણમાં રત રહ્યા હતા. આથી જ તેઓ સૌના વિશ્વાસને પાત્ર બન્યા હતા. વિશ્વવ્યાપી સંસ્થાના વિશાળ પ્રકલ્પોના સૂત્રધાર રહેલા સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પરિવારજનો મધ્યમવર્ગથી નીચેની જ આર્થિક સ્થિતિમાં રહ્યા છે અને આજે પણ રહે છે.

સમાજસેવામાં પ્રવૃત્ત થયેલા માણસ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને અનુસરે, ત્યારે જ તેઓ પૂરી ક્ષમતા સાથે સમાજની સેવા કરી શકે છે. સમાજસેવા માટેનું પ્રથમ સોપાન છે. 'સ્વ' ત્યજી 'સર્વ'ને આશ્લેષમાં લેનાર મહાપુરુષોને કોટિ કોટિ વંદન.

બીજાનો વિચાર

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

શ્રમણોનું એક વૃંદ વિહારયાત્રા દ્વારા એક ગામથી બીજા ગામ તરફ જઈ રહ્યું હતું. વૃદ્ધ મહાત્માના પગ અશક્ત હોવાથી એક સેવક તેમને વ્હીલચેરમાં બેસાડી લઈ જઈ રહ્યો હતો. શિષ્યો પાછળ હતા. ગામથી શ્રમણવૃંદ થોડું આગળ વધ્યું હશે,

વ્હીલચેરની ગતિ ત્વરિત હોવાથી તે આગળ વધી. અલ્પ સમય થયો, ત્યાં એક ટ્રક ડ્રાઈવરને ઝોકું આવતાં વ્હીલચેરને ટક્કર મારી આગળ વધી ગયો. સેવક ગંભીર રીતે ઘાયલ થયો, તો વ્હીલચેરમાંથી મહાત્મા ઊછળીને દૂર પડ્યા. બંને બેહોશ થઈ ગયા.

શિષ્યોને સમાચાર મળતા ત્યાં આવ્યા. મહાત્મા હોશમાં આવ્યા, તો શિષ્યોએ અકસ્માતની ઘટના જણાવી. મહાત્મા બોલ્યા, 'પેલા સેવકનું શું થયું?'

શિષ્યો ટ્રીટમેન્ટ માટેની વિચારણા કરતા હતા, તો મહાત્મા બોલ્યા, 'મારી ટ્રીટમેન્ટ કરો, પણ એ સેવકની ટ્રીટમેન્ટ મારાથી વધુ સારી રીતે કરજો.'

અસ્વસ્થતામાં પણ સેવકનો વિચાર કરનારા હતા, કલિકુંડ તીર્થોદ્ધારક શ્રી વિ. રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

દુષ્ટત્વનો નાશ કરવા ભગવાન અવતરે છે

શ્રી કૃષ્ણને આપણે સચ્ચિદાનંદ રૂપ કહીએ છીએ. ***સચ્ચિદાનન્દરૂપાય વિશ્વોત્પત્ત્યાદિ હેતવે,***

તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ

મનના મેલાં કપડાંને ધોવું હોય તો જ્ઞાન એ સાબુ છે, ભક્તિ પાણી છે અને વૈરાગ્ય ધોકો છે. આપણે ત્યાં સંન્યાસીઓ દંડ ધારણ કરે છે. મનના મેલાં કપડાંને ધોવા માટે પહેલા તેને પાણીમાં પલાળવું પડે. પહેલા ભીંજવો, પછી સાબુ લગાડો.

ભક્તિમાં મન ભીંજાય નહીં, ત્યાં સુધી જ્ઞાનનો સાબુ ન લાગે. કોરા કપડાં પર સાબુ લગાડવા જશો તો મેલ નહીં જાય, કપડું ફાટી જશે. નીચે છીપર અને ઉપર સાબુની ગોટી એની વચ્ચે કોરું કપડું ઘસો તો શું થાય? આ દૃષ્ટાંત બહુ સરસ છે. મન ભાવથી ભીંજાયેલું હોવું જોઈએ. ભાવનો સંબંધ આનંદ સાથે છે. પ્રેમથી પલળેલું હોવું જોઈએ તો ભીંજાવાની મજા આવે.

વરસાદ વરસે અને મન નાચે. હોળીમાં ભીના રંગોથી રમવાની મજા આવે. મન રસ કો ખોજતા હૈ. જહાં ભી ઉસકો રસ મિલે, મન કો લગાના નહીં પડતા, લગ જાતા હૈ. એ હોય તો જ માણસ મનથી સાંભળે. પ્રેમથી કહેવાય. પ્રેમપૂર્ણ વાર્તાલાપ મનને ગમે. સદ્ગુરુ પ્રેમથી કહે : ગુરુના પ્રેમની વાણી અમને યાદ રહી જશે. ગુરુની પ્રેમની ભાષા અમને યાદ રહી જશે

. ગુરુની આત્મીયતા, શિષ્ય પ્રત્યેનું વાત્સલ્ય, શિષ્યના હિતનું ચિંતન અને ચિંતા. એ વાણી એટલી ભીંજાયેલી હોય છે કે મનને ગમે. ગુરુનો ઠપકો હોય. એમાં પણ પ્રેમ હોય. ગુરુનો પ્રેમ એટલે પ્રેમનો ધોધ. ગુરુનો ક્રોધ એટલે પ્રેમનો ધોધ. દુર્જન આપણી પ્રશંસા કરે એના કરતાં કોઈ સંત ક્રોધ કરે તે સારું. એમાં આપણું હિત છુપાયેલું છે. મનના કપડાંને ધોવાનું એટલે મનન કરવાનું. જ્ઞાનનો સાબુ લગાડી ચિંતન કરો. પછી કર્મનો ધોકો લઈ ધોકાવી નાખો. એને આચરણમાં લાવો. જ્ઞાન-કર્મ અને ભક્તિ - એ ત્રયેયનો સમન્વય જીવનમાં થશે.

આપણાં મનનું મેલું કપડું નિર્મળ થશે અને નિર્મલ મન જન સો મોહિ પાવા - ખૂબ સરળ રીતે શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં સમજાવ્યું છે અને સત્ય બહુ સરળ છે. સમજાવવાવાળા એને કલુષિત કરી નાખે તો વાત જુદી. સત્ય જેના જીવનમાં ઊતર્યું હોય તે બહુ સરળ હોય. એવી શ્રુતિસારરૂપા ભગવદ્ગીતાને નજરમાં રાખી આપણે વાતો કરી રહ્યાં છીએ.

મૂલ્યોનું જતન અને રક્ષણ ભગવાનને કહીએ કે એક આંટો આવી જા તો સારું. ભગવાનનું વચન છે કે, ***પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્,***

ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે॥

દુષ્ટોનો નાશ એટલે કંસનો નાશ એમ નહીં, જરાસંધનો નાશ એમ નહીં, રાવણનો કે હિરણ્યકશિપુનો નાશ નહીં, પણ રાવણત્વનો નાશ, કંસત્વનો નાશ, દુષ્ટત્વનો નાશ. એમાં મુખ્ય વાત જે અવતારનું પ્રયોજન છે, ભગવાનનો આવવાનો જે એજન્ડા છે એમાં મુખ્ય વાત છે 'તે પરિત્રાણાય સાધુનાં' - સાધુઓનું પરિત્રાણ (રક્ષણ). સજ્જનોને

એમ લાગવું જોઈએ કે સત્યને માર્ગે ચાલતા, નીતિને માર્ગે ચાલતા માર ન ખાવો પડે, સહન જ કરવું પડે અને એનું કોઈ સાંભળે નહીં એવું નથી. નહીં તો કોઈ સત્યને માર્ગે, નીતિના માર્ગે ચાલશે નહીં, ધર્મના રસ્તે જશે નહીં. આજકાલ એવું જ થઈ રહ્યું છે કે, હવે આ સત્યવાદી હરિશ્ચંદ્રનો જમાનો રહ્યો નથી. બહુ સહન કરવું પડે. સજ્જનોની રક્ષા એટલે સજ્જનતાની રક્ષા, મૂલ્યોની રક્ષા.

સાધુ એટલે અમુક કપડાં પહેરતાં હોય એ જ સાધુની રક્ષા એવું નહીં, પણ સાધુતાની રક્ષા. આવા સાધુજનો, સજ્જનોની મૂલ્યોની રક્ષા થાય એવું વાતાવરણ ઊભું કરવું, એ એજન્ડા છે. સાચા માર્ગે ચાલશે, સત્ય અને નીતિના માર્ગે ચાલશે, કાયદાનું પાલન કરશે તો તેને દુઃખી નહીં થવું પડે. આવી વ્યવસ્થા ઊભી કરવી પડે. 'જો કંઈક ખોટું કરીશ તો મર્યો.' આવો ભય પણ પ્રસ્થાપિત થવો જોઈએ, તો જ સમાજની વ્યવસ્થા બરાબર ચાલે.

આજે ઊલટું છે. ગમે તેટલું તમે આડુંઅવળું કરી લો, તો એમ કહે, 'કાંઈ વાંધો નહીં પછી આપણે સમજી લઈશું.'

સૌ જાણે છે કે, ખોટાને, દંભીને, દુર્જનને દંડ થાય તો જ સજ્જનતાની રક્ષા થાય. એ માટે જરૂરી છે કે, આપણે સ્વયં સત્યયુક્ત, સત્ત્વયુક્ત અને માનસિક-શારીરિક સંપન્ન પણ થવું પડશે. પડકારોનો સામનો કરવો પડશે. ખોટાની સામે બોલવું પડશે. તેને જવાબ આપવા પડશે. ધર્મની તરફેણમાં સત્તાધીશોએ આગળ આવવું પડશે. જે સજ્જનોને હેરાન કરે, તેને ભોગવવું પડશે એવો ભય પણ ઊભો કરવો પડશે.

ભગવાન શ્રીકૃષ્ણના જીવનકાળ દરમિયાન જે પણ દુર્જનો છે, તેનો નાશ ભગવાને કર્યો છે અને સજ્જનોને અભયત્વ પ્રદાન કર્યું છે. જોકે, ગિરિરાજધારીએ તો પોતાનું કાર્ય કર્યું.

આપણે પણ ગોપાલની જેમ આપણી પાસે જે સત્ત્વ છે, સત્ય છે, તેને લાકડીનો ટેકો પણ આપવા માટે મનથી મક્કમ બનવું પડશે. આપણો જે માર્ગ છે, તેમાં આગળ વધવાનું છે અને તેમાં આવતી મુશ્કેલીઓનો દૃઢતાથી સામનો કરવાનો છે. આવું કરીશું તો આપત્તિ પણ અવસરમાં પલટાઈ જશે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સર્વશ્રેષ્ઠ સર્જન

એક વખત એક બાદશાહ તેના લશ્કર સાથે યુદ્ધે ચડ્યો. સામેવાળાના સૈન્યમાં આ બાદશાહના સૈન્ય કરતાં ઘણી મોટી સંખ્યામાં સૈનિકો હતા. આ જોઈને બાદશાહના સૈન્યમાં જે ભાગેડુ સૈનિકો હતા તેઓ 'આટલા બધા માણસમાં બાદશાહ કોને ઓળખે છે ને ક્યાં બધાને જાણે છે?' એમ વિચારીને પાછળ રહ્યા ને શત્રુ સામે લડ્યા નહીં. કેટલાક શૂરવીર હતા, તે આગળ જઈને શત્રુને હરાવીને યુદ્ધ જીત્યા. બાદશાહને આનો ખ્યાલ આવી ગયો, પણ કોણ, કેવી રીતે લડ્યું છે, એની પરખ કેવી રીતે કરવી?

એણે વજીરને કહ્યું કે, 'આમાં મારે પરીક્ષા લેવી છે કે કોણે જીત મેળવી છે?' ત્યારે વજીરે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે, 'સૌ સૈનિકો દરબારમાં આવે. યુદ્ધમાં જીત્યા તે બદલ બાદશાહને ઇનામ આપવાના છે.' બાદશાહ વિચારે છે કે, 'ઇનામ આપવાથી સાચા-ખોટાની પરીક્ષા કેમ થશે?' વજીર કહે, 'લડ્યો છે અને નથી લડ્યો તેનું પારખું એમ થશે કે જે શૂરવીર થઈને લડ્યો હશે, તે સામી છાતીએ આપની સન્મુખ આવશે અને જે ભાગેડુ હશે, તે સંકોચ સાથે આવશે અને આપની આંખમાં આંખ નહીં મેળવી શકે.'

પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રામાણિકતા આપણને સંતોષ અને ગૌરવનો અનુભવ કરાવે છે. એ યુદ્ધે ચડવાની વાત હોય કે નોકરી-ધંધો કે અભ્યાસ કરવાની વાત હોય.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એક દિવસ એક બર્મીઝ વ્યક્તિએ મ્યાનમ્યાર દેશના રંગૂન શહેરની કરન્સી ઓફિસમાં જઈ અધિકારીને વિનંતી કરી, 'મારું 100-100ની નોટોનું બંડલ બળી ગયું છે. તેને બદલી આપશો?' કહી એણે પોતાનું બળેલી

નોબેલ પ્રાઈઝ વિજેતા ચંદ્રશેખર વેંકટ રામન (1880-1970)

નોટોનું બંડલ અધિકારીને આપ્યું અધિકારી માટે આ નોટોની પ્રમાણભૂતતા તપાસવી કઠણ હતી. છતાં તેણે તે બંડલ સ્વીકાર્યું. આ અધિકારીએ પેલા વ્યક્તિની પણ ઉપેક્ષા ન કરી અને સરકાર પ્રત્યેની વફાદારી પણ ન છોડી. તેણે શ્રદ્ધાપૂર્વક ઘણા દિવસો સુધી નોટો તપાસી એકે-એક નંબર ચેક કર્યા. ત્યાર પછી તેણે સામેવાળી વ્યક્તિને પ્રામાણિકતાથી રકમ આપી દીધી. આ અધિકારી હતા - નોબેલ પ્રાઇઝ વિજેતા સર ચંદ્રશેખર વેંકટ રામન.

આમ જોએ તો નોબેલ પ્રાઈઝ માટે પસંદગી પામવા માટે જે મહત્ત્વનું કાર્ય કરવું પડે, એવું આ કાર્ય નહોતું. પણ જે વ્યક્તિ આવી નાની-નાની બાબતોમાં પણ પ્રામાણિક રહે છે, તે જ મોટા કાર્યોમાં પણ પ્રામાણિક રહી શકે છે. એમાં પણ જે વ્યક્તિ ભગવાનને માથે રાખે છે, તે ક્યારેય કર્તવ્યમાંથી ચલિત નથી થતી.

તા. 10-04-1983. થોડા સમય પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. આથી તેઓ વડોદરામાં વિશ્રામ લઈ રહ્યા હતા. આ સમયગાળામાં તેઓ તબીબોની સૂચના અનુસાર ટેબલ-ખુરશી પર જમવા બેસતા હતા. એક સંતે સ્વામીશ્રીને કહ્યું કે, 'ખુરશી-ટેબલ પર આપ શોભો છો!' સ્વામીશ્રી કહે, 'શું શોભે છે? નાછૂટકે કરવું પડે છે, દુઃખે કરીને કરવું પડે છે. અસલ (નીચે બેસવા)માં જેવું સુખ છે તેવું આમાં નહીં.' એ જ દિવસે બપોરે સ્વામીશ્રીએ એક સંતને કહ્યું કે, 'બહાર પાટલો ઢાળો. આજે બહાર હરિભક્તો સાથે જમવું છે.' સંતો કહે, 'ડોક્ટરે ત્રણ મહિના સુધી નીચે બેસીને જમવાની ના પાડી છે.' સ્વામીશ્રી કહે, 'ડોક્ટરે કહ્યું નથી એ બરાબર છે, પણ આપણે આટલુંય નહીં સમજવાનું? રોજ આપણને આટલું બધું (બે કિ.મી.) ચલાવે છે, તો આમાં નીચે બેસવામાં શો વાંધો? હરતાં-ફરતાં થયા પછી પણ આમ ચાલુ રાખીએ, તો ભગવાનના ગુનેગાર કહેવાઈએ.'

જે પુરુષ આવી રીતે હંમેશાં ભગવાનને નજર સમક્ષ રાખે તે કેવી રીતે આળસને તાબે થઈ શકે! આવી વ્યક્તિ પ્રત્યેક પ્રવૃત્તિમાં પૂર્ણ પુરુષાર્થી અને વફાદાર બની રહે, ભગવાનની કૃપાનું પાત્ર બની રહે. પરિણામસ્વરૂપે તે વિપરીતતાઓ વચ્ચે પણ સફળ થવાનો રસ્તો કાઢી શકે છે. આથી જ અંગ્રેજ કવિ એલેક્ઝાન્ડર પોપે લખ્યું છે કે, 'An honest man is the noblest work of God.' 'પ્રામાણિક માનવી એ પ્રભુનું શ્રેષ્ઠ સર્જન છે.' કારણ કે ભગવાન દ્વારા અપાયેલાં સંસાધનોનો એ વ્યક્તિ યોગ્ય અને પૂર્ણ ઉપયોગ કરે છે.

પ્રભુનું શ્રેષ્ઠ સર્જન થવું એ આપણા હાથમાં છે! આપણે એ માટે પ્રયત્ન કેમ ન કરીએ?

ચાહત અને નફરત

એક વાર ચાહત અને નફરત વચ્ચે ઝઘડો થયો કે બંનેમાં વધુ સારું કોણ? બંને પોતાને સારા બતાવવાનો પ્રયાસ કરતા હતા, પણ કંઈ નિર્ણય આવતો ન હતો.

બંનેએ હૃદય પાસે પોતપોતાની શ્રેષ્ઠતા રજૂ કરી. હૃદય સમજે જ છે કે ચાહત જ સારી છે, પણ આ જાહેર કરીને નફરતને નારાજ કરવાનું અને ચાહતને અન્યાય કરવાનું તેને ન ગમ્યું. હૃદયે બંનેને કહ્યું, 'હું તમને ન્યાય આપું, પણ તે પૂર્વે તમારે બંનેએ સામે રહેલા વૃક્ષ સુધી જઈને પાછું આવવાનું છે. તમે પાછાં આવશો, એટલે બંનેમાં વધુ શ્રેષ્ઠ કોણ, તેનો નિર્ણય હું આપી દઈશ.'

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

આ સાંભળી બંને દોડીને વૃક્ષને હાથ અડાડી હૃદય પાસે આવ્યાં. હૃદયે નિર્ણય સંભળાવ્યો, 'તમે બંને સામે વૃક્ષ પાસે જતાં હતાં, ત્યારે જતી વખતે નફરત, તું સારી લાગતી હતી અને પાછાં આવતાં હતાં, ત્યારે ચાહત, તું સારી લાગતી હતી.' હૃદયના નિર્ણયથી બંને ખુશ થઈ ગયાં.

આ કથા દ્વારા હૃદયે આપણને સંદેશ આપ્યો કે આપણા હૃદયમાં રહેલી નફરતને દૂર કરવી જોઈએ અને ચાહતને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવી જોઈએ.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 22 ફેબ્રુઆરી, 2024 | મહા સુદ તેરસ | વિક્રમ સંવત 2080 08

પ્રત્યેક કર્મને યજ્ઞની ઊંચાઇએ પહોંચાડો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

વિદ્યાના ચાર ચરણ છે. પહેલું શ્રવણ - જિજ્ઞાસાથી જ્ઞાનની પૂરી પ્યાસ સાથે સાંભળવું. બીજું મનન - જે સાંભળ્યું છે તેનું મનન કરવું. ત્રીજું નિદિધ્યાસન - એટલે કે પોતાના જીવનમાં ઉતારવું અને એ ઉતાર્યા પછી આચાર્ય થાય અને પછી અધિકાર મળે.

પ્રત્યેક કર્મને યજ્ઞની ઊંચાઇ સુધી પહોંચાડવાનું કાર્ય આપણે સૌએ કરવાનું છે.

શિક્ષકનું, કથાકારનું, પત્રકારનું, સાહિત્યકારનું જે કામ છે, તે બહુ મહત્ત્વની કામગીરી છે. આખી સૃષ્ટિમાં યજ્ઞ ચક્ર પ્રવર્તિત છે. કૃષ્ણ કહે છે, 'એવં પ્રવર્તિત ચક્રમ્.' વેદોમાં એક કહે છે કે, યજ્ઞ એટલે શું? તો કહે, અગ્નિને સોમનું પાન કરાવવું. 'હે અગ્નિ! તું પ્રગટ થયો છે, તારું સ્વાગત છે. હવે હું તને સોમરસનું પાન કરાવું છું.' આ સોમનું તમે પાન કરો. પાન કરી આહુતિ અપાય.

બે ઊર્જાથી આખી સૃષ્ટિ ચાલે છે. એક છે સૌર ઊર્જા અને બીજી છે ચાંદ્ર ઊર્જા. ચાંદ્ર ઊર્જા છે તે સોમ, દિવસે સૂર્યના પ્રકાશમાં વનસ્પતિનો વિકાસ થાય અને રાત્રે ચંદ્રમાના પ્રકાશથી એની અંદર શક્તિ આવે. પોષણની શક્તિ. ઔષધિ હોય તો રોગ દૂર કરવાની શક્તિ. અન્નને પણ ઔષધિ જ કહે છે. 'અન્નમ્ ઔષધમ્ ઉચ્યતે.' કેમ? અન્ન ભૂખના રોગની દવા છે. તેથી ભોજન દવાની જેમ જમવું જોઈએ.

દવાની બે ગોળી લેવાની કહી હોય તો ત્રણ ન લેવાય. આ દુનિયામાં જેટલા ભૂખથી નથી મરતા, એટલા વધારે પડતું ખાઈને મરે છે એ હકીકત છે. નિશ્ચિત માત્રામાં જ અન્ન લેવાવું જોઈએ. રાત્રે ચંદ્રના પ્રકાશમાં વનસ્પતિની અંદર રોગ દૂર કરવાની શક્તિ આવે છે. કિસાન ખેતર ખેડે ત્યારે ધરતીમાં અગ્નિબીજ હોય છે. પછી જ્યારે વરસાદ વરસે, ધરતી ભીની થાય અને કિસાન બીજ વાવે. આ બીજ છે તે સોમરસ છે. 'હે અગ્નિ! આ સોમરસનું પાન હું કરું' અને ત્યારે યજ્ઞ સંપન્ન થાય છે. એટલે વિદ્યાર્થીમાં જિજ્ઞાસા જાગે ત્યારે એનામાં સૂર્ય તત્ત્વનો પ્રવેશ થાય છે અને શિક્ષક તેની અંદર સોમતત્ત્વનું આરોપણ કરે છે.

એટલા માટે ગુરુને ગુરુપૂર્ણિમાના ચંદ્રની સાથે સરખાવ્યા છે. ગુરુ પોતાની અંદર કરોડો સૂર્યના તેજને લઈને બેઠા હોય, ત્યારે ચંદ્ર જેવો શીતળ, આહ્લાદક ગુરુનો પ્રભાવ હોય છે, પણ શિક્ષક વિદ્યાર્થી પાસે બેઠા હોય, ત્યારે ચંદ્ર જેવા શીતળ હોવા જોઈએ. નહીં તો કેટલાક વિદ્યાર્થીઓ એવા બીવે કે બિચારા પ્રશ્ન જ ન પૂછે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એક એવો સેતુ બંધાવો જોઈએ.

આ જે પંચસૂત્રી છે, જે આપણે ઉપનિષદોની શરતમાં બોલતાં હોઈએ છીએ, એ શિક્ષક અને વિદ્યાર્થીએ બોલવાનું છે. 'સહનાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ, મા વિદ્વિષાવહૈ.'

પ્રાથમિક શાળામાં તો હજી ઘણું સારું છે. કદાચ હાઈસ્કૂલમાં પણ સ્થિર વાતાવરણ હશે, પણ યુનિવર્સિટી લેવલ પર ગયા પછી જે સ્થિતિ દેખાય છે, એમાં માત્ર છોકરાઓનો વાંક નથી. આપણે શરૂઆતથી ક્યાંક ચૂક્યાં છીએ. એક નવો સંબંધ બનવો જોઈએ. એમાં પ્રેમ હોય, ગુરુ પ્રત્યે આદર

હોય અને ગુરુ પ્રત્યેનો પ્રેમ અને આદર વિદ્યાર્થીમાં હોય. તેની સંપૂર્ણ જવાબદારી શિક્ષકની છે. શિક્ષકનું પોતાનું વાતાવરણ શિક્ષકનો વાણી, વ્યવહાર, વૃત્તિ અને આદર જન્માવે છે. 'રિસ્પેક્ટ ઈઝ કમાન્ડેડ, ઈટ ઈઝ નોટ ડિમાન્ડેડ' આદર મગાય નહીં, પરંતુ આપણું જીવન એવું હોવું જોઈએ કે સામેવાળાને આદર થાય.

એટલા માટે જ કહું છું કે રૂપિયા જેની પ્રાયોરિટી હોય તેને બીજું ગમે તે બનવાની છૂટ છે, પણ તેણે શિક્ષક ન બનવું. શિક્ષક બહુ મોટું યોગદાન કરે છે. રૂપિયા તેને માટે ઓછી પ્રાયોરિટીમાં હોવા જોઈએ. ઓફકોર્સ પૈસા વગર ચાલવાનું નથી, પરંતુ એ ઓછી પ્રાયોરિટીમાં હોવા જોઈએ.

એક દિવસ નિવૃત થતાં શિક્ષક મિત્રોનો વિદાય-સમારંભ હતો અને સન્માન હતું. અમારે એમાં જવાનું હતું. એટલે મેં કહ્યું કે, 'એક વાત મને મગજમાં નથી ઊતરતી. શિક્ષક નિવૃત્ત કેવી રીતે થાય? વ્યવસાયે શિક્ષક હોય તે થાય, પણ વૃત્તિથી શિક્ષક હોય તે કેમ નિવૃત્ત થાય? શિક્ષક તો જીવે ત્યાં સુધી ભણાવે.'

વૃત્તિથી શિક્ષક હોય તેનાથી ભણાવ્યા વગર રહેવાય જ નહીં. વૃત્તિથી શિક્ષક હોય તેની ફરજ શું અગિયારથી પાંચની? પાંચ વાગ્યા પછી કોઈ વિદ્યાર્થી આવે, જેનામાં આગ હોય, તો એ વિદ્યાર્થીને એમ કહે કે, 'તારે કોઈ પ્રશ્ન હોય કે જિજ્ઞાસા, ગમે ત્યારે મારી પાસે આવજે, તને મદદ કરીશ.' હું માનું છું કે શિક્ષકની ફરજ ચોવીસ કલાકની અને આજીવન હોવી જોઈએ, કારણ કે આ વ્યવસાય નથી, તેની કૃતિ છે. તે સ્વધર્મ તરીકે તેને નિભાવે.

શિક્ષક માત્ર શિક્ષિત નથી કરતો, સંસ્કાર પણ આપે છે. કેવું શિક્ષણ થવું જોઈએ? સમાજને ચરિત્રસંપન્ન બનાવે તેવું. જાપાનનું એક ઉદાહરણ છે. બહુધા જાપાનમાં ભૂકંપ આવતાં રહે છે. તેમાં એક દિવસ જોરદાર ભૂકંપ આવ્યો અને પછી સુનામી. એ સમયગાળા દરમિયાન વીજળી જતી રહી અને બધું ઠપ્પ થઈ ગયું. એવામાં એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરની જે લોકો બધી વસ્તુ ખરીદી કરવા માટે ગયા હતા, તેઓએ એ વસ્તુઓ જ્યાંથી લીધી હતી, ત્યાં મૂકીને સહજતાથી ખરીદી કર્યા વગર બહાર નીકળી ગયા. આ છે, પ્રામાણિકતા, નિષ્ઠા. કોઈ સીસીટીવી નહીં, પરંતુ વ્યક્તિગત સંસ્કાર અને સજ્જતા. આવું ચરિત્રસંપન્ન શિક્ષણ નવી પેઢીને યથાર્થ પ્રગતિ તરફ દોરી જાય છે.

સંબંધોની માવજત કરવી આપણા જ હાથમાં છે!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વોલ્ટર સ્કોટ (Walter Scott) નાના હતા, ત્યારે મંદબુદ્ધિ હતા. સ્કૂલમાં એક ખૂણામાં બેસી રહેતા. એક પ્રસિદ્ધ કવિ રોબર્ટ બર્ન્સ (Robert Burns) વોલ્ટરના ઘરે ગયા. ત્યાં એક છત્રી નીચે એક નાની કવિતા લખી હતી. બર્ન્સે કવિતા વાંચી પૂછ્યું કે, 'આ કોણે લખી છે?' ધીમે રહીને એ બાળકે કહ્યું કે, 'મેં લખી છે.' બર્ન્સે બાળકને સહજતાથી કહ્યું, 'તમે સ્કોટલેન્ડ પ્રદેશમાં મોટા માણસ થશો.' આ વાત સાંભળીને વોલ્ટરમાં આતમવિશ્વાસ આવી ગયો અને આગળ જતાં તે એક મોટા કવિ થઈ ગયા.

અબ્રાહમ લિંકનની વાત પણ આવી જ છે. તેમની માતાએ મરતી વખતે તેમને પાસે બોલાવીને કહ્યું હતું કે, 'બેટા, તું હજી બાળક છે, પણ તારી શક્તિઓ જોતાં મને લાગે છે કે તું મહાન બનીશ.' આ શબ્દોએ લિંકનને મહાન બનવાની પ્રેરણા આપી.

આથી જ કોઈ લેખકે લખ્યું છે કે,

'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યા રાજ;
જેણે શબ્દ વિચાર્યા, તેના સર્યા કાજ.'

શબ્દોની તાકાત ગજબની છે. તે મરતા માણસને બેઠો પણ કરી શકે અને જીવતા માણસને મારી પણ શકે. આપણને ખ્યાલ નથી આવતો, પણ પ્રશંસાના બે શબ્દો સામેવાળી વ્યક્તિમાં જોમ પ્રેરી દે છે.

2001ની સાલનો પ્રસંગ છે. પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં વિરાજમાન હતા. અહીં સંત તાલીમ કેન્દ્રમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર એક વર્ગના સંતો ભગવદ્ગીતાનો અભ્યાસ કરતા હતા. આયોજન એવું ગોઠવાયું હતું કે સ્વામીશ્રી જ્યારે ભોજન ગ્રહણ કરે ત્યારે આ વર્ગના સંતો ગીતાના જુદા જુદા વિષયો ઉપર પ્રવચન પ્રસ્તુત કરે. નિત્યક્રમ એવો થતો કે એક બાજુ સ્વામીશ્રીનું પ્રવચન પૂરું થાય અને બીજી બાજુ વક્તા સંતનું પ્રવચન પૂર્ણ થાય. વક્તવ્ય પૂર્ણ થતાં તે સંત સ્વામીશ્રી પાસે આશીર્વાદ મેળવવા જાય અને સ્વામીશ્રી સંતે રજૂ કરેલા પ્રવચનમાંથી સારા મુદ્દા યાદ કરી રાજીપો દર્શાવે.

એક વખત એક સંતનું પ્રવચન સમય-મર્યાદા કરતાં થોડું લાંબુ ચાલ્યું. આ બાજુ સ્વામીશ્રીનું ભોજન પૂર્ણ થયું અને ત્યાં જ અગત્યની મીટિંગ કરવા માટે કેટલાક વરિષ્ઠ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. આથી પ્રવચન કરનાર સંત જ્યારે પ્રવચન પૂરું કરીને સ્વામીશ્રી પાસે ગયા, ત્યારે સ્વામીશ્રી મીટિંગમાં પરોવાયેલા હોવાથી તેઓને મળી ન શક્યા.

મીટિંગ પૂર્ણ થઈ અને સ્વામીશ્રી શયન માટે શય્યા પર વિરાજ્યા. ત્યાં જ તેઓએ સેવક સંતોને કહ્યું કે, 'પેલા પ્રવચન કરનાર સંતને બોલાવો ને!' કક્ષની લાઈટો પણ બંધ થઈ ગઈ હતી, છતાં સ્વામીશ્રીએ આવો આદેશ આપ્યો એટલે સેવક સંતોને થયું કે કંઈ અગત્યનું કામ હશે. પેલા સંતને સમાચાર મળતાં તેઓએ સ્વામીશ્રીના કક્ષ પાસે દોડી પહોંચ્યા. ધીમા પગલે તેઓ સ્વામીશ્રી પાસે પહોંચ્યા તો સ્વામીશ્રી કહે કે, 'આજે તમે ખૂબ સુંદર પ્રવચન કર્યું.' પેલા સંત આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

પ્રમુખસ્વામી મહારાજ આટલી વિશાળ સંસ્થાનું વહન કરવા છતાં એમાં પાંગરતી નાની નાની કડીઓની પણ આવી દરકાર રાખતા.

શું આપણે આપણા જીવનમાં પ્રશંસાને ક્યારેય અગ્ર ક્રમ આપ્યો છે? 25 વર્ષથી લગ્ન થયા હોય, પણ એક વખત પણ પત્નીને કહ્યું છે કે, 'આજે સરસ કઢી બનાવી છે.' એક વખત પણ સંતાનને કહ્યું છે કે, 'તું ક્રિકેટ સારું રમે છે.' એક વખત પણ માતા-પિતાને કહ્યું છે કે, 'તમે મારી ખૂબ સંભાળ લીધી છે.'

મોટે ભાગે આપણે આપણી રોજનીશીમાં એટલા બધા ડૂબેલા હોઈએ છીએ કે આપણને આવી બાબતો ધ્યાનમાં નથી આવતી. પણ સમય કાઢીને પણ આ બાબતનો વિચાર કરવા જેવો તો છે જ. કારણ કે આપણે પરિવારના સભ્યો ભલે રોજ ઝઘડતાં હોઈએ, પણ એક વાત નક્કી છે કે એકબીજા વગર ચાલતું નથી અને એકબીજા વગર ગમતું પણ નથી. ભગવાને આપેલા આ સંબંધોની માવજત કરવી તો આપણા જ હાથમાં છે ને! તો શું કામ એ માવજત કરવાના અનેક આયામો પૈકીનું આ પ્રશંસારૂપી સાધન આપણે ન પ્રયોજીએ?

પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાથી આપણે શેની બચત કરી શકીશું? એમાં ઉદારતા દાખવવાથી શેનો વ્યય કરી બેસીશું? આ વિચારવા જેવી બાબત છે.

સ્વર્ણિમ સૂત્ર

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

રામાયણના યુદ્ધમાં રાવણને મારવા રામસેનાએ ઘણા પ્રયાસો કર્યા, પણ રાવણનું મૃત્યુ ન થયું. આખરે વિભીષણ પાસેથી રાવણની હત્યાનો ઉપાય જાણી કુનેહપૂર્વક એની નાભિમાં પ્રહાર કર્યો અને રાવણ ઢળી ગયો. એના અંતિમ શ્વાસ ચાલતા હતા. રામને ખ્યાલ હતો કે રાવણ મહાન રાજકારણી છે, એટલે તેમણે લક્ષ્મણને સત્તાનાં સુચારુ સંચાલનનાં સ્વર્ણિમ સૂત્રો મેળવવા રાવણ પાસે જવા કહ્યું. પરાજિત શત્રુ પાસેથી સલાહ લેવા લક્ષ્મણનું મન ન માન્યું, પણ મોટા ભાઈની ઈચ્છાને આજ્ઞા માની મૃત્યુશૈયા પર સૂતેલા રાવણ પાસે ગયા ને જિજ્ઞાસા વ્યક્ત કરી.

રાવણે માત્ર બે સૂત્રો જણાવ્યા. સત્કાર્ય કરવામાં વિલંબ ન કરવો અને દુષ્કર્મ કરવાની ઉતાવળ ન કરવી. રાવણ બોલ્યો, 'મારી ભાવના હતી કે પૃથ્વીને સુવર્ણથી મઢાવી દઉં. આ કાર્ય મારા માટે ખેલ હોવા છતાં એ હું 'આવતી કાલ' ઉપર રાખતો ગયો અને સીતાહરણનું કાર્ય મેં 'શીઘ્ર' કર્યું, એટલે મારા રાજ્યનો જ નહીં, મારો પણ સર્વનાશ થયો ને રાવણે અંતિમ શ્વાસ લીધા.

માત્ર રાજ્ય ચલાવવા માટે જ નહીં, પણ જીવન સારી રીતે જીવવા માટેય આ સ્વર્ણિમ સૂત્રો છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 29 ફેબ્રુઆરી, 2024 | મહા વદ પાંચમ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કથા કાળબાહ્ય બની રહે છે

જેના પ્રત્યે તમને પ્રેમ હોય, એના વિયોગમાં ક્ષણ યુગ બની જાય છે અને જેના ઉપર પ્રેમ થાય, એના સંયોગમાં યુગ પણ ક્ષણની જેમ વીતી જાય છે. કથા અંગે લોકો કહે, 'લે! ક્યારના કથાની રાહ જોતા હતા. કથા તો ચાલુ થઈ, ને પૂરીય થઈ ગઈ? આ આઠ દિવસ ક્યાં જતાં રહ્યાં ખબરેય ન પડી?'

સુખમાં, આનંદમાં સમય ક્યાં જતો રહે એની ખબર નથી પડતી. પછી સ્ટેશન પર વળાવવા આવે તો કાર્યકર્તાઓ કહેતાં હોય, 'ચાર મહિનાથી તૈયારી કરતાં હતાં. કથા ચાલુય થઈ અને પૂરી થઈ ગઈ. દિવસ ક્યાં વીતી ગયા ખબર ન પડી.' હું હસું અને મારી જાતને કહું કે, 'તમને આઠ દિવસ ક્યાં વીતી ગયા ખબર નથી; અહીં વર્ષોના વર્ષ ક્યાં પૂરાં થયાં ખબર નથી.' કથાને આઠ દિવસ થયા, પણ ઐસે હી જિંદગી ગુજરતી રહી. આનંદમાં, મસ્તીમાં ખરેખર ખબર ન પડે.

કૃષ્ણ-જન્મને દિવસે દસ-દસ કલાકની કથા થઈ જાય. છ–છ કલાકની એકધારી બેઠક થઈ જાય. ખબર પડે? હું લોકોને પૂછું, 'તમે તમારા ઘરના ડ્રોઈંગરૂમના સોફામાં આવી રીતે છ કલાક પલાંઠી વાળીને એક જગ્યાએ બેસી શકો?' ભલે ચા આવતી રહેતી હોય, માથે પંખો ફરતો હોય તોય બેસાય? અને કથામાં છ કલાક ક્યાં જતાં રહે એની ખબરેય ન પડે.

મને ઘણા લોકો પૂછે કે, 'ભાઈ, આટલા વર્ષથી કથા કરો છો. તમારી અનુભૂતિ? તમને અત્યાર સુધીમાં કોઈ ચમત્કાર દેખાયો?' મેં કહ્યું, 'આ જ ચમત્કાર. સાંઠ ટાબરિયાંના એક ક્લાસને શિક્ષક સરખા નથી રાખી શકતો. પાંત્રીસ-ચાલીસ મિનિટનો એક પીરિયડ કેમ પૂરો કરવો અને એમને કેમ શિસ્તમાં રાખવા એ અઘરું પડે છે, ત્યારે અહીં આ કથાના રસમાં ડૂબેલાં છ-છ કલાક આપણે બધાં સ્વયં શિસ્તમાં રહીએ છીએ. વચ્ચે નહીં પાણી પીવાનું, નહીં ચા પીવાની, કંઈ નહીં લેવાનું. આમ ક્યાં સમય વીતી જાય ખબર નથી પડતી.'

મેં કહ્યું, 'સૌથી મોટી વાત એ કે આ યુગ એવો છે કે કોઈ કોઈનું સાંભળવા તૈયાર નથી. દરેક જગ્યાએ તમે જુઓ તો આ જ ફરિયાદ છે કે કોઈ મારું સાંભળતું નથી. પત્નીઓની ફરિયાદ છે કે અમારા 'ઈ' સાંભળતા નથી. પતિને ફરિયાદ છે, પત્ની સાંભળતી નથી. મા–બાપને ફરિયાદ છે છોકરાઓ અમારું સાંભળતાં નથી.

તમે બોલો અમે સાંભળીશું. પ્રજાને ફરિયાદ છે. નેતાઓ સાંભળતાં નથી. પણ અમને કોઈ ફરિયાદ નથી. અમારું તો લોકો એટલું સાંભળે છે કે જ્યાં પધરામણીમાં જઈએ ને તોય ચાંદલો કરે, ચોખા ચોડે, ફૂલનો હાર પહેરાવી પગે લાગીને પછી હળવેકથી કહે, 'કંઈક સંભળાવો.' પંદર–વીસ મિનિટ સંભળાવવાનું રહે. અહીં તો બધા સાંભળે છે.' કલિકાલમાં આ મોટો ચમત્કાર નથી? લોકોને ફરિયાદ હશે, 'કોઈ અમારું સાંભળતા નથી.' અમારી ફરિયાદ ઊલટી છે. કોઈ અમને મૂંગું રહેવા દેતું નથી. જ્યાં જઈએ ત્યાં 'કંઈક સંભળાવો.'

ટ્રેનની યાત્રા દરમિયાન પણ જો કોઈ મળી જાય તો કહે, 'લે! તમે? ભારે કામ થયું. આમ તો અમે કોઈ દી' કથામાં નથી આવ્યા; કંઈક સંભળાવો.' રેલવેના ડબ્બામાં! એને કથામાં આવવાનો ટાઈમ ન

મળ્યો હોય, તો અમારે એને માટે રેલવેના ડબ્બામાં કથા કરવાની?

અમને કોઈ મૂંગા રહેવા દેતું નથી અને બોલવાનો થાક ન લાગે. લોકો પ્રેમથી સાંભળે. આપણાને આઠ દિવસની કથામાં બધું ગમ્યું હોય, પણ જીવનમાં બે–ચાર વાત પકડાઈ જાય એ પ્રમાણે કરીએ અને જીવનમાં થોડું પરિવર્તન દેખાય, તો વક્તાને પણ આનંદ થાય. એને થાક ન લાગે, કારણ કે વક્તા છે.

આઠ-આઠ દિવસ જે બોલે છે, એ વાવવાનો પ્રયાસ છે. વક્તા દાટતો નથી. ખેડૂત ખેતર ખેડતો હોય, ઢેફાં ભાંગતો હોય પછી વાવણી જોગો વરસાદ થાય અને તે કેટલો છે એ માપી અને વાવે? ના, એ વાવે છે; એ દાટતો નથી અને ઊગે તો વાવ્યું ગણાય. નહીં તો દાટયું ગણાય. તો વક્તાને એક ભાવ હોય છે કે કંઈક ઊગે.'

એક સમય હતો. માણસો ભાગવતકથા પિતૃઓના મોક્ષાર્થે કરાવતા અને એ માટેય ભાગવતકથા થતી. તેમાં મહારાજ કથા વાંચ્યે જતા હોય. યજમાન પણ મહેમાનોને સંભાળવામાં પડ્યા હોય. કોઈને કંઈ બહુ સાંભળવાનો રસ ન હોય. બાંબુ-વાંસડામાં બેઠાં બેઠાં પિતૃ પોતાની મુક્તિ માટે મથતાં હોય. જેને કથાનું નિમંત્રણ મળ્યું હોય, એ વહેવાર ટકાવવા આવે કે ભાઈ! નિમંત્રણ આવ્યું છે અને સંબંધીએ કથા બેસાડી છે, એટલે એક દિવસ જવું પડશે. પાંચ મિનિટ બેસવું પડશે.' બહુધા મહેમાનો સ્વાધ્યાયની ભાવનાથી ન આવે.

જોકે, આજે સમય બદલાયો છે. સ્વાધ્યાયની ભાવનાથી શ્રોતા સાંભળતાં થયાં છે. આ વાવવાનું છે. ખરેખર એ પછી પંદર દિવસે, વીસ દિવસે, મહિને-દહાડે, ખેડૂત તો કાયમ ખેતરે જતો હોય. આવડા વેંત-વેંત જેવડા મોલ નીકળે અને પછી નિંદામણ થતું હોય. એ ખેતરમાં મોલને જુએ ને મોલ લહેરાતો હોય. લહેરાતા મોલને જોઈને ખેડૂતને આનંદ થાય, મારી મહેનત ઊગી નીકળી.

વક્તા પણ કથા કરીને જાય પછી થોડા લોકોમાં પરિવર્તન દેખાય તો વક્તાને આનંદ થાય, કે અમારી ખેતી ઊગી નીકળી. આ વાવવાનું છે. ફળદ્રુપ ભૂમિમાં જે પણ વવાય એ ઊગે. બિનફળદ્રુપ ભૂમિમાં કંઈ ન ઊગે. જે ફળદ્રુપ છે એવી જમીનમાં વાવે તો ઊગે. તો આનંદ આવે. નહીંતર ઘણી જગ્યાએ જઈએ એટલે મૂંગા તો રહેવા દે નહીં. 'કંઈક સંભળાવો.' આપણને થાય કે ચાલો, આવ્યા છીએ. આનાં ઘરનું પેટમાં ગયું છે, તો આપણે એમના ઋણમાં રહી જઈશું.' માટે તેને કંઈક વચન કહી દઈએ.

આ રીતે સંવાદ, કથામૃત વહેંચવાથી વધે છે. તેનો આનંદ જ અલગ છે.

આમ, કથા નિરંતર આનંદનો, નિજાનંદનો વહેતો પ્રવાહ છે, જે કાળબાહ્ય બની રહે છે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ઉત્કૃષ્ટ પરિણામ મેળવવાની ચાવી

19 74નું વર્ષ ચાલી રહ્યું હતું. ફિલિપ પેટીટ નામના એક યુવાન ફ્રેન્ચ નાગરિકે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં આવેલા WTC (World Trade Center) ઉપર એક ગજબનો ખેલ કર્યો. તેણે WTCના બે બહુમાળી મકાનો વચ્ચે 400 મીટર ઊંચે દોરડું બાંધ્યું. ત્યાર બાદ તેણે આ દોરડા પર એક કલાક સુધી જુદા જુદા ખેલ કર્યા. તેણે દોરડા પર ચાલવાનું શરૂ કર્યું. પછી દોરડા પર ડાન્સ કર્યો અને પછી તો સરકસ જેવી તરકીબો પણ તેણે કરી બતાવી. તે સમયનો સૌથી ઊંચી જગ્યાએ દોરડું બાંધી ચાલવાનો વિક્રમ તેણે સ્થાપ્યો. પ્રેક્ષકો તેની તરકીબો જોઈ હેરત પામી ગયા.

થોડા મહિના બાદ તેણે ફ્લોરિડા સ્થિત સેન્ટ પીટર્સબર્ગમાં 30 ફૂટ ઊંચે દોરડું બાંધી ચાલવાનો ખેલ કર્યો. 400 મીટર ઊંચે બાંધેલા દોરડા પર ચાલેલા તેના માટે અહીં 30 ફૂટ ઊંચે બાંધેલા દોરડા પર ચાલવું, એ રમતવાત હતી. પણ આશ્ચર્ય એ બન્યું કે અહીં ખેલ બતાવતાં તેણે સંતુલન ગુમાવ્યું અને તે દોરડા પરથી પડ્યો. ઝાઝું વાગ્યું નહીં, પણ તે જમીન પર મૂઠીઓ પછાડી બૂમો પાડવા માંડ્યો કે, 'હું માની જ નથી શકતો કે હું દોરડા પરથી નીચે પડું. કારણ કે અત્યાર સુધીમાં હું ક્યારેય પડ્યો નથી.' પછી તેણે જ સ્વીકાર્યું કે, 'તે નાના કામને મોટા કામ જેટલો સમર્પિત નહોતો થયો. એટલે આ નિષ્ફળતા મળી.'

આ કેવળ ફિલિપનો જ પ્રશ્ન નથી, આપણા સૌનો પ્રશ્ન છે. ઘણી વખત આપણે કાર્ય કરીએ છીએ ખરા, પણ અર્ધા કે અધકચરા મનથી. આપણે જે કામને નાનું કે સામાન્ય માન્યું હોય, તે કરવા

ખાતર જ કરીએ છીએ. આનાથી કદાચ સફળતા મળી જાય. પરંતુ એ કાર્ય આપણા માટે બોરિંગ બની જાય છે. એનો આનંદ આપણે માણી શકતા નથી.

મહાપુરુષોના જીવનમાં આપણને જોવા મળે છે કે તેઓ જે વખતે જે કાર્ય કરવાનું હોય, તે પ્રત્યેક કાર્યને પૂરા દિલથી કરે છે. આથી જ તેઓ દરેક કાર્યને માણી શકે છે.

તા. 26-9-2005ના દિવસે પ્રમુખસ્વામી મહારાજ દિલ્હીમાં વિરાજમાન હતા. થોડા સમય પૂર્વે તેઓ જ્યારે સારંગપુરમાં હતા, ત્યારે તેમના પર એક પત્ર આવ્યો હતો. મોટા અક્ષરે લખાયેલો આશરે ચારેક પાનાંનો એ પત્ર સ્વામીશ્રીએ બે-ચાર વાર પરબીડિયામાંથી કાઢી થોડો વાંચી વળી પાછો મૂકી દીધેલો.

ભાવનગરથી દિલ્હી આવતાં વિમાનમાં પણ તેઓએ આ પત્ર વાંચ્યો હતો, પરંતુ કોઈ પ્રત્યુત્તર નહોતો જણાવ્યો. તે વખતે પત્ર-પરિચારકે પૂછેલુંય ખરું કે, 'આનું શું કરવાનું છે?' ત્યારે સ્વામીશ્રી બોલેલા કે, 'વિચારીને કહીશ. વચ્ચે વચ્ચે યાદ કરાવજો.' સવારે ફરી તેઓ એ પત્ર લઈને બેઠા.

પોતાના પરિવારની કિશોરીની કથની જણાવતાં મોકલનારે લખેલું કે, 'આ કિશોરીનું વેવિશાળ એક કિશોર સાથે થયું છે, પણ મા-બાપને રાજી રાખવા દબાણથી સગાઈ કરવી પડી છે. હકીકતે કિશોરીને તે છોકરો પસંદ નથી, તેથી તેણે તેને કહી દીધું છે કે, 'હું બાપાને પત્ર લખીશ. તે કહે તેમ કરીશ.' છોકરાને પણ આ વાત માન્ય છે.'

આ પત્ર પર છેલ્લા પાંચેક દિવસથી વિચારી રહેલા સ્વામીશ્રીએ આજે પત્ર-પરિચારકને કહ્યું કે, 'છોકરો કોણ છે તેની તપાસ કરો. પરિસ્થિતિ શું છે એ સમજી લો. ત્યાર પછી આનો જવાબ લખીશું.'

આશ્ચર્યની વાત તો એ છે કે દિલ્હીસ્થિત અક્ષરધામનું નિર્માણકાર્ય પૂર્ણતાને આરે હતું અને એનો લોકાર્પણ સમારોહ ટૂંક સમયમાં જ તેઓના જ કરકમળો દ્વારા થવાનો હતો, જે 150 જેટલા દેશોમાં પ્રસારિત થવાનો હતો. અનેક દિગ્ગજો આ સમારોહમાં આવવાના હતા. એની વચ્ચે સ્વામીશ્રીએ એક કિશોરીના જીવનને સંભાળવા એક સામાન્ય પત્રને આટલો ગંભીરતાથી લીધો.

તેઓના મનમાં કાર્ય સંબંધી કોઈ જ કમ્પાર્ટમેન્ટ્સ નહોતાં. તેઓ દરેક કાર્ય પૂરા દિલથી કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર કરી શકતા અને તે દરેક કાર્યમાં પૂર્ણ સફળ થતા.

આપણે પણ નિયત કાર્ય પૂર્ણ સમર્પિત થઈને કરીશું, તો ઉત્કૃષ્ટ પરિણામ સુધી ચોક્કસ પહોંચીશું.

આપણું સુખ ક્યાં?

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ઓફિસથી બપોરે જમવા માટે ઘરે આવી રહેલા પતિએ જોયું કે પત્નીએ કેરીનો રસ બનાવીને તેનાં ગોટલાં-છોતરાં ડસ્ટબિનમાં નાખવાને બદલે સોસાયટીની બરાબર વચ્ચે નાખ્યાં હતાં.

સામાન્ય સમજદાર વ્યક્તિ પણ આવું ન કરે, તો પત્નીએ કેમ આવું કર્યું? વિચારી થોડી નારાજગી સાથે ઘરમાં પ્રવેશીને પત્નીને એનું કારણ પૂછ્યું, તો તેણે જવાબ આપ્યો, 'હું જે પણ કામ કરું છું, તે ખૂબ જ સમજદારીપૂર્વકનું કામ કરું છું.'

'પણ મને તો આમાં બહુ મોટી અણસમજ લાગે છે.' પતિએ કહ્યું, તો પત્ની બોલી, 'આવું કરવાનું મારું કારણ જાણશો, તો તમે પણ ખુશ થઈ જશો.' - 'બોલ શું કારણ છે?'

પત્ની બોલી, 'આ વખતે આપણી આખી સોસાયટીમાં સૌથી પહેલાં કેરી આપણાં ઘરે આવી છે. હવે કેરીનો રસ કાઢી ગોટલાં-છોતરાં જો હું ડસ્ટબિનમાં જ નાખું, તો પાડોશીઓને ખબર કેવી રીતે પડે?'

પતિ ગંભીર હતો. તેણે માર્મિક વાત કરી, 'સૌથી પહેલા કેરી આપણા ઘરે આવી છે. એવો પાડોશીઓમાં જો વટ પાડવો હોય, તો સૌનાં ઘરે એક-એક વાટકી રસ આપીને પણ વટ તો પાડી જ શકાય!'

આપણે પણ વિચારવા જેવું છે કે આપણે બીજાને સુખી કરીને સુખી થઈએ છીએ કે બીજાને દુ:ખી કરીને સુખી થઈએ છીએ...?

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 07 માર્ચ, 2024 | મહા વદ બારસ | વિક્રમ સંવત 2080 08

જેને જડ કહેવાય છે, તે સૂતેલું ચૈતન્ય છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધરતીમાતા તો સાક્ષાત્ વાત્સલ્યમૂર્તિ છે. શ્રીમદ્ ભાગવતમાં પૃથુ ભગવાનની કથા આવે છે. ભગવાન ભૂપતિ બનીને આવ્યા. રાજાનો ધર્મ શું છે તે દુનિયાને શીખવાડવા માટે આવ્યા. તો પ્રજા પૃથુના શરણે ગઈ અને કહ્યું કે, 'દુકાળ પડ્યો છે, અમે બધાં ભૂખ્યા મરીએ છીએ. મારો-કાપો થઈ રહ્યો છે. લૂંટફાટ થઈ રહી છે. અમારું રક્ષણ કરો. તમે રાજા છો.' કોઈ ભૂખ્યું ન મરે, સૌની રક્ષા થાય, સૌની ઉન્નતિ થાય એ જોવાની ફરજ રાજાની છે.

ભગવાન પૃથુએ પૃથ્વીને કહ્યું કે, 'તારે અન્ન આપવું જોઈએ, તારાં સંતાન ભૂખ્યાં રહે એવું ન થવું જોઈએ. તું કેમ અન્ન નથી આપતી?' ભાગવતની કથા કહે છે કે પૃથુ રાજાએ ધરતીને દંડ આપવા માટે ધનુષ્ય પર બાણ ચડાવ્યું. પૃથ્વી ભાગી, ગાયનું રૂપ લઈને.

જ્યારે જુઓ ત્યારે પૃથ્વી ગાયનું રૂપ લે છે. જ્યાં ગઈ ત્યાં એણે ધનુષ્ય-બાણ લઈને પૃથુને પોતાની પાછળ આવતા જોયા. બીજો કોઈ આશ્રય ન જોતાં ગોરૂપ ધારિણી ધરતી અંતે પૃથુના શરણે આવી અને કહ્યું, 'તમે મને દંડ આપવા તૈયાર થયા છો. તમને મારો વાંક દેખાય છે, પણ આ બધાં સંતાનનો વાંક નથી દેખાતો. કેવા બગડ્યાં છે, કેવાં ભોગવાદી થયાં છે! કેટલાં પાપ વધ્યાં છે! મારી લાગણી પણ સુકાઈ ગઈ!' ધરતીમાતા કહે છે કે, 'બે કામ કરો. એક તો મને સમતલ કરો અને બીજું, આ બધાંને કહો કે એ વાછરડા થઈને આવે, વત્સ થઈને આવે અને મા કહી માગણી કરે, તો મને લાગણી થશે.'

મા કહીને માગણી કરો તો લાગણી થાય, નહીં તો એ નાગણી થાય. એટલે ભગવાન પૃથુએ કહ્યું, 'બરાબર છે.' દરેક સમુદાયના લોકોને કહ્યું કે, 'તમે વાછરડા બની પૃથ્વી સામે માગણી કરો તમને જે જોઈતું હશે, તે ધરતીમાતા આપશે.'

કથા છે કે દેવતાઓ ગયા. દેવતાઓમાં ઇન્દ્ર વાછરડો થયા અને ઇન્દ્રનો પોકાર સાંભળી ધરતીમાતાને હેત ઊભરાયું, તેણે કહ્યું, 'બોલો બેટા!' તો કહે, 'ભૂખ લાગી છે.' 'શું જોઈએ?' તો કહે, 'અમૃત.' દેવતાઓએ અમૃતરૂપી દૂધ દોહી લીધું, ધરતીરૂપી ગાયથી. માનવો ગયા એમાં મુખ્ય મનુ વાછરડો થયા. એમણે અન્નરૂપી દૂધ દોહી લીધું. દૈત્યો ગયા. એમાં બલી વાછરડો થયા. એમણે મદિરારૂપી દૂધ દોહ્યું. ગાંધર્વો ગયા. એમને જે જોઈતું હતું તે મળ્યું.

આ ધરતીમાતા પાસે જે ગયા, તે બધાંને જે જોઈતું હતું તે મળ્યું, પણ તમે એને મા ગણીને માગણી કરો. કોઈ મા એવી ન હોય જે પોતાના બાળકને ભૂખ્યાં જોઈ શકે. પૃથ્વી ગાયના રૂપમાં છે. પહેલા વાછરડો થાય. એ વાછરડો ગાય પાસે જાય એટલે ગાયને વાછરડાને જોઈ વાત્સલ્ય ઊભરાય. એ વાછરડાને જીભથી ચાટે અને ગાયનું વાત્સલ્ય એનાં આંચળમાં દૂધ બનીને આવે. ગાય પ્રાહવે. એ પ્રાહવે એવી ખબર પડે એટલે ગોવાળિયો વાછરડાંને હટાવી પાત્રમાં દૂધ દોહી લે.

જે-જે સમુદાયનો મુખીયો હતો, તે વાછરડો થયો. પછી ગાય પ્રાહવી, પછી તે-તે સમુદાયને જે વસ્તુની જરૂરિયાત હતી, તે પાત્રમાં એ રૂપી દૂધનું દોહન કર્યું. કોઈએ અમૃત દોહ્યું, કોઈએ મદિરા દોહી, કોઈએ અન્ન દોહ્યું. આ બધું પૃથ્વીથી જ મળે છે.

આપણે પૃથ્વીમાંથી સોનું કાઢ્યું, ચાંદી કાઢી, કોલસા કાઢ્યા, ગેસ પણ કાઢ્યો, ઓઈલ કાઢ્યું. પાણી કાઢ્યું. ધરતીને તમે એક જડ પદાર્થ રૂપે ન જુઓ. આ ધરતીની અધિષ્ઠાત્રી દેવી છે. જે રીતે તમે તમારા શરીરની ચેતના છો, તમારી અંદર, તો તમે શરીરને જડ રૂપે ન જુઓ. એને ભૂખ લાગે છે, તરસ લાગે છે. તેની પાસે સંવેદના છે. વાળ ઊગે છે, વધે છે, નખ ઊગે છે, વધે છે, એ તમે સજીવ હોવાની સાબિતી છે. ધરતી પર છોડ વધે છે કે નહીં! ફૂલ ખીલે છે કે નહીં! ફળ આવે છે કે નહીં? આ એનું ભૌતિક રૂપ જીવંત હોવાનું પ્રમાણ છે.

ગંગાને આપણે માત્ર નદી રૂપે નથી જોતા. ગંગા તો એ છે જે હિમાલયના ઉત્તુંગ શિખરોથી વહેતી દરિયામાં ભળી જાય છે, પણ ગંગાનું એક આધિદૈવિક રૂપ પણ છે. એને આપણે ગંગામૈયા કહીએ છીએ. એને શાંતનુ પરણે છે એવી કથા છે. યમુનામૈયા, સરસ્વતીમૈયા એનું આધિદૈવિક રૂપ છે. પૃથ્વીનું પણ આધિદૈવિક રૂપ છે. ધરતી માતા છે. આપણા શરીરમાં જઠરાગ્નિ છે. ભૂખ લાગે છે અને આપણે ખાઈએ એટલે ખાધેલું પચે છે. એ જઠરાગ્નિ એટલે અંદરના પાચક રસો.

ધરતીના પેટાળમાં પણ અગ્નિ છે, લાવા છે. વૈજ્ઞાનિકો કહે છે કે ધરતીના કેન્દ્રમાં આખો લાવાનો જ ભાગ છે. એ જગ્યાએ ધરતીનું ટેમ્પરેચર પિસ્તાલીસસો સેન્ટિગ્રેડ છે. આપણે આ ધરતી પર પિસ્તાલીસ ડિગ્રી તાપમાન થાય, તો પરસેવે રેબઝેબ થઈ જઈએ છીએ અને ક્યાંય રહેવાતું નથી એસી-પંખા વગર. એ ધરતીની સપાટીનું તાપમાન ક્યારેક પિસ્તાલીસ ડિગ્રી હોય તો, પ્લસ પિસ્તાલીસ અને માઈનસ પિસ્તાલીસ ડિગ્રી ટેમ્પરેચર અલગ અલગ સ્થળે જોવા મળે. જ્યારે ધરતીના પેટાળમાં પિસ્તાલીસસો ડિગ્રી સેન્ટિગ્રેડ. 4,500 ડિગ્રી જેટલો ધગધગધતો લાવા છે અને લાવા ક્યારેક નીકળે છે ધરતીના પેટાળમાંથી, જ્વાળામુખી પર્વતમાંથી. તમે ધરતીને ભૌતિક રૂપે ન જુઓ. શિક્ષિત લોકોએ એવી સમજ ઊભી કરી છે કે આ બધું જડ છે.

આપણાં ધર્મશાસ્ત્રો અને આધ્યાત્મ કહે છે કે જેને તમે જડ કહો છો, તે હકીકતમાં સૂતેલું ચૈતન્ય છે. હિરણ્યકશિપુને જડ થાંભલો દેખાતો હતો અને પ્રહ્લાદને એ થાંભલામાં સૂતેલું ચૈતન્ય દેખાતું હતું અને પ્રહ્લાદના વિશ્વાસને કારણે થાંભલામાંથી નૃસિંહ ભગવાન પ્રગટ થયા. એનો મતલબ એ સૂતેલું ચૈતન્ય જાગ્રત થયું. આધિભૌતિક રૂપ, આધિદૈવિક રૂપ, આધ્યાત્મિક રૂપ એમ ત્રણ પાસાં હોય છે. આપણે વિજ્ઞાનના માધ્યમથી આધિભૌતિક રૂપને જ ઓળખીએ છીએ. અધિદૈવિકને નથી જાણતાં.

અભિગમની ઊંચાઈ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ઊચાઈમાં માણસને રસ પડે છે. તેને જોવામાં, જાણવામાં અને માપવામાં. એ પછી મકાન હોય કે મહેલ, ઝાડવાં હોય કે જળપ્રપાત (ધોધ). ઊંચું દેખ્યું નથી કે માણસ અટક્યો નથી. પૂછે, જાણે, માપે, સરખાવે અને અચરજ પામે. થોડી જુદી રીતે વિચારીએ તો માણસને ઊંચાઈ પકડવી પણ ગમે છે. વિદ્યાર્થી હોય કે વેપારી, નેતા હોય કે નાટ્યકાર, ખેડૂત હોય કે ખેલાડી. દરેકને પોતાના ક્ષેત્રમાં ઊંચાઈએ પહોંચવું ગમે છે. તેમાં એક પ્રકારનો આનંદ આવે છે.

જોકે મહાપુરુષોના જીવનમાંથી એક નક્કર વાસ્તવિકતા એ જાણવા મળે છે કે સંસારી કે લૌકિક ઊંચાઈને આંબવા છતાં જે શાંતિ, સ્થિરતા કે પ્રસન્નતાનો અનુભવ નથી થતો, તે અનુભવ વ્યક્તિ અભિગમની ઊંચાઈથી પ્રાપ્ત કરી શકે છે. અભિગમ એટલે વલણ (Attitude). પરિસ્થિતિ કે સંજોગોને જોવાનો એક સૈદ્ધાંતિક સમજણ સાથેનો દૃષ્ટિકોણ. જેને લીધે આપણે અંતરથી સુખી રહી શકીએ.

અંગ્રેજી લેખક Aldous Huxley (એલ્ડસ હક્સલી) લખે છે કે, 'Experience is not what happens to a man, it is what a man does with what happens to him.' - 'અનુભવ એ નથી કે જે માણસ સાથે બને છે, (પરંતુ) અનુભવ એ છે કે માણસ તેની સાથે જે બન્યું છે તેનો કેવો પ્રતિભાવ આપે છે.'

મહારાષ્ટ્રના સંત એકનાથ ગોદાવરી નદીમાં સ્નાન કરીને પાછા વળતા હતા. ત્યાં એક દ્વેષી તેમના ઉપર થૂંક્યો. એકનાથ કંઈ પણ બોલ્યા વિના ફરીથી સ્નાન કરી આવ્યા. તે વ્યક્તિ ફરીથી થૂંક્યો. આવું 100 વાર બન્યું. ભલભલા માનસિક સંતુલન ગુમાવી બેસે તેવી આ પરિસ્થિતિમાં એકનાથજી જરાય વિચલિત ન થયા. ક્રોધ ન કર્યો. થૂંકનારને પસ્તાવો થયો. એકનાથજી કહે, 'તારે દુઃખી થવાની જરૂર નથી. મારે રોજ એક વખત જ સ્નાન કરવાનો નિયમ હતો. આજે તારી કૃપાથી 100 વખત સ્નાન કરવાનો લાભ મળ્યો.'

કબીરજીને કોઈએ કહેલું કે, 'કબીર તો સાધુ-ફકીરો સાથે રહીને બગડી ગયા છે.' ત્યારે કબીરજી સ્મિત સાથે કહે, 'ખરી વાત છે.' પછી તેમણે કહ્યું -

'साधु के संग मे, कबीरा जो बीगड़ा,
बिगड़ बिगड़ वो तो संत बनायो रे।'

એક વાર રામકૃષ્ણ પરમહંસને કોઈકે પ્રશ્ન પૂછ્યો કે, 'સાધુની વ્યાખ્યા શું?' પરમહંસ કહે, 'તારા મનમાં શું છે?' તે માણસ કહે, 'રોટલો મળે તે ખાઈ લેવો ને ન મળે તો અફસોસ ન કરવો.' પરમહંસનો અભિગમ ઊંચી સમજણ સાથેનો હતો. તેઓ કહે, 'સાધુ એટલે રોટલો મળે તો વહેંચીને ખાવો અને ન મળે તો ભગવાનનો આભાર માનવો કે આજે તમે મને તપ કરવાનો અવસર આપ્યો.'

જેમ સુખનો સંબંધ અભિગમ સાથે છે, તેમ સદ્ગુણોનો આધાર પણ અભિગમ જ બને છે. દરેક શુભ વર્તનના મૂળમાં કોઈ ઉત્કૃષ્ટ અભિગમ રહેલો હોય છે. જેમની પાસે અભિગમની ઊંચાઈ છે, તે જ પરોપકાર કરી શકે છે અને હિતકારી બની શકે છે.

પરકાજે જીવનારા સંત પ્રમુખસ્વામી મહારાજના અંતરમાં પણ જે ઉચ્ચ અભિગમ હતો. તે જ તેમના પ્રેરક સેવાકાર્યમાં પ્રતિબિંબિત થતો હતો. તેઓના જનસેવાના વિરાટ અભિયાનમાં નોંધપાત્ર કહી શકાય એવું પ્રદાન છે, સમાજમાં પછાત ગણાતા આદિવાસી સમાજના સર્વાંગી ઉત્કર્ષનું. આ માટે તેઓ ગામડે-ગામડે અને ઘરે-ઘરે ઘૂમ્યા છે.

આ આદિવાસી વિસ્તારની કેટલીક કઠણાઈ જણાવતાં એક કાર્યકર્તાએ પ્રમુખસ્વામી મહારાજને એક વાર નિખાલસભાવે જણાવેલું કે, 'સ્વામી! આ એવો વિસ્તાર છે કે ઘણી વાર સંતો ઘરે-ઘરે પગલાં કરે, તો પણ ગાડીના ડીઝલના ખર્ચ જેટલીય ભેટ ભગવાનને ચરણે નથી આવતી.'

આ અણસમજને સુધારતાં સ્વામીશ્રીએ કહ્યું, 'આપણે ત્યાં સત્સંગ કરાવવા માટે જવાનું છે. પૈસા માટે નહીં. સૌ વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે તે માટે જવાનું છે.' સૌનું ભલું કરવાનું તેઓનું શુદ્ધ વલણ તેમની નિઃસ્વાર્થ સેવાભાવનાનું મૂળ હતું. આથી જ કોઈ સદાચારના માર્ગે આગળ વધે તેને તેઓ પોતાના માટે મોટી ભેટ સમજતા.

એક આદિવાસી વિસ્તારમાં વિચરણ દરમિયાન એક ભક્તે પધરામણીમાં સવા રૂપિયો મૂકી કહ્યું, 'સ્વામી! અમારી પાસે જે છે તે આપીએ છીએ.' આ સમયે પ્રમુખસ્વામી મહારાજ બોલી ઊઠ્યા, 'તમે બધા વ્યસનો છોડી ભગવાનની ભક્તિ કરો છો, તે અમારે મન લાખો રૂપિયાની ભેટ જ છે!'

જેમણે આવી અભિગમની ઊંચાઈ પ્રાપ્ત કરી છે, તેઓ કોઈ પણ બાહ્ય પરિસ્થિતિ કે પરિવેશમાં અટવાયા વિના શાનદાર સેવા કરી શક્યા છે. આપણે પણ આપણા જીવનમાં ઉચ્ચ સમજણ સાથેનો અભિગમ કેળવીએ અને સુખ તથા સદ્ગુણોની સમૃદ્ધિ વધારીએ.

ભારતીય પિતૃભક્તિ

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

શાહજહાંના પુત્ર ઔરંગઝેબે રાજ્ય મેળવવાની લાલસામાં રાજગાદી છીનવી પિતાને કેદ કરી લીધા. ક્રૂરતાની પરાકાષ્ઠા તો ત્યાં હતી કે ઔરંગઝેબે પિતાને એવા સ્થાને રાખ્યા હતા કે તાજમહેલને જોઈ-જોઈને તેઓ ઝૂર્યા કરે. પુત્રી જહાંઆરા પિતાનું બરાબર ધ્યાન રાખતી.

એક દિવસ પુત્રી આવી ત્યારે પિતાએ કહ્યું, 'બાદશાહ જનાબ કો બોલના કિ પાની પીને કા ટમરું તૂટ ગયા હૈ, તો નયા ટમરું ભિજવાના.' પુત્રીએ સમાચાર આપ્યા, તો ઔરંગઝેબે ક્રોધે ભરાઈને જહાંઆરાને કહ્યું, 'ઉનકો બોલના કિ ટમરું તૂટ ગયા હૈ, હાથ તો નહીં તૂટે હૈ ના!' જહાંઆરાએ પિતાને ઉત્તર જણાવ્યો. પિતાને આઘાત લાગ્યો. તે સમયે નાની બારીમાંથી જોયું તો કોઈ ભારતીય યુવાન પીપળાની પ્રદક્ષિણા કરી પાણી પીવડાવી રહ્યો હતો.

શાહજહાંના નયનોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેના મુખમાંથી શબ્દો સર્યા, 'હિન્દુસ્તાન કી ઔલાદ કો મેરે લાખ લાખ સલામ, વો મરને કે બાદ ભી અપને અબ્બાજાન કો પાની પિલાતે હૈં...'

દેવીશક્તિ જ્યોતિષ ON THE SPOT
ગુપ્તધનના લગડેલા-અધૂરા કામનો નિકાલ
લવ પ્રોબ્લેમનો તાત્કાલિક સમાધાન
9824718936 | 6355484173

સાચી માનવતા તરફ દોરી જતી કથામાતાને વંદન

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

વૈજ્ઞાનિકો ગોડપાર્ટિકલની શોધમાં પડ્યા છે. વિજ્ઞાન દ્વારા ઈશ્વર સાબિત થયો નથી. જો ભગવાન છે એવું સાબિત નથી થયું, તો ઈશ્વર નથી એવું પણ સાબિત નથી થયું. કામ ચાલુ છે, પ્રક્રિયા ચાલુ છે. વિજ્ઞાનની યાત્રા એ જ સત્યને શોધવા માટેની છે. પણ તે બહાર તરફની યાત્રા છે. અધ્યાત્મની યાત્રા પણ એ જ સત્યને શોધવા માટેની છે પણ, એ અંદર તરફની યાત્રા છે. એટલે જ્યારે ઈશ્વરની વાત આવે, ત્યારે માણસ આંખ બંધ કરી દે છે.

અપને ભીતર પ્રભુ કો ઢૂંઢતા હૈ. ઈશ્વર સર્વભૂતાનાં... - એવું ગીતા કહે છે. તો ધરતી કો કેવલ એક આધિભૌતિક પિંડ કે રૂપ મેં મત દેખો. ઉસકા એક આધિદૈવિક રૂપ જિસકો હમ માતા કહતે હૈ. એ માતા પાસેથી મળેલું આ શરીર છે. માટે પાર્થિવ શરીર. પૃથ્વી પાસેથી મળ્યું છે, પૃથ્વીથી એ પોષાય છે માટે પાર્થિવ શરીર.

આ ધરતી પર આપણે બેસીએ છીએ, ચાલીએ છીએ, સૂઈએ છીએ. ધરતીમાતાનો ખોળો ખૂંદીએ છીએ. મા જેમ પોષણ કરે તેમ ધરતીમાતા અન્ન, ફળ ઇત્યાદિથી આપણું પોષણ કરે છે અને મા જેમ છોકરું માંદુ પડે તો અનેક ઓસડિયા કરે, એમ આ ધરતીમાતા જ આપણા માટે અનેક ઔષધિઓ ઉગાડે છે. અરે! અન્ન પણ ઔષધિ જ છે. અન્નરૂપી ઔષધિ ભૂખરૂપી રોગની દવા છે.

આવી ધરતીમાતા જ્યારે ભૌતિક વૃત્તિવાળા લોકો વધે. આ ગાયનું દોહન કરવાને બદલે, ગાયનું શોષણ કરવાના કામમાં લાગી જાય. બધું કાઢી જ લેવું છે આપણે. કોલસા કાઢી લેવા, સોનું, તાંબુ, ઓઇલ બધું કાઢી જ લેવું છે. આ શોષણ કરવા ઉપર ઊતરી આવ્યા છીએ આપણે. ગાયને દોહવાનો વાંધો નહીં, પણ ગાયને ચારો પણ નાખવો જોઈએ ને. આપણે ધરતીમાતાને શું આપીએ છીએ? કંઈ ન કરો, તો થોડાક વૃક્ષો તો વાવો! એ ધરતીમાતાને સ્વચ્છ તો રાખો!

એ ધરતીદેવી જ્યારે અતિશય પાપ વધી જાય અને પાપનો ભાર સહન ન થાય ત્યારે કથાઓ છે, ભાગવતમાં પણ કૃષ્ણ જન્મની કથામાં આ જ વાત આવે, રામાયણમાં રામકથામાં આ જ વાત આવે કે જ્યારે પાપનો ભાર સહન ન કરી શકી આ ધરણી, ત્યારે ગાયનું રૂપ લઈને રડતી-રડતી દેવતાઓ પાસે ગઈ. ગાય જેમ પવિત્ર છે, એમ આ ધરતી પણ પવિત્ર છે. દેવો-દાનવો બધાનો વાસ આ ધરતી પર જ છે.

ગાયનું રૂપ લઈ ધરતીદેવી દેવતાઓ પાસે જાય છે અને ફરિયાદ કરે છે કે મારાથી આ પાપનો ભાર સહન થતો નથી. મારી સહાયતા કરો અને દેવતાઓ કહે છે કે અમે પણ તારી જેમ દુઃખી છીએ. પાપ કરનારા આ અતિભૌતિકવાદી અસુરોથી, આ દૈત્યોથી જે દીતિના દીકરા છે, જે ભેદબુદ્ધિના સંતાનો છે. આ ભગવાન પાસે જઈએ. એટલે બ્રહ્માદિ દેવતાઓ અને ગોરૂપ ધારિણી ધરતી ભગવાન પાસે ક્ષીરસાગરમાં જાય છે અને પ્રાર્થના કરે છે. ત્યાં ગોરૂપ ધારણી ધરતી ભગવાનને કહે છે કે આ લક્ષ્મી તમારી પત્ની છે. તમે ક્ષીરસાગરમાં તમે શયન કરો છો અને લક્ષ્મી તમારા ચરણની સેવા કરે છે. લક્ષ્મી તમારી સેવા કરે છે, તો હું પણ તમારી અર્ધાંગિની છું. મને પણ આપની સેવાનો અવસર મળવો જોઈએ તમારે મારે ત્યાં પણ આવવું જોઈએ.

જે સૌભાગ્યવતી સ્ત્રીની સાથે એનો પતિ ન હોય તેને ઘણી વાર દુષ્ટ પ્રવૃત્તિના લોકો સતાવે છે. એમ મને પણ અત્યારે બધા સતાવી રહ્યા છે. તો તમારી ફરજમાં આવે કે તમારે મારું રક્ષણ કરવા આવવુ જોઈએ. એટલા માટે ભગવાન સમયે સમયે ધરતીદેવીને ત્યાં પધારે છે. ધરતીનું રક્ષણ કરે છે, દુષ્ટોનું દમન કરે છે, સાધુઓનું પરિત્રાણ કરે છે.

પરિત્રાણાય સાધુનામ વિનાશાય ચ દુષ્કૃતામ્. ધર્મનું સંસ્થાપન કરે છે એટલે ભગવાન યુગે-યુગે અવતરે છે. આ 'સાધુનામ પરિત્રાણાય' એટલે? સાધુ એટલે અમુક રંગના કપડા પહેર્યા હોય અને દાઢી વધારી હોય તેમ નહીં. સાધુનુ રક્ષણ એટલે સાધુતાનું રક્ષણ. જેટલા સજ્જન છે તે બધાના રક્ષણ માટે અને વિનાશાય ચ દુષ્કૃતામ. જે ખોટા કામ કરનારાં છે, પાપ કરનારા છે એ બધાના વિનાશ માટે ધર્મનું સંસ્થાપન કરવા માટે ભગવાન અવતરે છે. તો ધરણીદેવી કારણભૂત છે ભગવાનના અવતારમાં પણ. એ પ્રભુને પ્રાર્થના કરે છે એટલા માટે ભગવાન અવતરે છે. આવી ધરતીમાતાના આપણે સૌ સંતાનો છીએ.

વિવેક વિનાનો વિકાસ વિનાશ નોતરે. અત્યારે આપણે જેને વિકાસનું નામ આપીએ છીએ, તે હકીકતમાં વિકાસ નહીં, વિનાશ તરફ જવાની યાત્રા છે. જે રીતે આપણે ધરતીનું શોષણ કરી રહ્યા છીએ વિનયથી ઉપયોગ કરવાને બદલે અવિનયથી ઉપભોગ કરતાં થયાં છીએ. વૃક્ષો કપાતા જાય છે. ધરતીનું ઉષ્ણતામાન વધતું જાય છે. એન્ટાર્ટિકા પર પણ બરફ પીગળતો જાય છે. વૈજ્ઞાનિકોને ચિંતા છે કે સમુદ્રની સપાટીમાં વધારો થશે, તો સમુદ્ર કિનારાના શહેરો ડૂબી જશે. એક પ્રલય આવશે.

આપણે ભવિષ્યમાં કયા પ્રકારની ધરતી આપણી આવનારી પેઢી માટે છોડી જવા માગીએ છીએ? કેટકેટલા પ્રદૂષણ આપણે છોડી રહ્યાં છીએ અને એ વિકાસના નામે આપણે બધું કરી રહ્યાં છીએ.

ધરતીમાતાની રક્ષા કરવી જ રહી. આ દેશ ભારત જેને આપણે ભારતમાતા કહીએ છીએ, તેને પ્રણામ કરીએ, મનુષ્ય જન્મ પામ્યા પછી આપણને સાચી માનવતા તરફ દોરી જનારી કથામાતાને વંદન કરીએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મુશ્કેલીઓને પડકાર

ઈ.સ. 1858ની વાત છે. અમેરિકાના એક શહેરમાં મોડી રાત્રે તાર-ઓફિસમાં એક માણસ સેનેટરની ચૂંટણીના પરિણામની રાહ જોતાં બેઠા હતા. ચૂંટણીનું પરિણામ આવવા લાગ્યું. સેનેટર તરીકે ઊભેલા તેઓ દરેક સ્થળે હારી રહ્યા હતા. જ્યારે જીતવાની આશા ન રહી ત્યારે જિંદગીની એક વધુ નિષ્ફળતાના ભાર સાથે તેમણે તાર ઓફિસ છોડી. અંધારી રાત્રે વરસતા વરસાદમાં, અત્યાર સુધી જીવનના દરેક મોરચે હારને વરેલા તેમના પગ પણ મનની સાથે તાલ ચૂક્યાં અને તેઓ કાદવમાં લપસ્યા..! બીજી જ ક્ષણે ગુમાવેલું નિયંત્રણ મેળવી સ્થિર થતાં, તેઓ બોલી ઊઠ્યા, 'It's a slip, not a fall.' 'આ તો માત્ર લપસ્યા છુ આ પતન નથી.' આ મહાપુરુષ એટલે અમેરિકાના સફળ અને લોકચાહક રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન!

મુશ્કેલીઓ તેમના જીવનનો પર્યાય બની ગઈ હતી. જીવનના 22મા વર્ષે શરૂ કરેલો ધંધો ખોટકાતાં 23મા વર્ષે ધારાસભ્યની ચૂંટણીમાં ભાગ લીધો. ત્યાં પણ નસીબે સાથ ન આપતાં. તેમણે ફરી 24મા વર્ષે ધંધામાં હાથ અજમાવ્યો. એમાં બરકત ન આવી. 25મા વર્ષે ફરી ધારાસભ્યની ચૂંટણીમાં ભાગ લીધો. આ વખતે ભાગ્યે રંગ બદલ્યો અને તેઓ પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા. હજુ તો ભાગ્યને વખાણે તે પહેલાં જ 26મા વર્ષે જીવને જુદો ઝટકો આપ્યો - પ્રેમિકાનું અકાળે અવસાન! 27મા વર્ષે રાજકારણમાં પડતી આવી અને શરૂ થઈ સતત હારની શૃંખલા!

29મા વર્ષે સ્પીકર, 31મા વર્ષે ઇલેક્ટર, 34મા વર્ષે કોંગ્રેસમેન, 39મા વર્ષે ફરી કોંગ્રેસમેન, 46મા વર્ષે સેનેટ, 47મા વર્ષે વાઈસ પ્રેસિડન્ટ અને 49મા વર્ષે સેનેટની ચૂંટણીમાં હાર, હાર ને હાર!



જોકે, પ્રશ્નોની સામે સતત ઝઝૂમનારા આ મહાપુરુષ માત્ર ત્રણ વર્ષ બાદ સૌના આશ્ચર્યની વચ્ચે અમેરિકાનાં સોળમા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા..

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'મુશ્કેલીમાં કરીએ તેને જ કામ કર્યું કહેવાય.' અમેરિકાના ચિનો હિલ્સ વિસ્તારમાં ગુલાબી પથ્થરમાંથી બનેલું ભૂકંપરોધક (Earthquake proof) મંદિર ઉત્તમ ઉદાહરણ છે

સન 1984માં કેલિફોર્નિયાનું વાતાવરણ જોઈ પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે, 'અહીં શિખરબદ્ધ મંદિર થાય.' તે વખતે આ વિસ્તારમાં સત્સંગી પરિવારોની સખ્યા પાંખી, પણ તેઓએ જમીનનું સંપાદનકાર્ય શરૂ કરાવ્યું.

સન 1996 સુધીમાં 235 જેટલી જમીનોનું નિરીક્ષણ હરિભક્તો દ્વારા કરાવ્યું. તેમાંથી અમુક પસંદગી પામેલી જમીનો તેઓ પણ જોવા પધાર્યા. જમીનોની એક મુલાકાત દરમિયાન ચિનો હિલ્સ વિસ્તારની એક જમીન ઉપર તેઓની દૃષ્ટિ ઠરી

જમીન પર મંદિરનિર્માણની કાર્યવાહી આરંભી. ત્યારે ખબર પડી કે આ જમીન ભૂકંપરેખાની નજીક છે, જેથી સરકાર બહુમાળી ઈમારત માટે મંજૂરી આપશે નહીં. સંશોધનોના અંતે મંદિરના પાયામાં આઇસોલેટર મૂકવાનું નક્કી થયું.

બીજું, અપૂર્ણ માહિતીને લઈ સ્થાનિક રહેવાસીઓ આ પ્રકલ્પને સહકાર નહોતા આપતા, ક્યારેક વિરોધ કરતા. સ્વામીની આજ્ઞાથી હરિભક્તોએ ઘરે-ઘરે ફરી તેમની ગેરસમજ દૂર કરી.

ત્રીજો પ્રશ્ન હતો – આર્થિક અનુદાનનો. સ્વામીએ મંદિરનિર્માણના આ કાર્યમાં હરિભક્તોને બનતી સેવાઓ કરવાનો અનુરોધ કર્યો.

ચોથું, ક્યારેક સરકાર દ્વારા પણ પરવાનગી સંબંધી બાધાઓ આ પ્રકલ્પમાં ઊભી થતી. સ્વામીની અપીલથી સંતો-હરિભક્તો દ્વારા આ પ્રક્રિયાને સંપન્ન કરવાના પ્રયત્નો આદરાયા. જેના ફળસ્વરૂપે 23 12 2012ના રોજ ચિનો હિલ્સની જમીન ઉપર સ્વામીજીની ઈચ્છાનુસાર ભવ્ય ભારતીય પરંપરાગત શૈલીનું 78 ફૂટ ઊંચુ શિખરબદ્ધ મંદિર તૈયાર થયું.

1984માં આરંભાયેલો આ યજ્ઞ છેક 2012માં પરિણામ સુધી પહોંચ્યો.

આપણા જીવનમાં પણ ઘણી મુશ્કેલીઓ આવતી હશે. જો હિંમત હારી ગયા, તો ક્યારેય સફળતા સુધી નહિ પહોંચીએ. પણ જો ઝઝૂમતાં રહીશું તો આજે નહીં તો કાલે, અવશ્ય સિદ્ધિનું વરીશુ.

ધનની આસક્તિ

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

'કુમારપાલપ્રબંધ' નામના સંસ્કૃત ગ્રંથમા એક સત્ય ઘટના લખાયેલી છે. જંગલમાં વૃક્ષ નીચે વિશ્રામ લેતા કુમારપાળે આશ્ચર્ય જોયું. સામેનાં વૃક્ષના દરમાંથી ઉંદર એક સોનામહોર લઈ બહાર આવ્યો.

ઉંદરને ખ્યાલ નહોતો કે કોઈ તેને જોઈ રહ્યું છે. ફરી એ દરમાં ગયો અને બીજી સોનામહોર લઈને આવ્યો. આમ 21 વાર જઈ કુલ 21 સોનામહોર લઈને આવ્યો. પછી તેના ઢગલા ઉપર આનંદથી નાચવા લાગ્યો.

ફરી એક-એક સોનામહોર પાછી દરમાં મૂકવા જાય છે. ઉંદર દરમાં ગયો ત્યારે કુમારપાળે 1 સોનામહોર ઉઠાવી લીધી. ઉંદરને ખ્યાલ આવી ગયો કે 1 સોનામહોર ગાયબ થઈ છે તેણે શોધી પણ ન મળી, તેથી અંદર મૂકેલી બધી બહાર કાઢી. વારંવાર ગણી. છતાં 20 જ રહી. આખરે તે પોતાનું માથું પછાડીને મૃત્યુ પામ્યો.

માત્ર માનવ ભવમાં જ નહીં, પશુના ભવમાં પણ ધનની આસક્તિ મનને કેવું પરવશ બનાવે છે. તે સમજવા જેવું છે.

દેવીશક્તિ જ્યોતિષ
ગુપ્તધન પ્રગટેલા અધૂરા કામનો નિકાલ
લવ પ્રોબ્લેમનો તાત્કાલિક સમાધાન
છુટાછેડા, જૂનો તૂટેલો પ્રેમ, શેર-સટ્ટા-લોટરીમાં વિજય,
જમીન-મકાન-કોર્ટના સ્વપ્ન આવતા હોય તો ફોન કરો.
વાત ખાનગી ઘરેબેઠા ફોનથી કામ અમદાવાદ
9824718936 | 6355404173

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તો ગંભીર થવું પડશે...

આપણે પણ જો આપણા પરિવારમાં સુખ-સમૃદ્ધિ સ્થાપવા હશે તો બાળકોને સંસ્કાર આપવા જ પડશે અને એ માટે એમને ગંભીરતાથી લેવા જ પડશે

એક પ્રાથમિક શાળાની શિક્ષિકાએ પોતાનાં વિદ્યાર્થીઓને નિબંધ લખવા આપ્યો. વિષય હતો - 'તમે ભગવાન પાસે શું માંગવા ઇચ્છો છો?' વિદ્યાર્થીઓએ નિબંધ લખ્યા.

એ જ દિવસે સાંજે શિક્ષિકા પોતાના ઘરે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધ તપાસવા બેઠાં. એક નિબંધ વાંચીને તેમની આંખોમાં અશ્રુ આવી ગયાં. ત્યાં જ તેમના પતિનું આગમન થયું. પતિએ પત્નીની આંખોમાં આંસુ જોતાં તેને પૂછ્યું, 'શું થયું?' શિક્ષિકાએ કહ્યું કે, 'મારા વિદ્યાર્થીઓએ ભગવાન પાસેની માગણી નિબંધ સ્વરૂપે રજૂ કરી છે. જુઓ, આ વાંચો.'

પતિએ વાંચ્યું – 'ભગવાન, મને ટીવી બનાવી દો. જેથી મારા ઘરમા મારું ચોક્કસ સ્થાન હોય. મારા કુટુંબીઓથી હું વીંટળાયેલો રહી શકું. હું બોલું ત્યારે બધાં મને ધ્યાનથી સાંભળે. મારા પિતા ગમે તેટલા થાકેલા હોય. તો પણ સાંજે મને મળે. ભગવાન! મારી આ જ ઇચ્છા છે કે હું મમ્મી-પપ્પાને સુખી કરતો રહું.'

પતિએ વાંચીને કહ્યું, 'બિચારો બાળક! તેના વાલીઓ કેવા નિષ્ઠુર હશે?' પત્નીએ ઊંચું જોયું અને કહ્યું કે, 'આ આપણો જ દીકરો છે.'

આ વાત આપણા ઘરની પણ હોઈ શકે છે. મોટે ભાગે એવું જોવા મળે છે કે, આપણાં ભવિષ્ય સમાન સંતાનો આપણા જ દ્વારા અવહેલના પામે છે. તેમને આપણે ગંભીરતાથી ધ્યાનેય લેતાં નથી

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આપણને જોવા મળે કે તેઓ પ્રત્યેક વ્યક્તિની લાગણી અને માગણીને ગંભીરતાથી લેતા.

1995ની સાલમાં મુંબઈ ખાતે પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ ઊજવાતો હતો. જેમાં 200 એકરમાં ભવ્ય નગર ઊભું કરવામાં આવ્યું હતું. કાર્યકરોની વિનંતીથી સ્વામી નગરમાં પધાર્યા.

સ્વામી કલાકેન્દ્રમાં પહોંચ્યા. અહીં દસ વર્ષીય સુકેતુ ગુલાબનો હાર પકડી સ્વામીને આવકારવા તત્પર હતો. તેણે પોતાના દોસ્તને ફોટો ઝડપી લેવાનું પણ કહી રાખેલું. સ્વામી પધાર્યા, ત્યારે એ બાળકે હાર પહેરાવ્યો. તે હાર સ્વામીએ તે બાળકના કંઠમાં આરોપતાં તેનાં નામ-ઠામ પૂછ્યાં. પ્રેમના આ આદાન-પ્રદાન પછી સ્વામીએ વિદાય લીધી.

તે પછી સુકેતુએ તસવીરની તપાસ કરતાં ખબર પડી કે, 'કેમેરાના રોલમાં ગરબડ સર્જાતાં ફોટો પડ્યો જ નથી.' આ સાંભળતાં જ એ રડવા લાગ્યો. તેને શાંત રાખવા કાર્યકરે આ બાબતનો પત્ર સ્વામીને લખવાનું સૂચન કર્યું. એ કાગળ લખી આપી આવ્યો.

બે-ચાર દિવસ બાદ સ્વામીના હાથમાં બાળકનો આ પત્ર આવ્યો. તે વાંચી તેઓએ બાળકની ઇચ્છા પૂરી કરવા ચક્ર ચલાવ્યું. સ્વામીએ પોતાની સાથે રહી તસવીરો લેતાં યોગીચરણદાસ સ્વામીને બાળકના ફોટા બાબતે પૂછ્યું. તેઓએ જણાવ્યું 'આ મુલાકાતનો રેકોર્ડ અમદાવાદ પહોંચી ગયો છે.' સ્વામીએ ત્યાંથી આ ફોટો મંગાવી બાળકને પહોંચાડવાની તાકીદ કરી. તે મુજબ થયેલી ગતિવિધિ પ્રમાણે આ ફોટો બે-એક અઠવાડિયાં બાદ એ બાળકના હાથમાં આવ્યો, ત્યારે તે આનંદિત થઈ ગયો.

આવા તો સેંકડો પ્રસંગો છે કે જેમા સ્વામીએ નાના બાળકોને ગંભીરતાથી લીધા હોય. જેનું કારણ સ્વામી જાણતા હતા કે આ બાળકો જ આપણું ભવિષ્ય છે. બાળકો જો સંસ્કારયુક્ત થશે. તો પરિવાર અને સમાજ સાચી દિશામાં ગતિ સાધશે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર 28 માર્ચ, 2024 | ફાગણ વદ ત્રીજ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પ્રભુસ્મરણથી અનાસક્તિ અને સ્થિતપ્રજ્ઞતા જગાવીએ



આપણે નિરંતર પ્રભુસ્મરણ સાથે, અન.સક્ત ભાવ સાથે જીવન જીવવાનુ છે. સ્થિતપ્રજ્ઞ બનીને જીવવાનું છે. આખી રામાયણ વાંચો તો એક તોલા સોનાનું દાન રાવણે કોઈને કર્યું હોય તેવું ક્યાંય લખ્યું નથી. માત્ર પોતાના જ ઉપભોગ મ.ટે છે. જ્યારે સોનાની દ્વારક.ના દ્વાર સુદ.મા માટે હંમેશાં ખુલ્લાં રહે છે અને ત્રીજી વાત એ યાદ રાખવાની છે કે નગ.ર સોનાનું હોય, એ લંક. હોય કે દ્વારકા. નાશ જ એની નિયતિ છે. લંકા સળગી ગઈ અને દ્વારકા ડૂબી ગઈ.

આવી રીતે માણસ કોઈ લંક. વસાવશે, અનીતિના પાયા પર લંકા ઊભી કરશે અને માત્ર પોતાના જ ભોગ માટે, તેનો ઉપયોગ કરશે તો કોઈક ને કોઈક હનુમાન આવશે અને સળગાવીને ચાલ્યા જશે. કૃષ્ણ એને વસાવે છે, દ્વારકામાં રહ્યા છે, દ્વારક.માં રહીને સૌને વહેંચ્યું છે. અનાસક્ત ભાવથી રહ્યા છે અને અંતે પોતે દ્વારકા છોડી દીધી અને જ્ય.રે શરીર છોડે છે, ત્ય.રે પોતાના સારથિ દ્વારા કહેવડાવે છે કે દ્વારકા જઈને દ્વારકાવ.સીઓને કહે કે દ્વારકા છોડી દે. મેં જે દ્વારકા છોડી દીધી છે, તે સાતમે દિવસે સમુદ્રમાં ડૂબી જશે. કોઈ દ્વારકામ. ન રહ.

એનો અધ્ય.ત્મિક અર્થ એ છે કે સૌનો આત્મા શ્રીકૃષ્ણ છે અને આત્મા જ્ય.રે દેહરૂપી દ્વારકાને છોડી દે, ત્યારે સાત દિવસમાં એ ડૂબી જવાની છે કાળના મહાસાગરમાં. એટલે તરત એના અગ્નિસંસ્કાર કરો, કાં તો ભૂમિમાં દફનાવી દો, કાં તો સમાધિ આપી દો, કાં તો જળમાં વહાવી દો.

બાકી સાત દિવસમાં એ દેહ રૂપી દ્વારકાનું કંઈ નહીં કરો, તો એની મેળે તહસનહસ થઈ જશે. એમાં વિકૃતિ આવવા માંડે, શરીર ફૂલવા માંડે. દુર્ગંધ આવવા લાગે. માટી તો આખરે માટી છે અને માટીમાં ભળી જવ.ની છે.

ખાખ મેં ખપી જાના બંદે, મિટ્ટી મેં મિલ જાના,
મત કરો અભિમાન મનવા, પવન સે ઉડ જાના હૈ.

આપણે ત્ય. બ્રહ્મવેત્તાઓ સવારે સંધ્યા કરે. ત્યારે પૂજા-અર્ચના કરી ભસ્મ ધારણ કરે. 'ભસ્માત ઈદં શ.રીરં.' યહ શરીર ભી એક દિન જલકર રાખ હી હોનેવાલા હૈ. તું શું એમાં આસક્તિ રાખીને બેઠો છે

તું એમ માને છે અર્જુન, કે તું નહીં મારે તો આ બધા કાયમ જીવતાં રહેવાના છે? મારા દ્વારા એ પ્રત્યેકનો નાશ પ્રત્યેક ક્ષણે થઈ રહ્યો. છે. મારા દ્વારા આ બધા પહેલેથી જ મરેલા છે. તારે તો ખાલી નિમિત્ત બનવાનું છે. એટલે હું મારું છું, એવું અભિમાન પણ ન કરતો અને મેં માર્યા એ અજ્ઞ.નમાં પણ રહેતો નહીં. જો એવું થશે તો તને બધ.ને મારવાનું પાપ લાગશે. બાકી નિમિત્ત બનીને તારું કર્તવ્ય કર્મ કરતો રહીશ., તો તને પાપ નહીં લ.ગે, એની જવાબદારી મારી છે.

માણસ ન મંદિરે જાય, ન પોતાના ઘરમાં નિરાંતે પગ વાળીને બેસે. ઋષિઓ કહે છે કે દિવસમાં ત્રણ વાર તો એનું ધ્યાન કરો. એનુ નામ જ ત્રિકાળ સંધ્યા. સવારે ઊઠો ત્યારે પરમાત્માને યાદ કરો. બપોરે જમવા બેસો ત્યારે તેને યાદ કરો, તને ઓફર તો કરો. એની કૃપાથી તમારી થ.ળીમાં આ પીરસાયું છે. આ અન્ન બ્રહ્મ છે. તમને જીવતા રાખવા માટે ભગવાને અન્નનું રૂપ લીધું છે. 'અન્ન બ્રહ્મતિ વ્યજાનાત્.' ઉપનિષદો કહે છે અન્ન એ બ્રહ્મનું રૂપ છે. આપણે ખાલી ભોગવીએ જ છીએ.

ભોજન પણ ભક્તિ બની શકે, ભગવ.નનો યજ્ઞ બની શકે. તમે જે ક્રિયા કરો છો, જ્યાં છો ત્યાં રહીને એ કરવાનુ છે. માત્ર ભાવ બદલી નાખવાનો છે.

ભક્તિમાર્ગ એટલે આપણી ભૂમિકા બદલાઈ જાય, ભ.વ બદલાઈ જાય તે. ઘરમાં રહો, પણ ઘરને ભગવાનનું મંદિર માનો. રૂપિયા કમાવ પણ માનો કે રૂપિયા, ફેક્ટરી બધું ઠાકોરજીનુ છે. આપણું કંઈ નથી.

કૃષ્ણના આખા જીવનને કે કૃષ્ણની આખી ફિલોસોફીને માત્ર એક શબ્દમાં કહેવી હોય તો તે છે 'અનાસક્તિ'. બુદ્ધની કરુણા, રામની મર્યાદા, કૃષ્ણની અન.સક્તિ. એટલે જ સંપૂર્ણ ભગવદ્ગીતા

ગાંધીબાપુએ સરળ ભાષામાં પોતાના વિચારો રજૂ કરી તેનો તરજુમો કર્યો, ત્યારે ગીતાને નવું નામ આપ્યું - 'અનાસક્તિ યોગ'. કૃષ્ણની અનાસક્તિ. સોનાની દ્વારકામાં રહો, પણ કૃષ્ણની જેમ અનાસક્ત ભાવથી.

સોનાની લંકામાં રહેતો હતો ર.વણ. રાવણે સોનાની લંકા વસાવી નથી, કોઈની પાસે હતી એની પાસેથી ઝૂંટવી લીધી છે. યક્ષો પાસે હતી, એણે છીનવી લીધી છે.

કૃષ્ણે સોનાની દ્વારકા વસાવી છે. તેમણે દ્વારકાની સંપત્તિનો સદુપયોગ કર્યો. સ્વયં અન.સક્ત ભાવથી રહ્યા અને અંતે દ્વારકા સમુદ્રમા ડૂબી ગઈ. આવું અદ્ભુત નગર છતાં, તે ડૂબ્યું.

જોકે, એક વાત લંક. અને દ્વારકાને અલગ પાડે છે કે રાવણની લંકામાં કદી દાનની વાત થઈ નહોતી અને દ્વારકામાં તો દાનની જ સરવ.ણી છે. શરૂઆત જ ભગવાને સ્વયં કરી હતી, પોતાના મિત્રને સુદામાને સમૃદ્ધિનું દાન કરીને.

આમ, પ્રભુસ્મરણ.ની સાથોસાથ જીવન સ્થિતપ્રજ્ઞતા સાથે, અનાસક્તિન. ભાવ સાથે જીવવાનું છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણી ફરજ પૂરી...

એક વખત એક વૃદ્ધ ઘરના માળિયામાં જૂનો ફોટો શોધવા માટે ગય.. એક પછી એક ફોટો આલ્બમ જોતા એમના હાથમાં એમના દીકરા જીમ્મીની ડાયરી આવી. તેઓ ઉત્સાહભેર આ રોજનીશીનાં પાનાં વાંચવા લ.ગ્યા. જેમ જેમ તેઓ પાનાં ફેરવતા ગ.યા, તેમ તેમ વધુ ને વધુ ભાવ.ર્દ્ર થતા ગયા.

અચાનક એમને યાદ આવ્યુ કે આ દિવસોની રોજનીશી તો એમણે પણ લખી છે. તેમણે માળિયા પરથી નીચે ઊતરીને પોતાની ડાયરી ખોળી કાઢી. પછી તેઓએ પોતાની ડાયરીનાં અને દીકરા જીમ્મીની ડાયરીનાં પાનાં સમાંતર એક-એક તારીખનાં વાંચવાનાં શરૂ કર્યાં.

એમાં એમની ડાયરીમાં વાંચવામાં આ.વ્યું કે, 'Wasted whole day fishing with Jimmy. Didn't catch a thing.' અર્થાત 'જીમ્મી સાથે માછલી પકડવામાં આ.ખો દિવસ બગડી ગયો.'

એમને જીજ્ઞાસા જાગી કે દીકરા જીમ્મીએ આજના દિવસે શું લખ્યું હશે? તેઓએ એ દિવસ દીકરાની જર્નલમાં કાઢ્યો. એમાં લખ્યું હતું કે, 'Went fishing with my Dad. Best day of my life.' અર્થાત 'પપ્પા સાથે માછલી પકડવા ગ.યો. એ માર. જીવનનો શ્રેષ્ઠ દિવસ હતો.'

'To a child, Love is spelled T-I-M-E' નામના પુસ્તકમાં નોંધાયેલો આ પ્રસંગ સૌની આંખો ખોલી નાંખે એવો છે. આપણ. માટે અન્યને સમય આપવો બહુ અગત્યનો નથી હોતો, પણ કોઈકને આપણા સમયની ખરેખર જરૂર હોય છે.

1990ની સાલનો પ્રસંગ છે. સ્વામી દેવગઢ બ.રિયા પાસેના રાબોડ ગામે વિરાજમાન હતા. અહીં ભક્તોને સત્સંગસભાનો લાભ આપીને તેઓ પાલ્લી ગામે જવા નીકળ્યા, પરંતુ મુસાફરીમાં તેમણે મલાવ ગામનો માર્ગ લેવડાવ્યો. આ અણધાર્યા અને અનિર્ધારિત માર્ગ લેવાતા સહય.ત્રીઓને આશ્ચર્ય થયું. પછી સૌને ખ્ય.લ આવ્યો કે માલવ ગામના બ.ળક શ.ભુએ સ્વામીને પોતાને ઘેર પધારવ.નું આ.મંત્રણ આ.પેલું. તેથી તેઓ આ વાટ ખેડી રહેલા.

મલાવ સુધી પહોંચવ.નો રસ્તો ગાડીમાં બેઠા હો, તો પણ અંગ.ની તોડમરોડ કરે તેવો હતો. પરંતુ સ્વામી તો પ્રેમપંથ પર ચાલનારા. ઉબડખાબડ રસ્તે સ્વામી મલ.વના સુથારવાડે પહોંચ્ય..

અહીં જ પેલા બાળકનું એના જેવું જ નાનકડું ઘર. તેમાં સ્વામી પધાર્યા. પધરામણીના પૂજન-આરતી થયા, પણ તે આરતી ઉત.રવામાં શંભુ જ રહી ગયો. તેથી સ્વામીએ તેને પૂછ્યું : 'તેં આરતી ઉતારી?' - 'ન..'

'લે. ઉત.ર આરતી.' કહેતાં સ્વામીએ એક હાથમાં ઠાકોરજીની પટ્મૂર્તિ પકડી રાખીને ફરીથી આરતી કરાવી. તે વખતે એનું મોં ખીલી ઊઠ્યું. તેને આનંદ હતો 'બાપા'ને પધરાવ્યાનો. 'બાપા'ને આનંદ હતો, બાળકને ર.જી કર્યાનો. બાળક અને 'બાપા'ની આ પરસ્પરની પ્રીતિથી પ્રગટેલા આરતીના અજવ.ળાંએ રાતને ઝળહળાવી દીધી

અ.વા તો અનેક પ્રસગો છે, જેમાં સ્વામીએ બ.ળકોની મ.ંગણીને સંતોષવા સમય કાઢ્યો હોય.

ઘણી વખત એવું બનતું કે શિ.શુઓ સ્વામીને રમતોત્સવમાં પધારવાનું આમંત્રણ આપતા. સ્વામી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને રમતોત્સવમાં ઉપસ્થિત થતા. એટલુ જ નહીં, તેઓની સાથે રમતમાં પણ ભળી જતા.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે, To the world you may be just one person. But to one person, you might be the world. 'દુનિયા માટે ભલે તમે એક વ્યક્તિ છો, પણ એક વ્યક્તિ માટે તમે આખી દુનિયા છો.'

આ મર્મ સમજવો રહ્યો. ખાસ કરીને સતાનો માટે આપણે જ સર્વસ્વ હોઈએ છીએ. ઘણ. વાલીઓનો એવો અભિગમ હોય છે કે સંતાનોને રમકડાં, વિડીયો ગેમ આપી દીધાં એટલે આપણી ફરજ પૂરી. એ સમજવું ઘટે કે, એને પ્રેમની જરૂર છે

સંતાનો માટે સમય કાઢવો સહેલો નથી, પણ જેમ ઘણી વસ્તુઓ ન ગમતી હોવા છતાં કરીએ છીએ, તેમ બાળકોને સંસ્કારી અને સદાચારી બનાવવા આટલી જહેમત તો ઊઠાવવી જ પડે.

ઘીનો અભિષેક

રાજસ્થાની એ યુવાન સંસ્કૃતિપ્રેમી, તેથી ઘરમ. જ વિશાળ સંખ્ય.માં ગાયો રાખી હતી. પ્રતિમાસ તે શત્રુંજય તીર્થની યાત્રા કરવા માટે જાય, ત્યાં આદિનાથ દાદાની ભક્તિ કરી ખુશ થાય.



કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

જ્ય.રે તે પાલીત.ણા જાય, ત્ય.રે ઘણી બરણી ભરીને ગાયનું ઘી લઈ જાય. જે ગરીબો આ. ઘીની બરણી લઈને ઉપર ચડે, તેમને ખુશ કરે. સાથે-સાથે રસ્તામાં આવતા ગરીબોની અને પૂજારીઓની સમક્ષ પણ ધનનો વરસાદ વરસાવે.

ગ.યન. ઘી દ્વારા દ.દ.નાં ચરણનો અભિષેક કરે. અભિષેક સિવાય પણ દાદાના દરબારમાં સર્વ દીપકોમા શુદ્ધ ઘી ભાવથી ઉમેરે અને અંતરથી એક જ પ્રાર્થના કરે, 'પ્રભુ! તારા આ અભિષેકથી કર્મોથી ચીકણો થયેલો મારો આત્મા શીઘ્ર કર્મશૂન્ય થાય તથા હું ભલે તારા જિનમંદિરમાં અજવાળું કરું, પણ આનાં પ્રતિફળ રૂપે તું મારા હૃદયમાં અજવાળું કરજે. મારા અજ્ઞાનનાં તિમિરને હરજે.'

એવું ભક્તિસભર હૃદય તેનું કે આગમન થાય ત્યારે ઘીની ધારા વહે અને ગમન થાય ત્યારે આંસુની ધારા વહે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર 04 એપ્રિલ, 2024 ફાગણ વદ દશમ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

બાળકોને તોફાન કરવા દો, એમનો અધિકાર છે!

શાળા–મહાશાળામાં ભણતાં બાળકો પ્રત્યે તેના માતા-પિતા તેની ક્ષમતા કરતાં વધારે પરિણામની આશા રાખે છે. મા બાપની અપેક્ષાઓ વધારે પડતી છે. છોકરાઓ તણાવમાં જીવે છે. નાના છોકરાઓમાં મેં લેશનના ટેન્શન જોયાં છે. કેટલીક સ્કૂલો એવી છે કે બાળકોને હોમવર્ક આપતી નથી. એ બહુ સારી વાત છે. ચોપડીઓ જ સ્કૂલમાં રાખવાની. ઘરે લઈ નહીં જવાની. અહીં જ ભણો.

બાળકો પાસેથી એમનું શૈશવ ન છીનવો. જે એને ક્યારેય પાછું મળવાનું નથી. મારી પાસે તો કેટલીક જશોદાઓ એના લાલાને પગે લગાડવા આવે એટલે કહે કે, 'ભાઈશ્રી! તોફાન બહુ કરે છે. આને આશીર્વાદ આપો એટલે ડાહ્યો થાય.' હું એને માથે હાથ મૂકીને કહું, 'બેટા, ડબલ તોફાન કરજે. તારો અધિકાર છે. એને અત્યારે તોફાન કરી લેવા દો. જો અત્યારે નહીં કરવા દો અને બાંસઠ વર્ષે તોફાને ચડશે તો એ પણ ભૂંડો લાગશે અને તમે પણ સમાજને નુકસાન થશે.'

અગિયાર વર્ષ સુધી કૃષ્ણે ગાયો ચારી, ધમાલ કરી. નિશાળનું પગથિયું ન ચડ્યા તો કૃષ્ણ પાછળ રહી ગયા? એ કૃષ્ણ જગદ્ગુરુ કહેવાય.

બાળકને જન્મતાંની સાથે બૌદ્ધિક વિકાસ પર બહુ જોર આપીએ છીએ. બુદ્ધિની પાસે તર્ક છે, સ્વાર્થ છે. હૃદય અવિકસિત રહી જાય છે અને એને કારણે જ સમાજમાં સમસ્યાઓ ઊભી થઈ છે. અત્યારના બધા સાધનોએ ભૌતિક અંતર ઘટાડી દીધું દુનિયાના દેશો નજીક આવી ગયા. આખી દુનિયા ગ્લોબલ વિલેજમાં પરિવર્તિત થઈ ગઈ, પણ માણસ માણસથી કેટલો બધો દૂર થતો જાય છે.

એક મકાનમાં એક છતની નીચે રહેવા છતાં લોકો એકબીજાથી અપરિચિત રહેતા હોય છે. એકબીજાને જાણે ઓળખતા જ નથી. કારમાં ચાર જણા બેઠા હોય. ચારેય જણા વાતો કરતા હોય, પણ એકબીજા સાથે નહીં, મોબાઈલમાં કોઈ બીજા સાથે. આપણે દુનિયા સાથે તો જોડાઈ જઈએ છીએ. પણ આપણા કુટુંબની વ્યક્તિ સાથે જોડાઈ શકતા નથી, ટાઈમ નથી.

માણસ એટલે રૂપિયાની ગાડીનો ઘોડો. અમારા પૂજ્ય મુનિજી મહારાજ બનેલી ઘટના કહે છે. એક બાળકના પિતાજી વકીલ, મા પ્રોફેસર એટલે બંને વ્યસ્ત. છોકરાએ એક વાર તેના પિતાને પૂછ્યું, 'પપ્પા, તમે બહુ જાણીતા વકીલ છો ને?' તો બાપાએ કહ્યું, 'હા બેટા, ભગવાનની દયાથી મોટું નામ છે.'

'તો પપ્પા, તમે એક કલાકનો કેટલો ચાર્જ કરો?' પપ્પા કહે, 'એક કલાકના હજાર ડોલર!' છોકરાએ પાંચ વર્ષથી પૈસા બચાવી રાખ્યા હતા, પણ પિતાજી સાથે સરખી વાત નહોતી કરી. તે બચાવેલા પૈસા તેણે પપ્પાને આપી કહ્યું કે, 'આ લો હજાર ડાલર, પપ્પા. મને તમારો એક કલાક જોઈએ છે.' બાપા હલી ગયા. તેને થયું કે મારો દીકરો એક હજાર ડોલર આપી મારો એક કલાક માગે છે! હું કોને માટે કમાઉ છું? મારી પાસે મારા પરિવાર માટે સમય નથી?

રૂપિયો અત્યારે માણસને દોડાવે છે. રૂપિયાની દોડાદોડીનો ઘોડો થઈ ગયો છે માણસ. રૂપિયાના હાથમાં માણસની લગામ છે ને માણસ એ ભ્રાંતિમાં છે કે હું માલિક છું. માલિક નહીં, તું ગુલામ છે.

સ્વામી રામતીર્થ વિદેશમાં ફરતા હતા. એક શ્રીમંતના બંગલામાં આગ લાગી. કેટલાય લોકો ત્યાં આવી ગયા હતા. બંબાવાળા આવી ગયા હતા. આગ એટલી બધી ફેલાઈ હતી કે કાબૂમાં કરવાનું શક્ય નહોતું. બધાં ભેગા થઈ ગયેલા અને જેટલી બને તેટલી ચીજોને બચાવવાનો પ્રયાસ કરતા હતા.

પેલો ધનવાન માણસ લમણે હાથ દઈને બેઠો હતો. આગમાં આખું મકાન ભડભડ બળવા લાગ્યું. તે જોયા પછી પેલો શ્રીમંત જોરજોરથી રડવા લાગ્યો. છાતી કૂટવા લાગ્યો. બધાને થયું કે તેણે માનસિક સંતુલન ગુમાવ્યું લાગે છે. લોકો તેને ધીરજ આપવા લાગ્યા કે, 'જે થવાનું હતું તે થઈ ગયું, તમે ધીરજ રાખો. અમે તમને જેટલી બનતી હતી તેટલી મદદ કરી અને થોડીઘણી વસ્તુઓ બચાવી છે..'

પેલો કહે કે, 'તમારો આભાર. તમે આટલી વસ્તુ બચાવી પણ મારો દીકરો અંદર સૂતેલો રહી ગયો અને હું સાવ ભૂલી ગયો. મારો છોકરો જીવતો સળગી ગયો.' બધા આઘાતથી સ્તબ્ધ થઈ ગયા.

સ્વામી રામતીર્થે તે માણસની વાત સાંભળી ખિસ્સામાંથી ડાયરી કાઢી નોંધ ટપકાવી કે આપણે બધા આ જ ભૂલ કરીએ છીએ. સામાન કો જુટાને ઔર બચાને મેં લગ જાતે હૈં. સામાન તો બચ જાતા હૈ, માલિક મર જાતા હૈ. આપણે આ બધી ધમાલમાં જાતની કેટલી ઉપેક્ષા કરીએ છીએ તેનો વિચાર કર્યો? આપણા ઉદ્ધાર માટે, નિજાનંદ માટે શુ કર્યું?

ક્યારેય વિચાર્યું કે બધું ભેગું કરવામાં જીવન વિતી ગયું, પણ જીવવાનો તો મોકો જ ન મળ્યો. જ્યારે ઈચ્છા થઈ કે હવે જિંદગી જીવીએ, જીવનનો આનદ માણીએ ત્યાં તો અંતિમ સમય આવી ગયો.

પછી માણસ પસ્તાય છે. રૂપિયા રળવામાં જ રૂપિયાને ભોગવવાનો સમય જ નથી. જિંદગી પાસે તમને આપવા માટે ઘણુંબધું છે, પણ થોડો સમય જીવવા માટે તો કાઢો.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સજ્જનતા પૈસાથી ખરીદી ન શકાય

એક વખત ઈંગ્લેન્ડના રાજા જેઈમ્સનો ખજાનો ખૂટવા લાગ્યો. આથી તેણે પોતાનો ધનભંડાર વધારવા એક કીમિયો અજમાવ્યો. તેણે લોકો પાસેથી પૈસા લઈ તેઓને ખિતાબો, એવોર્ડ, પ્રમાણપત્રો અને ડિગ્રીઓ આપવી શરૂ કરી. તે જાણતા હતા કે માત્ર પ્રમાણપત્ર મેળવીને કોઈ વ્યક્તિ મહાન નથી બની શકતી. તેણે મૂર્ખાઓના તુચ્છ અહંકારને આ રીતે પોષી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો શરૂ કર્યો અને નગરના મૂર્ખાઓ પણ પોતાના નામની આગળ-પાછળ આવાં લટકણિયાં લગાવવા ધન આપવા લાગ્યા.

એવામાં એક ધનિક લુચ્ચા વેપારીએ રાજા જેઈમ્સને કહ્યું કે, 'મહારાજ! હું ધન આપવા તૈયાર છું, પણ એના બદલામાં મને સજ્જન માણસની ડિગ્રી પ્રમાણપત્ર આપો.'

જેઈમ્સે કહ્યું કે, 'હું લોર્ડ, ડ્યુક, પ્રોફેસર, તત્ત્વજ્ઞાની જેવી ડિગ્રીઓ આપી શકું, પણ સજ્જનની ડિગ્રી આપી ન શકું. કારણ કે સજ્જનતા તો સંસ્કારથી આવે છે, પૈસાથી ખરીદી ન શકાય.'

ખરેખર, સજ્જનતા પૈસાથી નથી પમાતી. સજ્જનતા સત્તાથી પણ નથી પમાતી. અરે, પ્રસિદ્ધિથી પણ નથી પમાતી. સજ્જનતાનું પ્રમાણપત્ર મેળવવા માટે તો ચારિત્ર્યયુક્ત જીવન જીવવું પડે.

આજે ડોક્ટર એ.પી.જે. અબ્દુલ કલામને લોકો ચાહે છે. તેમના નિષ્કલંક અને પ્રામાણિક જીવનના લીધે. નેલ્સન મંડેલાને લોકો યાદ કરે છે તેમની સહનશક્તિ અને ઉદારદિલીના લીધે. સરદાર પટેલને સૌ સ્મરે છે તેમની ખંત અને કર્મઠતાભરી કાર્યપદ્ધતિના લીધે. શિવાજીને યાદ કરે છે તેમના શૂરવીરતા અને ચરિત્રયુક્ત જીવનના લીધે.

પન્નાલાલ પટેલ

ટૂંકમાં, મહેનત બાહ્ય વૈભવ કેળવવા કરતાં આંતરવૈભવ ખીલવવા માટે કરવી પડે કારણ કે લોકો હંમેશાં તેને જ યાદ કરે છે. જે સજ્જન અને સદ્ગુણી હોય.

તા. 1-2-1984, અમદાવાદ. શતાયુના આરે પહોંચેલા મૂક લોકસેવક રવિશંકર મહારાજ વિશે તૈયાર થયેલા દળદાર પુસ્તક 'જેણે જીવી જાણ્યુ'નો વિમોચન સમારોહ હતો. પુસ્તકના લેખક હતા, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને 100થી વધુ પુસ્તકો લખનારા મૂર્ધન્ય લેખક - પન્નાલાલ પટેલ

તેમણે આ અવસરે જણાવ્યું કે, 'રવિશંકર મહારાજને મેં પૂર્ણ માનવ તરીકે જોયા છે. મેં 100 જેટલાં પુસ્તકો લખીને મિત્રો અને સાહિત્યકારોને અર્પણ કર્યા છે, પરંતુ આ પુસ્તક કોને અર્પણ કરવુ તે પ્રશ્ન મને મૂંઝવતો હતો. કારણ કે આ પુસ્તકનો ભાર ઝીલે, એવો નિષ્કલંક પુરુષ કોણ? પણ તમિલનાડુના પૂર્વ રાજ્યપાલ પ્રભુદાસભાઈ પટવારીએ મને સૂચન કર્યું કે 'આ પુસ્તક પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરો' અને આજે આ પુસ્તક તેઓને અર્પણ કરું છું. આ પુસ્તકના અર્પણ પાનાં પર મેં છાપ્યું છે.

'શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખસ્વામી મહારાજને...

'આપ છો જાણે ભવાટવિમાં ભૂલા પડેલા ભક્તો
માટે દીવાદાંડી સમાન,
તો વળી રવિદાદા સદા દાસ દીન-દુખિયાની
હોળી સમા,
આપને અર્પી દાદાના ગુણની ગાથા ભગવાન હું
ચાહું ધન્ય થાવા.'

હા, જેમ દીવાદાંડીનો પ્રકાશ ભટકેલાને સાચે માર્ગે ચડાવે છે તેમ પ્રમુખસ્વામી મહારાજના સદ્ગુણોના પ્રકાશે દુર્ગુણોથી ખરડાયેલા અનેકને ઉગાર્યા છે. પ્રમુખસ્વામી મહારાજની કક્ષાએ પહોંચવા પવિત્ર જીવન લાંબા સમય સુધી જીવવું પડે. ધીરજ રાખવી પડે. આ લાંબા સમયની તપશ્ચર્યા છે. વળી તેઓ હમેશાં કહેતા કે, 'ચરિત્રવાન બનો અને ચરિત્રવાન સમાજ તૈયાર કરો.'

જે સ્વયં ચરિત્રવાન હોય, સજ્જન હોય તે જ બીજાને ચરિત્રવાન અને સજ્જન બનવાની પ્રેરણા આપી શકે. ચરિત્રમાં રહેલી તાકાતનો અનુભવ ત્યારે થાય છે, જ્યારે ચરિત્રહીન વ્યક્તિ પણ પોતાનાં સંતાનોને ચરિત્રયુક્ત જીવન જીવવાનો ઉપદેશ આપે છે તે પણ સમજે છે કે સાચો માલ તો ચરિત્રમાં જ છે.

તો ઘર સ્વર્ગ બનશે

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

પ્રવચનમાં સહજ વાત નીકળી કે ઘરમા કોઈ પ્રકારની ફરિયાદો ન કરવી. અરે! ફરિયાદ કરી શકો, તેવી ઘટના હોય, તોય સંપૂર્ણપણે મૌન રાખવું અથવા પ્રેમભાવ વધે તેવો વાર્તાલાપ અને વ્યવહાર કરવો.

બીજા જ દિવસે એક યુવાનનાં ઘરે સરસ ઘટના ઘટી. સવારે નાસ્તામાં ચા પીરસાઈ. સ્વાદ લેતાં ખ્યાલ આવ્યો કે પત્ની ચામાં ખાંડ નાખવાનું ભૂલી ગઈ છે, ત્યારે ઝઘડો તો નહીં જ, અરે! ફરિયાદ પણ તેણે ન કરી. નાસ્તો કરી યુવાન તરત ત્યાંથી ઓફિસે ગયો.

તેના ગયા પછી પત્નીએ ચા પીધી, ત્યારે ખ્યાલ આવ્યો કે મારાથી મોટી ભૂલ થઈ, છતાં તેઓ એક અક્ષર ન બોલ્યા. આમ બહુમાનભાવ પણ વધ્યો. સાંજે યુવાન ઘરે આવ્યો, તો પત્ની બોલી, 'તમે સવારે મને કેમ ન કીધું કે ચામાં ખાંડ નથી. આવી મોળી ચા તમે કઈ રીતે પીધી?

યુવાને સકારાત્મકભાવ સાથે પ્રત્યુત્તર આપ્યો, 'ત્યારે તારો લાગણી ભરેલો વ્યવહાર એટલો મીઠો હતો કે તેમાં મને ચા મોળી જ ન લાગી.' આવા પ્રેમભર્યા વર્તનની એવી ધારદાર અસર થઈ કે પત્નીને પતિ દેવ જેવા લાગવા માંડ્યા.

દાવાનળ જેવા સળગતા સંસારમાં આવો પ્રેમભરેલો વ્યવહાર શીતળતાના અમીછાંટણાં કરે છે, પતિ-પત્ની વચ્ચે પ્રેમભાવ વધારે છે, સમજણ વધારે છે. આવા વ્યવહારથી ઘર સાક્ષાત સ્વર્ગ બની જાય છે.

ગૌવ્રતી બની ગૌમાતાને વંદન કરીએ

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આજે સમય છે કે, આપણે સૌ ગૌવ્રતી બનીએ. આપણી પરંપરા હતી કે રોટલી તૈયાર થાય એટલે બહેનો પહેલી રોટલી ગાય માટે કાઢતા અને છેલ્લી રોટલી કૂતરા માટે કાઢતાં.

ગૌમાતાને વંદન કરીએ અને ખરેખર આપણે ગૌહત્યા બંધ થાય એ બાબતે ગંભીર હોઈએ. તો 'ગૌહત્યા બંધ હો' એવા નારા લગાવવાની જરૂર નથી. સાવ સીધુસાદું સત્ય એ છે કે જે ઉપયોગી છે તે સચવાય છે. ગાય ઉપયોગી છે તે સમજણ આપણામાં આવવી જોઈએ. ગાયનું દૂધ કેટલું આશીર્વાદરૂપ છે તેના વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ રીસર્ચ થવા જોઈએ.

વિજ્ઞાન, મીડિયા, સાહિત્યકારો અને વ્યાસપીઠના માધ્યમથી એ સત્ય લોકો સુધી પહોંચવું જોઈએ. જો વધારે ને વધારે માણસ ગૌવ્રતી થાય અને જે ગાયના દૂધની આપણા ઋષિઓએ વાત કરી છે, તે દેશી ગાયને લાગુ પડે છે. એ દૂધના પ્રકાર છે. વિદેશમાં ભેંસ છે જ નહીં, ત્યાં તો ગાયો જ પાળે છે, પણ એ ગાયો મિલ્ક પ્રોડ્યુસિંગ મશીન છે.

આપણાં ઋષિઓએ જે ગુણગાન ગાયનાં, ગોદ્રવ્યનાં ગાયાં, એ દેશી ગાયને લાગુ પડતી વાત છે. એટલે આપણે એ બ્રીડને બચાવવી પડશે, એનું સંવર્ધન કરવું પડશે, એનો વિકાસ કરવો પડશે, તેનું રક્ષણ કરવુ પડશે

આખા ગોકુળની ઇકોનોમી ગાય ઉપર આધારિત છે. આખું ગોકુળ ગામનું દૃશ્ય છે તેના કેન્દ્રમાં ગાય છે. સવારના ઊઠે ત્યારથી રાતના સૂવે ત્યાં સુધીના તમામ ક્રિયાકલાપો ગાયની પાછળ જ હોય છે. ગાયની આજુબાજુ ગૂંથાયેલું જીવન છે આપણું. ગોકુલનું કેન્દ્રબિંદુ ગાય છે.

તમે જો ગાય જેવા થશો, તો કૃષ્ણનો પ્રેમ પામશો. જીવન સાત્ત્વિક હોવું જોઈએ, સ્વભાવમાં દીનતા, દૈવી ગુણો લઈને ચાલીએ. વૈષ્ણવનું જીવન એટલે આવું જીવન. આ ગાયો છે, ગોપીઓ છે અને ગોવાળિયાઓ છે એટલે કૃષ્ણ મથુરા છોડી ગોકુળ પધાર્યા. ઉત્સવ થયો. એક દિવસ પૂતના આવી અને ભગવાને તેનો ઉદ્ધાર કર્યો.

પોતાની જાતને પવિત્ર માનનારા, ગાયત્રીમંત્ર જપનારા, ભગવાનનું ભજન કરનારા પવિત્ર લોકોને પણ જે ઘસડીને લઈ જાય એવી દેખાવમાં ભલે અબળા હોય, પણ હકીકતમાં પ્રબળ, એવી અવિદ્યા, એનું નામ પૂતના. એટલા માટે વલ્લભાચાર્યજી પૂતનાને અવિદ્યા કહે છે. ભગવાન સૌથી પહેલવહેલો એનો ઉદ્ધાર કરે છે.

રામાયણમાં ભગવાન રામ સૌ પહેલાં તાડકાનો ઉદ્ધાર કરે છે. તે દુર્વાસનાનું પ્રતીક છે. કૃષ્ણ સૌથી પહેલાં પૂતનાનો ઉદ્ધાર કરે છે. તે અવિદ્યા છે. અવિદ્યામાંથી જ આસુરી વૃત્તિનો જન્મ થતો હોય છે. અસુરોને જન્મ આપનાર તત્ત્વને પહેલાં ખત્મ કર્યાં પછી અસુરોને માર્યા છે. એટલા માટે પહેલા અવિદ્યા પૂતનાનો નાશ કર્યો. પહેલા શકટાસુરનો ભગવાને ઉદ્ધાર કર્યો

કૃષ્ણ જન્મ નક્ષત્ર હતું અને ઉત્સવ થઈ રહ્યો હતો અને બળદગાડામાં માટીના માટલામાં ઘીરસ ભરેલા હતા. એની અંદર ઝોળી બાંધી મા યશોદા કૃષ્ણને સૂવડાવે છે અને ઉત્સવમાં જતાં રહે છે. એ સમયે શકટાસુર આવ્યો અને આમાં પેઠો. એમ કેમ હશે? આમ તો ગાડું જડ કહેવાય, સમજાવું.

ગાયો માટેથી ભગવાન આવ્યા છે. ગાય ચોખ્ખું પ્રાણી છે. જરાક ગંદકી હોય તો બેસે નહીં. આ જે ભૌતિકવાદ છે એને કારણે જડતા આવે છે. આજે પૈસા માટે માણસ-માણસનું ગળું કાપી નાખતાં અચકાતો નથી. એની લાગણીઓ, સંવેદનાઓ સાવ જડ થઈ ગઈ છે.

એ ગાડું એટલે સંસારનું ગાડું અને પતિ પત્ની એના બે પૈડાં. ગાડાને બે બળદ જોડેલા હોય, પણ અહીં કોઈ બળદ જોડેલા નહોતા. એમ ને એમ ગાડું પડેલું હતું. બળદ એટલે ધર્મ, નંદી.

બે પ્રકારના ધર્મ હોય. લોક ધર્મ અને વેદ ધર્મ. વ્યવહાર ધર્મ અને પરમાર્થ ધર્મ. ગૃહસ્થ ધર્મમાં બંને ધર્મનું પાલન કરવાનું છે. અહીં કોઈ બળદ જોડેલો નહોતો. જેના જીવનમાં લોકમર્યાદા નથી, વેદમર્યાદા નથી ન વ્યવહાર ધર્મ છે, ન પરમાર્થ ધર્મ છે એવું ધર્મરહિત જીવન કેવળ વ્યવહારમાં 'ઇટ, ડ્રિંક એન્ડ બી મેરી.' આવું જડ જીવન ગણાય. ત્યાં યશોદા આવ્યાં અને એમણે ભગવાનનો પ્રવેશ કરાવ્યો.

કોઈ ને કોઈ માધ્યમથી, કોઈ ને કોઈ મહાપુરુષના માધ્યમથી કોઈ યશોદા જેવી ઘટના ઘટે, જેનાથી આપણાં જીવનમા કૃષ્ણનો પ્રવેશ થાય અને પછી કૃષ્ણ કઠોર કૃપા કરે છે. પાટું મારે છે. થયું છે શું? રસ ઉપર છે, રસેશ્વર નીચે છે.

ભગવાનના આવ્યા પછી પણ ભગવાન ગૌણ હોય, ભોગો મુખ્ય હોય. સમય મળે ત્યારે ભજન કરીએ અને ભજન માટે સમય કાઢીએ એ બંનેમાં ફેર છે. સમય મળે ત્યારે સત્સંગ કરીએ અને સત્સંગ માટે સમય કાઢીએ એમાં ફરક છે. ભગવાને પાટું મારી. કૃષ્ણની આ કઠોર કૃપા છે. વર્ણન છે કે ગાડું તૂટ્યું, રસો ઢોળાયા, માટલા ફૂટ્યા. બે પૈડાંમાંથી એક પૈડું નીકળી ગયું અને બીજું પૈડું ચક્કર ફરતાં ફરતાં ધીમે ધીમે શાંત થયું

બે પૈડાંમાંથી એક પૈડું ઘણી વાર નીકળી જાય. બીજું પૈડું વધે તે શરૂઆતમાં બહુ ફરે પછી ધીમે ધીમે શાંત થાય. માટલા ફૂટ્યા, રસ ઢોળાયા અને એમાં કૃષ્ણ પડ્યા એટલે છબછબિયાં કરવાની મજા આવી. બાળકને પાણીમાં બહુ ગમે. જળમાં જ વાસ કારણ કે આપણે ભગવાનના અંશ છીએ અને એનું ઘર જળમાં જ છે. 'નાર' એટલે જળ. એમાં જેનો નિવાસ એટલે નારાયણ.

પ્યાલો નીચે મૂકતાં શીખીએ

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક યુનિવર્સિટીના પ્રોફેસરે વિદ્યાર્થીઓને બોધ આપવા એક પ્રયોગ કર્યો. તેમણે પોતાના હાથમાં પાણી ભરેલા ગ્લાસને ઊંચો પકડી રાખી વિદ્યાર્થીઓને પૂછ્યું, 'આ ગ્લાસ થોડા સમય માટે ઊંચો પકડી રાખું, તો શું થાય?'

એક વિદ્યાર્થી કહે, 'કંઈ ન થાય.' પ્રોફેસરે આગળ પૂછ્યું કે, 'એક કલાક સુધી પકડી રાખું તો?' બીજા વિદ્યાર્થીએ કહ્યુ કે, 'હાથ દુખવા માંડે.' પ્રોફેસરે ત્યાર પછી ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે, 'આખો દિવસ પકડી રાખું તો?' વિદ્યાર્થીઓ જુદા જુદા ઉત્તર આપવા લાગ્યા કે, 'તો તમારા હાથને ખાલી ચડી જાય, સ્નાયુ દુઃખી જાય, હાથમાં લકવો થઈ જાય ..'

કોઈકે તો મજાક કરતાં કહ્યું કે, 'તમારે ચોક્કસ હોસ્પિટલ ભેગા થઈ જવું પડે.' આ સાંભળી આખા વર્ગમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

પ્રોફેસરે કહ્યું કે, 'ખૂબ સરસ.' પછી આગળ પૂછ્યું કે, 'હવે મને એક વાત કહો. આ બધી અલગ ક્રિયાઓ વખતે પ્યાલાના વજનમાં ફરક પડ્યો હતો?'

બધા જ વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા કે, 'ના...' એટલે પ્રોફેસરે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'આ પાણી ભરેલો પ્યાલો કેટલો વજનદાર છે, તેનું મહત્ત્વ નથી, પણ તેને કેટલો વખત પકડી રાખીએ છીએ તેના પર તેના વજનનો આધાર છે. જેટલો વધુ વખત તે પકડી રાખીશું, તેટલો વધારે ભારે તે લાગશે.

પ્રોફેસરે પૂછ્યું કે, 'આપણને હાથ ન દુઃખે, એના માટે આપણે શું કરી શકીએ?'

એક વિદ્યાર્થીએ કહ્યું, 'પ્યાલાને નીચે મૂકી દો. બધી ઝંઝટ ખતમ.'

પ્રોફેસરે તરત જ કહ્યું કે, 'મુશ્કેલીઓનું પણ આવું જ છે જો તે થોડી વાર માટે જ તમારા મગજ પર સવાર હશે, તો વાંધો નહીં આવે, પણ જો તમે લાંબા સમય સુધી તે અંગે વિચાર્યા કરશો તો માથું દુઃખવા લાગશે. વધુ સમય સુધી તેમને મગજ પર સવાર રહેવા દેશો, તો લકવા જેવી સ્થિતિ થઈ જશે. તમે કંઈ જ કરી શકશો નહીં.'

મિત્રો, સુખી જીવન જીવવા માટે 'પ્યાલા'ને ઊંચકી રાખવાને બદલે નીચે મૂકી દેતાં શીખવું પડે.1987ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર ગામે વિરાજમાન હતા. નવયુવાન સંતોએ એવું આયોજન કર્યું હતું કે સંસ્થાનો અસ્મિતાસભર ઇતિહાસ સ્વામીજી પાસે કહેવડાવી એનું વીડિયો રેકોર્ડિંગ કરી લેવું. ઇતિહાસનાં એક પછી એક પૃષ્ઠો ઊઘડતાં જતાં હતાં અને સ્વામીજી તે સંબંધી ઘટનાઓ વર્ણવતા જતા હતા.

એમાં સંતોએ એવી વ્યક્તિની વાત કાઢી કે જેણે શરૂઆતનાં વર્ષોમાં અણસમજણના કારણે સ્વામીનો ઘણો વિરોધ કર્યો હતો. સંતોને ઇચ્છા હતી કે, સ્વામીજીએ આ બાબતે જે સહન કર્યું છે તેનું રેકોર્ડિંગ પણ થઈ જાય, પણ સ્વામીજીએ સંતોને જણાવ્યું કે, 'એને શું સંભારવાનું? એ અત્યારે ક્યાં આપણને નડે છે? એનું રેકોર્ડિંગ આપણે નથી કરવું.'

સ્વામીજીએ પોતાને સહન કરવાનું થયું હતું, છતાં તે પ્રકરણને તેઓએ ઉખેળવા ન દીધું. આ તેઓનું હંમેશનું વલણ રહેતું. તેઓ જૂના કડવા અનુભવો તરત જ ભૂલી જતા.

સામાન્ય રીતે આપણા માટે આવા પ્રસંગો સહાનુભૂતિ ઊભી કરવાનાં સાધનો બની જાય છે. ગમે તેમ કરીને આપણે આવા પ્રસંગો બીજા આગળ પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ એ નથી સમજતા કે આવા પ્રસંગોને સંભારીને આપણે જ અંતરને અંદરથી કોરીએ છીએ.

કોઈકે આપણને ક્યારેક ત્રાસ આપ્યો હોય, પણ ત્યાર એને વારંવાર યાદ કરીને આપણે પોતાને જ એ ત્રાસ આપીએ છીએ.

આપણને પણ અનુભવ થયો હશે, એવા કેટલાય પ્રસંગો બન્યા હશે, જે ખરેખર દુઃખદાયી હોય, પણ એ ભૂલી ગયા હોઈશું, તો તે પ્રસંગો પીડા નહીં કરતા હોય. એની સામે કોઈક ક્ષુલ્લક પ્રસંગ પણ મનમાં સંગ્રહી રાખ્યો હશે, તો તે પરેશાન કરતો હશે.

આપણે પ્રેરણા લઈએ કે, જૂના બધા જ કડવા અનુભવોનો હિસાબ શૂન્ય કરી સંબંધોના ચોપડા નવેસરથી લખવા શરૂ કરીએ.

મનની દુષ્ટતા

કથાબિંદુ
મુનિ રાજપુણ્ય વિજય

એક વૃદ્ધ પોતાનાં મસ્તક ઉપર પોટલું લઈ બીજા ગામ તરફ જઈ રહ્યા હતા. પોટલાનું વજન એટલું બધું હતું કે વૃદ્ધ થાકી જતા હતા.

માર્ગમાં એક યુવાન ઘોડેસવાર મળ્યો. વૃદ્ધે વિનંતી કરી, 'ભાઈ! તું જે દિશામાં જાય છે, મારે પણ ત્યા જ જવાનું છે તું આ પોટલું આગળ લઈ જાય, તો મારે ઉપાડવું ન પડે.'

યુવાને સ્પષ્ટ ના કહી દીધી, 'દાદાજી, તમે એટલું ધીમે ચાલો છો, તો મારે કેટલી રાહ જોવી પડે? મારે તો ઘણે દૂર જવાનું છે.' જોકે થોડાં આગળ ગયા પછી તેને વિચાર આવ્યો કે, આ દાદાજી પોટલામાં સોનું કે સંપત્તિ લઈને જતા હશે તો? એક વાર જોઈ લઉં. જો મળી જાય તો લઈને આગળ ભાગી જઉં.

વિચારી યુવાન ત્યાં ઊભો રહ્યો. અલ્પ સમય પછી વૃદ્ધ મળ્યા એટલે તેણે સામેથી પોટલું માંગ્યું કે, 'મને આપી દો. હું આગળ જઈને ઊભો રહીશ.' તો દાદાજીએ સ્પષ્ટ શબ્દોમાં ના કહી.

યુવાને આવેશ સાથે પૂછ્યું, 'પહેલાં તો તમે કહેતા હતા, હવે કેમ ના પાડો છો?'

વૃદ્ધ હસતાં હસતાં ઉત્તર આપ્યો, 'જે કારણથી તારુ મન બદલાઈ ગયું, બસ, એ જ કારણથી મારું મન પણ બદલાઈ ગયું...!'

આટલું કહી યુવાનની સામે પણ જોયા વિના દાદાજી ચાલવા લાગ્યા.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સઘળું પ્રસાદ માનીને સ્વીકાર કરો

વિચાર વગરની સંવેદનશીલતા અને સંવેદનાહીન વિચારશીલતા - આ બંને જીવનને એકાંગી બનાવે અને એકાંગી જીવન પૂર્ણ નથી. જ્યાં સુધી માણસ બોલે નહીં, ત્યાં સુધી ખ્યાલ આવે નહીં. પરમજ્ઞાની બેઠો હોય તો એને ઓળખવો મુશ્કેલ લાગે. માટે જ શ્રીમદ્ભગવદગીતામાં વિષાદગ્રસ્ત અર્જુન પણ ભગવાન શ્રીકૃષ્ણને પૂછી બેસે છે કે -

સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા, સમાધિસ્થસ્ય કેશવઃ।
સ્થિતધીઃ કિં પ્રભાષેત, કિમાસીત વ્રજેત્ કિમ્॥
(શ્રીમદ્ભગવદગીતા - 2/54)

અર્થાત્ હે કેશવ, જે સ્થિતપ્રજ્ઞ હોય છે, તે કેવી રીતે બોલે છે, ચાલે છે અને વ્યવહાર કરે છે.

ભગવાન તેને સંપૂર્ણ જ્ઞાન આપે છે અને સારરૂપ કહે છે કે જે સુખમાં છકી જતો નથી અને દુઃખમાં વિષાદગ્રસ્ત બનતો નથી, તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય.

જ્ઞાન, ભક્તિ અને યોગ - એવા ત્રણ માર્ગો છે. જોકે, જ્ઞાનમાર્ગ દેહાભિમાની એવા સાધારણ જીવોને માટે બહુ કઠિન છે, કારણ કે એમાં સંપૂર્ણ વૈરાગ્ય ન હોય, ત્યાં સુધી સિદ્ધિ મળે નહીં. આજના કાળમાં જ્ઞાનમાર્ગ ઉપર ચાલવા માટે જે અપેક્ષિત છે, એવો સોળ આની વૈરાગ્ય અતિ દુર્લભ છે. એમાં બધું છોડવાનું હોય છે.

ભક્તિમાર્ગમાં મજા એ છે કે એમાં ભોગોનો સ્વરૂપથી ત્યાગ અપેક્ષિત નથી કે તમે ઘર છોડો, સારાં કપડાં પહેરવાનું છોડો, સારું ખાવાનું છોડો. એને બદલે શું થાય છે? ભક્તિમાર્ગ એટલે રસમાર્ગ. ભગવાન રસના ભોક્તા છે. શ્રીકૃષ્ણ રસેશ્વર છે. તમારે આ બધું છોડવાનું નથી. આ બધું ઈશ્વરને અર્પણ કરો અને ઈશ્વરાર્પણબુદ્ધિથી પછી એને પ્રસાદ માનીને સ્વીકારો.

હવે આ ભક્તિમાર્ગમાં ભાવની પ્રબળતા થાય, ત્યારે શું થાય છે? સારાંમાં સારાં કપડાં ગોપી પહેરે કે ભક્તિમાર્ગનો કોઈ પણ સાધક, પણ શા માટે? કૃષ્ણને રાજી રાખવા માટે. હું લઘરવઘર હોઈશ તો ભગવાનને ગમશે નહીં. એટલે હું તૈયાર થાઉં, મારા વસ્ત્રો સુઘડ હોય એ રીતે રહું. ગોપી શૃંગાર કરે તો એમાં શ્રીકૃષ્ણને રાજી કરવાની ભાવના છે. આ ભક્તિમાર્ગ છે.

છપ્પન ભોગ તૈયાર કરીને ઠાકુરજીને પધરાવવાના હોય છે. આપણી અંદર જે પણ કુશળતા પડી છે એને પ્રગટ કરી, પ્રભુ માટે એનો વિનિયોગ કરવાનો. જેટલા પ્રકારની સામગ્રી બનાવતાં આવડે છે એ સારામાં સારી રીતે બનાવી, ઠાકુરજીને એનો ભોગ લગાવવાનો અને પછી પ્રસાદ આપણે ગ્રહણ કરવાનો. ઘરમાં જ રહેવાનું છે, પણ મારાપણાની ભાવના કાઢી નાખવાની છે. ભગવાનનું છે એ ભાવના રાખવાની.

ભક્તિમાર્ગમાં માત્ર ભાવના બદલવાની છે. તમારે તે વસ્તુ છોડીને ક્યાંય જવાનું નથી. કોઈ પદાર્થોને છોડવાની જરૂર નથી, ઘર કે પરિવારને છોડવાની જરૂર નથી. માત્ર ભાવના બદલો કે આ ભગવાનનું છે. જે કંઈ કરો તે ભગવદ્ પ્રસન્નતા માટે કરો.

પ્રસાદબુદ્ધિ થઈ એટલે બે વસ્તુ આવે. એક તો પ્રસાદનો આદર થાય. આદર એટલે તમે કોઈ દિવસ પ્રસાદનો દુરુપયોગ નહીં કરો. માથે ચડાવી આપણે એને લઈએ છીએ. એટલે એ દ્રવ્યનો દુરુપયોગ

નહીં થાય. ખોટે માર્ગે એ દ્રવ્ય વેડફાય નહીં. જે ભક્તિમાર્ગે છે, એના ખોટે માર્ગે પૈસા જશે નહીં. મોજશોખ, ફેશન કે વ્યસન કે વ્યાભિચારમાં માણસો પૈસા વેડફતા હોય છે. એ ભક્તિમાર્ગ આવ્યો ત્યારે એ થવાનું નથી.

પ્રસાદ છે તેથી વહેંચીને ખવાય અને નિયમ એવો છે કે વહેંચનારો પહેલાં બીજાને આપે અને છેલ્લે જે શેષ રહે તે પોતે લે. હું પહેલાં ખાઈ લઉં અને પછી બીજાને આપું એ ખોટું. વહેંચનારા માટે એ નિયમ છે કે પહેલાં બધાને વહેંચે. પછી જે શેષ રહે તે પોતે લે એટલે એને મહાપ્રસાદ મળે. આ ભક્તિમાર્ગ છે. ભગવાનને ભોગ લગાવવો એટલે પ્રસાદ થયો અને પછી ભગવાનના ભક્તોને વહેંચ્યો એટલે મહાપ્રસાદ થયો. એટલે ભક્તને મહાપ્રસાદ પ્રાપ્ત થાય એને જ ગીતા યજ્ઞ અવશિષ્ટ કહે છે.

'યજ્ઞશિષ્ટાશિન સન્તો મુચ્યન્તે સર્વકિલ્શિયૈઃ'

યજ્ઞ કર્યા પછી જે અવશિષ્ટ રહે છે, જે વધે છે એના દ્વારા જીવનયાપન કરનારો બધા જ પ્રકારના પાપથી મુક્ત થાય છે. એને ગીતાએ સંત કહ્યો. એ ગૃહસ્થાશ્રમમાં રહે છે, ભલે ને સફેદ કપડાં પહેરતો હોય તો પણ તે સંત છે. ગીતાએ પ્રબોધેલી આ અદ્ભુત ફિલોસોફી છે. એટલે ભક્તિમાર્ગમાં ભાવને બદલવાનો છે, તમારે છોડીને ક્યાંય નથી જવાનું.

ઉપાસનાનો શાબ્દિક અર્થ કરીએ તો 'ઉપ' એટલે સમીપ. સમીપ બેસવું એનું નામ ઉપાસના. આપણે ઠાકુરજીની સેવા કરીએ, સ્મરણ કરીએ, ધ્યાન કરીએ તે ઉપાસના ગણાય અને ભક્તિ, ભજન એ તો તમે રોટલી કરો છો, એ પણ ભજન છે. ઠાકુરજીને ભોગ લગાવવાનો છે એમ મનમાં રાખીને કાર્ય કરો. પછી પ્રત્યેક કર્મ જ્યારે ઇશ્વરાર્થ બુદ્ધિથી થાય ત્યારે એ ભજન બની જાય છે. એનું નામ સેવા એટલે કે 'ભજ સેવામ્'

કર્મફળની આશા રાખ્યા વગર ઈશ્વરાર્થ બુદ્ધિથી જ કર્મ કરવાનાં. રસોઈ તો થવાની જ છે અને પ્રસાદ પણ છેલ્લે આપણને મળવાનો છે. તો ભાવ શું કામ બદલતા નથી કે મારા માટે હું કરું છું, એને બદલે ભગવાન માટે કરું છું. ભોગીમાં અને ભક્તમાં આટલો જ ફેર છે. પેલો પોતાના માટે પકાવે છે અને આ પણ રસોઈ કરે છે, પણ એ ભગવાનને લક્ષ્યમાં રાખીને કરે છે. ભગવાનને ભોગ લગાવ્યા પછી પોતે પ્રસાદ તો લેવાનો જ છે. ભગવાનને માટે પકાવે છે એનો અર્થ એવો નથી કે એ ભૂખ્યો રહેવાનો છે. આખી ભાવના બદલાઈ જાય છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ગરબડ ક્યાં થઈ?

થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક હોશિયાર વિદ્યાર્થી હંમેશાં પ્રથમ ક્રમાંકે જ આવતો. તેણે ભારતની ખ્યાતનામ કોલેજમાંથી B.Tech.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યાર પછી તેણે અમેરિકા જઈને M.B.A.નો અભ્યાસ કર્યો. અમેરિકામાં જ એક સારી કંપનીમાં નોકરી મળી ગઈ.

નોકરીમાં તેનું પગારધોરણ પણ ઘણું ઊંચું હતું. ત્યાર પછી તેને લગ્ન માટે સારી કન્યા પણ મળી ગઈ. પરણીને તેણે ત્રણ બેડરૂમનો ફ્લેટ ખરીદ્યો. આમ, તેને જીવનમાં સફળતા જ સાંપડી હતી. આવા સુખીસંપન્ન અને તેજસ્વી યુવકે અચાનક જ એક દિવસ સપરિવાર આત્મહત્યા કરી. આ સમાચાર સાંભળીને યુવકના પરિચિતો હચમચી ગયા.

આ પગલું ભરતાં પહેલાં એણે કાયદેસર રીતે બધું સમજી-વિચારીને પોતાની પત્ની સાથે ચર્ચા કરીને સ્યુસાઈડ નોટ તૈયાર કરી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, 'અત્યારની પરિસ્થિતિમાં આ જ પગલું શ્રેષ્ઠ છે.' એની આ સ્યુસાઈડ નોટના આધારે California Institute of Integrated Studiesની clinical Psychology શાખાના નિષ્ણાતોને વિચાર આવ્યો કે, 'What Went Wrong?' કહેતાં 'ગરબડ ક્યાં થઈ?' તેઓએ આ પ્રશ્નના સમાધાન માટે યુવકના જીવન ઉપર સંશોધન આરંભ્યું.

દિવસો સુધી ચાલેલા આ સંશોધનના અંતે કેટલીક વિગતો તેઓના ધ્યાનમાં આવી. થયું હતું એવું કે, અમેરિકામાં આવેલી આર્થિક મંદીનાં કારણે એ યુવકની નોકરી છૂટી ગઈ હતી. તેણે ખરીદેલા

મકાનના હપ્તા ભરવામાં પણ સંઘર્ષ કરવો પડતો હતો. આ કટોકટીમાં થોડી આવક ઊભી કરવા તેણે પેટ્રોલ પંપ ઉપર પણ નોકરી કરી હતી, પરંતુ થોડા દિવસ આ નોકરી કરીને કંટાળેલા યુવકે છેવટે સપરિવાર આત્મહત્યા કરી લીધી.

નિષ્ણાતોને જણાયું કે, એના જીવનમાં પ્રશ્ન સો ટકા આવ્યો હતો, પણ એ પ્રશ્ન એટલો મોટો નહોતો કે આવું અંતિમ પગલું ભરવું પડે. આથી તેઓએ આ કેસ સ્ટડીના અંતે તારણ કાઢ્યું કે, 'This Man was programmed for success but he was not trained to handle failure.' અર્થાત 'આ માણસને સફળ કેમ થવું એ શીખવાડવામાં આવ્યું હતું, પણ નિષ્ફળતાનો સામનો કેવી રીતે કરવો, એ શીખવાડવામાં આવ્યું નહોતું.'

યુવકનાં મા-બાપે હંમેશાં એને પ્રથમ ક્રમાંકે કેવી રીતે આવવું, એની જ તાલીમ આપી હતી. જીવનનાં ચડાવ-ઉતારમાં કેવી રીતે સ્થિર રહેવું, તેનું પ્રશિક્ષણ આપ્યું નહોતું.

આ કેવળ એક જ યુવકના વાલીની ખામી નથી. મોટા ભાગના વાલીઓના ધ્યાન બહાર રહી જતી વાત છે. સફળ થવા માટેની સતત પ્રેરણા વાલીઓ સંતાનોને આપે છે, પણ નિષ્ફળતા કે અપમાનોનો સામનો કેવી રીતે કરવો, એની વાત થતી નથી. વાલી તરીકે સંતાનોને સુવિધાઓ અને સગવડો ઉપરાંત સાચી સમજ આપવી, તે પણ તેમની ફરજ છે.

પ્રમુખસ્વામી મહારાજ આ સંબંધી માર્ગદર્શન આપે છે કે, 'જીવનમાં વિપરીત સંજોગો તો આવવાના, પણ ભગવાનનો આશરો હોય તો વાંધો ન આવે.' જીવનમાં આવતી વિપરીતતાઓ સામે બાથ ભીડવા માટેના સૌથી અસરકારક શસ્ત્ર તરીકે તેઓએ ભગવાનનો આશરો બતાવ્યો છે. ભગવાનનો આશરો એટલે? – પ્રાર્થના.

વર્ષો પહેલાંની વાત છે. ફ્રાન્સના એક ધર્મસ્થાનમાં એક અપંગ સૈનિક પ્રવેશ્યો. કોઈકે એની ટીકા કરતાં કહ્યું કે, 'તું એમ માને છે કે, અહીં પ્રાર્થના કરવાથી ભગવાન તને નવો પગ આપી દેશે?' આ સાંભળીને સૈનિક બોલ્યો કે, 'ઈશ્વર મને નવો પગ નહીં આપે, પરંતુ મને શ્રદ્ધા છે કે એક પગથી જીવન જીવવાની શક્તિ તો ચોક્કસ આપશે.'

ભગવાનને પ્રાર્થના કરવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ક્યારેક સાનુકૂળ થાય અને ક્યારેક ન પણ થાય, પણ એટલું તો ચોક્કસ છે કે પરિસ્થિતિ સામે લડવાનું બળ તો તેઓ આપે જ છે.

ઈતિહાસનાં પૃષ્ઠો પણ આ વાતની સાક્ષી પૂરે છે. કારણ કે શ્રદ્ધાનો છે. એક વાત તો ચોક્કસ છે કે, આ માર્ગે ચાલનારા ક્યારેય પસ્તાતા નથી. આપણે પણ ભગવાનમાંથી બળ લઈને જીવનને સ્થિર બનાવીએ.

જ્યાં મમત્વ ત્યાં દુઃખ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક શેઠ પાસે વિશાળ બંગલો હતો. ગામમાં આવો બંગલો કોઈ પાસે ન હતો. આ વાતનો શેઠને ખૂબ જ ગર્વ હતો. એક દિવસ સાંજે શેઠ મિત્રને ત્યાં ગયા અને અચાનક નાનો દીકરો દોડતો આવ્યો. તેણે કહ્યું, 'પિતાજી! આપણા બંગલામાં આગ લાગી છે. જલદી આવો.'

શેઠ દોડતા આવ્યા. બંગલાને આગમાં બળતો જોયો. શેઠ રડવા લાગ્યા કે, જીવનની કરોડોની કમાણી આંખ સામે ભસ્મીભૂત થઈ રહી છે. ત્યાં મોટો પુત્ર આવ્યો અને બોલ્યો, 'પિતાજી! તમે રડો છો કેમ? ગઈ કાલે જ આ બંગલાનો સોદો કરી દીધો છે.' સાંભળી ખુશ થયા. બંગલો તો હજી પણ બળી રહ્યો છે, પણ 'પોતાનો' નથી બળતો, એટલે હવે દુઃખ નથી. એવામાં મોટા દીકરાએ યાદ કરીને કહ્યું, 'પિતાજી, સોદો થઈ ગયો હતો, પણ લખતપત્ર થયું ન હતું.'

હવે શેઠ પાછા ચિંતામાં આવી રડવા લાગ્યા... કારણ હવે બંગલો 'પોતાનો' બળી રહ્યો છે. જેમની સાથે સોદો થયો હતો, તે ભાઈ પાસે બંગલામાં લાગેલી આગના સમાચાર પહોંચ્યા. તે ભાઈ પ્રામાણિક હતા.

તેમણે સામેથી આવીને શેઠને કહ્યું, 'લખતપત્ર ભલે ન થયું હોય, પણ વચન એટલે વચન... હું પાઈ-પાઈ ચૂકતે કરીશ.' સાંભળી શેઠ પાછા ખુશ થઈ ગયા, હવે બંગલો 'એમનો' બળી રહ્યો હતો.

સુખ અને દુઃખનો સંબંધ મમત્વ ભાવ સાથે છે. જ્યાં મમત્વ ભાવ છે, ત્યાં દુઃખ અવશ્ય છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 2 મે, 2024 | ચૈત્ર વદ નોમ | વિક્રમ સંવત 2080 08

માનવને સંસ્કારપીઠની આવશ્યકતા છે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે મસ્તી હોય આંખોમાં સુરાલયમાં નથી હોતી
અમીરી કોઈ અંતરની મહાલયમાં નથી હોતી
શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે
જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી
- સુરેન ઠાકર 'મેહુલ'

જેમ કોઈ કવિ મોટે ભાગે કૃષ્ણ માટે કલમ ચલાવ્યા વિના રહી શક્યો નથી, કૃષ્ણને પામ્યા વિના, કૃષ્ણને વર્ણવ્યા વિના લેખિની વડે કૃષ્ણની વાઙ્મયી પૂજા કર્યા વિના ભગવાન વેદ વ્યાસને શાંતિ ન થઈ. વેદનામાંથી કાવ્ય જન્મ લીધા પછી આદિ કવિ ગણાયેલા વાલ્મિકી ઋષિએ પણ પરમાત્માને કાવ્યનો વિષય બનાવ્યા.

એ જ રીતે મા એવો શબ્દ અને વિષય છે કે એના ઉપર કલમ ચલાવ્યા વિના મોટે ભાગે કોઈ કવિ રહ્યો નથી. મને તો લાગે છે કે મા આપણી ભાષાનું એકાક્ષરી કાવ્ય છે. મા શબ્દનો મહિમા જ એવો છે. મા શબ્દની મીઠાશ જ એવી છે.

એમ કહેવાનું મન થાય કે મા આપણી ગુજરાતી ભાષાનું એકાક્ષરી કાવ્ય છે. મા શબ્દ સ્વયં કાવ્ય છે. એકાક્ષરી કાવ્ય છે. 'શીતળતા પામવાને માનવી તું દોડ કાં મૂકે, જે હોય છે માની ગોદમાં, તે હિમાલયમાં નથી હોતી.' મા એટલે થીજી ગયેલી માનવતાનાં હિમાલયમાંથી નિર્ઝરેલું ઝરણું. મા શબ્દ પરમાત્માને પામવા માટે કેવો અદ્ભુત છે! ભગવાન વેદવ્યાસે ભાગવતમાં પરમ સત્ય એવો શબ્દ વાપર્યો છે.

'સત્યં પરં ધીમહિ'થી ભાગવતનો આરંભ કર્યો. 'સત્યં પરં ધીમહિં'થી ભાગવતનો અંત કર્યો. ઉપક્રમ અને ઉપસંહાર એ બંનેમાં 'સત્યં પરં ધીમહિં' આવ્યું. વ્યાસજીએ એ પરમ તત્વને સત્યનું નામ આપ્યું. હા, એને રામ ન કહ્યા, કૃષ્ણ ન કહ્યા, શિવ નહીં, શક્તિ નહીં, શિવં પરં ધીમહિં નહીં, રામં પરં ધીમહિં નહીં, કૃષ્ણે પરં ધીમહિં નહીં, પણ સત્યં પરં ધીમહિં. આ સત્ય શબ્દ એવો છે કે એની સાથે મારું કે તારું લગાડી જ ન શકાય.

સત્ય શબ્દ એવો છે કે એમાં કોઈ પણ ઠેકાણે સંકીર્ણતાનાં દર્શન જ ન થાય. બધાં જ પ્રકારની સંકીર્ણતાથી આ શબ્દ ઉપર છે. મને લાગે છે કે મા શબ્દ પણ એવો છે. જિસ તરહ સત્ય કે સાથ મેરા–તેરા નહીં લગ સકતા ઉસી તરહ મા શબ્દ ભી ઐસા હૈ. ઉસકે સાથ મેરા–તેરા નહીં લગ સકતા. મેરા–તેરા હોતા હી નહીં.

આપણે ત્યાં ઉપનિષદોએ પણ માતૃદેવો ભવથી શરૂ કર્યું. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, અતિથિ દેવો ભવ, માતૃદેવો ભવથી આરંભ શા માટે કર્યો? આપણે ત્યાં ચાર સંસ્કારપીઠ છે. માણસ જન્મે એ પૂરતું નથી, માણસ માણસ બને એ બહુ જરૂરી છે. કૂતરાને એમ નથી કહેવું પડતું કે તું કૂતરો થા, ગધેડાને કોઈ દિવસ કહેવું નથી પડતું કે તું ગધેડો થા, પણ માણસને કહેવું પડે છે કે તું માણસ થા.

માણસ થવું પડે છે. માણસ ક્યારે કહેવાય? એ તો બહુ સીધીસાદી વાત છે કે જો તીખું ન હોય તો તે મરચું ન કહેવાય, કડવું ન હોય તો એને કારેલું ન કહેવાય, મીઠી ન હોય તો તેને સાકર ન કહેવાય. એમ જો માણસાઈ ન હોય તો તેને માણસ ન કહેવાય. આજે મુશ્કેલી એ છે કે એ માણસાઈ થીજી ગઈ છે. સમાજમાં માણસાઈ થીજી ગયેલી છે. માણસમાં માણસાઈ નહીં હોય તો એ માણસ

માણસ નથી.

માણસને માણસ બનાવવા માટે આપણે ત્યાં સંસ્કારપીઠો છે. માનવીમાં માનવતાનાં સંસ્કાર આવે તો એ માણસ બનવાનો છે અને એને માટે આપણે ત્યાં ચાર સંસ્કારપીઠો છે, જ્યાંથી માણસમાં સંસ્કાર આવે છે. એ ચાર સંસ્કારપીઠો આપણે ત્યાં ઋષિઓએ બતાવી છે.

એમાં પ્રથમ સંસ્કારપીઠ એટલે માતાની કૂખ. ઉદરમાંથી પહેલાં-વહેલાં સંસ્કાર આવે છે. પાશ્ચાત્ય દેશોમાં એવું સંશોધન થયું છે કે બાળક માના ગર્ભમાં હોય ત્યારથી તાલીમ આપી શકાય. આ કેટલી સાચી વાત છે? એક રીતે જોઈએ તો, આ કોઈ નવું સંશોધન નથી. આપણા ગ્રંથોને ખોલો. પ્રહ્લાદ માના ઉદરમાં હતા અને ત્યારથી દેવર્ષિ નારદ સાથે જે સત્સંગ થયો તેની અસર પ્રહલાદ ઉપર થઈ છે. એ સતયુગની વાત છે.

જીજાબાઈની અને શિવાજીની વાત લો. 'પેટમાં પોઢી બાળે સાંભળેલી રામ-લખમણની વાત.' પ્રથમ સંસ્કારપીઠ માતાની કૂખ છે. બીજી સંસ્કારપીઠ પિતાનું કુળ છે. પિતાનાં કુળમાંથી સંસ્કાર આવે. માની કૂખ, પિતાનું કુળ. બાળક એટલે માતાના વિચાર અને પિતાનાં ચરિત્રનું પ્રતિબિંબ એનું નામ સંતાન.

એટલા માટે આપણે ત્યાં એ વાતને મહત્ત્વ આપવામાં આવ્યું કે બાળક ઉદરમાં હોય, ત્યારે મા કેટલી સાવધાન હોય! એ મોજાં ગૂંથતી જતી હોય, રમકડાં લાવી રાખ્યાં હોય અને ક્યાંક કથા ચાલતી હોય ત્યાં જઈ બેસે. હવે તો વિજ્ઞાનનો વિકાસ થયો છે એટલે ઘરમાં એવી કેસેટ સાંભળે. એ મજાનું ગણગણતી હોય.

માના વિચારની ઉદરસ્થ શિશુ પર બહુ ઊંડી અસર થાય છે. એટલા માટે પ્રથમ સંસ્કારપીઠ માતાની કૂખ, બીજી સંસ્કારપીઠ પિતાનું કુળ, ત્રીજી સંસ્કારપીઠ ગુરુકુળ, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને ત્રીજે સ્થાને આવ્યું આચાર્યદેવો ભવ. ગુરુકુળમાં જાય અને ગુરુમહારાજ એને કેળવે. પછી જે બાકી રહે તો ચોથી સંસ્કારપીઠ એ વ્યાસપીઠ. એવા જે સિદ્ધાંતો છે એ સત્યની ગાદી ઉપરથી સંકીર્ણતાથી સંપૂર્ણ રહિત થયેલો મહાત્મા સમાજને સંબોધે. આ ચોથી સંસ્કારપીઠ છે. આ ચાર જગ્યાએથી માણસમાં સંસ્કાર આવે અને એ સંસ્કારોથી માણસ સાચો માણસ બને.

પુસ્તકો બતાવે સાચી દિશા

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કહેવાય છે કે 'Water always finds its way' અર્થાત્ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પાણી હંમેશાં પોતાનો માર્ગ શોધી જ કાઢે છે, તેવી રીતે ખરો યુવાન પણ ગમે તેવા વિઘ્નોની વચ્ચે હાર્યા કે નાસીપાસ થયા વગર માર્ગ શોધી જ કાઢે.

જોકે આજના યુવાનો ઉપર દર્શાવેલી વિભાવનાથી સંપૂર્ણતયા વિપરીત દિશામાં ગતિશીલ હોય તેવું લાગે છે.

આજના યુવાનમાં એવું તો શું ખૂટે છે જે તેને વિપરીતતા તરફ ખેંચી જાય છે? એવું તે કયું પરિબળ છે જેના લીધે શરીરથી યુવાન હોવા છતાં તેઓનું મન અબુધ બાળક જેવું રહી જાય છે? એવી કઈ ખૂટતી કડી છે જેને લીધે યુવાન અધીર અને અસ્થિર બનતા જાય છે? એ ખૂટતી કડી છે - 'સાચી સમજણ' અર્થાત્ 'સાચી દિશા'.

જ્યાં સુધી જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી આપણું જીવન ફૂટબોલ જેવું બની રહે છે. એટલા માટે સાચી દિશા પ્રાપ્ત થવી આવશ્યક છે અને આ સાચી દિશા શાસ્ત્રના પઠનથી જ પ્રાપ્ત થાય છે.

'અમને સાચી દિશા કોણ આપશે?' હજારો યુવાનોના આ પોકારનો જવાબ આપતાં પ્રમુખ સ્વામી મહારાજ જણાવે છે કે, 'આપણાં શાસ્ત્રો મનુષ્યને સાચી દિશા સૂચવે છે.' જેઓ દરેક પળ શાસ્ત્ર પ્રમાણે જીવ્યા છે, એમના મુખમાંથી આ ઉચ્ચારાયેલું અનુભવામૃત છે.

આપણે ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ, પણ

આપણાં શાસ્ત્રો દીવાદાંડી બની સાચી દિશા બતાવતા રહે છે. સચ્છાસ્ત્રના વાંચનથી આપણા વિચારો અને આચરણ પર ઊંડી અસર થાય છે, જેનાથી નિરાશ થયેલાને નવી આશા પ્રાપ્ત થાય છે, જેના અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હોય તેના અંતરમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.

કોરિયાનો યુવાન જય ઈટાલીયા પોતાનો અનુભવ વર્ણવે છે કે, 'હું ગોંડલમાં ગુરુકુળમાં રહીને 11મા ધોરણમાં ભણતો હતો. ત્યારે મારે 60 ટકા આવ્યા હતા. ઓછા ગુણ મળવાથી અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હતો. હું જ્યારે નોટિસ-બોર્ડ પાસે ગયો, તો ત્યાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું લિસ્ટ લગાડેલું હતું. એ લિસ્ટના અંતે વચનામૃત (ભગવાન સ્વામિનારાયણની અમૃતવાણીનો ગ્રંથ)નું એક વાક્ય મેં વાંચ્યું અને મારી હતાશા ક્યાંય ગાયબ થઈ ગઈ, તેની મને ખબર જ ન પડી. એ વાક્ય હતું 'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય.'

મારા અંતરમાં નૂતન ઊર્જાનો સંચાર થયો. પછી તો મેં દિલ લગાવીને મહેનત આરંભી અને 12મા ધોરણમાં હું 75% સાથે ઉત્તીર્ણ થયો. વચનામૃતને લીધે મને 15% વધારે મળ્યા, એ તો ગૌણ લાભ હતો, મુખ્ય લાભ તો મને વધુ મહેનત કરવાનું બળ મળ્યું, એ હતો.'

શાસ્ત્રનું માત્ર એક જ વાક્ય આવા અનેક હારી ગયેલા યોદ્ધાઓને પુનઃ બેઠા કરી દે છે. ખરેખર, શાસ્ત્રો મનુષ્યને સાચી સમજણ અને સાચી દિશા આપે છે. શાસ્ત્રોનાં વચનોને લીધે જ કેટલાય યુવકો લોભામણા વાતાવરણ વચ્ચે પણ અચળ અને અડગ રહી શકે છે, કેટલાય યુવકો કુસંગથી દૂર રહીને જીવનમાં સંયમ રાખી શકે છે. જીવનને ટૂંકાવી દેવાના વિચારોવાળા કેટલાય યુવકો પુનઃ જીવંત થઈ જાય છે.

ગાંધીજીએ પણ શ્રીમદ્ભગવદ્ગીતાનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું છે કે, 'મારી બે માતા છે. એક પૂતળીબાઈ તો સ્વર્ગે સિધાવી છે, પણ બીજી ગીતારૂપી માતા હયાત છે. મૂંઝવણના સમયમાં એની પાસે જાઉં છું, ત્યારે મને એ કદીય નિરાશ કરતી નથી. માર્ગદર્શન આપે જ છે. હતાશ હૈયામાં હામ ભરે છે.'

ટૂંકમાં, આપણી જીવનયાત્રામાં નિષ્ફળતા અને સફળતામાં જો કોઈ સાચો મિત્ર હોય, તો એ છે આપણા શાસ્ત્રો. એ શાસ્ત્રોનાં વચનોમાંથી આપણે સતત સાચી દિશા મેળવતાં રહીએ, તો જીવનને યોગ્ય દિશામાં નિર્ભયતાથી, નિશ્ચિંતતાથી અને નિશ્ચલતાથી આગળ ધપાવી શકીએ છીએ.

બાળકનું ચાતુર્ય

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

ઉનાળાના દિવસોમાં એક બાળક આંબા નીચે ઊભો હતો. ઝાડ ઉપરની રસીલી કેરી જોઈ તેનાં મુખમાં પાણી આવ્યું. કેરી ખાવાની પ્રબળ ઇચ્છાથી આસપાસ રહેલા પથ્થર લઈ તે કેરી તોડવા લાગ્યો. ઘણીબધી પાકી કેરી નીચે પડી. સંજોગ જુઓ, એક રાજા ત્યારે ત્યાંથી પસાર થતા હતા. એક પથ્થર બરાબર રાજાનાં મસ્તક ઉપર વાગ્યો. સૈનિકોએ તત્કાળ બાળકને પકડી જેલમાં પૂરી દીધો.

બીજા દિવસે ભરસભામાં તેને હાજર કર્યો. રાજાને હજી સુધી ગઈ કાલનો ક્રોધ હતો કે, સમસ્ત પ્રજાજનો મને માન-સન્માન આપે અને આ દુષ્ટે મને મારવાની હિંમત કરી! ત્યાં ને ત્યાં બાળકને ફાંસીની સજા જાહેર કરી.

સજા સાંભળી બાળક હસવા લાગ્યો. રાજાએ હસવાનું કારણ પૂછ્યું તો તે બોલ્યો, 'આજ સુધી મને એમ હતું કે આપણા નગરના રાજા તો ન્યાયપ્રિય છે, પણ આજે ખ્યાલ આવ્યો કે એ મારી ભ્રમણા હતી.'

'કેમ?' રાજાએ પૂછ્યું, તો બાળકે પ્રત્યુત્તર આપ્યો, 'મહારાજ! ઝાડ જડ છે. તેને પથ્થર મેં જાણીજોઈને માર્યા, છતાં તેણે મને મીઠાં-મધુરાં ફળો આપ્યાં. જ્યારે આપ તો જીવંત છો. અજાણતાં મારાથી આપને પથ્થર વાગી ગયો, તો આપ મને ફાંસીની સજા કરો છો. આ કેટલો સારો ન્યાય છે...!' બાળકના વ્યંગથી રાજા શરમાઈ ગયા અને તત્કાળ તેને ફાંસીની સજાથી મુક્ત કર્યો.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સ્વર્ગ અને નર્કનો અનુભવ અહીં જ થાય છે

દેવતાઓ પ્રસન્ન થઈને તમને જે ભોગ આપે તેમાંથી પાછા તમે દેવતાઓને પરત કરો. એમાંથી દસમો ભાગ દેવતાઓ માટે, ધર્મ માટે, પરમાર્થ માટે ખર્ચો. દેવતાઓએ તમને જે આપ્યું એમાંથી દેવતાઓનો ભાગ કાઢ્યા વગર સોએ સો ટકા એકલો ખાઇ જાય તે પાપ કરે છે.

જમવા બેસીએ અને રોટલાનું બટકું તોડીએ, ત્યારે ઘી ચોપડ્યું છે કે નથી ચોપડ્યું, એનું જ્યારે ધ્યાન જાય, એટલું જ ધ્યાન એ પણ જવું જોઈએ કે કોઈક ગરીબનું લોહી આના પર પડ્યું નથી ને! રોટલાનું બટકું મોંમાં મૂકતાં પહેલાં એની ખાતરી કરવી જોઈએ.

આપણને દેખાતું નથી, પરંતુ ક્યારેક કોઈ ગરીબનું લોહી તેના પર ચોંટ્યું હોય તે સંભવ છે. આપણે આર્થિક રીતે સબળા, પોલિટિકલી બહુ સબળા, ઓળખાણની રીતે બહુ પ્રભાવક અને ગમે તેનું ઝૂંપડું ઉડાડી દઈએ અને પેલા ગરીબની હાય લઈએ!

તુલસી ગરીબ ન છાડીએ, બૂરી ગરીબ કી હાય
મૂએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય!

જે કંઈ મળ્યું છે તે સંપૂર્ણ પોતાના જ ભોગ માટે રાખી લે, તે પાપ ખાય છે. નીતિથી કમાયેલામાંથી પણ દસમો ભાગ પરમાર્થે કાઢીએ, ત્યારે નીતિથી યજ્ઞાર્થે કાઢવો જોઈએ, પરમાર્થે કાઢવો જોઈએ, તો શુદ્ધ થાય છે. અનીતિની તો વાત શું કરવી? નીતિથી કમાયેલો દસમો ભાગ યજ્ઞ કરવા કાઢવો. યજ્ઞ દ્વારા દેવતાઓ પુષ્ટ થાય છે.

આ દેવતાઓ ક્યાં રહેતા હશે? દેવતાઓનું સરનામું શું? તો કહે 'સ્વર્ગ.' દેવતાઓ સ્વર્ગમાં રહે. સ્વર્ગ-નરક બધું અહીં જ છે. ભાગવત સ્પષ્ટ કહે છે, 'અત્રેવ સ્વર્ગ નરક.'

એક રાજાને ત્યાં એક સંત મહેમાન બન્યા. દરરોજ સત્સંગ ચાલતો. રાજાએ એક દિવસ સંતને પૂછ્યું કે, 'મહારાજ! પુરાણો અને ધર્મગ્રંથોમાં સ્વર્ગ અને નરકની વાતો આવે છે. તે સાચી છે?' તો કહે, 'હા, ગ્રંથો અને સંતોની વાત સાચી છે, એવી દૃઢ નિષ્ઠાને જ શ્રદ્ધા કહે છે.'

રાજા કહે, 'મહારાજ! એની ખાતરી શું? એનું પ્રમાણ શું? આપણને કેમ ખબર પડે માણસ સ્વર્ગમાં જાય છે?' એટલે સંતે લટકું કર્યું અને રાજા ઉપર ગુસ્સે થયા, 'કિતના મૂર્ખ આદમી હૈ તૂ! કબસે તુઝે સમજા રહા હૂં, તૂ સમઝ નહીં રહા હૈ, બેવકૂફ!' રાજાને આંચકો લાગ્યો. સાધુ હોય તે બરાબર છે, પણ આ તો રાજા છે અને રાજા આપણે ત્યાં વિષ્ણુ રૂપ કહેવાય છે. તે માનનો અધિકારી છે, પણ 'બેવકૂફ હૈ તૂ, મૂર્ખ હૈ સમજતા નહીં' એવું રાજાએ થોડી વાર સાંભળ્યું. અંતે ક્ષત્રિયનું લોહી છે. તપ્યું અને કાઢી તલવાર, 'બસ, બહોત હો ગયા. સાધુ જાનકર મૈં કુછ નહીં બોલા. અપમાન કરને કી ભી કુછ હદ હોતી હૈ.'

સાધુ શાંતિથી બેઠા હતા, તેના મોંઢા પર મુસ્કાન હતી, સાધુએ એટલું જ કહ્યું, 'મહારાજ! ઈસ વક્ત આપ નરક મેં હૈં. આપ પૂછ રહે હો કિ સ્વર્ગ-નરક હૈ? ઈસ વક્ત આપ નરક મેં હી હૈ.' ગીતા ક્રોધને નરકનું દ્વાર કહે છે.

પછી રાજાને સમજાયું કે, 'ઓહ! આ તો મહારાજે મને સમજાવવા માટે થોડું નાટક કર્યું, થોડું લટકું કર્યું અને મેં સાધુ પર ક્રોધ કર્યો! મેં મારા મગજનો કાબૂ ગુમાવ્યો અને સાધુને મારવા માટે તલવાર ઉગામી!' રાજાને પસ્તાવો થયો. તેણે તરત જ તલવાર ફેંકી દીધી. 'મહારાજ! તમે મને સમજાવવા માટે થઈને આટલું કર્યું. હું સમજી ન શક્યો. મારા અવિવેકને માફ કરજો, મહારાજ! તમે કેવા ઉદાર છો, નહીં તો મને શાપ પણ આપી શકત! તમારી ઉદારતા, તમારી શાંતિ...!' કહેતાં રાજા સાધુના ચરણમાં પડ્યા અને રાજાની આંખમાં પસ્તાવાના આંસુ આવ્યાં.

રાજાને માથે હાથ મૂકી સાધુ બોલ્યા, 'મહારાજ! ઈસ વક્ત આપ સ્વર્ગ મેં હૈ. 'અત્રેવ સ્વર્ગ નરકઃ' સ્વર્ગ અને નરક અહીં જ છે.'

દેવતા એટલે માણસની અંદરના સદ્ગુણો. સત્ય પ્રત્યેની નિષ્ઠા, કરુણા, દયા, ઉદારતા, પ્રેમ, શાંતિ, ધૈર્ય, તિતિક્ષા આ બધા દેવો છે. સદ્ગુણો છે, તે દેવતાઓ છે. આ બધા સદ્ગુણો પરાસ્ત થયેલા. રાવણે આ બધા દેવતાઓને પરાસ્ત કર્યા. અર્થાત્ સમાજ ઉપર દુર્જનતા એટલી હાવી થઈ ગઈ અને દેવતાઓ કમજોર બની ગયા. કેમ કમજોર બન્યા? યજ્ઞ-યાગાદિ બંધ કરી દેવામાં આવ્યા.

ખરેખર યજ્ઞ એટલે શું? યજ્ઞનો એક અર્થ થાય છે, સત્કર્મ. સમાજમાં જે સારા કામ થાય છે. તે યજ્ઞ છે. ભૂખ્યાને ભોજન આપવા અન્નક્ષેત્ર ચલાવો, તે યજ્ઞ જ છે. આદિવાસી બાળકોને ભણાવવા સ્કૂલ ચલાવો, તે યજ્ઞ છે. આર્થિક રીતે નબળા લોકો માટે આરોગ્યને લગતી સુવિધા ઉપલબ્ધ કરાવો, હોસ્પિટલ બંધાવો, તે યજ્ઞ છે.

આપણે ત્યાં આ દરેક સાથે યજ્ઞ શબ્દ લગાડવામાં આવે છે. દંતયજ્ઞ, નેત્રયજ્ઞ... એટલે સત્કર્મ. એના દ્વારા જ દેવતાઓ પુષ્ટ થાય. એ દેવતાઓનો ખોરાક છે. દેવતાઓને ઉદ્દેશીને આપણે યજ્ઞમાં આહુતિ આપીએ છીએ. 'વરુણાય સ્વાહા ઈદં વરુણાય, નમમ અગ્નયૈ સ્વાહા, ઈન્દ્રાય સ્વાહા, વાયવે સ્વાહા' દેવતાઓને ઉદ્દેશીને અગ્નિમાં નિશ્ચિત આહુતિ આપવામાં આવે છે. ખરેખર તો આ દેવતાઓ એટલે આપણી અંદરના સદ્ગુણો.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ધીરજ સમ નહીં ધન

નેપોલિયન હિલ નામના લેખકે પોતાના પુસ્તક 'Think and Grow Rich'માં એક પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે કે, 'આર. યુ. ડર્બી નામના વ્યક્તિએ એક જગ્યાએ થોડું ખોદતાં તેને સુવર્ણનાં ચિહ્નો દેખાયાં. વધુ ખોદકામ કરવા માટે તેને અદ્યતન મશીનરીની જરૂર જણાઈ. આ માટે તેણે પોતાનાં સગાં-સ્નેહીએ પાસેથી ઉછીના ડોલર ભેગા કર્યા અને મશીનો ખરીદ્યાં. ત્યાર પછી, તેણે આ મશીનરી દ્વારા ખોદકામ શરૂ કર્યું, પરંતુ હવે તેને કોઈ પ્રકારના સુવર્ણ ચિહ્નો દેખાયાં નહીં.

તે અત્યંત નિરાશ થઈ ગયો. તેણે ખોદકામ બંધ કરી, બધી મશીનરી નજીવી કિંમતે એક સામાન્ય વ્યક્તિને વેચી દીધી. આ સામાન્ય વ્યક્તિએ ખાણનિષ્ણાત એન્જિનિયરને બોલાવી તપાસ કરાવી. એન્જિનિયરે કહ્યું કે, 'જ્યાં સુધી ખોદ્યું છે, તેનાથી ત્રણ ફૂટ નીચે જ સુવર્ણ છે.'

એ માણસે ખોદકામ કરાવી અપાર સુવર્ણ મેળવ્યું અને તે કરોડપતિ બની ગયો. બીજી બાજુ આર. યુ. ડર્બીને પોતે કરેલું દેવું ચૂકવતાં વર્ષો નીકળી ગયાં.'

આર.યુ. ડર્બી સુવર્ણથી વંચિત રહ્યો, એનું એકમાત્ર કારણ હતું-ધીરજનો અભાવ. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતાં કે, 'પ્રયત્ન કરવા છતાં પરિણામ ન જણાય, તો પણ ધીરજ ન ગુમાવવી. આપણા પ્રયત્નોનું ફળ જરૂર મળશે જ. માટે ક્યારેય નાહિંમત બની પ્રયત્ન મૂકવો નહીં.' જે વ્યક્તિઓએ ધીરજ નથી ગુમાવી, તેઓ કંઈક પામ્યા છે.

ફોર્ડ કંપનીના સ્થાપક હેન્રી ફોર્ડે એક કારની રચના કરી. તેણે એક પત્રકારને એ કારમાં બેસવાની

વિનંતી કરી. પેલા પત્રકારે કહ્યું કે, 'આવા હાલતાં-ચાલતાં કારખાનાંમાં બેસીને મારે મારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવી નથી.' જોકે આવા પ્રત્યુત્તરથી ફોર્ડે ધીરજ ન ગુમાવી. ધીમે ધીમે લોકો ગાડી ખરીદવા લાગ્યા અને છેવટે ફોર્ડ અબજોપતિ બની ગયા.

હેનીર કોલિન્સ નામના એક ઉદ્યોગપતિને કોઈકે પૂછ્યું કે, 'ગ્રાહકને તમારી પ્રોડક્ટ વેચવા માટે તમે તેની કેટલી વખત મુલાકાત લો છો?' હેનીર કોલિન્સે જવાબમાં કહ્યું કે, 'એ તો અમારા બેમાંથી કોનું અવસાન વહેલું થઈ જાય છે તેના પર આધાર!' આ વાક્ય તેમનામાં રહેલી ધીરજની સાક્ષી પૂરે છે.

ટૂંકમાં, ધીરજનાં ફળ મીઠાં. આર. યુ. ડર્બીએ ધીરજ ગુમાવી દીધી માટે તે મીઠાં ફળનો આસ્વાદ ન પામ્યો, જ્યારે ફોર્ડ-કોલિન્સે ધીરજ જાળવી રાખી માટે તે મીઠાં ફળને પામી શક્યા. કેવળ ઔદ્યોગિક ક્ષેત્રે જ નહીં, પારિવારિક જીવનમાં પણ ધીરજ મીઠા ફળનું પ્રદાન કરે છે.

એફ.એલ. લ્યૂક્સ નામના લેખકે એક સુંદર કથા લખી છે. ચીનમાં એક એવું કુટુંબ વસતું હતું, જેની નવ પેઢીઓ એકસાથે એક જ છત નીચે રહેતી હતી. આ પરિવારની ખ્યાતિ શહેનશાહ સુધી પહોંચી. શહેનશાહે એક કાસદને પરિવારે અનુસરેલા પાયાના સિદ્ધાંતોને જાણી લાવવા મોકલ્યો.

કાસદે પરિવારના વડદાદાઓને શહેનશાહનો સંદેશો પહોંચાડ્યો. તેમણે એક લાંબા કાગળ પર પીંછી લઈને ચીની ચિત્રલિપિમાં લખવું શરૂ કર્યું. લાંબા લખાણ પછી, એ કાગળ શાહીદૂતને સુપ્રત કર્યો. કાસદે કાગળ શહેનશાહને આપ્યો. શહેનશાહે જ્યારે એ પત્ર-ફીંડલું ખોલ્યું, ત્યારે તેના આશ્ચર્ય વચ્ચે કેવળ એક જ ચિત્ર-પ્રતીક એક-સો વાર આલેખાયેલું નિહાળ્યું. આ ચિત્ર-પ્રતીક હતું - 'ધીરજ' શબ્દનું.

આજના જમાનામાં ધીરજ રાખવી મુશ્કેલ છે, કારણ કે લગભગ દરેક વસ્તુ તાત્કાલિક મળે છે. તેથી આપણી માનસિકતા પણ એવી જ ઘડાઈ છે.

વાસ્તવિકતા એ છે કે અમુક વસ્તુમાં ધીરજ રાખવી જ પડે. ખાસ કરીને સંતાનો કે જીવનસાથીમાં પરિવર્તનો લાવવા ધીરજ રાખ્યા વિના છૂટકો નથી.

વધુ પડતો આગ્રહ કરવાથી ક્યારેક સામેવાળી વ્યક્તિ ઉશ્કેરાઇ જાય અને વાત વણસી જાય છે. એની સામે ધીરજ રાખનારને થોડી રાહ અવશ્ય જોવી પડે પણ અંતે તે સુખદ પરિણામ ભોગવે છે.

સંતકવિ નિષ્કુળાનંદ સ્વામીએ ધીરજને ધનની ઉપમા આપતાં લખ્યું છે કે, ***'ધીરજ સમ નહીં ધન રે સંતો... ધીરજ સમ નહીં ધન...'***

માફી ન આપવી એટલે?

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

બીજા વિશ્વયુદ્ધ પૂર્વે હિટલરના નાઝી સૈનિકોએ જર્મનીમાં લાખો યહૂદીઓને કોન્સન્ટ્રેશન કેમ્પમાં પૂરીને મારી નાખ્યા હતા. ક્રૂરતાની પરાકાષ્ઠા એ હતી કે તેમાંના કેટલાય લોકોને ગેસ ચેમ્બર્સમાં ઝેરી ગેસ દ્વારા મારી નાખવામાં આવ્યા હતા. કેટલાક જ લોકો આ ભારે યાતના સહન કરીને પણ બચી ગયા હતા.

આ કેમ્પ અને ગેસ ચેમ્બર્સમાં જઈને જીવતા રહેલા બે મિત્રો વર્ષો પછી મળ્યા. ભૂતકાળના સંસ્મરણો વાગોળતાં એક મિત્રએ બીજાને પૂછ્યું, 'આપણી ભૂલ ન હતી, છતાં નાઝી સૈનિકોએ આપણને ખૂબ પરેશાન કર્યા. વર્ષો સુધી જેલમાં પૂરી રાખ્યા. આજે તને હિટલર કે નાઝી સૈનિકો માટે શું ભાવ છે?'

'એ કટુ સમયને યાદ રાખીને શું લાભ? જીવનમાં સુધાપાન સમી સુખની ક્ષણોને સ્મૃતિપટ ઉપર રાખવી જોઈએ, વિષપાનની વિષમ ક્ષણોનો વિચાર પણ કેમ કરવો? નાઝી સૈનિકો માટે દુર્ભાવ કેમ રાખવો? મેં તો જેલમાં હતા, ત્યારે જ માફ કરી દીધા હતા. તારાં મનમાં અત્યારે શું ભાવ છે?'

'સાચું કહું તો એ દિવસોને હું હજી ભૂલી શક્યો નથી. મેં તો હજી તેમને માફ કર્યા નથી, કદાચ જીવનપર્યંત કરી શકીશ પણ નહીં...!'

પેલા મિત્રએ હસતાં હસતાં કહ્યું, 'મિત્ર! હું તો વર્ષો પૂર્વે જ જેલમાંથી બહાર આવી ગયો હતો, પણ મને લાગે છે કે તું તો જેલમાંથી બહાર આવ્યા પછી હજી પણ જેલમાં જ છે...!'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 16 મે, 2024 | વૈશાખ સુદ આઠમ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મનનું સંતુલન ટકાવી રાખે એ યોગી

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું છે કે, હું અજન્મા છું અને અવિનાશી હોવા છતાં સમસ્ત પ્રાણીઓનો ઈશ્વર છું. ઈશ્વર કિસકો બોલતે હૈં? જો સબકા નિયંતા હૈ, સબ કો નિયંત્રણ મેં રખનેવાલા હૂઁ. મારી પ્રકૃતિને આધીન કરીને, વશ કરીને મારી યોગમાયા દ્વારા પ્રગટ થાઉં છું.

પ્રકૃતિ પરામ્બા ભગવતી છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. સત્ત્વ, રજસ અને તમસ - આ ત્રણેય ગુણોની સામ્યાવસ્થા એ પ્રકૃતિ છે. આપણું આ શરીર પણ પ્રકૃતિ છે. આપણું પંચભૌતિક પિંડ એટલે શરીર. વૈષ્ણોદેવીમાં ત્રણ પિંડ છે. એમાં એક પિંડ એટલે આપણો આ પિંડ એટલે આપણો આ પંચભૌતિક પિંડ.

બીજો પિંડ એટલે મન - મન એટલે લાગણી. માણસ લાગણીનો બનેલો છે. કોઈકે બે સારા શબ્દો કહ્યા હોય અને ખુશ થઈ જઈએ. કોઈકે કડવા વેણ કીધા અને દુ:ખી થઈ જઈએ, રડવા લાગીએ, ખોટું લાગે અથવા મારામારી પર ઊતરી આવીએ.

ત્રીજો પિંડ એટલે વૈચારિક પિંડ-બુદ્ધિ. એની પાસે વિચારો છે. વિચાર, લાગણી અને આ ભૌતિક પિંડ દ્વારા થતાં કાર્યો. ક્રિયા, વિચાર અને ભાવના - ત્રણેયનું મિશ્રણ એટલે ચરિત્ર.

આપણે ક્રિયાના, ભાવનાના અને વિચારના બનેલા છીએ. આ ત્રણેય મળી આપણું જીવન, અસ્તિત્વ બને છે. એટલે એ પરામ્બા ભગવતીની ત્યાં પૂજા થાય છે. આપણે પણ ત્રણેયની પૂજા કરવાની છે.

આપણે અહીં બેઠા છીએ એ પહેલાં વૈચારિક પિંડની પૂજા ચાલે છે. આપણી વિચારપ્રક્રિયા સાચી હોય એ જરૂરી છે.

પ્લેટો-પાશ્ચાત્ય ચિંતક કહે છે કે વસ્તુ બનને સે પહલે વસ્તુ કા વિચાર બનતા હૈ. ટેબલ બનને સે પહલે ટેબલ કા વિચાર કાર્પેન્ટર કે મન મેં બનતા હૈ. આપણું વિશ્વ આપણા વિચારોનું બનેલું છે. મનુષ્ય ઔર કુછ નહીં, અપને વિચારોં કા પુતલા હૈ. તુમ્હારી દુનિયા વૈસી બનેગી, જૈસા તુમ સોચતે હો. ઈસલિયે તુમ સોચ સહી રખો.

નકારાત્મક વિચારવું નહીં, માણસ પોતાની સમસ્યાઓ વિશે વિચારતાં વિચારતાં સમસ્યાઓને જન્મ આપી બેસતો હોય છે.

ગમે તેટલી સમસ્યાથી ઘેરાયેલા અને દુ:ખથી પીડાતા હોઈએ ત્યારે પણ હંમેશાં એક વાત યાદ રાખવી કે જીવનમાં ક્યાંક તો સારું થયું છે. ક્યારેક તો સારું થયું છે તેનો વિચાર સૂતાં પહેલાં કરવો. 'હે ભગવાન! તેં મારા જીવનમાં આ સારું કર્યું હતું. મારા જીવનમાં સૌથી સારી ક્ષણો આ હતી. સૌથી ખુશીની ક્ષણો આ હતી,' એને યાદ કરવાની.

ડાહ્યો માણસ હોય તે દુ:ખથી એક વાર દુ:ખી થાય અને બેવકૂફ હોય તે એક દુ:ખથી અનેક વાર દુ:ખી થાય, તેને યાદ કરી કરીને. કોઈકે અપમાન કર્યું હોય તો ડાહ્યો માણસ એક વાર દુ:ખી થાય, પછી વાત પૂરી.

જેનો પોતાના ઈમોશન્સ કે વિચારપ્રક્રિયા પર કન્ટ્રોલ નથી, તે વારંવાર તે ઘટનાને યાદ કરે. પેલાએ તો એક વાર ગાળ દીધી હોય, અપમાન કર્યું હોય પણ આ રિપ્લે કરી વારંવાર પોતાને અપમાનિત કરે. આપણે એ ઘટનાથી એટલા પ્રભાવિત થઈ જતાં હોઈએ છીએ કે વારંવાર આપણને એ યાદ આવે છે.

પોરબંદર પાસેની જાંબુવાનની ગુફા

દુ:ખ જીવનમાં અનિવાર્ય છે. રાજા રામના જીવનમાં પણ દુ:ખ આવેલું, પણ દુ:ખી થવું અનિવાર્ય નથી. કોઈ અપમાન કરે તો કરે, એનાથી અપમાનિત થવું-ન થવું આપણા પર આધારિત છે. દુ:ખ આવે તો આવે એને ન રોકી શકો, પણ એનાથી દુ:ખી થવું-ન થવું આપણાં હાથમાં છે. એટલા માટે ગીતાનો સંદેશ છે.

'સુખદુ:ખે સમેકૃત્વા લાભાલાભૌ જયાજયૌ

સુખ, દુ:ખ, લાભ, હાનિ, સફળતા, જય, પરાજય, દ્વંદ્વ કી બની હૈ દુનિયા દુનિયા કા નામ હી હૈ દ્વૈત દ્વંદ્વ - દો ઔર ઈસ દુઈ મેં અપને મન કે સંતુલન કો બનાયે રખના યહીં યોગ હૈ.

તમે એક પાત્ર વિશે સાંભળ્યું હશે. એ પાત્ર એવું છે કે એ સતયુગમાં છે, ત્રેતામાં છે અને દ્વાપરમાં પણ છે, એ પાત્ર એટલે જાંબુવાન. એ સતયુગમાં પણ છે. જ્યારે ભગવાન વામન વિરાટ થયા ત્યારે એણે થોડી વારમાં સાત પરિક્રમા કરેલી વિરાટની. રામાયણમાં રામજીની સાથે છે એટલે વ્રતામાં પણ છે અને દ્વાપરમાં એ કૃષ્ણ સાથે લડે છે અને જાંબુવાનની પુત્રી સાથે જાંબુવતી સાથે કૃષ્ણનાં લગ્ન થાય છે.

હવે બધે ઠેકાણે જયવિજય જ દેખાય છે એટલે ભગવાનને થયું કે આના જીવનમાં પરાજયની પણ જરૂર છે. એટલે દ્વાપરના અંતમાં ભગવાન જાંબુવાનની સાથે યુદ્ધ કરે છે.

પોરબંદરની બાજુમાં જ જાંબુવાનની ગુફા છે. ત્યાં લોકો માને છે કે અહીં જાંબુવાન રહેતા હતા અને જાંબુવતીને ત્યાંથી ભગવાન લઈ આવ્યા. કોઈક દિવસ પોરબંદર જાવ તો જોજો. દ્વાપરમાં ભગવાન શ્રીકૃષ્ણે જાંબુવાન સાથે યુદ્ધ કર્યુ અને જાંબુવાનને પરાજિત કર્યા, માર્યા નથી. પછી જાંબુવાને ભગવાનને ઓળખ્યા અને પોતાની દીકરી જાંબુવતી ભગવાને સોંપી. આવી કથા છે.

જીવનમાં પરાજયની પણ જરૂર છે. જો મનનું સંતુલન ગુમાવ્યું તો સફળતા પણ થકવી નાખે છે. માણસ અભિમાની થઈ જાય છે. નિષ્ફળતામાં જો મનનું સંતુલન ગુમાવ્યું તો નિષ્ફળતા તમને તોડી નાખે. માણસ હતાશ થઈ જાય.

આપણે જોઈએ છીએ કે મકોડો દીવાલ પર ચડતો હોય, પછી પડે, હેઠો પડી પાછો ચડે. વળી, પાછો લપસી જાય તો પડે અને વળી પાછો ચડે. મકોડો હારતો નથી આપણે તો માણસ છીએ!

નિષ્ફળતા માણસને બગાડે નહીં, સફળતા પણ એના મનને વિચલિત ન કરે. ગીતાનો આ સંદેશ છે. આ સંતુલન માણસ ટકાવી રાખે તો એ યોગી છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મને માફ કરશો...

અમેરિકામાં એક વિખ્યાત પ્રવચનકાર થઈ ગયા - રેન્ડી પોશ. તેઓ દસ વર્ષના હતા, ત્યારે તેમની મોટી બહેન સાથે તેઓ ડિઝની વર્લ્ડ ફરવા ગયા હતા. ત્યાં તેમણે દસ ડોલરનું એક રમકડું ખરીદ્યું. તેઓ રમકડાંને લઈને આગળ ચાલતા હતા. અચાનક તેમના હાથમાંથી રમકડું પડી ગયું અને તૂટી ગયું. ભાઈ-બહેન બંને દુ:ખી-દુ:ખી થઈ ગયાં.

આ સમયે એક વ્યક્તિ ત્યાંથી પસાર થતી હતી. તેમણે આ દૃશ્ય જોયું અને બાળકોને સલાહ આપી કે, 'તમે ફરી એ દુકાનદાર પાસે જાવ અને રમકડું પાછું આપી દો.' ત્યારે રેન્ડીએ કહ્યું, 'અમે લીધું ત્યારે તો રમકડું તૂટેલું નહોતું. પણ મારી ભૂલને કારણે આ તૂટ્યું છે. માટે કેવી રીતે પાછું અપાય?' ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું કે, 'એક વાર પ્રયત્ન તો કરી જુઓ.'

ભાઈ-બહેન પેલા દુકાનદાર પાસે ગયાં અને વિવેકપૂર્વક વાત કરતાં કહ્યું, 'અમારી ભૂલથી આ રમકડું તૂટી ગયું છે. તો આપ અમને કઈ રીતે મદદ કરી શકો?' ત્યારે પેલા દુકાનદારે તે તૂટેલું રમકડું પાછું લઈ લીધું અને રેન્ડીને નવું રમકડું આપતાં કહ્યું, 'Sorry it is not your fault, but it is our fault.'

'આમાં તમારી શું ભૂલ છે?' રેન્ડી દ્વારા આ પૂછાતાં દુકાનદારે કહ્યું, 'અમારું પેકિંગ એવું હોવું જોઈએ કે દસ વર્ષનું બાળકના હાથમાંથી રમકડું નીચે પડી જાય તો પણ તે ન તૂટે. અમે એવું પેકિંગ નથી કરી શક્યા, તે અમારી ખામી છે.'

ઉપરોક્ત પ્રસંગમાં ભૂલ તો બાળકની જ હતી, છતાં પેલા દુકાનદારે તે ભૂલ પોતાના માથે ચડાવી.

'માણસમાત્ર ભૂલને પાત્ર' આ ઉક્તિ આપણે કેટલીય વાર હશે, પરંતુ સ્વીકારી કેટલી વખત? વ્યક્તિ બીજા તરફ આંગળી ચીંધે ત્યારે એક જ આંગળી સામોવાળા તરફ હોય છે, બાકીની ત્રણ આંગળીઓ તો પોતાના તરફ જ હોય છે, પરંતુ વ્યક્તિને કોઈ ભૂલ બતાવે તે ગમતું નથી.

પારિવારિક, સામાજિક કે વ્યાવસાયિક ક્ષેત્રોમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનાં મૂળ તપાસીએ, તો તેમાં ક્યાંક ને ક્યાંક ભૂલનો અસ્વીકાર જ જોવા મળે છે. એ પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો હોય કે માલિક-મજૂર વચ્ચે થતી ગેરસમજ હોય, યુવાનો-વડીલો વચ્ચેનું પેઢીગત અંતર હોય કે સાસુ-વહુ વચ્ચે થતો ગજગ્રાહ હોય - આ તમામનું મૂળ ભૂલનો અસ્વીકાર જ હોય છે.

જો વ્યક્તિ ભૂલને સ્વીકારી સુધારવાનો પ્રયત્ન કરે તો તે શ્રેષ્ઠતાના માર્ગે અવશ્ય ચડી શકે. જીવનભર અન્ય દ્વારા આપણી ભૂલોનાં ભૂંગળાં વાગતાં જ રહેવાનાં છે. પરંતુ જો તેને સ્વીકારતાં શીખીશું તો શાંતિ અને પૂર્ણતાનો અનુભવ થશે.

મહાન વ્યક્તિ ભૂલને સ્વીકારી તેને સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે, કારણ કે ભૂલ જીવનને સુધારવાની દિશા આપે છે. વ્યક્તિની ભૂલ થઈ હોય અને તેને સ્વીકારવી તે તો સારી વાત છે પરંતુ ભૂલ ન હોવા છતાં એ સ્વીકારી પોતાના માથે વહોરવી તે મહાપુરુષોની પરમ સિદ્ધિ છે.

1987માં પ્રમુખસ્વામી મહારાજ ચારધામની યાત્રા પૂર્ણ કરીને મુંબઈ પધાર્યા હતા. અહીં તેમના પર લંડનના રોમફર્ડથી એક વ્યક્તિનો રોષ ઠાલવતો પત્ર આવ્યો.

એ પત્રમાં લખ્યું હતું, 'તમારે આટલા મોટા કાફલા સાથે યાત્રાએ ન નીકળવું જોઈએ. તમારી તારીખે-તારીખ અમારી યાત્રા ચાલતી હતી. તમારા લીધે અમને બધી જ જગ્યાએ ઉતારામાં અગવડ પડી. અમારા કુટુંબને તમે દુ:ખી-દુ:ખી કરી નાંખ્યું.'

બે-ત્રણ મહિના પૂર્વેથી જ ઉતારાની ગોઠવણી કરીને યાત્રાએ નીકળેલા સ્વામીનો આમાં કોઈ વાંક નહોતો. છતાં સ્વામીએ પોતાની ભૂલ થઈ હોય તેમ ક્ષમાયાચનાનો પત્ર પાઠવ્યો કે, 'તમને તકલીફ પડી એ બદલ માફ કરશો. ત્યાં તમે અમને વાત કરી હોત, તો અમે તમને સગવડ કરાવી દેત. તમને તકલીફ પડે એવો અમારો આશય નહોતો.'

મહાપુરુષો પોતાની ભૂલ ન હોવા છતાં ભૂલનો સ્વીકાર કરી શકતા હોય, તો આપણાથી સતત ભૂલો થતી હોય છે. આપણે ભૂલનો સ્વીકાર ન કરીએ?

હા, ભૂલ સ્વીકારવામાં આપણો અહં ઘવાય છે. છતાં તેનાથી થતા ફાયદાની સામે નજર નાંખતા ભૂલ સ્વીકારવાનું સોંઘું જણાય છે. આપણે પણ આવા શાંતિપ્રદ માર્ગે આગળ ધપીએ.

મંત્રીએ શું માંગ્યું...?

કાશ્મીરના રાજા લલિતાદિત્ય વિશાળ સૈન્ય સાથે પંજાબ જતા હતા. માર્ગમાં સિંધુ નદી આવી. વિશાળ સૈન્ય સાથે સિંધુ નદી પાર કઈ રીતે કરવી?

ચિકુણ નામના મંત્રીને રાજાની ચિંતાનો ખ્યાલ આવ્યો. એણે કહ્યું, 'મહારાજ! આપ ચિંતા ન કરો. મારી પાસે બે મણિ છે. તેનાથી આ સમસ્યાનું સમાધાન થઈ જશે.' કહી મણિને નદીમાં નાખ્યો અને નદી બે ભાગમાં વહેંચાઈ ગઈ.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

સૈન્ય સાથે નદીનો પટ પાર કર્યો. સામે પહોંચીને બીજો મણિ નદીમાં નાખ્યો અને અલગ થયેલી સિંધુ નદી એક પ્રવાહમાં વહેવા લાગી.

લલિતાદિત્યે ચિકુણને કહ્યું, 'આ બે દુર્લભ મણિ મને આપી દે અને એની સામે તારે જે જોઈએ, તે મારા રાજભંડારમાંથી લઈ લે.'

ચિકુણે બંને મણિ રાજાનાં ચરણોમાં ધરી કહ્યું, 'મહારાજ! આમ તો મારે કંઈ જોઈતું નથી, છતાં આપને જો આપવાની ભાવના હોય તો મગધ સમ્રાટે આપને જે પરમાત્માની પ્રતિમા ભેટમાં આપી છે, તે મને આપો.'

રાજા હસવા લાગ્યા, 'માંગી-માંગીને તેં પ્રતિમા જ માંગી! મારા ખજાનામાં રત્નો, સુવર્ણનાં દુર્લભ આભૂષણો વગેરેમાંથી તેં કંઈ ન માંગ્યું?'

ચિકુણે સસ્મિત કહ્યું, 'મહારાજ! મેં તો આપને સિંધુ નદી પાર કરાવે તેવા બે મણિ આપ્યા છે. તેની સામે સમસ્ત સંસાર સાગર પાર કરાવે, તેવી પ્રતિમા મને મળી રહી છે, એનો મને આનંદ છે.'

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે કરો તે મનથી કરો

ઈશ્વરે આપણને તન આપ્યું, મન આપ્યું, ધન આપ્યું. સૌ એમ કહે કે, 'તન, મન, ધનથી સેવા કરો.' જ્યાં સુધી માણસનાં મનમાં સેવાની વૃત્તિ નહીં હોય, સેવાની ભાવના નહીં જાગે, ત્યાં સુધી એ ન મનથી સેવા કરશે, ન તનથી સેવા કરશે. પહેલાં મન આપશે તો ધન પણ આપશે. ધન નહીં હોય તો તન આપશે

સંસ્થાઓ એના ભવનથી નથી બનતી. નિષ્ઠા અને પ્રવૃત્તિથી ખરા અર્થમાં સંસ્થા બને છે. સ્થાપક થવું બહુ સહેલું છે. વ્યવસ્થાપક થવું બહુ કઠિન છે. કેટલીક વાતો જે માત્ર સમજદાર વ્યક્તિએ જ સમજવાની હોય છે અને સમાજ પ્રત્યેની જે પોતાની ફરજ છે, તેના પ્રત્યે સભાન થવાનું હોય છે. ઈશ્વરે આપણને તન આપ્યું, મન આપ્યું, ધન આપ્યું.

સૌ એમ કહે કે, 'તન, મન, ધનથી સેવા કરો.' પણ વિચાર કરશો તો ખ્યાલ આવશે કે જ્યાં સુધી માણસનાં મનમાં સેવાની વૃત્તિ નહીં હોય, સેવાની ભાવના નહીં જાગે, ત્યાં સુધી એ ન મનથી સેવા કરશે, ન તનથી સેવા કરશે. પહેલાં મન આપશે તો ધન પણ આપશે. ધન નહીં હોય તો તન આપશે.

એક માણસને કોઈ વ્યક્તિએ કહ્યું કે, 'તમને ભગવાને ઘણું ધન આપ્યું છે, તમે સુખી છો, સમાજની સેવા કરો ને? તમારે કંઈક કરવું જોઈએ સમાજ માટે!' એટલે એણે જવાબ આપ્યો કે, 'મારે સમાજસેવા કરવી છે. પણ સમય નથી મળતો.'

એક માણસ પાસે નોકરી ન હતી. સમય જ સમય હતો. કોઈકે કહ્યું કે, 'ભાઈ! આ સારું કામ છે. હમણાં તારે બીજું કંઈ કામ નથી, તો આમાં મદદ કર. કંઈક સેવા આપ.' તો એણે કહ્યું કે, 'હું તો સેવા કરું. પણ ભગવાને પૈસા એવા લોકોને આપી દીધા કે જેને સેવા કરવાની કોઈ ઇચ્છા નથી. મને ભગવાન પૈસા આપે, પછી જુઓ હું કેટલો ખર્ચ કરું છું, સારા માર્ગે.'

ટૂંકમાં, બંનેની સેવા કરવાની વૃત્તિ નથી. જેની પાસે સમય છે એ કહે છે, 'જો મારી પાસે સંપત્તિ હોત, પૈસા હોત, ધન હોત તો મેં સેવા કરી હોત.' અને જેની પાસે ધન, સંપત્તિ છે એ કહે છે કે, 'સમયનો અભાવ છે, નહીંતર તો અમે સેવા કરત.'

હકીકતમાં, બંને માને છે કે મારી પાસે જે નથી, એનાથી સમાજસેવા થાય, પણ જેની પાસે છે એ એમ વિચાર કરતો નથી. જે છે, એનાથી સેવા કર. જેની પાસે સમય છે, એ સમય આપે. જેની પાસે સંપત્તિ છે, એ સંપત્તિ આપે. આ વાત તો જ શક્ય બને જો ખરેખર મનમાં સેવાની ભાવના જાગે.

એટલા માટે પહેલાં મન. મનથી માણસ સેવા કરે એનું બહુ મહત્ત્વ છે. અને સેવા જ શું કામ? મનથી રસોઈ ન થાય તો રસોઇમાં પણ ભલીવાર ન હોય. કોઈ પણ કાર્યમાં પહેલી વસ્તુ છે મન, જે કંઈ પણ કરો, એ મનથી કરો.

આપણે ત્યાં શાસ્ત્રોએ એવી દૃષ્ટિ આપી છે કે રાજા ભૂપતિ ન બને. પૃથ્વીનો સ્વામી ન બને. રાજા છે એ પૃથ્વીનો પિતા બને. એટલે એણે પૃથ્વીને પોતાની પુત્રી માની. આવી એક કથા છે પૃથુ ચરિત્રની અંદર. લોકો જ્યારે આવી ભાવના જગાડશે અને આ ભાવનાથી શાસન કરશે. તે પછી પોતાનાં ખિસ્સાં નહીં ભરે. એ જનતાની સેવા કરશે.

પૃથુએ પૃથ્વીને એ દૃષ્ટિથી જોઈ એટલે સત્તાની ખુરશીને જોઈ. શાસકો સત્તાને દીકરી માને તો રાષ્ટ્રનું કલ્યાણ થઈ જશે. સત્તાને દીકરી માને એને દેવાય, એની પાસેથી કંઈ લેવાય નહીં.

સંસ્થાને ટ્રસ્ટીઓ પોતાની દીકરી માને. દીકરી જન્મે, મોટી થાય અને સંસ્કાર આપે, ભણાવે અને જેમ જેમ મોટી થાય એટલે બાપની ચિંતા વધે. એની પાસેથી કંઈ લે નહીં. એને આપે. એમ કોઈ ધન આપે, કોઈ સંપત્તિ આપે, પણ સંસ્થા સહિયારી છે. એ સમાજની છે અને પુત્રીરૂપ છે.

એક વસ્તુ સમજી લેજો. આપશો એટલે તમારું ખિસ્સું ખાલી નથી થવાનું. હું એક જગ્યાએ કહેતો હતો. દાનની વાત ચાલતી હતી; એટલે મેં કહ્યું, હું પણ ભગવાનને પ્રાર્થના કરું છું અને આશીર્વાદ આપું છું કે તમારાં ખિસ્સાંને ભગવાન વીરડા બનાવે. વીરડા જેવા ખિસ્સાવાળાં બનજો.

ગામમાં બહેનો પાણી ભરવા જાય. નજીકમાં ઘણી વાર પાણી ડહોળું હોય, ભેંસો બેઠી હોય અને પછી કાંઠે વીરડો કરે. પછી એને ઉલેચે. એ જેમ જેમ ઉલેચતી જાય, તેમ તેમ નિર્મળ સરવાણી અંદર આવતી જાય.

એટલે ખિસ્સાંને વીરડા જેવા રાખજો. ઉલેચ્યા કરો; તો ખિસ્સું ખાલી નથી થવાનું. ઊલટાની વીરડામાં જેમ નિર્મળ સરવાણી ફૂટે, એમ તમારા ધનની નિર્મળ સરવાણીઓ ફૂટશે.

ધનની શુદ્ધિ થાય. દાનથી ધનની શુદ્ધિ થાય એમ કહીએ એટલે પેલું ગણિત કામ કરે, ઉલેચ્યા કરવાનું. આમ, જીવનમાં દાન કરતાં રહો, નિષ્ઠા અપનાવો, સમજદાર બનો અને જે કંઈ પણ કરો તે મનથી કરો.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

માનવજીવનનો શ્વાસ : પ્રાર્થના

આ ઘટના છે, એપોલો-13 અવકાશયાનની ચમત્કારિક રક્ષાની. તા. 11-04-1970ના રોજ અમેરિકાની ધરતી પરથી વિદાય લઈને એપોલો-13 યાન આશરે 3,00,000 કિ.મી. દૂર પહોંચી ગયું હતું. પછી એવી યાંત્રિક ખામી સર્જાઈ, જેનો કોઈ ઈલાજ નહોતો. એપોલો યાન અને તેમાં બેઠેલા અવકાશયાત્રીઓનો વિનાશ નિશ્ચિત હતો.

જ્યારે ધુરંધર વિજ્ઞાનીઓ પણ લાચાર બન્યા, ત્યારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સને અમેરિકાના દરેક નાગરિકને પ્રાર્થના માટેની અહાલેક જગાવી કે, 'આપણે બીજું કશું ન કરી શકીએ, પણ અવકાશમાં ગયેલા ત્રણે યાત્રીઓ માટે ભગવાનને પ્રાર્થના કરીએ.'

નિક્સનની વિનંતીથી સૌ અમેરિકનો પ્રાર્થનામાં જોડાયાં અને આ સમૂહપ્રાર્થનાએ ચમત્કાર સર્જ્યો. અવકાશયાન સહીસલામત પૃથ્વી પર પાછું આવ્યું અને ત્રણ અવકાશયાત્રીઓની અકલ્પનીય રક્ષા થઈ. આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર જેરી વુડફિલે 'What really happened to Apollo 13' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે મિશનનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે.

આવા કંઈક ચમત્કારો દ્વારા પ્રાર્થનાનો પ્રભાવ વિશ્વના કરોડો લોકોએ અનુભવ્યો છે. જેમાં માત્ર વિજ્ઞાનની દૃષ્ટિએ જ વિશ્વને જોતાં માનવીઓએ પણ જીવનની કપરી વેળાઓમાં પ્રાર્થનાની શક્તિનો અનુભવ કર્યો છે.

જોકે, પશ્ચિમના આરોગ્ય-વિજ્ઞાનીઓ આ સદીમાં

જે વાતો કરી રહ્યા છે, તે વાતો ભારતમાં સદીઓ પૂર્વેથી અનુભવમાં પંકાયેલી છે. માનવજાતિના પ્રાચીન દસ્તાવેજ સમો ઋગ્વેદ જગતની શ્રેષ્ઠ પ્રાર્થનાઓથી છલકાય છે. ગાયત્રીમંત્ર કે વૈદિક શાંતિપાઠ જેવી ચિરંતન પ્રાર્થનાઓ છેલ્લાં 10 હજારથી વધુ વર્ષોથી ગવાઈ રહી છે.

માત્ર વેદો નહીં, 18 પુરાણો પણ પ્રાર્થનાઓનો મહાસંચય છે. તેમાં પ્રહ્લાદ, વૃત્રાસુર કે ધ્રુવે કરેલી પ્રાર્થનાઓ પરિશુદ્ધ હૃદયમાંથી ફૂટેલી સરવાણી છે. સૂરદાસ અને કબીર, ભગવાન સ્વામિનારાયણના સંત કવિ મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી... આ ભક્તોએ કરેલી પ્રાર્થનાઓ પણ છે.

જોકે, પ્રશ્ન એ છે કે ભારતીયોની નવી પેઢીને આ પૈકી કેટલી પ્રાર્થનાઓનો ખ્યાલ હશે? કેટલી પ્રાર્થનાઓ યાદ હશે? ભારતમાં શાળા-કોલેજોમાં પ્રારંભે થતી પ્રાર્થનાઓ પણ હવે શિથિલ થતી જાય છે. આપણી કોલેજિયન પેઢીને અદાકારોમાં જેટલો રસ છે તેટલો પરમાત્મા કે પ્રાર્થનામાં નથી રહ્યો.

આવી વિપરીતતાઓ વચ્ચે આપણા સંતપુરુષોએ પોતાના જીવન પ્રસંગોથી પ્રાર્થનાની મહત્તા સુપેરે સમજાવી છે. પ્રસંગ છે 1985ની સાલનો. પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ અમદાવાદના આંગણે ભવ્યતાથી ઊજવાશે એવી જાહેરાત ગુજરાતભરમાં થઈ ચૂકી હતી.

આ મહોત્સવમાં લાખો માણસો આવવાના હતા. પ્રશ્ન એ હતો કે વરસાદ ખેંચાવાને કારણે પાણીની ખેંચ ઊભી થઈ હતી. વરસાદ ન પડે તો ઉત્સવ કરવો કે નહીં એ દ્વિધા હતી.

સમાજના પ્રતિષ્ઠિત માણસોની સલાહ તો એવી જ હતી કે ઉત્સવ ન જ કરવો જોઈએ. તેથી પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલી મીટિંગમાં સંસ્થાના વડીલ સંતો તથા ટ્રસ્ટીઓએ વિચાર કર્યો કે બે મહિનાના લાંબા મહોત્સવને બદલે ચાર-પાંચ દિવસમાં મહોત્સવ સમેટી લેવો.

મીટિંગ પૂરી થઈ, પણ ઊભા થતાં સ્વામી બોલ્યા કે, 'મને શ્રદ્ધા છે કે વરસાદ પડશે. અમે રોજ પ્રાર્થના કરીએ છીએ.' સૌના આશ્ચર્ય વચ્ચે ભાદરવા મહિનાના અંતિમ દિવસોમાં ભરપૂર વરસાદ પડ્યો, પાણીની તંગી દૂર થઈ, મહોત્સવ ધામધૂમથી ઊજવાયો. સૌને લાગ્યું કે પ્રમુખસ્વામી મહારાજની પ્રાર્થના અને શ્રદ્ધાનો જ આ ચમત્કાર છે.

આપણે પણ ભગવાનને પ્રાર્થના કરીએ. વિપરીતતાઓ માણસને બધી બાજુથી ઘેરી વળે છે, ત્યારે પ્રાર્થના જ માણસને સાચી દિશા બતાવે છે.

પ્રેમ એ જ શ્રેષ્ઠ દવા

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

દસ વર્ષનો નાનો બાળક. શું થયું ખબર નહીં, પણ તેને ભણવાનું ન ગમે કે રમવાનુંય ન ગમે. મિત્રો સાથે ફરવા પણ ન જાય અને વાતો પણ ન કરે. આખો દિવસ સૂનમૂન બેઠો રહે. આવું વર્તન જોતાં એનાં મમ્મીને ચિંતા થઈ કે ક્યાંક આ છોકરો ડિપ્રેશનમાં ન જતો રહ્યો હોય... મમ્મી દીકરાને શહેરના નામાંકિત ફિઝિશિયનને બતાવવા લઈ ગઈ.

ડોક્ટર વર્ષોના અનુભવી હતા. તેમણે બાળકને તપાસ્યું. તેનું શરીર એકદમ સ્વસ્થ હતું. રોગનો અંશ જણાતો ન હતો, પણ ડોક્ટર સમજદાર હતા. જો 'કંઈ નથી' એવું કહેશે, તો માતાને સંતોષ નહીં થાય. આથી તેમણે મલ્ટિવિટામિન લખી આપી.

દવાનું કાગળ આપતાં ડોક્ટર બોલ્યા, 'તમે ચિંતા ન કરશો. મેં જે દવા લખી આપી છે, તેનાથી બાળકને એકદમ સારું થઈ જશે, પણ દવાની સાથે-સાથે બાળકને પૂરેપૂરો પ્રેમ આપજો. પ્રેમ એ પણ શ્રેષ્ઠ દવા છે. નિયમિત દવા અને પૂરેપૂરો પ્રેમ આપશો, તો બાળક જલદી સ્વસ્થ થઈ જશે.'

ડોક્ટરે વિરામ લીધો, એટલે માતા પ્રિસ્ક્રિપ્શનનું કાગળ હાથમાં લઈ બોલી, 'સાહેબ! આ દવાથી બાળકને સારું ન થયું તો...?'

'તો કંઈ નહીં... પ્રેમના ડોઝને ડબલ-ત્રણ ગણો કરી નાખજો. એનાથી પણ એકદમ સારું થઈ જશે.'

ખરેખર પ્રેમ એ સર્વ દવામાં શ્રેષ્ઠ દવા છે, જે કોઈ પણ રોગને શાંત કરી શકે છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 30 મે, 2024 | વૈશાખ વદ સાતમ | વિક્રમ સંવત 2080 08

કર્મોને કૃષ્ણમય બનાવીએ તો પ્રગતિ શક્ય

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભક્તિમાર્ગમાં જો માણસ સાવધાન ન રહે તો કામ દ્વારા એનું પતન થાય. કર્મમાર્ગમાં લોભને કારણે પતન થાય છે. જ્ઞાનીનું પતન થાય ત્યારે એ નાસ્તિક બને, ભક્તનું પતન થાય ત્યારે એ ભોગી બને. યોગીનું પતન થાય ત્યારે એ રોગી બને. એ એનાં પરિણામો. પતનનાં કારણો કામ, ક્રોધ, લોભ.

ક્રોધને કારણે જ્ઞાનમાર્ગમાં પતનની સંભાવના વધે. કામને કારણે ભક્તિમાર્ગમાં પતનની સંભાવના વધે અને પતન થાય પછી પરિણામ? વિષયી ભોગી.

આમ ત્રણેય માર્ગ છે. નક્કી આપણે કરવાનું. વિચાર પ્રાધાન્ય હોય તો જ્ઞાનને માર્ગે જાવ, ભાવ પ્રાધાન્ય હોય તો તમારાં જીવનમાં ભક્તિમાર્ગ ગ્રહણ કરો અને જો કર્મનું પ્રાધાન્ય હોય, તો કર્મ કરો.

ભગવાન મહાવીરના સમયમાં હજારોની સંખ્યામાં જુદા જુદા મતો હતા, અનેક પંથો હતા. કોઈએ ભગવાન મહાવીરને પૂછ્યું કે, 'ભગવન! આટલા બધા પંથોમાંથી સાચો પંથ ક્યો?' એટલે મહાવીર ભગવાને જવાબ આપ્યો કે, 'બધાય રસ્તાઓની સાથે જો 'હી' લગાડવામાં આવે તો બધાય ખોટા અને જો 'ભી' લગાડવામાં આવે તો બધાય સાચા.'

'યે ભી એક માર્ગ હૈ.' તો બધાય સાચા ઔર 'યહી એક માર્ગ હૈ' તો બધાય ખોટા.

યદિ વિચારપ્રધાન હૈ તુમ્હારા જીવન, તો જ્ઞાનપથ કી ઓર જાઓ, યદિ ભાવ મેં તુમ જીનેવાલે હો, ભાવપ્રધાન હૈ. તો ભક્તિમાર્ગ કી ઓર જાઓ ઔર યદિ કર્મપ્રધાન જીવન જીનેવાલે હૈ આપ, તો ફિર યોગપથ પર જાઓ, કર્મમાર્ગ કી ઓર જાઓ. લેકિન તીનોં મેં જો ખતરા હૈ યે ભી સુન લો. જ્ઞાનમાર્ગ મેં ક્રોધ સે ખતરા હૈ, ભક્તિમાર્ગ મેં કામ સે ખતરા હૈ ઔર કર્મમાર્ગ મેં લોભ સે ખતરા હૈ. એ લોભ જ કર્મ દ્વારા આપણને કૃષ્ણથી યુક્ત થવા દેતો નથી. વરના કર્મ દ્વારા પણ કૃષ્ણથી યુક્ત થઈ શકાય.

ગીતા કા સંદેશ હૈ. અપને કર્મ કે દ્વારા ઉસ પરમાત્મા કી પૂજા કર કે મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કર સકતા હૈ. જો આ ભાવથી કર્મ કરીએ તો દુકાન પણ મંદિર બની શકે. .

ડોંગરેજી મહારાજ કહેતાં કે ગ્રાહકમાં પણ ઈશ્વર છે. આ વાતનો ખ્યાલ રાખીને જો વેપારી ગ્રાહકને છેતરે નહીં, ઓછું તોળે નહીં. સવાયું કરે ત્યાં સુધી વાંધો નહીં. આ રીતે વ્યાપાર કરે તો એનો વ્યાપાર પણ ભજન જ છે, ભક્તિ જ છે. એની દુકાન એ જ મંદિર છે.

એક સમય હતો કે આપણે દુકાનને મંદિરની જેમ ચલાવતા હતા. આજે એ સમય આવ્યો છે કે મંદિરનેય આપણે દુકાનની જેમ ચલાવીએ છીએ. કાળ આખો બદલાઈ ગયો. મંદિર કો દુકાન મત બનાઓ. દુકાન કો મંદિર બનાઓ. દુકાન પણ મંદિર બની શકે. નીતિથી વ્યાપાર કરીએ.

અનીતિનો રસ્તો માણસ લે શું કામ? લોભથી. લોભ અને લાલચને કારણે જ અનીતિનો માર્ગ લે છે ને? બાકી સવાયું કરે ત્યાં સુધી કોને વાંધો છે? પણ નકરી છેતરવાની વાત શું કામ? લોભને કારણે. જલદીથી પૈસાવાળા થઈ જાવ.

ગીતા કહે છે, શ્રીમંત થજો, પૈસાવાળા નહીં.

આજે માણસો શ્રીમંત ઓછા થાય છે અને પૈસાવાળા જલદી થાય છે. જલદી જલદી પૈસાવાળા

થઈ જાવ. આજે સૌને ઈઝી મની જોઈએ છે. એક વાત કહું, પૈસાવાળાને પુત્ર નથી હોતા, વારસદાર હોય છે. આપણે એમ કહીએ કે ત્રણ દીકરા છે. પણ ત્રણ પુત્ર નથી. એની સંપત્તિના ત્રણ વારસદાર છે. બાપાના પૈસામાંથી બાધવાનું અને પછી બાપાને રાખવા માટે એકેય તૈયાર નહીં થાય. ભગવાન આદિ શંકરાચાર્યજી કહે છે :

યાવદ્વિત્તોપાર્વજનસકતસ્તાવનિજપરિવારો
રક્તઃ।
પશ્ચાદ્વાવતિ જર્જરદેહે વાર્તા પૃચ્છતિ કોઽપિ ન
ગેહે॥ ભજ. ૩
(ચર્પટવંજરિકાસ્તોત્રમ)

કમાતા હોય ત્યાં સુધી 'તાવન્નિજપરિવારૌ રક્તઃ।' ત્યાં સુધી પરિવારમાં ઊપડ્યા ન ઊપડે. દુકાનથી ઘેર આવે, ત્યાં ધરતી ધમધમતી હોય. છોકરાઓ 'પપ્પા આવ્યા, પપ્પા આવ્યા...' કહેતાં ધમાલ કરતાં બંધ થઈ જાય, ચૂપચાપ લેસન કરવા માંડે. પત્ની પણ પાડોશમાં ગઈ હોય, તો તરત ઘેર આવી જાય. પાડોશણ કહે કે. 'બેસો ને ચા મૂકું.' તો કહે, 'ના. તમારા ભાઈને આવવાનો ટાઈમ થયો.' ત્યાં સુધી તો ઊપડ્યા ન ઊપડતા હોય.

જેવા રીટાયર્ડ થાય, ઉપયોગિતા ખતમ થાય, શરીર વૃદ્ધ થાય અને ઘરમાંય કોઈ પૂછે નહીં. 'ચા મૂકો ને!' એટલે તરત સાંભળવા મળે, 'ડોસાને તો અડધો-અડધો કલાકે ચા જોઈએ છે.' ગરમી થતી હોય અને પરસેવે રેબઝેબ હોય, પાણી જોઈએ. વધારે તરસ લાગે તો, 'પાણી લાવો ને!' 'અડધો અડધો કલાકે પાણી? ગોળો ગળે બાંધો!' આવું?

એટલે પૈસાવાળાને પુત્ર નથી હોતા, વારસદાર હોય છે. મિત્રો નથી હોતા, ચમચાઓ હોય છે. પૈસાવાળાને સાચા મિત્રો નથી હોતા અને મિત્રો હોય તો એને પારખવાની એની પાસે આંખ નથી હોતી. પૈસાવાળાની પાસે ચમચા હોય, મિત્રો નહીં. વારસદાર હોય છે, પુત્રો નહીં.

તો લોભને કારણે માણસ ખોટું કર્યે જ જાય, ધર્મમાં નીતિનો ઉચ્ચાર જ ન કરે. પરિણામે દુકાન મંદિર ન રહે, તો લોભને કારણે કર્મમાર્ગમાં પતન, કામને કારણે ભક્તિમાર્ગમાં પતન, અને ક્રોધને કારણે જ્ઞાનમાર્ગમાં પતન અને પતન થયું એટલે નરકમાં ગયા.

માટે જીવન ધર્મ-ભક્તિ-નીતિથી યુક્ત રાખવું. આપણાં કર્મોને શ્રીકૃષ્ણમય બનાવીએ તો યથાર્થ પ્રગતિ શક્ય.

કષ્ટો કાપવાનો કુહાડો

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એ સમય હતો, સન 1940ના જુલાઈ મહિનાનો. હિટલરે ફ્રાન્સ જીતી લીધું હતું અને હવે તેની નજર ઇંગ્લેન્ડ પ્રતિ હતી. આ દરમિયાન પેરિસના રાજમહેલમાં એક ખાનગી બેઠકનું આયોજન થયું. આ બેઠક મહેલમાં આવેલ એક હોજના કિનારે રખાઈ હતી. જેમાં હિટલર, મુસોલિની અને ચર્ચિલ એકત્રિત થયા હતા.

મંત્રણાની શરૂઆતમાં હિટલરે કહ્યું, 'મિસ્ટર ચર્ચિલ! આપ જાણો છો કે ઘણુંખરું યુરોપ મેં જીતી લીધું છે. હવે તમારા માટે આશાનું કોઈ કિરણ નથી. જો તમારે વધારે સૈનિકોનું લોહી ન વહાવવું હોય તો શરણાગતિ સ્વીકારી લો. દસ્તાવેજ તૈયાર છે. તેના પર સહી કરો એટલે યુદ્ધ પૂરું.'

ચર્ચિલ હિટલરનાં ઉતાવળા અને ઉશ્કેરાટભર્યા વચનોમાં ન આવ્યા. તેમણે કહ્યું, 'અમે ઇંગ્લેન્ડના લોકો લડાઈ હારી ગયાં હોઈએ, એમ માનતા નથી.'

'હવે તમારી પાસે રહ્યું છે શું?' હિટલર તાડૂક્યો.

ચર્ચિલ શાંતિથી કહે, 'ઇંગ્લેન્ડમાં રિવાજ છે કે જ્યારે પણ મતભેદ થાય, ત્યારે તેનો નિકાલ શરત મારીને કરવો.'

હિટલરે કહ્યું, 'હું શરત મારવા તૈયાર છું.' ચર્ચિલ બોલ્યા, 'જે શરત હારે તે લડાઈ હારી ગયો ગણાશે.'

'કબૂલ છે. બોલો, તમારી કઈ શરત છે?' હિટલર ઉતાવળો થયો. ચર્ચિલે હોજમાં તરતી માછલી સામે જોઈને કહ્યું કે, 'જે માછલી પકડવાનાં કોઈ પણ સાધન વિના આ માછલીને હોજની બહાર કાઢી દે, તે શરત જીત્યો ગણાશે.'

આ સાંભળી હિટલર ખુશ થયો. આટલા

ચર્ચિલ

માણસોને માર્યા તેની સામે આ એક માછલી શું હિસાબમાં? તે અધીરો બન્યો, 'પહેલો પ્રયત્ન કોણ કરશે?'

'તમે.' ચર્ચિલે ઉત્તર વાળ્યો. હિટલરે રિવોલ્વર લીધી અને નિશાન તાકી માછલી પર ગોળી છોડી, પણ નિશાન ખાલી ગયું. ચર્ચિલે હિટલરને બીજો ચાન્સ આપ્યો. છતાં તે માછલી મારી શક્યો નહીં. તેણે ગુસ્સાથી રિવોલ્વર ફેંકી દીધી અને મુસોલિનીને કહ્યું, 'તમે તરવામાં હોશિયાર છો. જીતનો આધાર તમે છો. ડૂબકી લગાવો અને માછલી પકડી લાવો.'

મુસોલિનીએ હોજમાં ઝંપલાવી ઘણા પ્રયત્નો કર્યા, પણ તે માછલી પકડી શક્યા નહીં. ચર્ચિલ ચા પીતાં પીતાં આ બધું જોઈ રહ્યા. હિટલરે ગુસ્સાથી ચર્ચિલને કહ્યું, 'હવે તમે કરી બતાવો.'

ચર્ચિલ તરત જ હોજ પાસે પહોંચ્યા અને પોતાની ચમચીથી હોજનું પાણી ઉલેચવા માંડ્યા. આ જોઈ હિટલરે ઉશ્કેરાતાં કહ્યું, 'આ શું રમત આદરી છે?'

ચર્ચિલે કહ્યું, 'હું જાણું છું કે, આમાં સમય ઘણો લાગશે, પરંતુ આમ કરવાથી એક દિવસ આખોય હોજ ખાલી થઈ જશે અને માછલી બહાર નીકળી આવશે. આવી જ રીતે અમે એક દિવસ લડાઈ પણ જીતી જઈશું.' ચર્ચિલની આવી અદમ્ય ધીરજથી ઇંગ્લેન્ડે જર્મનીને વિશ્વયુદ્ધમાં હરાવ્યું. આવા મહાપુરુષોના પ્રસંગોના આધારે જ કહેવાયું હશે કે, 'ધીર પુરુષો આપત્તિ તારે છે.'

આપણા જીવનમાં પણ એવું બને કે, સારું કાર્ય કરવામાં વિઘ્નો આવે અથવા સફળતા માટે ઝઝૂમવા છતાં નિષ્ફળતા જ સાંપડે. આવી વિપરીતતાઓમાં વ્યક્તિ ધીરજ ગુમાવી બેસે છે, પરંતુ ધીરપુરુષો વિઘ્નોની વચ્ચે સ્થિર રહે છે, વિરોધોમાં પણ અડગ રહે છે અને નિષ્ફળતાઓમાં પણ નિશ્ચિંત રહે છે.

પ્રમુખસ્વામી મહારાજના કાર્યમાં અડચણ ઊભી કરનાર અને અપપ્રચાર કરનાર એક વ્યક્તિની અવળાઈ જોઈ એક ભક્તે પૂછ્યું, 'બે પૈસાનો માણસ આપની સાથે આવું કરે, તેનો અર્થ શું?' સ્વામી કહે, 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર. ભગવાન અને સંત ધીરજપૂર્વક એમનું કાર્ય કરતા હોય. આપણા ગુરુ શાસ્ત્રી મહારાજ અને યોગી મહારાજે ધીરજ રાખી છે, એ રીતે આપણે પણ ધીરજ રાખવાની છે.'

આમ, તેમણે સૌને ધીરજ રાખવાની શીખ આપી. સફળતા, સિદ્ધિ, પદ કે પ્રતિષ્ઠા તાત્કાલિક પ્રાપ્ય નથી થતી. એના માટે ધીરજ રાખવી જ પડે છે. થોડી તૈયારી અને ઘણી ઉતાવળ ઉપર જિંદગીની ઈમારત નથી ચણી શકાતી. જીવનના પાયાને મજબૂત કરવા માટે તેમાં ધીરજની પૂરણી કરવી પડે. આપણે પણ ધીરજનું બળ અને સફળતાનું ફળ પામીએ.

રાજા ભાર ઉપાડે

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

સયાજીરાવ ગાયકવાડ અને અરવિંદ ઘોષ ચાલતાં હતા. સહેજ દૂર એક વૃદ્ધ માજી લાકડાંનો ભારો ઉપાડવાનો પ્રયાસ કરતાં હતાં, પણ તે ઊંચકાતો ન હતો. સયાજીરાવને પાસે આવતાં જોઈ માજીએ ભારો મસ્તકે મૂકવા માટે મદદ કરવા કહ્યું. તેમને ખ્યાલ ન હતો કે હું અમારા રાજાને આવું કામ ભળાવી રહી છું!

સયાજીરાવ અને અરવિંદ ઘોષ હસવા લાગ્યા. સયાજીરાવનાં મનમાં 'રાજા' હોવાનો અહંકાર ન હતો. તેઓ તરત માજીને મદદ કરવા ગયા. ધીરે રહી ભારો મસ્તક ઉપર મુકાવ્યો. અવસરે રાજાએ પણ પ્રજાની સેવા તો કરવી જ પડે ને!

ભારો ઉપાડાવીને તેઓ અરવિંદ ઘોષ સાથે ચાલવા લાગ્યા. અરવિંદ ઘોષે માર્મિક ટકોર કરી, 'પ્રજાનાં મસ્તકે ભાર મૂકે, તે સાચો રાજા કે પ્રજાનાં મસ્તક ઉપરનો ભાર હળવો કરે, તે સાચો રાજા?'

સયાજીરાવને અરવિંદ ઘોષનું આ સૂચન સ્પર્શી ગયું. જોકે તેનું અર્થઘટન તેમણે એવું ન કર્યું કે મસ્તકે ભારો મૂકવાના બદલે જાતે ઉપાડીને ઘર સુધી જવો જોઈએ. તેઓએ જે અર્થઘટન કર્યું, તેનો અમલ તેમણે બીજા દિવસે કર્યો.

વૃદ્ધ માજીના પુત્રને રાજ-દરબારમાં બોલાવ્યો અને આજીવન નોકરીએ રાખી લીધો. પુત્ર કમાતો થાય, તો માજીને આટલી મહેનત કરવી ન પડે. માત્ર માજીનો જ નહીં, માજીનાં સંપૂર્ણ પરિવારનો ભાર રાજાએ પોતાનાં મસ્તકે લઈ લીધો.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ત્યારે હિરણ્યકશિપુ હતો, આજે આતંકવાદીઓ છે

કુરુક્ષેત્રનું યુદ્ધ થયું હતું, ત્યાં આજે યુનિવર્સિટી બની છે અને બ્રહ્મસરોવરના કાંઠે મંદિર બનાવવામાં આવ્યું છે

યુદ્ધભૂમિમાં અર્જુનના સારથિ બનેલા શ્રીકૃષ્ણને અકર્મણ્યતા પસંદ નથી! ધનુર્ધારી પાર્થે શ્રીકૃષ્ણને કહ્યું કે,

સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપ...॥

હે અચ્યુત! મારા રથને બંને સેનાપતિ વચ્ચે લઈ જઈને ઊભો કરો.

આ આજ્ઞાર્થ છે, આ રિકવેસ્ટ નથી. સામે કૃષ્ણ છે, પુરુષાર્થ કરનારો માણસ અને એ પણ ન્યાયપૂર્વક ધર્મના માર્ગે ચાલતા-ચાલતા પુરુષાર્થ કરનારો માણસ જે હોય, તેને અનીતિનું ખપે નહીં, અબજો રૂપિયા મળે તો પણ ખપે નહીં.

'પરસેવાની કમાઈ ખાઈશ. અન્યાય કરીશ નહીં અને સહીશ નહીં.' આવો પુરુષાર્થ કરવાવાળો માણસ ભગવાનને પ્રાર્થના કદાચ ન કરે અને આજ્ઞા કરે, તો પણ ભગવાન રાજી થાય.

ભગવાન રાજી થયાં અને બંને સેનાની વચ્ચે રથ ઊભો રાખ્યો અને જ્યાં અર્જુને નજર કરી તો પડ્યો માંદો! મોહ છે તે મંદવાડ છે અને એ મંદવાડને લઈને બધે ગંદવાડ આવે. મોહ એ મોટો મંદવાડ છે. સામા પક્ષમાં આચાર્ય, ભાઈઓ બધાને જોઈને, 'હું નહીં લડું.' એમ કહી અર્જુન બેસી ગયો.

શ્રીકૃષ્ણે અત્યંત ગંભીરતાથી કહ્યું કે -

ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્વય્યુપપદ્યતે।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ॥

'તું નપુંસક ન બન! આ કાયરતા તને શોભતી નથી.' ત્યાં પાછું આવ્યું 'પરંતપ'- 'અલ્યા, તું કોણ છે તે વિચાર તો કર. તને આ શોભે છે? આ મોહથી તારું હૃદય દુર્બળ થઈ ગયું છે. હૃદયની આ દુર્બળતા છોડ અને ઊભો થા. ઘણા ગુસ્સો કરે, તો સામેવાળાને બેસાડી દેવા માટે કરે.'

કૃષ્ણનો ગુસ્સો બેઠેલાને ઊભો કરવા માટે છે. ઊભા થયેલાને બેસાડી દેવા માટે નથી! ઘણી વાર સામેવાળો ઉત્સાહમાં હોય. પણ કેટલાક લોકો ગુસ્સો કરીને એને હતોત્સાહ કરી નાખે!

'આટલા ઉત્સાહથી આવ્યાં છે, એને કંઈક કરવું છે તો એનું માર્ગદર્શન કરો.' કૃષ્ણે માર્ગદર્શન કર્યું. 'કરવાનું તારે જ છે. કેવી રીતે કરવાનું છે, એનું થોડુંક માર્ગદર્શન આપ્યું. આ તારું જ કામ છે. આ યુદ્ધ તારું જ છે, તારે લડવાનું છે.'

'હું નહીં લડું, પણ શું કામ લડવાનું?' 'કેવી રીતે લડવાનું છે તે હું તને શીખવાડું છું.'

આ રીતે સમર્પિતોને નીડર અને લીડર થતાં શીખવવું જરૂરી છે. વડીલોએ આ જ કામ કરવાનું છે. મેં ઘણે ઠેકાણે જોયું છે કે બાપાઓ છોકરાને મોટા થવા જ દેતા નથી અને અચાનક દુનિયામાંથી જતા રહે. પછી છોકરાઓ કંઈ શીખી જ નથી શકતા. એ છોકરાઓને સંઘર્ષમાં ટકવું મુશ્કેલ બને છે.

કોઈના ઉત્સાહને તોડી પાડવાનો નથી. નવી પેઢીને ઉત્સાહસંપન્ન, ધર્મયુદ્ધ થતું હોય ત્યારે નીડર બનાવવાની છે. તેને સત્યના માર્ગે સંઘર્ષ તો આવશે જ એમ શીખવવાનું છે. ખાસ કરીને તમે પ્રામાણિક પ્રયત્નોપૂર્વક આગળ વધતાં હો, ત્યારે પ્રતિકૂળ પરિસ્થિતિનું નિર્માણ થાય તો ડરીને પલાયન કરવાનું નથી. ત્યાં સ્થિરતા અને દૃઢતાથી ટકી રહેવાનું છે.

આ જ વાત ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતાના માધ્યમથી અર્જુનને તો કહી જ છે, સમગ્ર સંસારને એક પ્રેરણારૂપ વાત કહી છે કે, 'જો તમે સાચા હો, સત્યના માર્ગે હો, ન્યાયના માર્ગે હો, પ્રામાણિકતાથી આગળ વધતા હો, ત્યારે મુશ્કેલીઓ આવે, તો તેનો સામનો કરવાનો છે. નિષ્ઠાપૂર્વક, દૃઢતા સાથે પ્રગતિના પંથે આગળ વધવાનું છે.'

તમારામાંથી ઘણા કુરુક્ષેત્ર ગયા હશો. ત્યાં બ્રહ્મસરોવર છે. બ્રહ્મસરોવરના કાંઠે જ કથા હતી. આજે કુરુક્ષેત્રમાં યુનિવર્સિટી છે. જે કુરુક્ષેત્રમાં બ્રહ્મવિદ્યા ગીતાનું ગાયન થયું ત્યાં આજે યુનિવર્સિટી હોય એ કેટલી સારી વાત છે! ત્યાં ગીતા કહેવાઈ. એટલે એ ઈતિહાસ છે. એટલું જ નહીં, વિગતો બદલાય છે બાકી વાત એની એ જ રહે છે.

ત્યારે હિરણ્યકશિપુ હતો, આજે આતંકવાદીઓ છે. આજે અકારણ અન્યાય કરનારા, કોઈનું છીનવી લેનારા, અધર્મ કરનારા છે. આજે પણ સજ્જનને દુઃખી થવું પડે છે. એનું કોઈ સાંભળતું નથી, એને કોઈ પૂછતું નથી અને જે પૂજવા યોગ્ય ન હોય તેની પૂજા થાય છે, આવી સ્થિતિ થાય ત્યારે ભગવાનને કહેવાનું મન થાય કે હવે આંટો મારી જાઓ ને! બહુ સમય થઈ ગયો છે.

ચોથા અધ્યાયના આરંભે કૃષ્ણ કહે છે કે આજે અર્જુન મેં તને કર્મયોગની વાત કરી એ આ કર્મયોગથી કર્મ કરતા કરતા નૈષ્કર્મ સિદ્ધિને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. આ યુક્તિ મેં સૃષ્ટિના આરંભે સૂર્યને કહી હતી, પછી સૂર્યે પોતાના પુત્ર મનુને કહ્યો પછી મનુએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુને કહ્યો પછી એ પ્રમાણે પરંપરાથી આ યોગ પ્રચલિત થયો અને ટક્યો. બહુ સમય પછી યોગો નષ્ટઃ પરંતપ' એ યોગ નષ્ટ થયો. તો અહીં નષ્ટ થયો એનો અર્થ નાશ પામ્યો એવું નહીં કારણકે 'પ્રોક્તવાન્ અવ્યયમ્'. અવ્યયમ્ - આ યોગને ભગવાને અવિનાશી બતાવ્યો.

આમ, આપણે જીવનમાં પ્રતિકૂળતાઓથી ગભરાઈ જવાનું નથી, પરંતુ પ્રગતિના પંતે પ્રામાણિક પ્રયત્નો સાથે પ્રસ્થાન કરવા માટે તૈયાર થઈ જવાનું છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રાણ જાયે અરુ વચન ન જાયે

વર્ષો પહેલાં મહારાણા પ્રતાપના સૈન્યમાં એક સૈનિક હતો, જેનું નામ હતું રઘુપતિસિંહ. તે બાહોશ અને બહાદુર હતો. તેણે મોગલ સેનાને નાકે દમ લાવી દીધેલો, તેથી મોગલ સમ્રાટે તેને પકડવા માટે ઈનામની ઘોષણા કરી હતી. એક વખત અકબરની સેનાએ ચિત્તોડ પર ઘેરો ઘાલ્યો. એવામાં રઘુપતિસિંહનો એકનો એક દીકરો બીમાર પડ્યો. આ સમાચાર રઘુપતિસિંહને મળતાં દીકરાને મળવા રવાના થયો.

ગામના દરવાજે પહેરેદારે તેનો પરિચય પૂછ્યો, તો તેણે પોતાનો સાચો પરિચય આપ્યો કે, 'હું રઘુપતિસિંહ છું.' પહેરેદારે ઈનામની લાલચે તેને બંદી બનાવવાની તૈયારી કરી.

રઘુપતિસિંહે તેને સમજાવ્યો કે, 'મારો દીકરો બીમાર છે. હું એને મળીને તરત પાછો આવીશ. તું મને ત્યારે બંદી બનાવી દેજે.' પહેરેદારને રઘુપતિસિંહમાં વિશ્વાસ આવ્યો. તેણે એને છોડી મૂક્યો. રઘુપતિસિંહ ઘરે ગયો અને થોડી વારમાં જ પુત્ર તથા પત્નીને આશ્વાસન આપી પહેરેદારને હવાલે થઈ ગયો.

પહેરેદારે તેને મોગલ સેનાપતિને સોંપી દીધો. સેનાપતિએ રઘુપતિસિંહને પૂછ્યું કે, 'પકડાયા બાદ તારા માથે મોત જ હતું, તો પણ તું પાછો શા માટે આવ્યો?' રઘુપતિસિંહે કહ્યું કે, 'હું મોતથી ડરતો નથી. સાચો રાજપૂત વિશ્વાસઘાત કરતો નથી.' સેનાપતિએ રઘુપતિસિંહની પ્રામાણિકતાથી ખુશ થઈને તેને છોડી મૂકવાનું ફરમાન આપ્યું.

આપણી ભારતીય સંસ્કૃતિએ આવા તો

કંઈકેટલાય સપૂતો પકવ્યા છે, જે પ્રામાણિકતાની પ્રેરણા આપે છે. રામાયણકાલીન રાજા દશરથે પણ પત્ની કૈકયીને આપેલું વચન પ્રાણના ભોગે નિભાવીને સૌ ભારતીપુત્રોને સૂત્ર આપ્યું કે, 'પ્રાણ જાયે અરુ બચન ન જાય.'

થોડાં વર્ષો પહેલાં પ્રમુખસ્વામી મહારાજ પૂનામાં મંદિર બનાવવા માટે જમીન શોધી રહ્યા હતા. આંબેગાંવ રોડ ઉપર એક ટેકરા પાસે જમીન ધ્યાનમાં આવી. પ્રશ્ન એ હતો કે, જમીનમાલિકે જમીનના 123 પ્લોટ પાડીને જુદા જુદા માણસોને વેચી દીધા હતા.

ભક્તોએ આ પ્લોટધારકોને મંદિરનિર્માણના ઉમદા કાર્યમાં સહકાર આપવા પોતાના પ્લોટ વેચવા માટે સમજાવવા શરૂ કર્યા. અથાગ પ્રયત્નના અંતે બધા જ પ્લોટ ખરીદી લેવાયા.

મંદિરનિર્માણનું કાર્ય શરૂ થવાનું જ હતું. ત્યાં જ વ્યવસ્થાપકોને વિચાર આવ્યો કે, 'ખરીદેલી જમીન પર મંદિર બનાવીશું તો તે બાજુમાં આવેલા ટેકરાની છાયામાં ઢંકાઈ જશે. મંદિર જો આ ટેકરા પર જ બનાવીએ તો તે વધુ શોભી ઊઠે. વળી, ખરીદેલા પ્લોટ્સને વેચી દેવાય તો એના પૈસામાંથી જ આ ટેકરો ખરીદી તેના ઉપર મંદિરનું નિર્માણ થઈ શકે.' તેમણે આ પ્રસ્તાવ સ્વામીજી સમક્ષ મૂક્યો.

સ્વામીજીએ પૂછ્યું કે, 'આ પ્લોટ આપણને તેના માલિકોએ શેના માટે આપ્યા છે?' તેઓનું તાત્પર્ય એ હતું કે, લોકોએ મંદિરના નામે પ્લોટ વેચ્યા હશે માટે આપણે મંદિર ત્યાં જ બનાવવું જોઈએ. વ્યવસ્થાપકોએ દલીલ કરી કે, 'પણ બાપા, મોટા ભાગના લોકોએ તો પ્લોટ પૂરેપૂરા રૂપિયા લઈને જ આપ્યા છે.'

છતાં સ્વામીજીએ કહ્યું કે, 'તમે ભલે કહેતાં હો કે પૈસા લઈને તેમણે પ્લોટ આપ્યા છે. ઘણાને પ્લોટ નહીં આપવા હોય, પણ મંદિર બનવાનું છે, તે સાંભળીને આપ્યા હશે. એવા લોકોની લાગણી દુભાશે. માટે મંદિર આ જ જગ્યાએ બનાવવું.' છેવટે લોકો પાસેથી ખરીદેલા પ્લોટ્સ ઉપર જ તેઓએ ત્રિશિખરીય મંદિરનું નિર્માણ કર્યું.

પ્રમુખસ્વામી મહારાજે જમીનધારકોને આપેલું વચન પાળી બતાવ્યું. મહાપુરુષો પોતાના જીવનમાં અત્યંત પ્રામાણિક હોય છે. આ પ્રામાણિકતારૂપી ઘરેણું જ તેઓને મહાન બનાવે છે.

હા, કોઈને આપેલા વચનની પૂર્તિ માટે આપણે ક્યારેક ઘસાવું પડે, કશું જતું કરવું પડે, તો ક્યારેક ખમવું પણ પડે. આવી વિપરીતતાઓ વચ્ચે વચન પાળીએ, એ જ આપણી સજ્જનતા છે. વચન પાળવામાં આપણે ભોગ અવશ્ય આપવો પડે, પણ એની સામે પ્રાપ્ત થતાં સંતોષ અને શાંતિ અમૂલ્ય છે.

માતા-પિતાને પ્રણામ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ઉનાળાના વેકેશન દરમિયાન બાળકોની શિબિરનું આયોજન થયું. શિબિરની વાચનામાં જન્મદાતા માતા-પિતાના અનંત ઉપકારોનું વર્ણન સમજાવ્યું. લગભગ સૌ બાળકો સંકલ્પ કરીને ગયાં કે સવારે ઊઠીને માતા-પિતાને પ્રણામ કરવાં. બાળકો હતાં, એટલે એમણે સરળતાથી સંકલ્પ લીધો, બાકી મોટા પણ જો વર્ષોથી ન કરતાં હોય, તો તેમને માતા-પિતાને પ્રણામ કરવામાં શરમ આવે.

એક બાળક શિબિરથી આવીને બીજા દિવસે સવારે પિતાના ચરણસ્પર્શ કરવા ગયો, તો પિતાએ પૂછ્યું, 'કેમ? આજે જન્મદિવસ છે?'

પુત્રએ કહ્યું, 'શિબિરમાં ગુરુદેવે સમજાવ્યું હતું કે માતા-પિતાના આપણા ઉપર કેટલા ઉપકારો છે, બસ, એટલે હવે રોજ પ્રણામ કરવાનો સંકલ્પ કર્યો છે, એટલે જ અત્યારે આપના અને મમ્મીના ચરણસ્પર્શ કરવા આવ્યો છું.'

પુત્રની વાત સાંભળી પિતાએ ક્ષણાર્ધ વિચાર કર્યો અને આંખમાં આંસુ આવી ગયા. ગળગળા અવાજે તેઓ બોલ્યા, 'બેટા! મારાં માતા-પિતા પણ આ ઘરમાં છે. હું ક્યારેય તેમને નમસ્કાર કરતો નથી. સારું થયું, આજે તેં મારી આંખો ઉઘાડી. આજે પ્રથમ હું તેમને પ્રણામ કરીશ, જ્યાં સુધી તેમને પ્રણામ ન કરું, ત્યાં સુધી તારાં પ્રણામ સ્વીકારવાનો મને અધિકાર નથી...!'

અને પિતાએ પોતાનાં માતા-પિતાને પ્રણામ કર્યાં, પછી જ પુત્રને પોતાના પગે પડવા દીધો!

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આસક્તિ છોડીને કર્મ કરો

જીવનમાં આપણે કામને સમગ્રતામાં જોવું જોઈએ અને જ્યાં સુધી આપણે કામને સમગ્રતામાં નહીં જોઈએ, ત્યાં સુધી બધી જ ક્રિયામાં તાદાત્મ્ય નહીં સધાય અને ત્યાં સુધી સફળતા મેળવવામાં બહુ મુશ્કેલી પડશે.

સામાન્ય કર્મચારી પણ પોતાના કર્મને યજ્ઞના ભાવથી કરે, તો તે સામાન્ય કામ નથી, તે રાષ્ટ્રનું નિર્માણ કરી રહ્યો છે. આપણા કામને આપણે યજ્ઞની ઊંચાઈએ પહોંચાડવાનું છે. બહેનો રસોઈ કરો, તે પણ યજ્ઞભાવથી કરો.

ડોંગરેજી મહારાજ કહેતા કે ભગવાનનું નામ લેતાં લેતાં, સ્તોત્ર બોલતાં બોલતાં રસોઈ કરો, તો એ મંત્રમય રસોઈમાં એવા સંસ્કાર આવશે કે જે જમશે તેના વિચારો પણ સુધરશે. કોઈ કામ નાનું નથી. કર્તાનો ભાવ કેવો છે, ભૂમિકા કેવી છે તે મહત્ત્વપૂર્ણ છે. તેથી ભગવાન કહે છે કે કર્મને યજ્ઞની ઊંચાઈએ પહોંચાડો, યજ્ઞ સિવાયના જે કર્મ છે તે જ મનુષ્યને બાંધે છે. કર્મને યજ્ઞની ઊંચાઈએ પહોંચાડવા માટે ત્રણ જ વસ્તુ જરૂરી છે.

યજ્ઞાર્થાત્ કર્મણોન્યત્ર લોકોડયં કર્મબન્ધનઃ।
તદર્થં કર્મ કૌન્તેય મુક્તસંગઃ સમાચર॥

એક તો તદર્થ કર્મ હોય એટલે કે ભગવાનને પ્રસન્ન કરવા માટે કર્મ કરો. સારું કામ કરશો તો ભગવાન પ્રસન્ન થશે, કોઈના આંસુ લૂછશો તો ભગવાન પ્રસન્ન થશે. આપણે યજ્ઞ કરીએ અને પૂજા કરીએ એટલે હાથમાં પાણી લઈને ગોરબાપા સંકલ્પ લેવડાવે. ત્રણ વાર 'વિષ્ણુ વિષ્ણુ' બોલાવે. પછી સંકલ્પ શરૂ થાય. દેશકાળનું સંકીર્તન થાય.

સંકલ્પ એટલે શું? પૂજા અને કર્મકાંડમાં મેનેજમેન્ટ છે. યજ્ઞની અંદર ચાર જણા નિયુક્ત કરવામાં આવે, અધ્વર્યુ, ઉદ્દગાતા, હોતા અને બ્રહ્મા. આ ચાર મળીને યજ્ઞ કરે. આચાર્યાદિ બ્રાહ્મણોનું વરણ થાય એની આખી વિધિ છે. કોઈ ફાઈનાન્સ જોતો હોય, કોઈ બીજું કામ સંભાળતો હોય, કામનું ડિસ્ટ્રિબ્યુશન થાય એમ હોતાએ પોતાનું કામ કરવાનું, ઉદ્દગાતાએ પોતાનું કામ કરવાનું, અધ્વર્યુએ પોતાનું કામ કરવાનું અને મજાની વાત એ છે કે આ ચારેયને ક્યાં ક્યાં બેસવાનું એ નક્કી હોય છે.

હોતાની પૂર્વ દિશા, અધ્વર્યુની દક્ષિણ દિશા, ઉદ્દગાતાની પશ્ચિમ દિશા અને બ્રહ્મા ઉત્તરમાં બેસે. આમેય બ્રહ્માનું આસન યજ્ઞ વેદિકાની બાજુમાં હોય છે. આમાં મેનેજમેન્ટ છે, પણ આપણે એને માત્ર ધાર્મિક કર્મકાંડ માની બેઠા છીએ એટલે એ મેનેજમેન્ટમાં જે ગુણ છે, તે આપણને દેખાતો નથી.

હાથમાં પાણી લઈને જે સંકલ્પ કરાવે તે સંકલ્પનો અર્થ શું થાય? સંકલ્પનો અર્થ થાય છે સમ્યક્ કલ્પના. સમ્યક્ કલ્પના એટલે તમે શું કરવા જઈ રહ્યા છો, શા માટે કરવા જઈ રહ્યા છો, તે કેવી રીતે કરશો, કોની મદદથી કરશો - આ બધી જ વાતોની કલ્પના પહેલાં મનમાં બેસાડી લેવી, આજની ભાષામાં પ્રોજેક્ટ રીપોર્ટ એ જ સંકલ્પ.

સૌપ્રથમ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર થવો જોઈએ. રિસ્ક ફેક્ટર કેટલા છે તે જોઈ લેવું જોઈએ. કેલક્યુલેટેડ રિસ્ક લઈને માણસ આગળ વધે. બિઝનેસમાં, ઈન્ડસ્ટ્રીમાં બધે જ આ છે. ગીતા એ મેનેજમેન્ટનો ગ્રંથ છે.

જે આપણને શીખવાડે છે તે તદર્થ કર્મ. ભગવાનને પ્રસન્ન કરે એવું કર્મ કરો. જે ભગવાનને ન માનતા હોય તેને... 'તું જ ભગવાન છે યાર...! તારો આત્મા પ્રસન્ન થશે આ કર્મ કરતાં, એ પહેલા વિચારી લે. કોઈને દુઃખી કરીને તમારો આત્મા ક્યારેક પ્રસન્ન ન થઈ શકે.

બીજું, 'મુક્તસંગઃ' સંગ એટલે આસક્તિ. ફળની આસક્તિને છોડીને કરેલું કર્મ અને ત્રીજું, સમાચર - સમ્યક્ પ્રકારે કરેલું કર્મ, એમાં ડૂબીને કરેલું કર્મ. ગરબડ ગોટો અને પ્રભુ મોટો - માથે આવ્યું એટલે કરવું પડશે. આવી રીતે કરેલું કર્મ નહીં. સમ્યક્ કર્મ - સમ્યક્ પ્રકારે કરેલું કર્મ, દિલથી કરેલું કર્મ અને આ ત્રણેય વસ્તુ થઈ જાય, જો એક વસ્તુ હોય તો! તે વસ્તુ એટલે પ્રેમ, ભક્તિ. જીવનમાં પ્રેમ અને ભક્તિનો સમન્વય કરો.

મને જેના માટે પ્રેમ છે એને પ્રસન્ન કરવા માટે હું કર્મ કરીશ. મને જેના માટે પ્રેમ છે એના માટે જ્યારે હું કંઈક કરીશ ત્યારે બદલામાં કંઈ અપેક્ષા નહીં રાખું. એ આભાર માનશે તો પણ મને નહીં ગમે, કારણ કે ત્યાં આત્મીયતા કેટલી ઓછી લાગે અને ત્રીજું, જેના માટે મને પ્રેમ છે એના માટે હું કર્મ કરીશ, તો પૂરા દિલથી કરીશ. મને રાષ્ટ્ર માટે પ્રેમ હશે, તો હું રાષ્ટ્ર માટે કર્મ કરીશ. કોઈ ફળની અપેક્ષા-આસક્તિ રહિત થઈને કર્મ કરીશ અને દિલથી કરીશ. ત્યારે કર્મ યજ્ઞની ઊંચાઈએ પહોંચશે.

શ્રીકૃષ્ણ કહે છે કે એ યજ્ઞ કર્મ છે, તેના દ્વારા દેવતાઓ પુષ્ટ થાય છે. દેવો કોઈ સ્વર્ગમાં રહેતા નથી, આપણી અંદરની જે સારપ છે, આપણા આંતરિક જે સદ્દગુણો છે, તે જ દેવતા છે. આવા સત્કર્મ દ્વારા આપણી અંદર જે સદ્દગુણો છે તે મજબૂત બને છે. આપણા આંતરિક સદ્દગુણો મજબૂત થાય, તો દેવતાઓનું રાજ્ય સ્થપાય. માટે એ યજ્ઞકર્મની રક્ષા કરવા માટે ભગવાન આવે છે. એ જ ધર્મની રક્ષા છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કાર્યભાર જરૂરી, પણ કાર્યનો ભાર નહીં

'Stone Age Man'થી લઈને 'Missile Man' સુધી માણસે પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ કરી. ભૂતકાળને શરમાવે એવા વર્તમાન યુગના આવિષ્કારો અચરજકારી નીવડ્યા, પરંતુ માણસ જેમ જેમ 'કાર્યવહન' કરતો ગયો, તેમ તેમ 'કાર્યવજન'માં પણ વધતો ગયો.

આજે માણસ સમૃદ્ધ અને સુવિધાયુક્ત બન્યો છે, પણ સુખી નહીં. બ્રિટિશ લેખક ઓલિવર જેમ્સને વિચાર આવ્યો કે, 'આજે લોકો ધનિક તો થયા છે, પણ સુખી થયા છે?' આ માટે તેણે બ્રિટન, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, શાંઘાઈ, મોસ્કો, કોપનહેગન અને ન્યૂયોર્ક જેવાં સ્થળોની મુલાકાત લીધી અને 39000 લોકોનો સંપર્ક કરીને એક સર્વેક્ષણ હાથ ધર્યું. પરિણામ એ આવ્યું કે, 'આજે માણસ ધનવાન થયો છે, પણ સાથે-સાથે આજે તે પહેલાં કરતાં 100 ગણો વધુ ટેન્શનમાં રહે છે. વળી, આજે તેના માટે ડિપ્રેશનમાં સરકી જવાની શક્યતાઓ પણ વધી ગઈ છે.'

સંસ્કૃતમાં એક ઉક્તિ છે કે,

'यथा खरशचन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य।'

- ગધેડા ઉપર ચંદન લાદ્યું હોય કે કાંકરાની કોથળી, તેને તો કેવળ ભાર જ લાગે છે. સામાન્ય માણસની આ હાલત છે, પરંતુ મહાપુરુષોની વાત જુદી હોય છે. ભગવદ્દગીતા એમને 'સ્થિતપ્રજ્ઞ' પુરુષ કહે છે –

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता॥
૨/૫૮॥

અર્થાત જે પુરુષ પ્રવૃત્તિમાં કાચબાની જેમ કોચલું રાખી હાથ-પગ હલાવે છે અને સ્વતંત્રપણે સંકેલી પણ શકે છે, તેવા પુરુષને પ્રવૃત્તિનો ફેર ચડતો નથી.

પ્રમુખસ્વામી મહારાજ આવા સ્થિતપ્રજ્ઞ પુરુષ હતા. તેઓ રોજના અનેક લોકોને રૂબરૂ, ફોન, પત્રો અને મીટિંગો દ્વારા માર્ગદર્શન આપી વિશ્વવ્યાપી કાર્યભાર સંભાળતાં. છતાં તેઓ હળવા ફૂલ રહી શકતાં!

દિલ્હી સ્થિત અક્ષરધામનું બાંધકામ પૂર વેગમાં ચાલી રહ્યું હતું. ચારેય બાજુ ઘડિત-અઘડિત પથ્થરો ખડકાયેલા. કોઈનું પણ મન મૂંઝાઈ જાય એવા આ સંકુલનું દૃશ્ય જોતાં એક સંતે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે, 'આ સ્થિતિમાં આખું સંકુલ કદાચ કોઈને ભેટ આપી દઈએ. તો એને હાર્ટ એટેક જ આવી જાય, જ્યારે આપ સંપૂર્ણપણે નિશ્ચિંત છો!'

પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે, 'બહાર આટલા બધા પથ્થરો પડ્યા છે, પણ મારા હૃદય ઉપર કાંકરી સરખો પણ ભાર નથી.' પછી તેમણે ઉમેર્યું કે, 'બધે જ ભગવાનની શક્તિ કામ કરે છે...'

યુગપુરુષોની આ જ વિશેષતા હોય છે કે, તેઓ 100% કાર્યભાર સંભાળવા છતાં કાર્યનો ભાર 0% રાખી શકે છે. જેનું રહસ્ય સમજાવતાં સ્વામીએ સેન્ટ જેમ્સ પેલેસમાં પ્રિન્સ ચાર્લ્સને કહેલું કે, 'માથે ઉપાડેલો પાણીનો ઘડો થોડા સમય પછી ભારરૂપ લાગે છે, પરંતુ સમુદ્રમાં ડૂબકી મારીએ તો માથા ઉપરથી લાખો ટન પાણી પસાર થઈ જાય, છતાં ભારરૂપ નથી લાગતું.' એટલે કે જો તમે માનશો કે આ હું કરું છું, તો તમને તેનું ભારણ લાગશે, પણ જો તમે એમ માનશો કે આપણા દ્વારા થતું પ્રત્યેક કાર્ય ભગવાનની ઈચ્છાથી જ થાય છે, તો તમને કોઈ પ્રકારનું ભારણ અનુભવાશે નહીં.

ટૂંકમાં, ભગવાનકેન્દ્રી લોકો જ સુખી અને હળવા રહે છે. આજનું વિજ્ઞાન પણ આ વાતની પુષ્ટિ કરે છે.

1996માં અમેરિકન નેશનલ ઈન્સ્ટિટ્યૂટમાં નોર્થ કેરોલિના રાજ્યમાં મોટી ઉંમરના 4000 વ્યક્તિઓને કેન્દ્રમાં રાખીને એક સંશોધન થયું. એનું તારણ નીકળ્યું કે, 'જે લોકો ધાર્મિક વિધિઓમાં ભાગ લે છે, તેઓ ભાગ ન લેનારા લોકોની સરખામણીમાં ઓછા હતાશ-નિરાશ થાય છે અને તંદુરસ્ત રહે છે.'

1999માં અમેરિકાની ડ્યુક યુનિવર્સિટીએ પણ આવું જ એક સર્વેક્ષણ કર્યું. 4000 વ્યક્તિઓ ઉપર હાથ ધરાયેલા આ સર્વેક્ષણનું તારણ પણ ઉપરોક્ત અનુસાર જ આવ્યું હતું, 'મંદિરોમાં જવાથી માણસને ડિપ્રેશન અને ઉદ્વેગ ઓછાં થાય છે.'

ટૂંકમાં, આધ્યાત્મના માર્ગે ચાલનારા લોકો અનેક પ્રવૃત્તિઓના ઝંઝાવાતોની વચ્ચે પણ ટેન્શન, સ્ટ્રેસ અને ડિપ્રેશનથી અળગા રહે છે. આપણે પણ એ માર્ગે ચાલીએ.

બીજાના દુઃખે સુખી

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક ઝૂંપડીમાં ગેસનો બાટલો ફાટી જવાનાં કારણે ભયાનક આગ લાગી. આગ ધીરે ધીરે પ્રસરવા લાગી. જોતજોતામાં 45-50 ઝૂંપડાં અને તેની સમીપ આવેલા 15-20 બંગલા બળી ગયા. સદ્દનસીબે જાનહાનિ કંઈ ન થઈ.

સૌથી છેલ્લું ઝૂંપડું જેનું હતું, એ માણસ પોતાનાં ઝૂંપડાની સામે ઊભો રહી બળેલાં ઝૂપડાને ધારીને જોતો હતો. એક સજ્જન ત્યાં આવ્યા અને એ ભાઈને સાંત્વના આપવા બોલ્યા, 'ભાઈ! તમારું ઝૂંપડું બળી ગયું, સર્વસ્વ ચાલ્યું ગયું, દુઃખ થતું હશે!'

પેલા ભાઈ હસતાં હસતાં બોલ્યા, 'દુઃખ...? મને કંઈ દુઃખ થયું નથી. મને તો આનંદ છે.'

'ઝૂંપડું બળી ગયું છતાં આનંદ...?'

'આનંદ એટલા માટે કે આ લાગેલી આગમાં મારું તો બળી-બળીને શું બળ્યું? માત્ર ઝૂંપડું જ. જ્યારે મારી બાજુવાળાનો તો નવો બનાવેલો મહેલ જેવો બંગલો બળી ગયો. મને ખાસ નુકસાન નથી થયું, જ્યારે બાજુવાળાને તો લાખો-કરોડોનું નુકસાન થયું. જ્યારથી બાજુવાળાએ મોટો બંગલો બનાવવાનું શરૂ કર્યું, ત્યારથી તેને કઈ રીતે હેરાન કરવો, દુઃખી કરવો, એ હું વિચારતો હતો, પણ આજ સુધી તક મળતી ન હતી. આજે કુદરતે હિસાબ કરી દીધો. મારું ઝૂંપડું બળ્યું, એનું દુઃખ નથી, પણ એનો બંગલો બળ્યો, એનો આનંદ છે.'

કેટલાક લોકો પોતાના સુખે સુખી નથી થતાં, પણ બીજાનાં દુઃખે સુખી થાય છે.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ક્રિયા, વિચાર અને સંબંધનું તાદાત્મ્ય આવશ્યક



માણસનાં જીવનના ત્રણ ઓરડા છે - ક્રિયા, ભાવ અને વિચાર અને તેનો સંબંધ સત્, ચિત્ અને આનંદ સાથે છે. આ ત્રણેય પર કામ કરવું પડશે. જો આપણે ચરિત્ર નિર્માણની વાત કરીએ, તો શરૂઆત વિચારથી કરો.

શિક્ષણ એટલે માણસના વિચાર પર કામ કરવાનું, એની બુદ્ધિ કેળવવાની, એની વિચારધારા તૈયાર કરવાની છે. શિક્ષણનું આ કામ છે. કથાઓ શું છે? શાસ્ત્રીય વિચારોનું અહીં સંક્રમણ થાય છે. અહીંથી એ સંદેશ આપવામાં આવે છે કે તમારા વિચાર બદલાય.

યાદ રાખો, આ વિશ્વ વિચારોનું બનેલું છે. વ્યક્તિ પણ વિચારોનું પૂતળું છે. 'અ મેન ઇઝ નથિંગ બટ અ બંડલ ઓફ થોટ્સ.' વિચારોથી વિશ્વ બને છે. તમારા વિચારોથી તમારું વ્યક્તિત્વ બને છે એટલે વિચારોનું બહુ મહત્ત્વ છે.

પ્લેટો નામનો દાર્શનિક કહે છે કે વસ્તુ બને એ પહેલા વસ્તુનો વિચાર આવે છે. આ મંડપ બન્યો એ પહેલાં મંડપનો વિચાર મંડપ બનાવવાવાળાના મનમાં આવ્યો. ટેબલ બને એ પહેલા ટેબલનો વિચાર સુથારના મનમાં આવે. મકાન બને એ પહેલા મકાનનો પ્લાન એન્જિનિયરના મનમાં તૈયાર થાય.

હવે તો કમ્પ્યુટરની સહાયતાથી એન્જિનિયરે જે કલ્પના તૈયાર કરી હોય, તે સંપૂર્ણ રીતે પહેલા પોતાના મનમાં સાકાર કરે કે મકાન આવું લાગશે. એ મકાનમાં તમે લીટરલી અંદર જઇ શકો. એવી ટેકનોલોજી થઇ ગઇ છે. એક સમય હતો કે લીટા દોરીને બતાવતાં, પણ પહેલા વિચાર બને છે પછી વસ્તુ બને છે.

આ વિશ્વ છે એ પણ ભગવાનના વિચારનું પરિણામ છે. પરબ્રહ્મ પરમાત્માએ વિચાર કર્યો કે હું એક છું. હવે હું વિસ્તરું. એકમાંથી અનેક થયા એનું નામ વિશ્વ, બ્રહ્માંડ. વિચારથી બને છે વિશ્વ, વિચારથી બને છે વ્યક્તિ. વિચારથી તમારું વ્યક્તિત્વ તૈયાર થાય છે. માટે તમારા વિચારો ઉચ્ચ હોય, સકારાત્મક હોય એ બહુ જરૂરી છે. ઉચ્ચ વિચારોથી તમારું વ્યક્તિત્વ ઉપર ઊઠશે.

સકારાત્મક વિચારોથી તમારું વ્યક્તિત્વ સકારાત્મક ઊર્જાથી યુક્ત થશે. પછી તમે જ્યાં જશો ત્યાં તમારી આજુબાજુ પોઝિટિવિટી હશે. વિચારનું બહુ મહત્ત્વ છે. એમાં પણ વિચાર જ્યારે સંકલ્પ બને. સંકલ્પ એટલે જેનો કોઇ વિકલ્પ નથી. આમ જ કરવું છે. એ સંકલ્પ બહુ મહત્ત્વનો છે અને એ વિચાર જો પોઝિટિવ સંકલ્પ હશે તો એ શિવ સંકલ્પ બનશે.

કથા એ શિક્ષણનું જ એક માધ્યમ છે. વ્યાસપીઠ પરથી વિચારો વહેતા કરાય છે. યુનેસ્કો સંસ્થા જ્યારે બની અને તેનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. ત્યારે એનાં આમુખમાં એવું લખવામાં આવ્યું કે વિશ્વને જો યુદ્ધથી રહિત કરવું હશે અને શાંતિની સ્થાપના કરવી હશે તો...

અત્યારે વિશ્વમાં શાંતિ નથી. અલગ-અલગ જગ્યાએ જે રીતે સળગે છે. તે જોતાં ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગે છે. ઈશ્વર કરે એવું ન થાય. એક બાજુ ચીન છે, એક બાજુ પાકિસ્તાન છે. રશિયા કંઇક જુદી રીતે વિચારે છે. અમેરિકા એનું ગણિત લઈને બેઠું છે. સિરિયામાં જે બોમ્બાર્ડિંગ ચાલે છે. તમે વિશ્વનું ગણિત જુઓ તો એમ લાગે કે આપણે ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલાઇ રહ્યાં છીએ. માણસજાતને શાંતિ સદતી જ નથી.

કોઈએ બહુ સરસ કહ્યું કે, 'વિશ્વશાંતિની આપણે વાતો કરીએ છીએ. પણ હકીકતમાં વિશ્વમાં ક્યારેય શાંતિ હતી જ નહી. માણસની જાતને જોયા પછી એવું લાગે છે કે એને શાંતિ સદતી જ નથી!

કાં તો માણસ યુદ્ધ કરે છે અને યુદ્ધ નથી કરતો, ત્યારે યુદ્ધની તૈયારી કરતો હોય છે. કેટલાય નવાં-નવાં શસ્ત્રો બને છે, બંદૂક બનતી હોય છે, ટેંકો બનતી હોય છે, મિસાઇલ્સ બનતી હોય છે, રોકેટ લોંચર બનતાં હોય છે. ધમધમે છે ફેક્ટરીઓ. વિશ્વનું અડધું તો અર્થશાસ્ત્ર એના પર ચાલે છે કે શસ્ત્રો બનાવો અને વેચો. યુદ્ધ ઊભા કરો જેથી તમારા શસ્ત્રો વેચાય.

શાંતિ કયાં છે? યુનેસ્કોએ પોતાનાં આમુખમાં લખ્યું કે જો વિશ્વને યુદ્ધરહિત કરવું હશે, તો યુદ્ધ કયાંથી શરૂ થાય છે, એના પર ધ્યાન આપવું પડશે. યુદ્ધ શરૂ થાય છે, માણસના મનમાંથી, દિમાગમાંથી. એટલે જો વિશ્વને યુદ્ધરહિત કરવું હશે, તો બાહ્ય વ્યવસ્થા બદલવાથી કંઇ નહીં થાય, માણસના મન ઉપર કામ કરો, એના વિચારોને બદલો.

શ્રીમદ્ ભાગવત જેવો પ્રાચીન ગ્રંથ પણ એ જ કહે છે. શાસ્ત્રો એ જ કહે છે. માણસના વિચારને બદલો.

આજે આપણા વિચાર પામવાના નથી રહ્યા. આપણા વિચાર પડાવી લેવાના રહ્યા છે. વિચાર હોવા જોઇએ, પામવાના. હું પામું. માંગો નહીં, પામો. એમાં તમારું ગૌરવ છે.

માંગીને ખાય ત્યાં સુધી વાંધો નહીં, પણ ઘણા તો મારી ખાય. કોઇકનું પડાવી લે. આટલી હદે આપણાં ચરિત્રનું પતન થયું છે. માગી ખાવું, મારી ખાવું અને જે પામો છો તેને પ્રસાદ માનીને એ ખાવું - તે ત્રણેય ભૂમિકાઓ અલગ-અલગ છે.

આમ, જીવનમાં ક્રિયા, વિચાર અને સંબંધનું તાદાત્મ્ય સાધવું અત્યંત આવશ્યક છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તો સંસ્કૃતિ જળવાશે...

ગામડાં ગામની વાત છે. એક ગરીબ બાઈને ઘેર તેનો ભાઈ મહેમાન થઈને આવ્યો. બાઈએ વિચાર કર્યો કે મારો ભાઈ આજે ઘેર આવ્યો છે, તો કંઈ સારું ભોજન જમાડું. એમ વિચારી વાણિયાની દુકાને ખોળામાં જુવાર લઈને ગઈ. કહ્યું, 'મને સારો ગોળ આપો.'

વાણિયાએ પૂછ્યું, 'કેવો ખાંડ જેવો ગોળ આપું?'

બાઈ બોલી, 'ગોળ કરતાં ખાંડ સારી?'

ત્યારે વાણિયે કહ્યું, 'ખાંડ તો સારી જ તો.'

એટલે બાઈએ ગોળ લેવાનો વિચાર માંડી વાળ્યો અને કહ્યું, 'મને સારી ખાંડ આપો.'

વાણિયે ફરી કહ્યું, 'સાકર જેવી ખાંડ આપું?'

બાઈએ વળી પૂછ્યું, 'ખાંડ કરતાં સાકર સારી?'

વાણિયે કહ્યું, 'સાકર તો ખાંડ કરતાં સારી જ કહેવાય.'

બાઈએ કહ્યું, 'ત્યારે મને હવે સાકર આપો.'

'કેવી પારઠ ભેંસના દૂધ જેવી સાકર આપું?' વાણિયે કહ્યું. તે સાંભળી બાઈએ વિચાર કર્યો કે પારઠ ભેંસ તો મારા ઘરમાં જ છે, માટે સાકર લેવી નથી. તે બાઈ કશું લીધા વગર ઘેર ગઈ અને તેને પોતાની પારઠ ભેંસના દૂધનો દૂધપાક કરી ભાઈને જમાડ્યો. આ કથાનો બોધ એટલો જ છે કે, આ સમયે ટમટમતા આગિયા સમી પશ્ચિમી સંસ્કૃતિથી અંજાતા આપણે એટલું જાણવાની જરૂર છે કે જેનાથી આવા પશ્ચિમી આગિયા ટમટમે છે, તે તેજસ્વી સૂર્ય - ભારતીય સંસ્કૃતિનાં આપણે પુત્રો છીએ.

આજે કોઈ પણ યુવાન પોતાનાં ક્ષેત્રમાં કોને આદર્શ તરીકે પૂજે છે તે પૂછવામાં આવે તો બહુધાની

જીભનાં ટેરવે પશ્ચિમી નામ ઊભરાશે. આપણે ભૂલી ગયા છીએ કે, આદર્શ બાળક બનવાની પ્રેરણા આપે એવા ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા જેવા બાળકો આપણી સંસ્કૃતિમાં જન્મ્યા છે. આદર્શ નારીના પંથે આગળ વધવાની પ્રેરણા આપે એવી પતિવ્રતા સતી સાવિત્રી અને અનસૂયા જેવી સ્ત્રીઓ આપણી સંસ્કૃતિમાં જન્મી છે. કુશળ રાષ્ટ્રનાયક એવા હરિશ્ચંદ્ર અને રંતિદેવ અને શાશ્વત સુખની વાટે ચાલેલા સંતોમાં ઉદ્ધવજી, શુકદેવજી, સંત તુલસદાસ, નરસિંહ મહેતા અને પ્રમુખસ્વામી જેવાં કેટલાય ફળો આપણી સંસ્કૃતિના વૃક્ષે પકવ્યાં છે, જે દરેક સ્તરની વ્યક્તિને આગળ વધવાની પ્રેરણા આપે છે. આવા આદર્શો ભાગ્યે જ વિશ્વના કોઈ અન્ય ખૂણે પકવ્યા હશે.

હવે એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે જો માનવજાતે આત્મવિનાશ ન નોતરવો હોય, તો પશ્ચિમની રીતે શરૂ થયેલા માનવજાતિના પ્રકરણનો અંત ભારતીય રીતે જ લાવવો જોઈએ. માનવ ઇતિહાસની આ સૌથી વધુ ખતરનાક પળે, માનવજાતના ઉદ્ધારનો એકમાત્ર માર્ગ છે : ભારતીય માર્ગ!

જોકે આજે આપણે એ વાસ્તવિકતાનો સ્વીકાર પણ કરવો જ પડશે કે યુગોથી અક્ષુણ્ણ રહેલાં ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને આજે કોઈ પડકારે છે. ભૌતિકવાદનો પશ્ચિમી વાયરો ટી.વી. અને ઈન્ટરનેટના અદ્રશ્ય તરંગો દ્વારા સપાટો બોલાવી રહ્યો છે. ભેળસેળના આ જમાનામાં સંસ્કૃતિનાં મૂલ્યોમાં વિકૃતિની ભેળસેળ થવા લાગી છે. તો એક સનાતની તરીકે આપણી શી જવાબદારી છે? તેની વાત કરતાં પ્રમુખસ્વામી મહારાજે એક વાર્તાલાપમાં જણાવ્યું હતું કે, 'દુનિયાનાં ગમે તે છેડે જાવ, પણ તમારી ભાષા, ભૂષા, ભોજન અને ભજન જાળવશો તો તમારી સંસ્કૃતિ જળવાશે.'

સરળ ભાષામાં બોલાયેલા આ શબ્દો ખરેખર અત્યંત અસરકારક છે. ઝાઝી ચિંતા કરવા કરતાં ઉપરોક્ત ચાર પરિબળો ઉપર કેન્દ્રિત થઈએ તો આપણી ઘણી રક્ષા થાય એમ છે.

આપણે ભલે આખી દુનિયામાં સંસ્કૃતિનાં વૃક્ષો વાવી ન શકીએ, પરંતુ આપણા ઘરનાં આંગણાંમાં તો સંસ્કૃતિનાં બીજ રોપીએ! એટલે કે આપણાં બાળકોને તો આપણી ભવ્ય વિરાસતના વારસ બનાવીએ. આ માટે, રોજ થોડો સમય તેઓને આપી આપણા સંસ્કૃતિ-મહામાનવોની વાતો કરીએ તો પણ ઘણું છે. કોઈએ સાચું જ કહ્યું છે, 'ભવિષ્યનાં નિર્માણ માટે ભવ્ય ભૂતકાળનો ઉપયોગ કરો.'

જેમ બાળકોને મિલકતનો વારસો આપીએ છીએ, તેમ બાળકોને સંસ્કૃતિ અને તેનાં શાશ્વત મૂલ્યોનો વારસો પણ આપીએ.

હોશિયારી...!

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

નીલેશ બરાબર બપોરે મિત્ર કમલેશનાં ઘરે આવ્યો. નીલેશને જોઈ કમલેશ વિચારવા લાગ્યો, 'આ બરાબર જમવાના જ સમયે આવ્યો છે, પણ જિંદગીમાં હવે બીજી વાર ક્યારેય ન આવે, તેવું કંઈક કરું.' કમલેશે રસોડામાં રહેલી પત્નીને બૂમ પાડી, 'સાંભળે છે?'

અંદરથી જ પત્નીનો અવાજ આવ્યો, 'બોલો ને... શું કામ હતું?' કમલેશે નીલેશની સામે જોઈ અંદર રહેલી પત્નીને જવાબ આપ્યો, 'મારો મિત્ર નીલેશ હમણાં બરાબર બપોરે આવ્યો છે. એટલે જમીને જ આવ્યો હશે. તુ લોટો ભરીને ઠંડું પાણી લઈ આવ.'

નીલેશ સમજી ગયો કે મિત્ર કમલેશે સિફ્તપૂર્વક પોતાનું જમવાનું ઉડાડી દીધું છે. 'હું પણ કંઈ કાચો નથી. આજે એને પણ પાઠ ન ભણાવું, તો મારું નામ નીલેશ નહીં...' વિચારી તેણે બહારથી જ કમલેશની પત્નીને ઉદ્દેશીને બૂમ પાડી, 'ભાભી! ઠંડા પાણીનો લોટો લાવો, પણ સાથે તેમાં દાતણ નાખીને લાવજો. મારે ચા-પાણી બાકી જ છે. એટલે દાતણ કર્યા પછી ચા-પાણી કરીશ. પછી આરામ કરી, જમીને જ હું અહીંથી જવાનો છું!'

કમલેશે વિચાર્યું કે હું તો જમવાનું ઉડાડવા માંગતો હતો, પણ હવે તો ચા-પાણી માથે વળગ્યા.

ક્યારેક 'હોશિયારી' કરવા જવામાં આપણે એવું માનીએ છીએ કે સામેની વ્યક્તિ 'ઉલ્લુ' બનશે, પણ ખરેખર તો આપણે જ 'ઉલ્લુ' બનતાં હોઈએ છીએ.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભવસાગરમાંથી પાર ઉતારે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ

શ્રીમદ્ ભાગવતમાં ભોગ માટે નહીં, પરંતુ ભવસાગરને તરવા માટે સંસારમાં પ્રવેશ કરનારાં દિવ્ય દંપતીની કથા આવે છે. જે અંતર્ગત ભગવાને સ્વયં કહ્યું કે, 'આજથી ત્રીજા દિવસે તમારે ત્યાં આશ્રમમાં એક રથ આવશે. એમાં રાજા, રાણી અને રાજકુમારી આવશે. એ રાજકુમારીનું તમે પાણિગ્રહણ કરજો. હું તમારે ત્યાં પુત્ર થઈને આવીશ.' પછી મહારાજ મનુ અને સતરુપા રથ લઈને પોતાની પુત્રી દેવહૂતિને સાથે લઈને આવ્યાં. પોતાની કન્યાનું પોતે વરને ત્યાં જઈને કન્યાદાન કર્યું. દાન લેનારને પોતાને ત્યાં બોલાવીને અપાયેલા દાન કરતાં દાન લેનારને ત્યાં જઈને અપાયેલું દાન શ્રેષ્ઠ છે. અહીં વરરાજા નથી આવ્યા. કન્યાનાં માતા-પિતા સામે ચાલીને આવ્યાં છે, કન્યાદાન આપવા.

કર્દમ ઋષિએ કહ્યું કે, 'હું સંસારમાં જાઉં છું, પણ તરવા માટે. એક પુત્ર થાય પછી હું સંન્યાસ લઈશ.' એને ખબર છે કે એ પુત્રના રૂપમાં સાક્ષાત્ ભગવાન પધારવાના છે. મનુ સતરુપાએ દેવહૂતિ સામે જોયું. દેવહૂતિ મૌન રહ્યાં. મૌન સ્વીકૃતિનું લક્ષણ છે. 'ભલે મહારાજ, મને અને દીકરીને મંજૂર છે.' વિધિપૂર્વક કન્યાદાન કરી દેવહૂતિનાં લગ્ન કર્દમ ઋષિ સાથે કર્યાં. જેમ પાર્વતી શંકરની સેવામાં લાગ્યાં, એમ દેવહૂતિ પતિ કર્દમની સેવામાં લાગ્યાં. કર્દમ ઋષિ ભજનમાં લાગ્યા છે.

કાર્યમાં પતિની સાધનામાં એને મદદરૂપ થયાં. જે ગુણો દ્વારા દેવહૂતિએ પતિ કર્દમને પ્રસન્ન કર્યા, સ્ત્રી માટે પતિ એ જ દેવ અને પિતા માટે જગતપતિની આરાધના એ જ લક્ષ્ય. પોતાના પતિને જે ગુણો દ્વારા પ્રસન્ન કર્યા દેવહુતિએ, એનું વર્ણન છે ભાગવતમાં. દુનિયાની દરેક નારીમાં આટલી વસ્તુ હોવી જોઈએ.

'જે દિવસે પતિ સ્ત્રીને એમ કહે કે તારાથી હું સંતુષ્ટ છું અને તારા જેવી પત્ની મેળવી હું ધન્ય થયો, ત્યારે સ્ત્રીનું જીવવું સફળ છે. એ ક્યારે થાય? પહેલી વાત, વિશ્વાસથી પતિને જીતે. પતિ-પત્નીમાં પરસ્પર વિશ્વાસ હોય. શંકા આગ ચાંપે છે. પોતાની જાતને તન-મનથી પવિત્ર રાખી અને પતિને માટે ગૌરવનો ભાવ રાખે. ઈન્દ્રિયોનો સંયમ હોવો જોઈએ. પતિના હૃદય સાથે એનું હૃદય મળી ગયું હોય. પતિ માંદો હોય તો પત્નીને કંઈનું કંઈ થાય. મધુર વાણીથી એ પતિને જીતી લે.

દંભ ન કરે, કામ, દંભ, દ્વેષ ન કરે. પતિ કે પતિના પરિવારજનો પ્રત્યે દ્વેષ ન કરે, લોભ ન કરે. અહંકાર ન કરે. કોઈ કામની આળસ, પ્રમાદ છોડી દે.' આવા ગુણો દ્વારા દેવહૂતિએ પતિ કર્દમને પ્રસન્ન કર્યા.

વર્ષો પછી એક વાર દેવહૂતિનું શરીર દુબળું થઈ ગયું. એને જોઈ કર્દમ ઋષિએ વિચાર કર્યો, 'આ તો જો! કેવી આ રાજકુમારી! અત્યારે તેની કેવી દશા થઈ ગઈ છે! મારા ધર્મકાર્યોમાં સતત એણે મારો સાથ આપ્યો, પોતાના સુખ સામું જોયું નહીં.'

દેવહૂતિને બોલાવ્યાં, 'દેવી!' કર્દમ ઋષિ બોલ્યા કે, 'હે મનુપુત્રી! તારી સેવાથી આજે હું બહુ પ્રસન્ન થયો છું. તારાં જેવી પત્ની મેળવીને હું ધન્ય થયો છું.' પતિના ચરણ પકડીને દેવહૂતિ રડી પડ્યાં. 'મારું જીવવું સફળ થયું.' આ હતી, તત્કાલીન રાજકુમારીઓની સુશીલતા, સંસ્કાર અને સદાચાર.

સારો પતિ મેળવવાની અને સંસ્કારી સંતતિ મેળવવાની કામના દરેક સ્ત્રીના મનમાં

સ્વાભાવિકપણે હોય છે. 'માગો શું આપું?' એક મનોકામના તો પૂર્ણ થયેલી છે. હવે સંસ્કારી પુત્રની માતા થવાની ધન્યતા એણે અનુભવવાની છે. કર્દમ ઋષિએ આજ્ઞા કરી અને સરોવરમાં સ્નાન કર્યું. સ્નાન કરી દિવ્ય શરીર થયું. અનેક દાસીઓ સેવામાં આવી.

કર્દમ ઋષિએ પોતે પણ દિવ્ય શરીર ધારણ કર્યું અને પોતાની સિદ્ધિથી દિવ્ય વિમાન બનાવ્યું. એ મનની ઈચ્છા પ્રમાણે ગતિ કરવાવાળું હતું. એ વિમાનની અંદર મહેલો, સરોવર, બગીચાઓ હતા. અનેક દાસ-દાસીઓ હતાં. સર્વ પ્રકારની ભોગ-સામગ્રી હતી. એ વિમાનમાં પ્રવેશ કર્યા પત્ની સાથે.

કેટલાંય વર્ષોપર્યંત એમણે વિહાર કર્યો. પત્નીને પ્રસન્ન કર્યાં. એણે કલ્પના પણ નહોતી કરી એવા સુખ એને ઉપલબ્ધ કરાવ્યાં. પહેલાં નવ કન્યાઓ થાય છે. એ નવધાભક્તિ સ્વરૂપ છે અને પછી એના ફળસ્વરૂપ ભગવાન કપિલ પ્રગટ થાય છે. કર્દમ ઋષિ સંન્યાસ લે છે. ભગવાન કપિલના શરણે જાય છે. ભગવાન મા દેવહૂતિને સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરે છે.

વિસર્ગલીલામાં ધર્મ પ્રકરણમાં દક્ષ યજ્ઞની કથા છે, અર્થ પ્રકરણમાં ધ્રુવચરિત્ર છે, કામ પ્રકરણમાં પૃથુચરિત્ર છે, મોક્ષ પ્રકરણમાં નારદનો સંવાદ છે, પુરંજનોપાખ્યાન છે. પંચમ સ્કંધની સ્થાન લીલામાં બે પરમહંસોની કથા છે. જ્ઞાની પરમહંસ ઋષભદેવ ભગવાન અને ભક્ત પરમહંસ જડભરત મહારાજ, પંચમ સ્કંધમાં ભૂગોળ-ખગોળનું વર્ણન છે અને એના દ્વારા ઈશ્વરોઉપાસના સર્વકાલિક અને સર્વદેશિક છે એ સ્પષ્ટ કર્યુ છે.

નરકનું વર્ણન છે. નરકથી બચવાનો ઉપાય છઠ્ઠા સ્કંધમાં રાજાએ પૂછયો છે, ત્યારે ત્રણ ઉપાય બતાવ્યા. ભગવાનના નામનો, રૂપનો આશ્રય કરી. ધ્યાન કરો, નામ-સંકીર્તન, નામ-જપ અને નામ-ચિંતન કરો. નામનો મહિમા શું છે, તેનો વિચાર કરો અને બે અધ્યાયમાં ભગવાનનું પૂજન-અર્ચન કરો. છઠ્ઠા સ્કંધ પોષણલીલાની વાત કરી. સાતમો સ્કંધ ઉતીલીલામાં નૃસિંહ ભગવાનના પ્રાગટ્યની વાત છે. ભક્ત પ્રહલાદની રક્ષા કરવા માટે ભગવાન સ્તંભ ફાડી નૃસિંહ રૂપે પ્રગટ થયા અને હિરણ્યકશિપુનો ઉદ્ધાર કર્યો. વરાહ સ્વરૂપે હિરણ્યાક્ષનો ઉદ્ધાર કર્યો અને હિરણ્યકશિપુનો ઉદ્ધાર નૃસિંહ અવતારે કર્યો.

આમ, શ્રીમદ્ ભાગવતનું શ્રવણ ભવસાગરમાંથી પાર ઉતારવા માટે મહત્ત્વનું છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ફરક ક્યાં પડી જાય છે?

'વકીલ દ્વારા છેતરપીંડી થતાં અસીલે બીજો વકીલ રોકી પૂર્વ વકીલ ઉપર કરેલો કેસ'

'બ્રિજનું ઉદ્ઘાટન થતાં પહેલાં જ તે તૂટી પડતાં એન્જિનિયરની ધરપકડ'

આવા સમાચારો રોજ છાપાંઓમાં વાંચવા મળે છે, કારણ કે સમાજને અભણ જેટલું નુકસાન પહોંચાડી શકે, એના કરતાં અનેકગણું વધુ નુકસાન ભણેલો માણસ પહોંચાડે છે.

અમેરિકાની એક શાળાના સિદ્ધાંતવાદી આચાર્ય ડો. ચાઈન ગી નોટે બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરે કરેલા 60 લાખ યહૂદીઓના નરસંહારનું વર્ણન કરતાં પોતાના શિક્ષકોને કહ્યું હતું કે, 'પ્રિય શિક્ષકો, હું કોન્સન્ટ્રેશન કેમ્પ (લોકોની સામૂહિક હત્યા કરવા માટે ઊભું કરાયેલું મકાન)માંથી ભાગીને આવ્યો છું.

મેં જે જોયું છે, તે કોઈ માણસને જોવાનો વારો આવવો ન જોઈએ - સુશિક્ષિત એન્જિનિયરોએ બાંધેલા ગેસ ચેમ્બર્સ, ભણેલા-ગણેલા ડોક્ટરો દ્વારા ઝેર આપી મારી નખાતાં બાળકો, તાલીમ પામેલી નર્સો દ્વારા હણાતાં શિશુઓ અને હાઈસ્કૂલ અને કોલેજ ગ્રેજ્યુએટ યુવકો દ્વારા ગોળીએ દેવાતાં અને બાળી મુકાતાં બાળકો અને સ્ત્રીઓ. આથી શિક્ષણ પ્રત્યે મને ગંભીર આશંકાઓ છે.

મારી વિનવણી એટલી જ છે કે તમારા વિદ્યાર્થીઓને માનવ બનવામાં મદદરૂપ થાવ. તમારા પુરુષાર્થના ફળરૂપે શિક્ષિત રાક્ષસો, કુશળ પાગલો, શિક્ષિત એઈકમાનો (સામૂહિક નરસંહારનું આયોજન કરનાર મુખ્ય ખલનાયક) કદાપિ ન

બનવા પામે. વાંચન, લેખન અને ગણિત તો જ કામમાં આવશે, જો તેનાથી આપણાં બાળકોમાં માણસાઈનો વિકાસ થઈ શકે.'

ઉપરોક્ત કથન ખૂબ ગંભીરતાથી લેવું પડે એમ છે. આજે વિશ્વમાં લોકોને સામૂહિક રૂપે કેવી રીતે મારી શકાય, એનાં સંશોધનો માટે અઢળક પૈસો ખર્ચાય છે.

પ્રમુખસ્વામી મહારાજ વર્ષોથી કહેતા આવ્યા છે કે, 'લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે.' હવેના સમયમાં આપણા સંતાનોને બિનસાંપ્રદાયિક શાળાઓ કેટલા સંસ્કાર આપી શકશે તે એક પ્રશ્ન છે, કારણ કે 'ગ... ગણપતિનો ગ...'ની જગ્યાએ 'ગ... ગધેડાનો ગ...' શીખવાડાતો હોય, ત્યારે બાળકો ગણપતિમાંથી પ્રેરણા કેવી રીતે પામી શકે?

પહેલાં ગુરુકુળોમાંથી બાળકો શ્રવણની કથા દ્વારા માતા-પિતાની સેવાની શીખ પામતાં. રામની સેવા કરનારા લક્ષ્મણના ઉદાહરણ દ્વારા ભ્રાતા પ્રત્યેનો આદર પામતાં. પ્રહ્લાદના પ્રસંગ દ્વારા ગર્ભસંસ્કારનો પાઠ ભણતાં. નાની ઉંમરે સિંહના દાંત ગણનારા વીર ભરતની વાત દ્વારા શૂરવીરતાનો બોધ પામી શકતાં, પણ હવે એવું બનતું નથી. આજે ભારતીય સંસ્કૃતિના પ્રેરણાદાયી પાત્રોનો પરિચય પણ આપણાં સંતાનોને હોતો નથી. તો એમાંથી પ્રેરણા પામવાની તો વાત જ ક્યાં રહી?

થોડા સમય પહેલાં મોરબી પાસેના ગામડાંઓમાં સંતોને વિચરણ અર્થે જવાનું થયું હતું. ત્યાં એક ખોરડામાં એક પિતા-પુત્રને મળવાનું થયું. સંતો દ્વારા નામ પૂછાતા બાળક બોલ્યો કે, 'ધ્રુવ.' આગળનો પ્રશ્ન પૂછાયો કે, 'ધ્રુવ કોણ હતા?' બાળક મૂક બની ગયો. તેને ખબર જ નહોતી કે ધ્રુવ કોણ હતા.

એની સામે અમેરિકાથી આવેલા પિતાની આંગળીએ વળગેલા શિશુને નામ પૂછતાં તે શિશુ બોલ્યું, 'ધ્રુવ.' આગળ પૂછ્યું કે, 'ધ્રુવ કોણ હતા?' બાળક કાલીઘેલી ભાષામાં ગુજરાતી સાથે બોલી ઊઠ્યું કે, 'તે ભગવાનના ભક્ત હતા.'

અહીં શાળાઓ બાળકોમાં ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું સિંચન નથી કરતી, તો શું અમેરિકાની શાળાઓ કરતી હશે? ન જ કરતી હોય. સ્વાભાવિક છે. આટલો ફરક ક્યાં પડી ગયો? ફરક પડ્યો વાલીઓની જાગૃતિમાં. વાલી જાગૃત હશે તો દુનિયાના કોઈ પણ ખૂણામાં પોતાના બાળકોને સંસ્કાર આપી શકશે.

આજે સંતાનો નામથી ભારતીય પરંપરાને વરેલા છે, પણ મનથી નહીં. ભારતીય મૂલ્યો તેઓના જીવમાં નથી સિંચાતા. આ કામ આપણે જ કરવાનું છે. આખી પૃથ્વીને ચામડાંથી મઢવા કરતાં આપણે સ્વયં જોડા ન પહેરી લઈએ! તેમ સરકારને કે શિક્ષણ પદ્ધતિને દોષ દેવા કરતાં પોતે જાગી જઈએ! સાથે મળીને ભારતના ઉજ્જ્વળ ભાવિનું નિર્માણ કરીએ.

ધર્માદાની ધૂળ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

રા' ખેંગારે એક દિવસ પટેલની સેવાથી ખુશ થઈ, તેને મોટું ખેતર દાનમાં આપ્યું. ત્યારે ખેતર સૂકું હતું. પટેલે મહેનત કરી, વૃક્ષો રોપી ખેતરને લીલુંછમ બનાવ્યું.

થોડા દિવસો પછી રાણા પ્રધાન સાથે ફરતા ફરતા ત્યાંથી પસાર થયા. લીલુંછમ ખેતર જોઈ રાણાનું મન લલચાયું. કોઈ પણ રીતે આ ખેતર પાછું લેવાનું મન થયું. એ માટે બીજું મોટું ખેતર આપવું પડે, તો આપવા પણ રાણા તૈયાર થયા.

પ્રધાન સુજ્ઞ હતા. રાણાના મનમાં શું ચાલે છે, તે પામી ગયા. રાણા સ્પષ્ટ શબ્દોમાં બોલ્યા નથી, તો તેમને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવા કેવી રીતે? પ્રધાન બુદ્ધિશાળી હતા. તેમણે રાણાને કહ્યું, 'આપણે આ ખેતરમાંથી જઈશું તો સામે જલદી પહોંચીશું.' કહી રથ ખેતરમાં લીધો. ખેતરની સીમ પૂરી થઈ, એટલે રથ ઊભો રાખ્યો. પ્રધાન રથમાંથી નીચે ઊતરી ઉત્તરીયથી રથના પૈડાંની ધૂળ ઝાટકવા લાગ્યા.

રાણાએ કહ્યું, 'પ્રધાન, શું બાળચેષ્ટા કરો છો? આગળ જતાં પૈડાંને ધૂળ તો લાગવાની જ છે.'

રાણાને નમી નમ્ર ભાષામાં પ્રધાન બોલ્યા, 'રાણાજી, આપ બાળચેષ્ટા માનો છો, એ માટે માફ કરો, પણ હું આપની પાસે જ સમજ્યો છું કે દાનમાં જે આપ્યું હોય, તે ધર્માદો કહેવાય અને આપણાથી ધર્માદાની ધૂળ પણ ન લેવાય.'

રાણા સમજી ગયા કે પ્રધાન શું કહેવા માંગે છે. જો ધર્માદાની ધૂળ પણ ન લેવાય, તો ધર્માદાનું આખું ખેતર પાછું કઈ રીતે લેવાય...?

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 11 જુલાઈ, 2024 | અષાઢ સુદ પાંચમ | વિક્રમ સંવત 2080 08

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શ્રીકૃષ્ણનું સરનામું એટલે ગૌશાળા

કદાચ મનુષ્ય કરતાં વધારે સંવેદનશીલ ગાય છે. ઘરમાં કોઇનું મૃત્યુ થયું હોય તો આંગણામાં બાંધેલી ગાય પણ એથી ખૂબ પ્રભાવિત થતી હોય છે. જે ગાયનું વાછરડું કોઈ કારણસર મરી જાય તો તેનું દૂધ વસૂકી જાય. પછી તે કોઈ કારણસર દૂધ આપતી નથી. ઘણી વાર તો એ મરેલાં વાછરડાનું ચામડું ત્યાં રાખે, તો ગાય એ વાછરડાનાં ચામડાંને ચાટ્યા કરે અને દૂધ આપે.

માણસનું મગજ બહુ જોરદાર છે. એને પોતાના સ્વાર્થ કેમ સિદ્ધ કરવો તે આવડે છે. ગાય એટલે દીનતા. જેને બહુ અભિમાન હોય અને અભિમાનથી કેમ બચવું એ જોવું હોય, તો ગાયની આંખમાં પંદર મિનિટ રોજ જુઓ. એની અસર થશે. કેટલી દૈન્ય છે ગૌમાતા.

નંદ-યશોદા આમ કૃષ્ણનાં પાલક માતા–પિતા છે. પુષ્ટિ સંપ્રદાયમાં, વલ્લભ સંપ્રદાયમાં એવું માનવામાં નથી આવ્યું. બંને જગ્યાએ કૃષ્ણનું પ્રાગટ્ય થયું એવું વલ્લભ સંપ્રદાય માને છે. એટલે યશોદા અને નંદને પાલક માતા-પિતા નથી માનવામાં આવ્યાં. આમ પ્રસિદ્ધ કહેવત અનુસાર, વસુદેવ અને દેવકીએ શ્રીકૃષ્ણને જન્મ આપ્યો. નંદ-યશોદા પાલક માતા-પિતા છે. જન્મતાંની સાથે જ શ્રીકૃષ્ણ ગોકુળ ગયા. જ્યાં ગાયોનું આખું ધણ છે – ગોકુલ. જ્યાં ગૌધન છે, ત્યાં કૃષ્ણ ગયા. બાળકને મોટું થતું જોવું, એને કાલું-કાલું બોલતું સાંભળવું, ઘૂંટણિયાભેર ચાલતું જોવું. કોઇ પણ મા માટે આ સૌથી મોટો લહાવો છે.

એ અવસર દેવકીને નથી મળ્યો, એ યશોદાને મળ્યો, નંદબાવાને મળ્યો, વ્રજવાસીઓને મળ્યો. કેમ? એનું કારણ શું?

નંદ-યશોદાના પૂર્વજન્મની કથા આવે છે. ધરા નામના વશુ પ્રવર અને ધરા નામની સ્ત્રી એ બંનેએ બ્રહ્માજીના આદેશથી ખૂબ ગૌસેવા કરી. એમની ગૌસેવાથી પ્રસન્ન થઈને ભગવાને તેમને વચન આપ્યું કે, 'હું તમારે ત્યાં ગોપાલ થઈને આવીશ, હું પ્રગટીશ ભલે બીજા દ્વારા, પણ તમારે ત્યાં ઉછરીને મોટો થઈશ.'

એ જ નંદ-યશોદા બનીને આવ્યાં અને ભગવાન એમને આપેલાં વચન અનુસાર એમને ત્યાં પુત્ર બનીને આવ્યા એ કથા છે. નંદ-યશોદાને જો આ અવસર મળ્યો હોય તો ગૌસેવાને લીધે મળ્યો છે અને કૃષ્ણને સૌથી વધારે વહાલું જો કોઈ નામ હોય, તો તે છે ગોપાલ.

ભગવાન શ્રીકૃષ્ણનું સરનામું એટલે ગૌશાળા.

કૃષ્ણને કોઈ પૂછે કે તમને મળવું છે, તમારું સરનામું આપો, તો ત્યાં આવીને મળીએ એટલે કૃષ્ણ એડ્રેસ આપે ત્યાં લખ્યું હોય, ગૌશાળા. 'ગવાં મધ્યે વસામ્યહમ્' આવું કહે છે કૃષ્ણ. 'હું ગાયોની વચ્ચે રહું છું.' મંદિર એ કૃષ્ણનું ઓફિશિયલ એડ્રેસ છે અને ગૌશાળા એ કૃષ્ણનું નિવાસનું એડ્રેસ છે. મંદિર છે એ કૃષ્ણની ઓફિસ છે, પણ કૃષ્ણ પોતાના ઘરે તો એને જ નોતરે, જેને કૃષ્ણ સાથે ઘર જેવું હોય. ગૌશાળામાં એ લોકો જાય, જેને કૃષ્ણ સાથે ઘર જેવો આત્મીય સંબંધ હોય.

કૃષ્ણ જેને પ્રિય હોય, એ કૃષ્ણને પ્રિય હોય તેમાં શું નવાઈ! શીલ અને વ્યસન જેના સમાન હોય તેમાં સંબંધ થાય, એમાં મૈત્રી થાય. કૃષ્ણને ગાય વહાલી, એમ જેને ગાય વહાલી એ કૃષ્ણને વહાલા.

પૂજ્ય ડોંગરેજી મહારાજ ખૂબ ભાવાર્દ્ર બનીને કહેતા, 'કૃષ્ણ ગાયો ચારવા ઉઘાડા પગે જાય, તો કાંટા વાગે. કૃષ્ણ જ્યાં સુધી વ્રજમાં રહ્યાં ત્યાં સુધી તેમણે પાંચ નિયમોનું પાલન કર્યું છે. પહેલો, પગમાં જોડા પહેરવા નહીં, બીજો, વાળ કાપવા નહીં, ત્રીજો, સીવડાવેલાં વસ્ત્ર પહેરવા નહીં, ચોથો, હાથમાં શસ્ત્ર ઉઠાવવા નહીં, વ્રજમાં તો કૃષ્ણનું એક જ શસ્ત્ર છે - એની મોરલી. એનાથી પ્રેમીઓને ઘાયલ કરે છે. એની મૂર્તિ, એની મોરલી, એવું દિવ્ય સૌંદર્ય કે લોકો મુગ્ધ થઇ જાય છે.

કોઈ શસ્ત્ર નથી હાથમાં અને પાંચમો નિયમ કે અગિયાર વર્ષનો ન થાઉં, ત્યાં સુધી આ સ્થાન છોડીને ક્યાંય જાઉં નહીં. પરબ્રહ્મ કૃષ્ણ પુત્ર બનીને આવ્યો છે, ઉઘાડા પગે આંટા માર્યા છે. શ્રીકૃષ્ણના ચરણનો સીધો સ્પર્શ ત્યાંની ભૂમિને પ્રાપ્ત થયો છે, બ્રહ્મની રજ ત્યાં પડી છે એટલે તો બ્રજમાં રજનો મહિમા છે.

હકીકતમાં તો બ્રજ નામ જ એટલા માટે પડ્યું કે બ્રહ્મની રજ ત્યાં છે. બ્રહ્મરજ ચાર અક્ષરનો શબ્દ છે. એમાંથી વચલા બે શબ્દોનો લોપ થયો. પહેલો 'બ્ર' અને છેલ્લો 'જ' એ બે અક્ષરને મેળવવામાં આવ્યા એટલે ભૂમિનું નામ થયું બ્રજ. જે શ્રીકૃષ્ણના ચરણની રજથી વિભૂષિત છે તે વ્રજ.

ઉઘાડા પગે આંટા મારે છે ગાયોની પાછળ. અમે તો વ્રજ ચોરાસી કોષનો આનંદ લીધો છે ઉઘાડા પગે ચાલીને! ત્યાંની રજ એટલી કોમળ છે! ગમે ત્યાં તમે બેસી જાવ, માના ખોળામાં બેઠાં હો એવું લાગે! ક્યાંક વળી કોઈ વનરાજીમાં સત્સંગ થાય, પ્રશ્નોતરી થાય, ચાલતાં–ચાલતાં હરિનામ સંકીર્તન થાય.

હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે
હરે રામ હરે રામ રામ રામ હરે હરે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવનનો હેતુ

કવિ નારાયણદાસે પંક્તિમાં ગાયું છે,
'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી;
આવ્યા ત્યારે શું લાવ્યા, ને શું લઈ જાવું સાથે જી...'

કાળા માથાનો પ્રત્યેક માનવી આ સિદ્ધાંત જાણે છે કે આપણે સાથે કંઈ લાવ્યા નથી ને કંઈ લઈ જવાનાં નથી. જો આ જ સત્ય હોય તો ભગવાને જીવન આપ્યું છે શા માટે? કઈ દિશામાં આ જીવનના રથને હંકારવો? કેવી રીતે જીવન જીવીએ તો જીવનમાં સાર્થકતાનો અનુભવ થાય? વાત પણ સાચી છે. આ લોકમાં હું શું કરવા આવ્યો છું એ વિચાર જો સ્પષ્ટ ન હોય, તો આ લોકનું બધું પામ્યા પછી પણ માનવી કંગાલપણાનો અનુભવ કરે છે.

નેપોલિયન બોનાપાર્ટ, જે દુનિયાની કોઈ પણ સુવિધા વસાવી શકે તેટલી સંપત્તિ ધરાવતા હતા, પરંતુ જીવનસંધ્યાએ તેઓ બોલ્યા હતા કે, 'મેં મારા જીવનકાળમાં છ દિવસ પણ સુખના જોયા નથી. ભૌતિક સમૃદ્ધિ મેળવવા મૂકેલી આંધળી દોટે જીવનને નિરર્થક-કંગાળ બનાવી દીધું.'

જીવનમાં જે કરવાનું છે એ રહી જાય છે અને ન કરવાનું થઈ જાય છે. એટલે માનવી સુખ કે શાંતિ અનુભવી નથી શકતો. 21મી સદીમાં મનુષ્ય પ્રગતિશીલ તો છે જ, પરંતુ દિશાશૂન્ય પણ એટલો જ છે. જીવનમાં સિદ્ધિ હાંસલ કરવા ધારે છે, છતાં કંઈ સિદ્ધ કરી શકતો નથી, કારણ કે શું સિદ્ધ કરવાનું છે એ જ તેને ખબર નથી.

જીવનની પરેશાનીમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો છે? આવા જ ભાવનો એક પ્રશ્ન પૂછાયો હતો - પ્રમુખસ્વામી મહારાજને. તેઓ સ્પાર્ટનબર્ગમાં પધાર્યા હતા. તેમની મુલાકાતે અમેરિકન પત્રકાર માર્ક ફિનલી આવી ચડ્યા. તેમની સાથે પ્રશ્નોત્તરી દરમિયાન માર્કે તેમને પૂછ્યું, 'શું સંપત્તિ એકત્રિત કરવી એ જ જીવનનો હેતુ છે?'

પ્રમુખસ્વામી મહારાજે કે, 'જીવનનો હેતુ તો ભગવાનની ભક્તિ કરવી તેમ જ બીજાને મદદરૂપ થવું અને પવિત્ર જીવન જીવવું એ છે.' સાદા, સરળ શબ્દોથી ગૂંથાયેલું આ વાક્ય ખરેખર સૌને જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે છે. મોટા મોટા વિચારકોને પણ ન સૂઝે એવા વિચારો આ સોળ શબ્દોમાં પ્રમુખસ્વામી મહારાજે સહજમાં મૂકી દીધા.

તેમના આ વાક્યો પર થોડું મનન કરીએ.

બીજાને મદદરૂપ થવું - આપણી પ્રગતિમાં જેમ અનેકોના ઉપકારો રહેલા છે, તેમ આપણે પણ બીજાને મદદરૂપ થવાની ભાવનાથી જીવન જીવીએ, તો અંતરમાં શાંતિનો અનુભવ થાય છે. વિશ્વના નામાંકિત ધનવાનો અને કુબેરપતિઓ પણ પોતાની સંપત્તિનો ઘણોખરો હિસ્સો પરમાર્થે વાપરે છે, કારણ કે તેમનું અંતર કબૂલે છે કે, 'સુખ-શાંતિ ભેગું કરવામાં નહીં, પણ વહેંચવામાં છે.' આપણને પણ અનુભવ થાય છે કે, આપણે હજારો લિટર પાણી અત્યાર સુધીમાં પી ગયાં હોઈશું, એના કરતાં આપણે કોઈ ગરીબ, તરસ્યા બાળકને વર્ષો પહેલાં પાણી પાયું હશે, તે પરોપકાર આજે પણ આપણને આનંદ અને સંતોષનો અનુભવ કરાવતો હશે. આમાં તો આપવાની વાત છે, છતાં આપણને એમાંથી સુખ મળે છે, એનો અર્થ જ એ થાય છે કે બીજાને મદદ કરવામાં ખરેખર માલ છે.

પવિત્ર જીવન જીવવું - જ્યારે જીવનમાં મલિનતા હોય ત્યારે એક અદૃશ્ય ભાર માણસને ભીંસમાં રાખે છે. ટાઈગર વુડ્સ અને બિલ ક્લિન્ટન જેવા અનેક ઉદાહરણો છે, જે પ્રસિદ્ધિની ટોચે પહોંચીને પણ અંતે વિપરીત પરિણામનો ભોગ બન્યા છે. જ્યારે પવિત્ર જીવન જીવનારા સ્થૂળ રીતે કદાચ ક્યારેક સંઘર્ષ અનુભવતા હોય, પણ એકંદરે અંતરમાં શાંતિનો અનુભવ કરે છે.

ભગવાનની ભક્તિ - ઈતિહાસ એક વાતની સાક્ષી પૂરે છે કે ભગવાનમાં મગ્ન રહેનારા જ સુખ અને શાંતિ ભોગવી શક્યા છે. એ પછી પત્નીના મૃત્યુ પછી 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલ' ગાનારા નરસિંહ મહેતા હોય. કષ્ટો વચ્ચે પણ 'વિઠ્ઠલ ગીતીં ગાવા, વિઠ્ઠલ ચિતીં ધ્યાવા, વિઠ્ઠલાચેં નામ ઘેતાં ઝાલેં સુખ'નો સૂર છેડનારા સંત તુકારામ હોય કે અપમાનોની વચ્ચે પણ 'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવા'નો રણકો કરનારા નિષ્કુળાંદ સ્વામી હોય. ભગવાનને પ્રધાન રાખીને જીવીએ તો આપણા જીવનનાં બધાં પાસાં વ્યવસ્થિત ગોઠવાઈ જાય છે અને સુખનો અનુભવ થાય છે.

નક્કી આપણે કરવાનું છે, ઉપરોક્ત ત્રિવેણીમાં ગરક થઈ જીવનને સાર્થક કરવું છે કે લૌકિક ઝાકઝમાળમાં ઘેલા થઈ અંતે દુઃખી થવું છે?

કોલેજિયનની દૃષ્ટિ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક ધર્મિષ્ઠ પરિવારના સંસ્કારી છોકરાએ કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. તેને પૂછ્યું, 'તું કોલેજમાં...?' તેણે કહ્યું, 'સાહેબ! કોલેજમાં જવાની ઈચ્છા જ ન હતી, પણ વિચાર્યું કે જો કોલેજમાં નહીં જાઉં, તો પપ્પા તેમની ઓફિસે મને બેસાડી દેશે અને પછી વેકેશન દરમિયાન જિનાલય, સંઘ કે મહાત્મા માટે મારે સેવા કરવા જવું હોય, તો મને ટાઈમ ન મળે. બસ, આ ઉદ્દેશથી મેં કોલેજ શરૂ કરી છે.'

'પણ કોલેજમાં તારા સુસંસ્કારોના અગ્નિસંસ્કાર થઈ જાય તેનું શું...?'

યુવાને આ પ્રશ્નનો ઉત્તર પણ અંતરને આવર્જિત કરે તેવો આપ્યો, 'મને ખ્યાલ જ હતો કે કોલેજમાં જઈશ, તો આ નુકસાનની સંભાવના છે જ, એટલે મેં એવો ઉપાય અજમાવ્યો કે રોજ હું જિનાલયે પૂજા કરીને પછી જ કોલેજ જાઉં છું.

જ્યારે પ્રભુની પૂજા કરવા જાઉં, ત્યારે કપાળ ઉપર મોટો ચાંદલો કરું છું. એ ચાંદલા સાથે જ હું કોલેજ જાઉં છું. મારા કપાળ ઉપરના મોટા ચાંદલાને જોઈ કેટલાક કોલેજિયનો મને 'ભગત... વેદિયો...' કહી ચીડવે છે, મારાથી દૂર રહે છે. કેટલાક તો મને બોલાવતા પણ નથી.

જ્યારે સુસંસ્કારી છોકરાઓ મારી સાથે મિત્રતા કરે છે. મોટા ચાંદલાથી બે લાભ થયા. (1) કુસંસ્કારી મિત્રો સાથે દોસ્તી ન થવાથીકુસંસ્કારો આવતા નથી. (2) સંસ્કારી મિત્રો સાથેની દોસ્તી દૃઢ થાય છે, તેથી સુસંસ્કારોમાં પણ વૃદ્ધિ થાય છે.'

પુરુષાર્થ કરીને પ્રામાણિક પંથે આગળ વધીએ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણે જેને જનરેશન ગેપ કહીએ છીએ, એ જનરેશન ગેપ કેમ આવે છે, ખબર છે? આપણે જીવનને તેની સમગ્રતામાં જીવતાં નથી, આપણે જીવનને ટુકડામાં જીવીએ છીએ. બાળપણ, યુવાની અને બુઢાપો. પહેલા આપણે બાળપણમાં જીવી લીધું, બાળપણ ખતમ થઈ ગયું પછી તે વીતેલા બાળપણ પર જુવાની નાચે છે.

એક સમયે તો બાળપણ પછી થોડા મોટા થઈએ એટલે ઘરવાળા અને આજુબાજુવાળા પણ સંભળાવે કે, 'બસ! હવે તું નાની છોકરી નથી, મોટી થઈ, કાલે સવારે સાસરે જઈશ, સમજ કંઇ.' છોકરો હોય તો, 'હવે તું નાનો નથી, કાલે નોકરી-ધંધે જવું પડશે.'

અત્યારના છોકરાઓને તો બહુ કહેવાતું નથી. ક્યારેક જણાય કે એટલા માટે જ તો ગરબડ નથી થઈ ને? પહેલાં વડીલો થોડા ટોકતા અને રોકતા હતા તો સારું હતું. આજના પેપરમાં હું ક્યાંક વાંચતો હતો કે આ બધા જે અપરાધો અને જે ઘટનાઓ હમણાં બન્યાં તેનું કારણ શું છે? એ જ કે ઘરમાં કોઈ એવા વડીલ નથી રહ્યા, જે બાળકોને રોક-ટોક કરી શકે.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે - સૌને સ્વતંત્રતા જોઈએ છે. જોકે, ક્યારેક એ સ્વતંત્રતા સ્વચ્છંદતા થતી જાય છે. અચાનક મળેલા પૈસા માણસને ઉદ્દંડ કરી નાખે છે અને પ્લેઝર માટે થઈને ફાંફા મારતો માણસ પોતાના આનંદ-પ્રમોદ માટે ગમે તે પાપ કરી બેસે છે. સ્વતંત્રતાની સાથે તર્કબદ્ધ નિયંત્રણ પણ આવશ્યક છે.

નિર્ભય હોને કી બડી મહિમા હૈ લેકિન ભય કા ભી કોઈ સ્થાન હૈ. જીવન મેં ભય ભી આશીર્વાદ રૂપ હૈ. એક ભય ભગવાન કા, દૂસરા ભય સમાજ કા, તીસરા ભય પુલિસ કા. તીન ભય ચાહિયે જીવન મેં, જો ભક્ત લોગ હૈ ઉનકે જીવન મેં ભય હૈં કિ, 'નહીં નહીં! હમ ઐસા નહી કર સકતે, યહ પાપ હૈ, બૂરી બાત હૈ.' ભગવાન નારાજ થાય.

ખોટા કામ કરીએ, પાપ કરીએ તો નરકમાં જઈએ. ના, મારાથી ન થાય. એ ભય અને પાપ કરવાથી દૂર રહેશો. જે ભગવાનને ન માનતો હોય, ધર્મ પ્રત્યેની નિષ્ઠા ન હોય તે શું કહે?

'ના, આમ ન થાય. આપણે સમાજમાં રહેવાનું છે. આવું કામ કર્યું તો નાક કપાઈ જશે. સમાજ શું કહેશે?'

ઘણા એવા સ્વચ્છંદી હોય કે એમને સમાજની પણ પડી ન હોય, એ ભગવાનને માનતાં ન હોય, સમાજની એમને પડી ન હોય, તો એમને રોકવા માટે પોલીસનો ભય. એટલે કે રાજાનો ભય. એટલે એમને મન ચોરી કરવી એ પાપ જેવું નથી, એમને સમાજમાં આબરૂની કોઈ ચિંતા નથી. એવા લોકો ચોરી કરે. વચ્ચે તો લૂંટફાટ કરતી કોઈક ટોળી માત્ર આખા શરીરે તેલ ચોપડીને આવે એટલે કોઈ પકડવા જાય તો લસરીને નાસી છૂટે.

બુદ્ધિ તો એમની પાસે છે અને પુરુષાર્થ તો એમનો પણ ઓછો નથી. બુદ્ધિનો ઉપયોગ કરે છે, રાતે ઉજાગરા કરે છે, મહેનત કરે છે. આપણા કરતાં એમની મહેનત વધારે હોય છે.

આપણે કોઈકના ઘરે જઈએ તો સીડી ચડીએ અને ડોરબેલ વગાડીએ એટલે પેલો ઉઘાડે. આમને તો સીડી નહીં, પાઈપથી ચડવાનું. વધારે મહેનતનું કામ છે. એમને ખાતર પાડવાનું હોય કે ગમે ત્યાં, માથે જોખમ ઉઠાવી કોઈ જાગી ન જાય એ રીતે બધું ખોલે. એ આપણા કરતાં મહેનત વધારે કરે છે. પુરુષાર્થ એમનો નથી એમ નહીં, પણ એ કર્મમાં ધર્મ નથી. માટે પાપ છે. માટે ધર્મનો વિચાર કરવાનો છે. ધર્મ વગરનો માણસ પશુ સમાન છે.

યજ્ઞ કર્મ કરો, સત્કર્મ કરો. સત્કર્મ કરવાથી જ દેવતા પુષ્ટ થશે. એટલે કે આપણી અંદર રહેલા સદ્ગુણો પુષ્ટ થશે. આપણે કર્મને યજ્ઞની ઊંચાઈ સુધી પહોંચાડીએ. ફળની આસક્તિને લઈને કર્મ ન કરીએ ક્યોંકિ કર્મ બિના ફલ દિયે શાંત નહીં હોગા, યહ નિયમ હૈ. લેકિન તૂ આસક્તિપૂર્વક કામ કરેગા, ફલાસક્તિપૂર્વક કામ કરેગા તો ઉસકે ચલતે તેરા કર્મ ભી ઠીક નહીં હો પાયેગા.

આમ, જીવનમાં ભગવાનનો, સમાજનો અને વ્યક્તિ ન્યાયપૂર્ણ પંથે આગળ વધે તે માટે સહાયક એવા પોલીસનો પણ ભય જરૂરી છે. સાચી સમજણ આપે તેવા વડીલોની આવશ્યકતા છે. જે આવું સાચું માર્ગદર્શન નવી પેઢીને આપે.

જે એ પણ શીખવે કે આળસ ને આરામનું ન અપાય, કર્મ ન કરવું અને પલાયનવાદ પસંદ કરવો તે પણ યોગ્ય નથી. આપણે પ્રગતિ માટે પ્રચંડ પુરુષાર્થ કરીએ અને પ્રામાણિક પંથે આગળ વધીએ તો જ સ્વયં પ્રસન્ન થઈને જીવન જીવી શકીશું અને બીજાને પણ ઉપયોગી બની શકીશું.

સજ્જનતા પૈસાથી ખરીદી ન શકાય

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક વખત ઈંગ્લેન્ડના રાજા જેમ્સનો ખજાનો ખૂટવા લાગ્યો. તેણે પોતાનો ધનભંડાર વધારવા એક કીમિયો અજમાવ્યો. તેણે લોકો પાસેથી પૈસા લઈ તેમને ખિતાબો, એવોર્ડો, પ્રમાણપત્રો અને ડિગ્રીઓ આપવી શરૂ કરી. તે જાણતા હતા કે માત્ર પ્રમાણપત્ર મેળવીને કોઈ વ્યક્તિ મહાન નથી બની શકતી. તેણે મૂર્ખાઓના તુચ્છ અહંકારને પોષી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનું શરૂ કર્યું અને નગરના મૂર્ખાઓ પણ પોતાના નામની આગળ-પાછળ આવાં લટકણિયાં લગાવવા ધન આપવા લાગ્યા.

એક ધનિક લુચ્ચા વેપારીએ રાજા જેમ્સને કહ્યું કે, 'મહારાજ! હું ધન આપવા તૈયાર છું, પણ એના બદલામાં મને સજ્જન માણસનું પ્રમાણપત્ર આપો.'

જેમ્સે કહ્યું કે, 'હું લોર્ડ, ડ્યુક, પ્રોફેસર, તત્ત્વજ્ઞાની જેવી ડિગ્રીઓ આપી શકું, પણ સજ્જનની ડિગ્રી આપી ન શકું, કારણ કે સજ્જનતા તો સંસ્કારથી આવે છે, પૈસાથી ખરીદી ન શકાય.'

સજ્જનતા પૈસાથી નથી પમાતી. સજ્જનતા સત્તાથી પણ નથી પમાતી. અરે, સજ્જનતા પ્રસિદ્ધિથી પણ નથી પમાતી. સજ્જનતાનું પ્રમાણપત્ર મેળવવા માટે તો ચરિત્રયુક્ત જીવન જીવવું પડે.

લોકો ડો. એ.પી.જે. અબ્દુલ કલામને ચાહતા, તેમના નિષ્કલંક અને પ્રામાણિક જીવનના લીધે,

નેલ્સન મંડેલાને લોકો યાદ કરે છે તેમની સહનશક્તિ અને ઉદારદિલીના લીધે, સરદાર પટેલને સૌ સ્મરે છે તેમની ખંત અને કર્મઠતા ભરી કાર્યપદ્ધતિના લીધે, શિવાજી મહારાજને સમાજ યાદ કરે છે, તેમની શૂરવીરતા અને ચરિત્રયુક્ત જીવનના લીધે.

ટૂંકમાં, મહેનત બાહ્ય વૈભવ કેળવવા કરતાં આંતરવૈભવ ખીલવવા માટે કરવી પડે, કારણ કે લોકો હંમેશાં તેને જ યાદ કરે છે કે જે સજ્જન અને સદ્દગુણી હોય.

અમદાવાદ ખાતે શતાયુના આરે પહોંચેલા મૂક લોકસેવક રવિશંકર મહારાજ વિશે તૈયાર થયેલા દળદાર પુસ્તક 'જેણે જીવી જાણ્યું'નો વિમોચન સમારોહ હતો. પુસ્તકના લેખક હતા જ્ઞાનપીઠ એવોર્ડ–વિજેતા અને 100થી વધુ પુસ્તકો લખનાર મૂર્ધન્ય લેખક - પન્નાલાલ પટેલ. તેમણે આ અવસરે જણાવ્યું કે, 'રવિશંકર મહારાજને મેં પૂર્ણ માનવ તરીકે જોયા છે. મેં 100 જેટલાં પુસ્તકો લખીને મિત્રો અને સાહિત્યકારોને અર્પણ કર્યાં છે, પરંતુ આ પુસ્તક કોને અર્પણ કરવું તે પ્રશ્ન મને મૂંઝવતો હતો, કારણ કે આ પુસ્તકનો ભાર ઝીલે, એવો નિષ્કલંક પુરુષ કોણ? તામિલનાડુના પૂર્વ રાજ્યપાલ પ્રભુદાસભાઈ પટવારીએ મને સૂચન કર્યું કે 'આ પુસ્તક પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરો' અને આજે આ પુસ્તક તેમને અર્પણ કરું છું. આ પુસ્તકના અર્પણ પાનાં પર મેં છાપ્યું છે,

'શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને...

આપ છો જાણે ભવાટવિમાં ભૂલા પડેલા ભક્તો માટે દીવાદાંડી સમાન,

તો વળી રવિ દાદા સદા દાસ દીન-દુઃખિયાની હોળી સમા,

આપને અર્પી દાદાના ગુણની ગાથા ભગવાન હું ચાહું ધન્ય થાવા.'

હા, જેમ દીવાદાંડીનો પ્રકાશ ભટકેલાને સાચા માર્ગે ચડાવે છે, તેમ પ્રમુખસ્વામી મહારાજના સદ્દગુણોના પ્રકાશે દુર્ગુણોથી ખરડાયેલા, જીવનના સત્યમાર્ગથી ખોવાયેલા અનેકને ઉગાર્યા છે. પ્રમુખસ્વામી મહારાજની કક્ષાએ પહોંચવા પવિત્ર જીવન જીવવું પડે, ધીરજ રાખવી પડે. આ લાંબા સમયની તપશ્ચર્યા છે.

તેઓ હંમેશાં કહેતાં કે, 'ચરિત્રવાન બનો અને ચરિત્રવાન સમાજ તૈયાર કરો.' જે સ્વયં ચરિત્રવાન હોય, તે જ બીજાને ચરિત્રવાન બનવાની પ્રેરણા આપી શકે.

ચરિત્રમાં રહેલી તાકાતનો અનુભવ તો ત્યારે થાય છે કે જ્યારે ચરિત્રહીન વ્યક્તિ પણ પોતાનાં સંતાનોને ચરિત્રયુક્ત જીવન જીવવાનો ઉપદેશ આપે છે. તે પણ સમજે છે કે સાચો માલ તો ચરિત્રમાં જ છે.

પુત્રની કૃતજ્ઞતા

બંગાળના વીરસિંહ નામનાં ગામમાં બાળકને ભણાવવા માટે માતાએ પોતાનાં સોનાનાં આભૂષણો વેચી દીધાં. બાળક ભણીને સમર્થ થયો. માતાના ઉપકારોનું તેને વિસ્મરણ ન થયું. તેણે આભૂષણો વિનાની માતાને જોઈ કહ્યું, 'માતા! મારા માટે તમે ખૂબ બલિદાન આપ્યું. હવે મારી ઈચ્છા છે કે હું તમારાં માટે શ્રેષ્ઠ આભૂષણો બનાવું.'

માતાએ કહ્યું, 'બેટા, વર્ષોથી મારે ત્રણ મોટાં આભૂષણો બનાવવાની ઈચ્છા છે, પણ એ બહુ જ મોંઘા છે.' પુત્ર બોલ્યો, 'માતા, એ આભૂષણો કયા છે? મને જણાવો. હું વધુ પરિશ્રમ કરીને પણ એ આભૂષણ અવશ્ય બનાવીશ. મારા માટે 'કેટલાં મોંઘાં છે' એ મહત્ત્વનું નથી, 'તમને ગમે છે.' એ જ મહત્ત્વનું છે.'

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

માતા બોલ્યાં, 'આપણાં ગામમાં બાળકોને ભણાવવા માટે સારી સ્કૂલ નથી, બીમાર લોકોનો સારો ઉપચાર થાય, તે માટે હોસ્પિટલ નથી અને અનાથ બાળકોને સાચવવાનું સ્થાન નથી. મારાં ગામ માટે આ ત્રણ આભૂષણો બનાવવા છે.'

પુત્રએ માતાને વચન આપ્યું અને સમયાંતરે ત્રણેય આભૂષણો બનાવ્યાં. માતાના ઉપકારોની કૃતજ્ઞતા વ્યક્ત કરનાર હતા, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર. તેમણે ગામમાં 'ભગવતી વિદ્યાલય'નું નિર્માણ કરાવ્યું, પછી હોસ્પિટલ અને અનાથ-આશ્રમ પણ... ઈશ્વરચંદ્રજીની માતાનું નામ હતું ભગવતી દેવી.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પરોપકાર માટે પ્રયત્નશીલ બનીએ

જીવનમાં ભાવનું મહત્ત્વ છે. ભક્તિભાવ, શ્રદ્ધાભાવ. આ સંદર્ભનો પ્રસંગ છે. એક ભાઈએ પોતાના ભાઈના બર્થ ડેની ઉજવણી કરવા માટે પાર્ટીનું આયોજન કર્યું. સેંકડો માણસોને બોલાવ્યા.

બહુ સારી પાર્ટી કરી અને એણે પોતાના ભાઈને બ્રાન્ડ ન્યૂ લક્ઝુરિયસ કારની ચાવી આપી અને કહ્યું, 'આજના દિવસે તને મારા તરફથી ભેટ.' નાનો ભાઈ ચાવી લઈને મોટા ભાઈને પગે લાગ્યો. મોટા ભાઈએ તેને હૃદયસરસો ચાંપ્યો. બધાએ તાળી પાડી અને નવી મોટર જોઈ.

તેમાં એક જણ બીજાને કહે, 'કાશ મેરે પાસ ઐસી કાર હોતી.' દૂસરા તાલી બજાતે હુએ બોલા, 'કાશ મેરા ભી ઐસા ભાઈ હોતા, જો મુઝે ઈસ તરહ સે કાર દેતા.' તીસરા બોલા, 'મૈં ઈશ્વર સે પ્રાર્થના કરતા હૂં કિ મૈં ઐસા ભાઈ બન સકું, જો અપને ભાઈ કો લક્ઝુરિયસ કાર દેતા હૈ.' આમાં કોણ શ્રેષ્ઠ?

સૌથી શ્રેષ્ઠ એ છે, જો કહતા હૈ કિ, 'મૈં ઈશ્વર સે પ્રાર્થના કરતા હૂં કિ મૈં ભી ઐસા ભાઈ બન સકું, જો અપને ભાઈ કો લક્ઝુરિયસ કાર દે સકું.' બીજો નંબર એને આપીશું, જે એમ કહે છે કે, 'કાશ મેરે પાસ ભી એક ઐસી કાર હોતી.' એ માણસ આજે નહીં તો કાલે, પુરુષાર્થથી કમાશે અને ત્રીજો એમ કહે કે, 'કાશ મેરા ભી એક ઐસા ભાઈ હો...' એ તો સાવ બેઠો-બેઠો રાહ જુએ છે, પણ એને કંઈ કરવું નથી. એ એવો ખમતીધર ભાઈ શોધે છે કે તું મને આપ્યા કર! આપણી જાતને પૂછીએ કે આપણે કઈ કેટેગરીમાં આવીએ છીએ?

મેં એક બહુ સરસ વાત સાંભળી હતી. એક દંપતી બસમાં મુસાફરી કરતાં હતાં. પહાડોના વિસ્તારમાં, ચાર ધામમાં. એમનું ગામ તો હજી બે કિ.મી. દૂર હતું. પણ એમનું મકાન બસ ઊભી રહેવાની હતી, તે પહેલાં આવતું હતું. એટલે એમણે કન્ડક્ટરને કહ્યું કે, 'ભાઈ! અહીં બસ ઊભી રાખો ને! તો અમે અહીં ઊતરી જઈએ. અમારે સામાન લઈને એક કિ.મી. પાછું ન વળવું. ઊભી રાખો તો સારું.'

કન્ડક્ટરે ઘંટડી મારી બસ ઊભી રહી. એ બંને જણાં ઊતર્યાં અને નીચે ઊતરી સામાન ઉતાર્યો. એમાં પાંચ મિનિટ ગઈ. કન્ડક્ટરે બારણું બંધ કરી ઘંટડી મારી. બસ આગળ જવા લાગી.

આ બંને જણાંએ સામાન પોતાના માથા પર મૂકી થેલા ખભે ભરાવ્યા. બસ થોડીક આગળ ગઈ હતી, એમાં ઉપરથી મોટી પથ્થરની શીલા ગબડતી-ગબડતી આવી અને બસ ઉપર પડી અને આખી બસ સાથે ખીણમાં પડી.

લોકોની ચિચિયારીથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું, કોઈ બચ્યું નહીં, બધાં મરી ગયાં. એ જોઈને પત્ની બોલી, 'સારું થયું, આપણે બચી ગયાં. પ્રભુ તમે બહુ દયાળુ છો.'

પુરુષ રડવા લાગ્યો કે, 'હે પરમાત્મા મૈંને ક્યા કિયા?' એની પત્ની બોલી, 'અરે! આપ રોને ક્યોં લગે? હમ તો બચ ગયે. ઈસ વક્ત હમ બસ મેં હોતે. તો હમ ભી મર ગયે હોતે. હમેં તો ભગવાન કા આભાર માનના ચાહિયે ઔર આપ રો રહે હો?'

પેલાએ જવાબ આપ્યો કે, 'અરે ગાંડી! તને ખ્યાલ નથી, આપણા સ્વાર્થને લીધે આટલા લોકોનો જીવ ગયો. જો બસને અહીં આપણે ઊભી ન રખાવી હોત, તો બસ આગળ નીકળી ગઈ હોત અને પથ્થર ટકરાયો ન હોત! આ અકસ્માત ન સર્જાયો હોત અને બધાં બચી ગયા હોત.'

એટલે કે પરમાર્થી હોય તે અન્યના દુઃખથી સ્વયં પણ દુઃખ અનુભવે. તેને લાગે કે હું આનું દુઃખ કેવી રીતે હળવું કરી શકું? તેના નિવારણ માટે દોડતો હોય.

ઉપરોક્ત પ્રસંગના સંદર્ભમાં કહેવાનું કે - ક્યારેક આપણે નાનકડા સ્વાર્થ માટે રાષ્ટ્રને બહુ મોટું નુકસાન કરી બેસતાં હોઈએ છીએ, સમાજની વ્યવસ્થાને મોટું નુકસાન પહોંચાડતાં હોઈએ છીએ. આપણી જડતા અને સ્વાર્થ કેટલું નુકસાન કરે છે તેનો વિચાર કરીએ.

ક્યારેક એવું લાગે કે આજે માણસ પોતે દુઃખી હોય એના કરતાં બીજા સુખી છે, તેને જોઈને વધુ દુઃખી થતો હોય છે. એને બદલે સ્વયં દુઃખમુક્ત બનીને બીજાના દુઃખ દૂર કરવા માટે યત્ન કરવાનો છે. પરોપકાર માટે હંમેશાં તત્પર બનવાનું છે.

યાદ રાખો, પાપનો એક અર્થ થાય છે, બીજાનું અહિત કરવું, બીજાને પીડા આપવી. આપણે ધર્મ-આધ્યાત્મિકતાના માર્ગે ચાલતાં હોઈએ તો ધ્યાન રાખવાનું છે કે આપણાથી કદી પણ કોઈનું અહિત ન થાય, તેને આપણાથી પીડા ન થાય.

આપણું જીવન પરમાર્થમય જીવીએ અને પરોપકાર માટે પ્રયત્નશીલ બનીએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ચામાં પૂરતી ખાંડ નથી...

હાન્સ ક્રિશ્ચિયન એન્ડરસન
જન્મ: 2-4-1805 મૃત્યુ: 4-8-1875

ડેન્માર્કના હાન્સ ક્રિશ્ચિયન એન્ડરસન ખૂબ જ સારા લેખક હતા. ખાસ કરીને પરીકથાઓ લખવામાં તેઓ માહેર હતા. તેમને અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સ સાથે સારી મિત્રતા હતી. તેઓ ઘણી વખત તેમના ઘરે રોકાતા.

તેમનું ડિકન્સના ઘરે રોકાવાનું એક જ કારણ રહેતું કે ડિકન્સ તરફથી તેમને પોતાની પ્રશંસા સતત સાંભળવા મળતી. છતાં પ્રશંસા સાંભળીને તેઓ અચૂક કહેતા કે, 'ચામાં પૂરતી ખાંડ નથી.' અર્થાત્ હજુ મારાં વધુ વખાણ કરો! કહેવાય છે કે પૂરતું માન ન મળ્યાની ફરિયાદ એમની ક્યારેય અટકી નહોતી.

આ કેવળ એન્ડરસનની વાત નથી, પણ માણસમાત્રની મનોવૃત્તિ છે. ગમે એટલું માન મળતું હોય, પણ તે ઓછું જ પડે છે. એની સામે મહાપુરુષો પોતાને મળતા માનને પણ અવગણતાં હોય છે.

સન 2000ની સાલમાં 'સંયુક્ત રાષ્ટ્રસંઘ' (UNO) દ્વારા વિશ્વમાં શાંતિ-સંવાદિતાની સ્થાપનાના ઉદ્દેશ સાથે ઈતિહાસમાં પ્રથમ વાર જ ધાર્મિક-આધ્યાત્મિક નેતાઓની 'The Millennium World Peace Summit of Religious and Spiritual Leaders' યોજાઈ રહેલી. તે માટે આ સંગઠને દુનિયાના 54 દેશોમાંથી 1800 ધર્મગુરુઓને નિમંત્રિત કર્યા હતા.

આવા મોભાદાર સમારોહમાં વિશ્વના પ્રમુખ ધર્મોનું પ્રતિનિધિત્વ કરવાનું દાયિત્વ દરેક ધર્મના એક-એક ધર્મગુરુને સોંપવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજને સમગ્ર હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કરવા માટે આમંત્રિત કર્યા હતા. સ્વામીને આ સમારોહમાં જવાની જરા પણ ઈચ્છા નહોતી, પણ આ 'સંસદ'ના મહામંત્રી બાવા જૈનના પ્રેમાગ્રહને વશ થઈને તેઓ જવા સંમત થયા.

વર્ષ 2000માં 'યુનો'ની પરિષદમાં ભાગ લેનારા ધર્મગુરુઓને નિયત સમયે સદન પર પહોંચવાનું હતું, જ્યારે અમુક વિશિષ્ટ મહાનુભાવોને ઉતારેથી નીકળવાનો સંદેશો મળે પછી તેઓ ઉતારેથી નીકળીને સદનમાં સીધો પ્રવેશ મેળવે, એવી ગોઠવણ થઈ હતી. સ્વામી આ વિશિષ્ટ મહાનુભાવોની યાદીમાં હતા.

સંદેશો મળતાં સ્વામી ઉતારેથી નીકળી 'યુનો'ના મહાસદનમાં પહોંચ્યા. અહીં પ્રવેશદ્વારે પ્રત્યેક આમંત્રિત 'ધર્મગુરુ' માટે ગળામાં ઓળખપત્ર લટકાવી રાખવું અને સુરક્ષા-તપાસ માટે 'મેટલ ડિટેક્ટર'માંથી પસાર થવું ફરજિયાત હતું. સ્વામીને તો આવી કોઈ પ્રક્રિયાની પીંજણ ન હતી. બે દિવસમાં ત્રણ વાર તેઓ બેરોકટોક સીધા પ્રવેશ્યા અને બહાર નીકળ્યા.

સભામાં જ્યારે સ્વામીજીને બોલવાનો વારો આવ્યો, ત્યારે સત્રાધ્યક્ષ ડૉ. કરણસિંઘે ઉદ્‌ઘોષણા કરી, 'Sadhu Atmaswarupdas will now introduce our next speaker His Holiness Pramukh Swamiji Maharaj.' આ મુખ્યસત્રમાં પરિચયવિધિનો આવો વિશેષાધિકાર સ્વામીજી ઉપરાંત પોપના પ્રતિનિધિરૂપે ઉપસ્થિત થયેલા કાર્ડિનલને આપવામાં આવેલો, અન્ય કોઈને નહીં.

સ્વામીએ ગુજરાતી ભાષામાં પ્રવચન શરૂ કર્યું. 'યુનો'ના ઈતિહાસમાં સૌપ્રથમ વાર ગુર્જર ગિરા અહીં ગૂંજતી થઈ. સ્વામીજીની અમૃતધારા વિરમતાં સભાધ્યક્ષે ઘોષણા કરી, **'धन्यवाद प्रमुखस्वामीजी! आपने आशीर्वाद हमें दीया..'** આવો આભાર સભાધ્યક્ષે સત્રમાં હજી સુધી કોઈનો માન્યો નહોતો. તેમને પણ સ્વામીજીની વાણી 'સંબોધન' નહીં, 'આશીર્વાદ' તુલ્ય અનુભવાઈ.

સ્વામીજીના આશીર્વાદ પૂર્ણ થતાં તેમને અભિનંદન આપવા માટે આવનારાઓની હારમાળા સર્જાઈ. આચાર્ય ધર્મેન્દ્રજી બોલી ઊઠ્યા, **'સ્વામીજી! आज आपने यहाँ हिंदु धर्म की लाज रखी..'** ચિત્રકૂટના એક પ્રજ્ઞાચક્ષુ સંત કહેવા લાગ્યા, 'આપ બહુ નમ્ર છો. નમ્રતાની મૂર્તિ છો.' સૌનો પ્રેમ-સત્કાર ઝીલતાં સ્વામીજી વિદાય થયા.

'યુનો'નો કાર્યક્રમ પૂરો કરીને સ્વામીજી બીજા દિવસે ન્યૂયોર્કથી હ્યુસ્ટન જવા એરપોર્ટ પર આવ્યા. અહીં સ્વામીજીએ અમદાવાદસ્થિત સંતોને ઉદ્દેશીને એક પત્ર લખ્યો, 'ત્યાં (ભારતમાં) છાપાં કે ટેલિવિઝનમાં વધારે પડતું ન થાય તે જોશો, કારણ (કે) ઈન્ડિયાના મહાપુરુષો પણ ('યુનો'માં) હતા. માટે મર્યાદામાં રહીને આવે તેમ કરવું.' આટલું લખી તેમણે આ કાગળ સત્વરે ફેક્સ કરાવ્યો.

સ્વામીજીની 'યુનો'માં થયેલી પધરામણી અંગેની પત્રકાર-પરિષદ અમદાવાદમાં યોજાવાની હતી. તેમાં સંતો-કાર્યકરો દ્વારા પોતાની પ્રશસ્તિ અન્ય મહાત્માઓ કરતાં વધી ન જાય તે અંગે આટલી કાર્યવાહી કરી સ્વામીજી વિમાનમાં બિરાજ્યા.

વિમાનમાં સંતોએ સ્વામીજીને 'યુનો'માં પધારીને તેમણે કરેલા દિગ્વિજયનો સવિસ્તર લેખિત અહેવાલ આપ્યો. સ્વામીજીએ ત્યારે પણ કહ્યું, 'આમાં બીજા કરતાં આપણી મહત્તા વધે એવું છે.'

'..પણ આમાં તો જે બન્યું છે, એ જ લખ્યું છે.'

'..તોય એમાં બીજાની ગૌણતા દેખાય, માટે તે ન રાખવું.'

સ્વામીજીને લેખિત અહેવાલમાંથી પોતાને મળેલા વિશિષ્ટ સન્માનની બાદબાકી કરવાની ઈચ્છા હતી. એરપોર્ટ પર અને આકાશમાં તેઓએ કરેલી ઉપરોક્ત ભલામણો તેમની અનહંકૃત પ્રતિભાનાં દર્શન કરાવે છે.

સામાન્ય રીતે, સાયકલધારીને લાગે કે સ્કૂટર મળે તો સારું. સ્કૂટરવાળાને થાય કે ગાડી વસાવાય તો સારું. બસ, આ જ ક્રમ માન માટે પણ લાગુ પડે છે. જેમ-જેમ તે મળે તેમ-તેમ તેની વધુ ભૂખ જાગે અને અંતે આ જ અપેક્ષાઓ દુઃખનું કારણ બને છે.

માનવાંછુક ક્યારેય સુખી થતાં નથી. હંગામી ધોરણે માનમાંથી સુખ મળતું જણાય, પણ તે લાંબું ટકતું નથી. કારણ તેની લાલસા ક્યારેય ટળતી નથી. નક્કી આપણે કરવાનું છે - માન જોઈએ છે કે સુખ?



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સાંસ્કૃતિક વિરાસત

સમયના વહેણ સાથે ગ્રીક સંસ્કૃતિ વિલીન થઈ ગઈ. ટાઈગ્રિસ અને યુફ્રેટિસ નદીના પટ વચ્ચે વિકસેલી બેબીલોનિયન, ખાલ્ડિયન જેવી કંઈક સંસ્કૃતિઓ એ નદીની રેતમાં જ સમાઇ ગઈ. ઈજિપ્તની સંસ્કૃતિ તેના પિરામિડોમાં સમાઈ ગઈ. જ્યારે ભારતીય સંસ્કૃતિનો સૂર્ય સાંપ્રત સમયે પણ મધ્યાહ્ને તપે છે. તેનાં મૂળમા એકમાત્ર કારણ હોય તો એ છે પરંપરા! જી હા, મહર્ષિ પરંપરા, મંદિર-શાસ્ત્ર-સંત પરંપરા, વિધિ-વિધાનની પરંપરા અને યજ્ઞ-કર્મકાંડ પરંપરાનાં આધારસ્તંભ પર ટકી છે ભારતીય સંસ્કૃતિ.

જોકે આજના ભૌતિક યુગનું પાણી પીને મોટી થયેલી યુવા પેઢીને પરિવર્તન જોઈએ છે. એટલે જ આજના યુવાધને કહેવાતા બુદ્ધિજીવી વિચારકોનાં ક્રાંતિકારી વિચારોની અને આધુનિકતાની ઓથ લઈને પરંપરાને અભેરાઈ પર ચડાવી દીધી છે. ભારદ્વાજ, ગૌતમ, કશ્યપ વગેરે ગોત્રના આજના વંશજ વર્ષોથી ચાલ્યા આવતા જે-તે ગોત્રના સંસ્કારો અને પરંપરાને અનીતિના અખાડાઓમાં પ્રવેશીને ધોઈ નાંખે છે. આજના યુવાધનને પરંપરા બંધન લાગે છે, પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા આ લોકોને ખ્યાલ નથી કે પરંપરા બંધન નહીં, પણ રાષ્ટ્રીય અને સામાજિક ઉન્નતિનો અવિચળ પાયો છે. જેના પર સંસ્કૃતિ અને તેના મૂલ્યોનું જતન અને સંવર્ધન થાય છે.

અમેરિકાના વિખ્યાત લેખક માર્ક ટ્વેઈન લખે છે કે, 'ભારત માનવજાતનું ઉદ્દગમસ્થાન છે. ભારત ભાષાઓની જન્મભૂમિ, માનવજાત માટે પ્રેરણાની ભૂમિ, ઈતિહાસની માતા, પુરાણોની દાદી તેમ જ પરંપરાની પરદાદી છે.' આજે વિશ્વના એક નહીં, પરંતુ અનેક વિદ્વાન, વિચારક અને તત્ત્વચિંતક આ વાતને સમર્થન આપે છે કે, ભારતીય સંસ્કૃતિ અને તેની પરંપરા વિશ્વમાં અજોડ છે, અદ્વિતીય છે.

આજે ભારતીય પરંપરા અને સંસ્કૃતિને પાશ્ચાત્ય જગત સ્વીકારતું થયું છે. એટલું જ નહીં, તેના સિદ્ધાંતોના આધારે પોતાના દેશ અને પ્રજાનો સાંસ્કૃતિક વિકાસ કરી રહ્યું છે. કરુણતા એ વાતની છે કે વિશ્વની સંસ્કૃતિઓ અને પરંપરાની જનેતા એવા ભારતમાં જ આધુનિકતાની ઊધઈ તેની પરંપરાને કોરી રહી છે. આપણને જ આપણી ભવ્ય સંસ્કૃતિ અને પરંપરાનો મહિમા નથી.

પુરાણકાળથી ચાલી આવતી સંસ્કાર પરંપરા આજે જીવંત તો છે જ, પણ એ સંસ્કારની ઈમારતને લૂણો લાગવા માંડ્યો છે. યુવા પેઢી માને છે કે પરંપરા કેવળ નિર્બળ, નિર્ધન, તર્કહીન કે અલ્પબુદ્ધિ માણસો માટેનું તત્ત્વ છે. પરંતુ એવું નથી. પરંપરાના સહારે તો વ્યક્તિ સબળ, તર્કવાન કે બુદ્ધિવાન બને છે.

ભારતના સંતો-મહાત્માઓ તેમ જ ભક્તોએ સનાતન વૈદિક ધર્મના મૂલ્યો જાળવીને તેનું જતન કર્યું છે. સાચા સંતની પવિત્રતા સંસ્કાર અને સંસ્કૃતિનું પોષણ કરે છે. આ પવિત્રતા જ સૌના હૃદયમાં આદર જન્માવે છે અને સન્માર્ગે ચાલવાનું બળ આપે છે. અખિલ ભારત સાધુ સમાજના મહામંત્રી હરિનારાયણાનંદ સ્વામીએ એક અનુભવ જણાવેલો, 'પ્રમુખસ્વામી મહારાજ કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહીં, સમસ્ત ભારત સાધુસમાજના પ્રમુખ છે. તેમણે ભારતીય પ્રાચીન પરંપરાને ઉચ્ચ સ્થાને સ્થાપિત કરી છે.'

પરંપરા એટલે પથ્થરયુગના માનવીથી લઈ આધુનિક યુગના માનવને સભ્યતા શીખવાડનાર તત્ત્વ. પરંપરા માણસ-માણસ વચ્ચેનો, સંસ્કૃતિ-સભ્યતા વચ્ચેનો સેતુ છે.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા, 'આપણી સંસ્કૃતિ અને પરંપરા સાચવવી એટલે સનાતન ધર્મના સંસ્કાર જાળવવા. જેમ પાયા વિના ઈમારત રહેતી નથી તેમ સંસ્કૃતિનાં મૂલ્યોની દૃઢતા અને પરંપરા વિના શાંતિ સ્થાપિત થતી નથી.' આપણે પણ આપણી અદ્વિતીય પરંપરાનું જતન કરીએ.

મનુષ્ય દેહ ધરીને શું ન કરી શકાય?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ગામડાંની એક શાળામાં વર્ગખંડોને હૂંફાળા રાખવા કોલસાનો ચૂલો રાખવામાં આવેલો. તેને પેટાવવાની જવાબદારી એક છોકરાને સોંપાઈ હતી. એક દિવસ સવારે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આવીને જોયું કે શાળાનું મકાન ભડકે બળતું હતું. પેલા છોકરાને માંડ માંડ બહાર કાઢ્યો. તેનું અડધું શરીર ખરાબ રીતે દાઝી ગયેલું.

ડૉક્ટરોએ છોકરો નહીં બચે તેવી આગાહી કરી. પરંતુ, તેણે મનમાં નિશ્ચય કર્યો કે, 'મારે જીવવું જ છે.' આવા દૃઢ મનોબળને કારણે તે જીવી ગયો, પરંતુ ડૉક્ટરોએ કહ્યું, 'છોકરો જીવી તો ગયો છે, પણ તેના પગ વાંકા રહી જશે અને તેનો ઉપયોગ તે જીવનમાં ક્યારેય નહીં કરી શકે.' ત્યારે છોકરાએ ફરી મનમાં ધાર્યું કે : 'મારે અપંગ નથી રહેવું. મારે ચાલવું છે.' પરંતુ તે અશક્ય હતું, કારણ કે તેના બંને પગ નિર્જીવ થઈ ગયેલા.

ઘરે આવ્યા પછી તેની માતા રોજ તેના બંને પગે માલિશ કરે, તો પણ તેને સ્પર્શનો અનુભવ થતો નહીં. છતાં તેનું ચાલવાનું ધ્યેય તો દૃઢ હતું જ. તેને વ્હીલચેરમાં જકડાઈ રહેવું ન ગમતું હોવાથી તેની માતા તેને દરરોજ બગીચામાં લઈ જતી.

એક દિવસ બાળકે હિંમત કરી, પોતાની જાતને વ્હીલચેરમાંથી નીચે ફેંકી અને ઘાસમાં ઘસડાવા માંડ્યો. ઘસડાતાં-ઘસડાતાં એ બગીચાની વાડ સુધી ગયો અને મહામુશ્કેલીથી ઊંચો થયો. રોજ તે આ પ્રમાણે કરતો અને અથાગ મહેનતને પરિણામે તે એક દિવસ પોતાના પગ પર ઊભો થઈ શક્યો. પછી તો ધીરે-ધીરે ચાલવા લાગ્યો. એણે નક્કી કર્યું કે મારે દોડવું છે, તો દોડવા પણ લાગ્યો. કોલેજમાં તેણે એક ટ્રેક ટીમ પણ બનાવી.

જે છોકરો જીવતો બચે તેમ નહોતો, ક્યારેય ચાલી શકે તેમ નહોતો, તે બાળક યુવાન વયે તે સમયનો વિશ્વનો ઝડપી દોડવીર બન્યો. તેનું નામ ગ્લેન કનિંગહમ.

ખરેખર, પાંખો વિના ઊડવાની અને પગ વિના દોડવાની શક્તિ ધારણશક્તિ પર રહેલી છે. એટલે જ એક પંક્તિ આપણને સાર્થક થતી જણાય,

'કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.'

જે વ્યક્તિ મનમાં ધારે અને તેને સમર્પિત થઈને યોગ્ય પુરુષાર્થ કરે, તો તે વિશ્વની અપ્રતિમ સિદ્ધિઓને હાંસલ કરે છે.

ડૉ. અબ્દુલ કલામ સાહેબ પોતાની આત્મકથામાં જણાવે છે કે, 'બાળપણથી જ મને આકાશનાં રહસ્યો અને પક્ષીનાં ઉડ્ડયનો પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. મને રોજ તેના વિચાર આવતા. હું પક્ષીઓને આકાશમાં ઊંચે તરતા જોતો, ત્યારે મને ઊડવાની તીવ્ર ઇચ્છા જન્મતી. ભલે હું ગામડાંનો છોકરો હતો, પણ મને શ્રદ્ધા હતી કે એક દિવસ હું પણ આકાશમાં ઊડીશ. ખરેખર, રામેશ્વરમાંથી આકાશમાં વિચરનાર હું પ્રથમ છોકરો બન્યો.'

ભગવાન સ્વામિનારાયણ પણ પોતાના ગ્રંથ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનાં 33માં કહે છે : 'મનુષ્ય દેહે કરીને ન થાય તેવું શું છે?' ખરેખર, દુનિયાને અશક્ય લાગતાં કાર્યો શક્ય કરી શકે છે.

પૂ. પ્રમુખસ્વામી મહારાજે ધાર્યું કે મારે વિશ્વને ઉચ્ચતમ પ્રદાન આપવું છે. સમાજ અને સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ કરવું છે. તો ચરિત્રયુક્ત શિક્ષણ આપતી શાળા, કોલેજ અને હોસ્ટેલોનું નિર્માણ કર્યું. લોકોનાં સ્વાસ્થ્યના રક્ષણ માટે હોસ્પિટલો અને મોબાઈલ હોસ્પિટલોનું નિર્માણ કર્યું. સંસ્કાર સિંચન માટે 1200થી વધુ મંદિરો અને 3 અક્ષરધામોનું સર્જન કર્યું. 1100 જેટલા ઉચ્ચશિક્ષિત સ્ત્રી અને ધનના ત્યાગી સાધુ બનાવ્યાં. આમ, વ્યક્તિ જે ધારે તે કરી શકે છે.



Believe in Yourself

You weren't an accident. You weren't mass produced.

You aren't an assembly-line product. You were deliberately planned, specifically gifted, and lovingly positioned on the Earth by the Master Craftsman.

MAX LUCADO

વિચાર અને વર્તનની એકતા પ્રગતિ તરફ દોરી જાય છે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જ્યારે વિચારો અને વર્તન એક થઈ જાય છે, ત્યારે જીવનમાં પ્રગતિ તરફ ડગ મંડાય છે. વિચાર અને વર્તનની એકતા વ્યક્તિને સર્વાંગી પ્રગતિ તરફ દોરી જાય છે, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

મા તા પરિવારનું હૃદય અને પિતા પરિવારનું મગજ છે. જીવનમાં સદ્ભાવનું વાતાવરણ બગડવું ન જોઈએ. જે ગામ કે શહેરમાં સ્વચ્છતા હોય, પરસ્પર સદ્ભાવ હોય, એકબીજાના સારા-નરસા પ્રસંગે લોકો તરત ઊભા રહેતાં હોય, સ્વચ્છતાના હિસાબે લોકો નિરામય જીવન જીવતાં હોય, ત્યાં એકાંગી નહીં, પરંતુ સર્વાંગી વિકાસ થાય છે.

ગામમાં નિશાળ હોય અને ગામમાં મંદિર હોય. મંદિર હૃદય છે અને નિશાળ એ મગજ છે. ઘરમાં પણ તમારે એક દેવ-મંદિર હોય એ ઘરનું હૃદય છે, પણ ઘરમાં નાનકડી લાઈબ્રેરી હોવી જ જોઈએ. એ ઘરનું મસ્તક છે. એ ઘરમાં રહેનારામાં મા પરિવારનું હૃદય છે અને બાપ પરિવારનું મગજ છે. મન અને મગજ બંને સાધનામાં પણ જરૂરી છે, ત્યાં સુધી ભગવાન ન મળે.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કે, 'તારે સંસારમાં નહીં, પણ જો મારામાં રહેવું હોય તો તું મન મારામાં લગાડ, તું બુદ્ધિને મારામાં પરોવ.'

મન અને બુદ્ધિ બંને ભગવાનને આપો. કથા સાંભળો મનથી, પણ બુદ્ધિને સાથે રાખીને સાંભળો. શંકરજી કથા સાંભળવા જાય છે, અગસ્ત્યના આશ્રમમાં. એકલા નથી, સાથે સતીને લઈ જાય છે. સતી એટલે મતિ. કથા સાંભળવાની હોય મનથી. 'તાત સુનહુ સાદર મન લાઈ' પણ મતિને તો સાથે બેસાડવાની. નકરું હા.. હા.. કહીને બધું સમજ્યા વગર સ્વીકારી લેવું, તેમાં ધર્મ સ્વસ્થ નહીં રહે. માની લેવું તે માન્યતા છે. શ્રદ્ધા અલગ વસ્તુ છે. ભગવાન માન્યતામય નથી, શ્રદ્ધામય છે.

શ્રદ્ધા એટલે સમજાયેલા સત્યનો સ્વીકાર. એ સમજવા માટે મતિની જરૂર છે. રામ ચરિતમાનસમાં ગોસ્વામી તુલસીદાસજી મતિ, સતી ભવાનીને શ્રદ્ધાનું રૂપ કહે છે. મનને, શંકરને વિશ્વાસનું રૂપ કહે છે. યાદ રહે, વિશ્વાસ એ મનનો ગુણ છે. બુદ્ધિનો વિષય નથી. વિશ્વાસ, બુદ્ધિનો વિષય છે સંદેહ.

આપણા દેશમાં, ગામમાં કોઈ આવે તો સૌથી પહેલા ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ આવે. ઈમિગ્રેશન પાસ કરાવવું પડે, ક્યાંથી આવ્યા છે, કયા દેશના નાગરિક છે, ક્યાંથી વિઝા ઈસ્યૂ થયા છે, શું લેવા આવ્યા છે, કયા પ્રકારના વિઝા છે, કેટલા દિવસ રહેવાનાં? બધી જ માહિતી ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ લે છે અને હવે તો બાયોમેટ્રિક નિશાન પણ લેવાય છે. તેનાથી સુનિશ્ચિત કરે છે કે આ એ જ માણસ છે, પછી ઈમિગ્રેશન ઓફિસરને સંતોષ થાય, તો એન્ટ્રીનો સિક્કો મારે. એમાંય સ્થાન, તારીખ, સમય નોંધાય અને ઓફિસરની સાઈન થાય. એ પછી પાછો સામાન એકઠો કરી બહાર નીકળતો હોય, તો કસ્ટમવાળા રોકે, તેનું ચેકિંગ કરે, બેગ ખોલાવડાવે.

મનમાં પ્રવેશવાના વિઝા કોને આપશો?

દેશમાં કોઈ માણસ બહારથી આવે અને આપણે આટલું ધ્યાન રાખીએ! વિચારો અંદર આવે તો કંઈ ધ્યાન જ નહીં રાખવાનું! ગમે તે વિચારને આવવા દેવાના? જે તમારું જીવન તહસ-નહસ કરી નાખે. કોઈ ચોકી-પહેરો ન હોય? તમારા દેશમાં કે તમારા ઘરમાં કોઈ પણ વ્યક્તિને તમે એમ ને એમ પ્રવેશ નથી આપી દેતાં, તો મનમાં કેમ ગમે તે વિચારને પ્રવેશ આપી દો છો? નબળો વિચાર આવે એટલે તરત પૂછો કે કોણે તને વિઝા આપ્યા? અને પાછું ચેક કરવાનું કે આ વિઝા કંઈ વેલિડ નથી, આ ફ્રોડ છે.

બહારથી આવનારા એવા ઘુસપેઠિયા વ્યક્તિઓ જ આતંક નથી મચાવતા, માણસના મનમાં આવેલા આવા વિચારો પણ આતંક મચાવે છે અને આવા વિચારોનો આતંક બહુ મોટો હોય છે. જેમ દેશમાં અશાંતિ સર્જાય છે, તેમ વ્યક્તિના જીવનમાં પણ અશાંતિ સર્જાય છે.

કોઈએ બહુ સરસ કહ્યું કે, 'તમારા કાન એ ફૂલદાની છે. તેમાં તમને ગમે તેવા વિચારોથી સજાવો, તમારા કાન કંઈ થૂંકદાની નથી કે ગમે તે આવીને ગમે તેવા વિચારોની થૂંક મારી જાય!' વિચારોનું બહુ મહત્ત્વ છે. વિચારોનું બનેલું છે, આ શરીર, આ વિશ્વ. વિચારોથી વ્યક્તિ બને છે, વિચારોથી સમાજ બને છે, વિચારોથી રાષ્ટ્ર બને છે. એટલા માટે વિચારનું બહુ મહત્ત્વ છે.

આપણે ત્યાં પરમાત્માને પ્રાર્થના કરવામાં આવે છે કે આપણું મન, મગજ સંપૂર્ણ ભગવાનમય બની રહે. જેનાથી આપણી અંદર હંમેશાં સકારાત્મક અને શુદ્ધ વિચારો જ આવ્યા કરે. આપણે સર્વનું હિત ઈચ્છીએ. પરોપકારમય આપણું જીવન બને. આ બધા કર્મો માટે પણ મનની શુદ્ધિ જરૂરી છે. જ્યારે વિચારો અને વર્તન એક થઈ જાય છે, ત્યારે જીવનમાં પ્રગતિ તરફ ડગ મંડાય છે. વિચાર અને વર્તનની એકતા વ્યક્તિને સર્વાંગી પ્રગતિ તરફ દોરી જાય છે, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

પ્રમુખસ્વામીને સ્મરણાંજલિ

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



પ્ર મુખસ્વામી મહારાજે આજથી બરાબર આઠ વર્ષ પૂર્વે એટલે કે શ્રાવણ સુદ દશમના રોજ પૃથ્વી પરથી વિદાય લીધી. જેમના પ્રાગટ્ય અને સહવાસથી આ ધરા ધન્ય થઈ, તેમને સ્મરણાંજલિ અર્પવાનો આ અવસર છે.

પ્રમુખસ્વામી મહારાજ એટલે સાદા-સીધા, સરળ, શાંત સાધુપુરુષ. આવા સંત માટે કહેવાયું છે કે '**संतः स्वतः प्रकाशन्ते**।' સંતો પોતાના ગુણો વડે સ્વયં પ્રકાશે છે. શ્વેતક્રાંતિના પ્રણેતા એન.ડી.ડી.બી.ના ચેરમેન ડો. કુરિયનને કોઈક પ્રમુખસ્વામી મહારાજનો મહિમા કહેતું હતું. ત્યારે તેમણે કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજના દર્શનથી જ તેમની અહંશૂન્યતાનો ખ્યાલ સહેજે આવી જાય છે.' ભારતના રાષ્ટ્રપતિ, અણુવૈજ્ઞાનિક ડો. કલામ સાહેબ પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શને જ તેમની સાધુતા અને ભગવન્મય સ્થિતિથી પ્રભાવિત થઈ ગયા હતા.

પ્રમુખસ્વામી મહારાજ એટલે કરુણાના સાગર, દયાની મૂર્તિ. 1987માં રાજકોટના સમીપવર્તી બેડીના કેટલ કેમ્પમાં મૂંગા પશુઓની કંગાલ હાલત જોઈ તેઓ દ્રવી ઊઠ્યા. તાત્કાલિક તે પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરાવી, પણ તે પછી તરત ચાર કેટલકેમ્પ ખોલાવ્યા. 1990માં વરસાદ ખેંચાયો, ત્યારે તેઓ ઇંગ્લેન્ડ હતા. ત્યાં રોજ રાત્રે 11.30થી 2.00 વાગ્યા સુધી પ્રાર્થના કરતા. રામાયણની ચોપાઈ તેઓના જીવનમાં કાયમ મૂર્તિમાન થતી.

પ્રમુખસ્વામી મહારાજ એટલે સર્વજીવહિતાવહ પુરુષ. નાના-મોટા, ગરીબ-તવંગર, સૌનું હિત કરવા તેઓ રાત-દિવસ દેહની પરવા કર્યા વિના દેશ-વિદેશે, નગરે-નગરે, ગામડે-ગામડે, ઝૂંપડે-ઝૂંપડે ઘૂમતા જ રહ્યા. વર્ષના 365 દિવસોમાં, દિવસો કરતાં વધુ ગામોમાં તેઓ વિચર્યા છે. જેમ કે, 1976માં તેઓ 728 ગામો-નગરોમાં ઘૂમી વળ્યા. એ જ રીતે 1979માં 653 ગામો, 1981માં 489 ગામો અને 1982માં 495 ગામો!



જન્મ : 07-12-1921 | મૃત્યુ : 13-08-2016

આવા કષ્ટભર્યા વિચરણ દ્વારા તેઓએ એક-એક વ્યક્તિનાં મન સાચવ્યાં. તેમાં ગરીબ કે તવંગર કોઈ બાકી ન રહેતું. જેમને પોતાના ઘરમાં તેઓને પધરાવવાની ભાવના હોય તેવું એક પણ આદિવાસી ગામ કે ગરીબનું ઝૂંપડું બાકાત નથી રહ્યું. તેથી જ 13-8-2016ના દિને તેઓ ધામમાં પધાર્યા, ત્યારે 20 લાખથી વધુ લોકો તેઓનાં દર્શને દોડી આવ્યા હતા. તેમાં આમજનતાથી માંડીને દેશના વડાપ્રધાન પણ હતા.

પ્રમુખસ્વામી મહારાજ એટલે અજાતશત્રુ સંત. તેઓને મન કોઈ શત્રુ ન હતા. ગાંધીનગર અક્ષરધામમાં થયેલા આંતકવાદી હુમલા સમયે તેઓએ મૃતાત્માઓ માટે પ્રાર્થના કરી, તે સાથે આંતકવાદીઓને પણ સદમતિ, સદ્ગતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. આ વલણને લીધે તેઓ વિરોધમાં પણ વિશેષતા જોતાં. માંડવધારમાં અણસમજથી તેમના પૂતળાં બનાવી બાળવામાં આવ્યા, ત્યારે તેઓ હસતાં હસતાં બોલેલા કે, 'સારું કહેવાય, જીવતા અગ્નિસંસ્કાર જોવા મળ્યો.'

પ્રમુખસ્વામી મહારાજ એટલે પરમ ભાગવત સંત. ભગવાનની સ્મૃતિ તેમને અખંડ હતી. 1974માં અમેરિકામાં ન્યૂયોર્કની ધરતી પર પ્રથમ હરિમંદિરની ખાતવિધિ બાદ સભા થઈ. યુવક મંડળે સ્વામી માટે આસન તૈયાર કર્યું હતું, પરંતુ સ્વામીએ એક નજરમાં માપી લીધું કે ઠાકોરજીનું આસન સામાન્ય હતું. તરત તેઓ સામાન્ય આસન ઉપર બિરાજ્યા ને જ્યાં પોતાને બેસવાનું હતું, તે મુખ્ય આસન પર હરિકૃષ્ણ મહારાજને વિરાજિત કર્યા.

ચિન્મય મિશનના સ્વામી ચિન્મયાનંદ આ પ્રસંગે ટોરન્ટોથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વામીની આ ઈષ્ટભક્તિ નજરે નિહાળી. તેમના મુખેથી શબ્દો સરી પડ્યા : 'વા... હ!' તેઓ એટલા પ્રભાવિત થયા કે વક્તવ્યમાં બોલી ઊઠ્યા : 'આધ્યાત્મિક પ્રગતિ તો જેની પાસે ભગવાન હોય તેવા પુરુષના સંબંધથી જ સાધી શકાય. પ્રમુખસ્વામી એવા અધ્યાત્મમાં ડૂબેલા પુરુષ છે. એમને ભગવાનમાં અતૂટ પ્રીતિ છે.'

વળી, પ્રવૃત્તિના ભારમાં કે ઉતાવળમાં ક્યારેય તેમણે ભગવાનને ગૌણ કર્યા નથી. 1998માં તેઓની એન્જિયોગ્રાફી કરતાં ડોક્ટરોએ તાત્કાલિક બાયપાસ સર્જરી કરાવવા આગ્રહ કર્યો. પ્રાણઘાતક પળોમાં તેઓએ ઠાકોરજીને (હરિકૃષ્ણ મહારાજની ચલ મૂર્તિને) આરામ ઓછો ન થાય તેની તકેદારી રાખી, ઓપરેશનને ઠેલ્યું હતું. કેનેડાની પાર્લામેન્ટમાં કે લંડનમાં ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા મળતા સન્માન તેઓએ ભગવાનને જ સમર્પિત કરાવ્યા. માનમાં કે અપમાનમાં, સુખમાં કે દુ:ખમાં તેઓ અખંડ ભગવાનમાં જ લીન રહ્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજ એટલે આત્મારૂપ, બ્રહ્મરૂપ સ્થિતિમાં સ્થિર બ્રહ્મસ્વરૂપ. આનંદના સાગરમાં હિલોળા લેતાં આનંદમય અક્ષરબ્રહ્મ. પ્રસિદ્ધ પત્રકાર હરકિશન મહેતાએ તેમને પૂછેલું : 'એવી કોઈ ઘટના છે, જે યાદ આવતાં દુઃખ થાય?' તરત જ પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું : 'ના, એવો કોઈ પ્રસંગ જ નથી. કાયમ આનંદ જ રહ્યા કરે છે.'

આ પુરુષ અંતિમ પળ સુધી, અંતિમ સંસ્કાર સુધી અખંડ બ્રાહ્મીસ્થિતિને ભોગવતાં અખંડ દાસ, સેવક બનીને રહ્યા. 2011માં ભરૂચમાં હાર્ટ એટેક આવ્યા બાદ તેમણે સેવકોને જણાવેલું : 'જ્યારે મારો અંતિમવિધિ થાય, ત્યારે મારા દેહને એવી રીતે ગોઠવવો જેથી મારી દૃષ્ટિ (મંદિરમાં પધરાવેલ) અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ રહે અને (સ્મૃતિ મંદિરમાં બિરાજમાન) ગુરુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ મારા પર રહે.'

આ દિવ્યપુરુષની સ્મૃતિ આજે પણ સૌની આંખોને ભીંજવી જાય છે. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમંજૂષા જ સૌનો પ્રમુખમાર્ગ બની રહી છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 22 ઓગસ્ટ, 2024 | શ્રાવણ વદ ત્રીજ | વિક્રમ સંવત 2080 08

મન, વચન અને કર્મ વચ્ચેનું અંતર ઘટે ત્યારે શુદ્ધિ સિદ્ધિ મળે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે નશ્વર છે, પરિવર્તનશીલ છે, તેમાં શું આસક્તિ રાખવી? દુઃખ રૂપ છે. ઘણાં કહે કે સંસારની શું ઈચ્છા કરવી? આનંદઘન ભગવાન છે. જ્યારે સંસાર જાણે દુઃખની દુકાન. 'અસારઃ ખલુ સંસારઃ, દુઃખ રૂપી વિમોહકઃ'

દવાની દુકાને જઈ તમે ઘઉં, ચોખા માગો તો ન મળે, કેમ કે તે દવાની દુકાન છે. એમ સંસાર એ દુઃખની દુકાન છે, ત્યાં આનંદ ન હોય. ત્યાં તમે સુખ માગો તો ન મળે. જે સુખને અંતે સુખ ન હોય તે સાચું સુખ નથી. પહેલી વાત તો એ કે અન્તવન્ત જે હોય, સમાપ્ત થનારું હોય, જેમ આ બધા શરીર અન્તવન્ત છે. સંસારમાં સુખ પણ હોય ને તો એ અન્તવન્ત છે. એ સુખ નથી, સુખનો આભાસ છે. એટલા માટે....

સંસારીનું સુખ એવું ઝાંઝવાનાં જળ જેવું એટલે કે હોય નહીં, પણ દેખાય. દેખાય ખરું, પણ હકીકતમાં હોય નહીં. એમ સંસારમાં ઘણી વાર સુખ દેખાય છે, હોતું નથી. શાશ્વત સુખ તો શ્રીરામ છે, શાશ્વત આનંદ શ્રીકૃષ્ણ છે.

જો આનંદ સુખ રાશી, સિકર તે ત્રૈલોક સુપાસી।
સો સુખધામ રામ અસનામા, અખિલ લોક દાયક બિશ્રામા।

અમે એ પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ. ભગવાન વેદ વ્યાસે મંગલાચરણ કરી નૈમિષારણ્યમાં ચાલતો શુક શૌનકાદિઓનો જે સંવાદ છે, એની સાથે આપણને જોડ્યા છે. પ્રારંભમાં છ પ્રશ્ન પૂછ્યા છે શૌનકાદિઓએ. છ ગુણવાળા ભગવાનને જાણવા માટે છ પ્રશ્ન પૂછ્યા. પહેલો પ્રશ્ન - શાસ્ત્રોનો સાર શું છે? બીજો પ્રશ્ન – શ્રેય શું છે? ત્રીજો પ્રશ્ન – શ્રેયની પ્રાપ્તિનું સાધન શું છે? ચોથો પ્રશ્ન – ભગવાનના અવતારનું પ્રયોજન શું છે? પાંચમો પ્રશ્ન – કેટલા અવતાર થયા? કયા કયા? અને એમાં ભગવાને શું શું લીલાઓ કરી? છઠ્ઠો પ્રશ્ન – ભગવાન જ્યારે સ્વધામ પધારી ગયા પછી ધર્મ કોને શરણે ગયો?

આ છ પ્રશ્નના સંદર્ભમાં બાર સ્કંધમાં સૂતજીએ ભાગવત સંભળાવ્યું. માનો કે દરેક પ્રશ્નનો ઉત્તર બે–બે સ્કંધમાં અપાયો અથવા તો ભગવાનના એ ગુણોનું વર્ણન બે–બે સ્કંધમાં વર્ણવવામાં આવ્યું.

ભગવાનમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ. પ્રશ્ન સંપ્રશ્ન હતો, કારણ કે ભગવાન વિશે પૂછાયેલો હતો. સંતુષ્ટ થયા સૂતજી. બોલ્યા, 'અહં સાધુ પૃષ્ટઃ ભવત્ભીહીઃ' કારણ કે પ્રશ્ન લોકમંગલ કરનારો પ્રશ્ન છે. જગત આખાનું કલ્યાણ કરનાર પ્રશ્ન છે. મુનિઓ, મનુષ્યનો પરમ ધર્મ એ જ છે, જેનું આચરણ કરતાં અધોક્ષજ ભગવાનમાં અનુરાગ થાય, પ્રેમ થાય.

ભાગવતમાં ધર્મની વ્યાખ્યા પણ પ્રેમ પરક છે અને આ જ વ્યાખ્યાની આજે વિશ્વને જરૂર છે. જે ભગવાનમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ, ભગવાનમાં પ્રેમ એટલે? ભગવાન માત્ર મંદિરની મૂર્તિમાં નથી રહેતા, ભગવાન પ્રાણીમાત્રના હૃદયમાં રહે છે.

'ઈશ્વર સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ.' પ્રાણીમાત્રમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ. જે ઘૃણા

ઊભી કરે, હિંસા કરાવે, અમે જ સાચા અને બીજા બધા ખોટા, આવા દુરાગ્રહ કરાવે એ ધર્મ ન હોઈ શકે. વિશ્વને એવા ધર્મની જરૂર છે. જેનું આચરણ કરતાં ભગવાનમાં પ્રેમ થાય અને ભગવાનમાં પ્રેમ એટલે પ્રાણીમાત્રમાં પ્રેમ થાય.

પ્રેમ જબ અનંત હો ગયા, રોમ રોમ સંત હો ગયા,
દેવાલય હો ગયા બદન, હૃદય તો મહંત હો ગયા.

દેશની પ્રસિદ્ધ કવિયત્રી ઈન્દિરા ઈન્દ્રની આ પંક્તિઓ છે. ભગવાનમાં થયેલ પ્રેમ એનું નામ ભક્તિ. ભક્તિ જ એવી શક્તિ છે, જેને લીધે ભગવાન વારંવાર અવતરે છે. શું છે આ પ્રેમ? શ્રેયસ્કર શું છે? આ પ્રેમ, ભક્તિ. ભગવાનના અવતારનું પ્રયોજન શું છે? ભક્તિ.

તમે જુઓ તો આ બધા પ્રશ્નોનો જવાબ એક જ મળે છે. એ ભક્તિને લઈને જ ભગવાન અવતરે છે અને ભકતોને રાજી કરવા જુદી-જુદી દિવ્ય લીલાઓ કરે છે. પછી જતા રહે છે, તો ધર્મ કોના શરણે જાય છે? ભકતોના. જ્યાં ભક્તિ છે, એવા જલારામ બાપાને ત્યાં જઈને ધર્મ આશરો લે છે. વીરપુર, સતાધાર. આવા બધા સંતો – ઓલિયા પુરુષો જ્યાં છે, ધર્મ એના શરણે જાય છે, કારણ કે ધર્મ આવા સંતોના ચરિત્રમાં હોય છે. ક્યાં ગયો ધર્મ? બજરંગદાસ બાપુને ત્યાં.

કલિયુગમાં તો શુદ્ધિ જ સિદ્ધિ છે. મન, વચન અને કર્મથી જે શુદ્ધ હોય. જેનું મન, વચન અને કર્મ વચ્ચેનું અંતર ઘટતું જાય, ત્યારે માણસ મહાત્મા બનતો જાય. તે મહાત્મા પદને પામે. જેના વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં અંતર ઘટતું જાય, તેટલો એ માણસ મહાત્મા પદ તરફની યાત્રામાં આગળ વધતો જાય છે. ધર્મ ક્યાં જઈને રહ્યો? તેનો ઉત્તર છે, જ્યાં ભક્તિયુક્ત મહાપુરુષો, સત્પુરુષોનો નિવાસ હોય છે, ત્યાં ધર્મ રહ્યો છે.

આમ, કહીએ કે મન, વચન અને કર્મ વચ્ચેનું અંતર ઘટે, ત્યારે એવી શુદ્ધિ સિદ્ધિ તરફ દોરી જાય.

કૃષ્ણ અને તેના સેવકો

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

શ્રાવણ વદ આઠમ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી. ભગવાન શ્રીકૃષ્ણ આ દિવસે પૃથ્વી પર પધાર્યા. ભગવાન જ્યારે આ લોકમાં પધારે, ત્યારે અનેક ગુણો, ઐશ્વર્યો, કળાઓ વગેરે સાથે પધારે છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, 'શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે અને ત્યાગી પણ છે, જ્ઞાની પણ છે ને રાજાધિરાજ પણ છે, અતિશય કૃપાળુ પણ છે ને યોગકળામાં પ્રવીણ છે. અતિશય બળિયા પણ છે...'

ભગવાન શ્રીકૃષ્ણનાં જીવનમાં આવા અનેક ગુણોનાં દર્શન થાય છે. બાળલીલા કરી સૌને આનંદ આપતા કે ગોપીઓ સાથે રાસ રમતા કે યુદ્ધમાં અર્જુનને માર્ગદર્શન આપી વિજયી બનાવતા ભગવાન શ્રીકૃષ્ણની બહુધા આપણને સ્મૃતિ રહે છે, પરંતુ ભગવાન શ્રીકૃષાણની સેવાભાવના પણ સૌને પ્રેરણાદાયી છે.

શ્રીમદ્ ભાગવતમાં આવે છે કે શ્રીકૃષ્ણ અને ગોપબાળકો વાછરડાંને ચરાવવાં વનમાં પધાર્યા હતા. ત્યારે વિસામો લેતા સૌ અલ્પાહાર કરી રહ્યા હતા. તે સમયે બ્રહ્મા બધાં વાછરડાંને પોતાના લોકમાં લઈ ગયા. વાછરડાં ન દેખાતાં ગોપબાળકો ગભરાઈ ગયા.

તે સમયે કોઈને ભોજનમાં ભંગ ન પડે તે હેતુથી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે બધા જમવાનું ચાલુ

રાખો. હું શોધી આવું છું.' કહેતાં તેઓ ભોજન છોડી વાછરડાંને શોધવાની સેવા કરવા નીકળી પડ્યા. ભગવાન શ્રીકૃષ્ણ પોતે ગોવાળમંડળીના નેતા હતા, પણ ઉચ્ચ કક્ષાના સેવક પણ હતા.

કંસનો વધ કિશોરાવસ્થાના ભગવાન શ્રીકૃષ્ણે હજારો યાદવોની વચ્ચે રંગમંચ પર કર્યો. આ પરાક્રમથી મથુરાવાસી સૌના ભગવાન શ્રીકૃષ્ણ નેતા થઈ ચૂક્યા હતા. આ પ્રસંગ પછી ભગવાન સાંદીપનિ ઋષિના આશ્રમમાં અભ્યાસ કરવા ગયા, ત્યારે સૌના સેવક બનીને રહ્યા. કવિ પ્રેમાનંદે સુદામા અને શ્રીકૃષ્ણ મળ્યા, ત્યારના સંવાદને 'તુને સાંભરે રે... 'નું કાવ્યસ્વરૂપ આપ્યું છે. તેમાં સાંદીપનિ ઋષિનાં પત્નીના આદેશથી પોતે તથા સુદામા જંગલમાં લાકડાં લેવા ગયા હતા, વરસાદ આવતાં અટવાયા હતા... વગેરે વાતો શ્રીકૃષ્ણની સેવાભાવનાને ઉદ્ઘાટિત કરે છે.

કવિ સુરદાસજી આ સેવાભાવના વર્ણવતાં કહે છે, 'પ્રેમ કે વશ અર્જુન રથ હાંક્યો, ભૂલ ગયે ઠકુરાઈ...' યાદવોના સર્વોચ્ચ નેતા હોવા છતાં પોતે મહાભારતના યુદ્ધમાં સારથિ જેવું સામાન્ય કર્મ કરે, તે શ્રીકૃષ્ણની ભક્ત પ્રત્યેની સેવાભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

ભગવાન સ્વામિનારાયણ પણ લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં છાણ-વાસીદું કરતા, છાણાં વીણવા જતા, ગઢડાનું મંદિર બનતું હતું, ત્યારે ઘેલા નદીના તટેથી માથે પથરા ઊંચકીને લાવતા.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે,

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ।
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે॥ (3/21)

અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્ય જે-જે આચરણ કરે છે, તેનું અનુકરણ બીજા લોકો કરે છે, તે જેને પ્રમાણ બનાવે છે, તે અનુસાર લોકો વર્તે છે. સંતો પણ ભગવાનનાં પગલે-પગલે પગલાં પાડે છે.

ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ સંતોએ પણ સેવાનો રાજમાર્ગ ચીંધ્યો છે. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આવી જ સેવાભાવના કાયમ અનુભવાતી હતી. કિશોરાવસ્થામાં તેઓ બોચાસણ આવેલા. ગુરુ શાસ્ત્રીજી મહારાજે તે સમયે સૌને ઉકરડો ઉથામવાની સેવામાં જોડેલા, પરંતુ ગુરુ શાસ્ત્રીજી મહારાજ ત્યાંથી નીકળ્યા કે ઘણાખરા ખસી ગયા. એક કિશોર સેવા કરી રહેલો. તે જોઈ ગુરુ શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થઈ ગયેલા. આ જ સેવકભાવ તેમને પ્રમુખ બનાવ્યા ત્યારે પણ રહ્યો.

90 વર્ષની ઉંમરે પણ સેવા ચાલુ રહેલી. પત્રવ્યવહાર કરીને તેઓ ઊભા થાય, તે પછી જાતે જ ચશ્માં મૂકતા તથા ટેબલ-લેમ્પ બંધ કરતા. સેવકો રોકે તો તેઓ કહેતા, 'આવા કામ તો જાતે જ કરી લેવા જોઈએ.' 'પણ 90 વર્ષે તો બોલાવાય ને!' સેવકે દલીલ કરી. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે, 'મૂળ પ્રશ્ન એ છે કે મને સેવા કરવાની ટેવ પડી ગઈ છે.' સેવા કરવાની ટેવ પાડવી તે જ સંતમાર્ગ છે.

હોશિયારી...!

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

નીલેશ બપોરે 12 કલાકે મિત્ર કમલેશનાં ઘરે આવ્યો. નીલેશને જોઈ કમલેશ વિચારવા લાગ્યો, 'આ બરાબર જમવાના જ સમયે આવ્યો છે, પણ જિંદગીમાં હવે બીજી વાર ક્યારેય ન આવે, તેવું કંઈક કરું.' વિચારી કમલેશે પત્નીને બૂમ પાડી, 'એ! સાંભળે છે?'

અંદરથી જ પત્નીનો અવાજ આવ્યો, 'બોલો ને... શું કામ હતું?'

કમલેશે નીલેશની સામે જોઈ પત્નીને જવાબ આપ્યો, 'મારો મિત્ર નીલેશ આવ્યો છે, લાગે છે કે એ જ્યાંથી પણ આવ્યો હશે, ત્યાંથી જમવાનું પતાવીને જ આવ્યો હશે. એક કામ કર. તું એના માટે એક લોટો ભરીને ઠંડું પાણી લઈ આવ.'

નીલેશ સમજી ગયો કે મિત્ર કમલેશે સિફ્તપૂર્વક પોતાનું જમવાનું ઉડાડી દીધું છે. 'આજે એને પણ પાઠ ન ભણાવું, તો મારું નામ નીલેશ નહીં...' વિચારી તેણે બહારથી જ બૂમ પાડી, 'ભાભી! સાંભળજો, ઠંડા પાણીના લોટાની સાથે-સાથે દાતણ પણ લાવજો. મારે ચા-પાણી બાકી જ છે. એટલે દાતણ કર્યા પછી ચા-પાણી કરીશ. પછી આરામ કરી, જમીને જ હું અહીંથી જવાનો છું!'

કમલેશ વિચારવા લાગ્યો કે હું તો જમવાનું ઉડાડવા માંગતો હતો, પણ હવે તો ચા-પાણી પણ માથે વળગ્યા.

ક્યારેક 'હોશિયારી' કરવા જવામાં આપણે માનીએ છીએ કે સામેની વ્યક્તિ 'ઉલ્લુ' બનશે, પણ ખરેખર તો આપણે જ 'ઉલ્લુ' બનીએ છીએ.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 29 ઓગસ્ટ, 2024 | શ્રાવણ વદ અગિયારસ | વિક્રમ સંવત 2080 08

અલૌકિક એકતાની કથા : રાસલીલા

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે રસને જીતે તેને રાસ મળે, રાસ છે રસાનુભવ. રાસલીલા એટલે જીવ-શિવની એકતાની અલૌકિક કથા. નાચો પણ કૃષ્ણને કેન્દ્રમાં રાખીને. કૃષ્ણને કેન્દ્રમાં રાખશો તો નૃત્ય પણ રાસ બની જશે. વિરોધ નાચવાનો નથી, વિરોધ ગાવાનો નથી, પરંતુ આગ્રહ માત્ર એટલો છે કે એનો વિષય કૃષ્ણ બને.

સૂર એ કૃષ્ણ અને લય એ રાધા. પ્રેમના માર્ગમાં અહંકાર એ સૌથી મોટો અપરાધ છે. રાધા શબ્દને ઊલટો કરો તો ધારા બને છે. અહંકાર આવે એટલે પ્રેમની ધારા તૂટે.

રાધા હોય તો જીવનની પ્રત્યેક ક્રિયા આરાધના બને. રાધા દયા કરે ત્યારે પ્રેમ મળે, તો યમુનાજી કૃપા કરે ત્યારે દીનતા મળે. જે ધર્મ જીવનનો વિરોધી હોય તે ધર્મ નથી. દાસ મટીને માલિક થવું હોય તો કહો, 'તમે મારા' અને દાસ થવું હોય તો કહો, 'અમે તમારા'. ગોપીમાં આવો દાસ ભાવ હતો.

ભક્તિમાર્ગમાં અભિમાન એ સૌથી મોટો અપરાધ છે. ભગવાન કાયાના નહીં, કાળજાનાં સૌંદર્યને જુએ છે. ગોપીગીતમાં ક્યાંય કૃષ્ણનું નામ નથી. અતિ પ્રિય હોય તેનું નામ આપણે નથી લેતા. ગોપીગીતમાં ગોપીઓ કૃષ્ણને કહે છે કે તું જીવવા દેતો નથી અને તારી કથા મરવા દેતી નથી.

ભગવાન ગીતામાં કહે છે કે, 'તું મારા અર્થે કર્મ કર.' મનુષ્ય ચાહે તો એક ક્ષણ પણ કર્મ કર્યા વગર રહી શકે નહીં. ભગવાન અર્જુનને કહે છે કે, 'કર્મ કરવામાં તું મુક્ત છે.' ઈશ્વરે દરેક મનુષ્યને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે, પણ ધ્યાન રાખજો, સ્વતંત્રતા સાથે ફરજ જોડાયેલી છે. દરેક અધિકાર સાથે કર્તવ્ય જોડાયેલું છે. ઘણાના જીવનમાં કર્મનું પ્રાધાન્ય હોપ છે, એટલે લોકો કહેતા હોય છે કે 'વર્ક ઈઝ વર્શિપ'. પૂજા-પાઠ કરવાને બદલે અમે અમારા કર્મને જ પૂજા માનીએ.

કેટલાક લોકો ભાવપ્રધાન હોય છે. તેને આપણે ભક્તિમાર્ગી કહીએ છીએ. કર્મનું પ્રાધાન્ય હોય, તેને આપણે યોગપ્રધાન કહીએ છીએ, જેનામાં વિચારનું પ્રાધાન્ય છે, તેને આપણે જ્ઞાનમાર્ગ કહીએ છીએ. સૌથી મહત્ત્વની બાબત એ છે કે જેના જીવનમાંથી ઉત્સાહ ગયો, એ વ્યક્તિ સ્ત્રી હોય કે પુરુષ, એ ખતમ થઈ એમ માનવું.

પ્રસન્નતા પ્રભુનો પ્રસાદ છે. નિત્ય પ્રરાત્ર રહેવું એ ભક્તિનું લક્ષણ છે. કાર્ય આનંદ અને મસ્તીથી કરીએ. કર્મનો નિયમ છે કે કર્મ ફળ આપ્યા વગર શાંત થતું નથી. વક્તા આનંદથી કે મસ્તીથી બોલે તો તે કીર્તન ભક્તિ હશે. તેનાથી જ તેને સન્માન મળે તે બાય પ્રોડક્ટ હશે. બોલવું પડે છે તેમ માનીને બોલે તે મજબૂરી હોય. આવી મજબૂરી એ મજૂરી બને, પણ પ્રત્યેક કાર્ય મસ્તીથી કરીએ, તો તે યોગ બને. જેના જીવનમાં ઉત્સાાહ છે તેના માટે કોઈ વસ્તુ, કાર્ય, દુર્લભ નથી. ઉત્સાહી જીવન જીવનાર પુરુષાર્થથી દુર્લભમાં દુર્લભ મનાતી વસ્તુને પણ મેળવવાની ક્ષમતા ધરાવે છે.

અપેક્ષાની ઉપેક્ષા થાય ત્યારે જ દુઃખ પ્રગટે છે. પુષ્ટિમાર્ગમાં ભગવાન પાસે અપેક્ષા રાખવામાં આવતી નથી. પ્રહ્લાદને ભગવાને અનેક વાર કહ્યું, તો પણ તે માગવા તૈયાર થયો નહોતો. આપણી ભક્તિ માગણી માટેની નહીં, લાગણી માટેની છે.

કરોળિયો દત્ત ભગવાનના ચોવીસ ગુરુઓમાંનો એક છે. કરોળિયો જાળું ગૂંથે છે, પણ પોતે જાળાની બહાર આંટા મારતો રહે છે. મનુષ્યે પણ એવા કર્મો કરવાં જોઈએ કે જે કર્મ એને બાંધે નહીં, કેદ કરે નહીં, કર્મ બંધનરૂપ ન બને તે યુક્તિ કુરુક્ષેત્રના કૃષ્ણ આપણને શીખવે છે.

જીવનભર પસ્તાવું ન પડે

70-80 વર્ષ પહેલાંની આ વાત છે. એક હતો લવજી. બધા પ્રેમથી તેને 'લવિયો' કહીને બોલાવે. સિલાઈકામ કરનાર આ યુવાને પોતાની કળા-કારીગરીથી ગામમાં બધાનું દિલ જીતી લીધું હતું. લવિયો ઉંમરલાયક થતાં તેના લગ્ન થયાં. પહેલાંથી લવિયો રીંગણાનો રસિયો. 'રીંગણું' નામ પડે અને લવિયાના મોંઢામાં પાણી છૂટે! તે વારે-વારે તેની નવી આવેલી પત્નીને કહેતો : 'તારા હાથે ભરેલા રીંગણનું શાક ખાવું છે.'

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



એક વાર લવિયો દુકાને સંચો ચલાવતો હતો. ત્યાં હરખા પટેલ આવ્યા : 'લવિયા, જો તારા માટે હું વાડીનાં તાજાં રીંગણાં લાવ્યો છું.' અને લવિયાને તલપ જાગી! એ તરત રીંગણાં લઈને ઘરે દોડ્યો. પત્નીને કહ્યું : 'આજે બાર વાગે આવું, ત્યારે રીંગણાંનું શાક તૈયાર રાખજે.' એટલું કહી લવિયો પત્નીની વાત સાંભળ્યા વગર જ નીકળી ગયો. બપોરે જમવા ટાણું થયું. રીંગણાંનાં સપનાં જોતો-જોતો લવિયો ઘરે આવ્યો, પણ ભાણાંમાં રીંગણાં જોયા નહીં. પત્ની કહે : 'તમે રીંગણાં લાવ્યા તે પહેલાં દાળ પલાળી દીધી'તી. એટલે થયું કે રીંગણાં કાલે કરીશું.'

ત્યાં તો લવિયો તાડુક્યો. નિર્દોષ પત્નીને ન બોલવાનાં વેણ માર્યાં : 'આના કરતાં તો તું કૂવામાં કૂદીને મરી કેમ ન ગઈ...' થાળી ઉછાળી, લવિયો જતો રહ્યો. લવિયો દુકાને આવ્યો. હજી તો સંચે બેઠો-ન બેઠો, ત્યાં તો કોઈક દોડતું આવ્યું : 'લવિયા, તારી પત્નીએ તો કૂવામાં ઝંપલાવ્યું છે...'

આપણે પણ ક્યારેક વિચારવું જોઈએ કે પરિવારના કોઈ સભ્યને મારા કારણે ખરાબ તો નથી લાગ્યું? મારું વલણ પરિવારમાં જક્કી હોય એવું તો નથી ને? તો જીવન સુખમય બનશે

હેબતાઈ ગયેલો લવિયો દોડ્યો તો ખરો, પણ આખરે ન થવાનું થઈ ગયું. લવિયાએ બેય રીતે બગાડ્યું - કઠોર વાણીથી અને અયોગ્ય વર્તનથી. જો તેણે 24 કલાક રાહ જોઈ હોત, તો તેને આખી જિંદગી પસ્તાવાનું ન રહેત!

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર આ દૃષ્ટાંત આપતા. આપણે પણ થોડું ચકાસવા જેવું તો ખરું. ક્યાંક મારા પરિવારજનો સાથેનો મારો સંબંધ આવો તો નથી ને? રોજબરોજના મારા વાણી-વર્તન, મારા સ્વજનો માટે પીડાદાયક તો નથી બનતા ને? મારું 'હું તો આમ જ કરીશ' એવું જક્કી વલણ ઘરમાં અશાંતિજનક તો નથી બની રહ્યું ને?

'બીજાના ભલામાં આપણું ભલું; બીજાના સુખમાં આપણું સુખ' એ જ જેમની જીવનભાવના રહી છે, જેમણે જીવનભર કોઈને દુભવ્યા નથી એવા વિરલ સંત પ્રમુખસ્વામી મહારાજના જીવનને જોતાં આપણને વાણી-વર્તન વ્યવહાર વિષયક સુંદર પ્રેરણા મળે એવી છે.

લંડનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન થયું હતું. 'સ્વામિનારાયણ નગર'માં ભારતની ઓળખ આપતા કાર્યક્રમો અંગ્રેજ પ્રજાને આશ્ચર્ય પમાડતા હતા. આ ઉત્સવ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજ પણ લંડનમાં જ રોકાયેલા અને પ્રતાપસિંહ પરમાર નામે યુવક તેમને પોતાની ગાડીમાં બેસાડીને ઉતારેથી ઉત્સવસ્થળે લઈ જવાની સેવા કરતો હતો.

એક દિવસ પ્રમુખસ્વામી મહારાજ ભોજન લેવા બિરાજ્યા, ત્યારે હરિભક્તો પણ તેમની સાથે જમવા બેઠા. પણ તેમાં પ્રતાપસિંહ દેખાયા નહીં. પ્રમુખસ્વામીજીએ તેમને ફોન કરાવ્યો : 'બાપુ! તમારી રાહ જોઉં છું. જમવાનું અહીં રાખ્યું છે, તમે આવો પછી સાથે જમીએ.'

પ્રતાપસિંહ ન આવ્યા અને ફરી ફોન કરાવ્યો, ત્યારે પ્રતાપસિંહે કહ્યું : 'બાપા! આજે હું મોડો પરવારીશ એમ લાગે છે. માટે આપ જમી લો!' આ વિનંતી સાંભળ્યા બાદ જ પ્રમુખસ્વામી મહારાજે ભોજન આરોગ્યું!!!

ક્યાં પ્રમુખસ્વામી મહારાજ-લાખોના ગુરુ અને વિશાળ સંસ્થાના પ્રમુખ અને ક્યાં એમની સંસ્થામાં સેવા કરતો એક સ્વયંસેવક! આપણા પરિવારજનો સાથે પ્રેમભર્યાં વાણી-વર્તન રાખીએ! સ્વજનને માટે થોડું સહન કરવું પડે તો ખુશીથી કરીએ!

પ્રધાનની ચતુરાઈ

રાજાને પ્રધાન પ્રત્યે અપાર લાગણી. આ કારણે મંત્રી અને સેનાપતિને ખૂબ ઈર્ષ્યા થતી. પ્રધાન પાસે રાજ્યપ્રેમ અને રાજા પ્રત્યેનો સમર્પણભાવ અનન્ય હતો. સાથે-સાથે કૌશલ્ય પણ હતું. આથી રાજાને જીતી લેતા. પ્રધાન રાજાની વધુ સમીપ આવવા લાગ્યા, તેમ તેમ સેનાપતિ અને મંત્રીને ખૂબ ઈર્ષ્યા થવા લાગી.

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

એક વાર રાજદરબારમાં રાજાએ જણાવ્યું, 'આજે રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ બાણાવળી કોણ છે, તેની કસોટી છે, તો સૌ રાજદરબારીઓએ મારી સાથે આવવાનું છે.'

રસ્તામાં મંત્રી અને સેનાપતિએ પ્રધાનને રાજાની નજરમાંથી ઉતારવા કહ્યું, 'રાજન્! રાજ્યના શ્રેષ્ઠ બાણાવળી તો આ પ્રધાન છે.' - 'હા હા...' કહી સેનાપતિએ પણ ચાંપલુસી કરી.

પ્રધાનને ખ્યાલ આવી ગયો કે આ મને ફસાવવા માટેની મેલી મુરાદ છે. બાણ ચલાવતા આવડતું ન હતું, પણ રાજા આદેશ કરે, તો શું કરવું? એ વિચારવા લાગ્યા.

યોગ્ય સ્થાન જોઈ રાજાએ પ્રધાનને બાણ ચલાવવા કહ્યું. પ્રધાને એક બાણ ચલાવ્યું, પણ તે દૂર ગયું, એટલે પ્રધાન બોલ્યા, 'આવું નિશાન તો મંત્રી લે છે.' બીજું બાણ ચલાવ્યું. તે પણ થોડું દૂર ગયું, એટલે ફરી પ્રધાન બોલ્યા, 'આવું નિશાન તો સેનાપતિનું છે.'

ત્રીજી વારનું બાણ બરાબર નિશાન ઉપર લાગતાં પ્રધાન બોલ્યા, 'હું આ રીતે ચલાવું છું.'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 05 સપ્ટેમ્બર, 2024 | ભાદરવો સુદ બીજ | વિક્રમ સંવત 2080 08

ભાગવતરૂપી અમૃતનું પાન સંસાર સાગરને પાર ઉતારે છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

રાસ પંચાધ્યાયી એ જ પંચ પ્રાણ છે અને ગોપીગીત એ જર શિખર છે. એ પછીના બધા જ પ્રકરણો દિવ્ય છે. આ ભગવાનની લીલા છે. પછી અક્રુર આવે છે અને કૃષ્ણ-બલરામને લઈ જાય છે. પ્રભુ મથુરા પધારે છે, કંસનો ઉદ્ધાર કરે છે.

ઉદ્ધવ પ્રકરણ બહુ સરસ છે. ઉદ્ધવ ગયા હતા, ગોપીઓને જ્ઞાન આપવા માટે, પણ ગોપીઓ પાસેથી પ્રેમભક્તિની દીક્ષા લઈ ઉદ્ધવ પાછા ફર્યા. આંખમાં આંસુ લઈ પાછા ફર્યા. આ રેગિસ્તાન જેવી એની ધરતી. એમાં ગોપીઓને કારણે પ્રેમની વર્ષા થઈ અને ઉદ્ધવ ભીંજાઈ ગયા.

ઉદ્ધવ માટે પ્રેમભક્તિની દીક્ષા આપનાર ગુરુ છે, ગોપીઓ. નહીં તો આ ગૃહસ્પતિના જ્ઞાની શિષ્ય દશમ સ્કંધમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા ભાગ છે. પૂર્વાર્ધમાં વ્રજની લીલા કેન્દ્રમાં છે, ઉત્તરાર્ધમાં દ્વારકાલીલા કેન્દ્રમાં છે.

જરાસંઘનો ઉદ્ધાર, કાલયવનનો ઉદ્ધાર, દ્વારકા વસાવી ભગવાને રુક્મિણીનું હરણ કરી પાણિગ્રહણ કર્યું. અષ્ટ પટ્ટ મહિષીઓ સાથે જે રીતે દ્વારકાધીશનાં લગ્ન થયાં તેની કથા શુકદેવજીએ સંભળાવી. દરેકને દસ-દસ પુત્ર અને એક-એક પુત્રી છે.

ભૌમાસુરને મારી એણે કેદ કરેલી સોળ હજાર એકસો કન્યાને છોડાવી. એમની પ્રાર્થનાથી એમનું ભગવાને પાણિગ્રહણ કર્યું. આ સોળ હજાર એકસો વેદોની શ્રુતિઓ છે. અષ્ટ પટ્ટ મહિષી એ પ્રકૃતિ છે. જીવ પ્રકૃતિને આધીન છે, પણ પ્રકૃતિ પરમાત્માને આધીન છે.

સુદામા દેવનું સખ્ય બતાવ્યું, વેદ સ્તુતિનું પણ વર્ણન છે. વર્ષો પછી કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ પ્રસંગે ગયેલા દ્વારકાવાસીઓ અને દ્વારકાધીશ શ્રીકૃષ્ણનું મિલન ગોકુળથી આવેલાં નંદ-યશોદા અને ગોપ-ગોપીઓ સાથે વર્ષો પછી થાય છે, તેનું વર્ણન છે. એકાદશ સ્કંધ એ જ્ઞાન કથા છે.

દશમ સ્કંધને હું માખણ કહું છું અને અગિયારમા સ્કંધને ઘી કહું છું, પણ જેમ જ્ઞાન દીપકની ચર્ચા કરતાં તુલસીદાસજી રામચરિત માનસમાં સાત્ત્વિક શ્રદ્ધા ધેનુ સુહાઈ ત્યાંથી શરૂઆત કરી અને ઠેઠ જ્ઞાન દીપક કઈ રીતે પ્રજ્વલિત થાય એની યાત્રા કરાવે છે.

દશમ સ્કંધ માખણ છે, અગિયારમો સ્કંધ ઘી છે. ઘી બધાને પચે નહીં, જ્ઞાન બધાને પચે નહીં, પણ ઘી જેમ સાર છે તેમ સમસ્ત કથાનો સાર એકાદશ સ્કંધ છે. જુદા જુદા સંવાદો દ્વારા – વાસુદેવ અને નારદજીનો સંવાદ છે, તે અંતર્ગત નિમીરાજા અને નવ યોગીશ્વરોનો સંવાદ છે. કૃષ્ણ અને ઉદ્ધવનો સંવાદ છે, તે અંતર્ગત રાજા યદુ અને દત્ત અવધૂતનો સંવાદ છે. આ બધા સંવાદ દ્વારા જ્ઞાન ચર્ચા કરી છે.

બારમો સ્કંધ આશ્રય લીલા છે. સમાધિ, ભગવાનમાં ભળી જવું. કલિયુગનું વર્ણન કર્યું અને કલિયુગના રાજાઓના વંશનું શુકદેવજીએ વર્ણન કર્યું. ચાર પ્રકારના પ્રલય વિશે સમજાવ્યું. નિત્ય, નૈમિત્તિક, આત્યંતિક આદિ પ્રલય વિશે જાણકારી આપી અને કહ્યું કે, 'રાજા, તારા પ્રશ્નના ઉત્તરમાં મેં તને ભગવાનની મંગલમય કથા સંભળાવી. કહો હવે



બીજું શું સાંભળવું છે? હવે તક્ષક આવશે અને તને કરડશે. આ બધું જોવા માટે હું અહીં નહીં રહી શકું, પરંતુ જ્યાં સુધી હું અહીં બેઠો છું, ત્યાં સુધી તક્ષક અહીં નહીં આવે. હજી કંઈક પૂછવું હોય તો પૂછો.'

રાજા પરીક્ષિત શુકદેવજીના ચરણે પડ્યા. 'સિદ્ધોસ્મિ, અનુગૃહિતોસ્મિ.... શ્રાવિતો યસ્મે સાક્ષાત્ - સિદ્ધ થયો, અનુગૃહિત થયો. આપે હરિ કથા નથી સંભળાવી, પરંતુ આપે તો હરિનાં દર્શન કરાવ્યા છે. બારમો સ્કંધ સાંભળું છું, શ્રીનાથજીનો ઊંચો ઊઠેલો વામ હસ્ત મને દેખાય છે. માનો ભગવાન મને બોલાવી રહયાં છે. અબ તો મૈં ઉતાવલા હો રહા હૂં, ભલે હી તક્ષક આયે ઔર મુઝે ડસે. યા તો તક્ષક કે રૂપ મેં કોઈ ઔર શરીર કો સમાપ્ત કર દે. મુઝે કોઈ ભય નહીં હૈ.

મરને સે સબ જગ ડરા, મેરે મન આનંદ,
કબ મરિહૌ કબ ભેટીઓ પુરન પરમાનંદ.

મૈં મરનેવાલા નહીં હૂં, મૈં તો માલિક સે મિલનેવાલા હૂં. મૃત્યુ તો માલિક કા બુલાવા હૈ. મૈં ચલને કો તૈયાર હૂં, ઉત્સુક હૂં.'

શ્રીમદ્ ભાગવત મૃત્યુના ભયને સમાપ્ત કરી દે છે. મરણને જોવાની, મરણનું નિરીક્ષણ કરવાની એક અલગ દૃષ્ટિ આપે છે ભાગવત. પછી શુકદેવજી ઊભા થયા. રાજા પરીક્ષિત ઊભા થયા. માતા-પિતા, ગુરુના ઋણમાંથી કેમ છુટાય? શુકદેવજી વિદાય થયા. જયઘોષ થયો. સભામાં બેઠેલા ઋષિઓ ઊભા થયા. રાજા પરીક્ષિતને આશીર્વાદ આપી સૌ પોતપોતાના આશ્રમ તરફ પ્રસ્થાન કરી ગયા.

તક્ષક આવે અને રાજાને ડંખે તે જોવા માટે કોઈ ત્યાં ઊભું ન રહ્યું. મૃત્યુ અવહંભાવી છે. એનાથી ભાગવાની નહીં, પણ મરણને સુધારવાની કોશિશ કરીએ. 'ખળ ખળ વહેતી ગંગાના કિનારે સર સર ચલતી હવા..' ઉસ બરગદ કે પેડ કે સુખે પત્તે ગિર રહે હૈં. રાજાએ બહારની દુનિયાથી નાતો તોડી લીધો, પરબ્રહ્મમાં સ્થિર થયા. સમય થયો છે, તક્ષક આવે છે. ઝેરની જ્વાળા છોડે છે. રાજાનું શરીર એમાં જ બળીને ભસ્મ થાય છે, પણ એ પહેલાં તો આ મહાન આત્મા પરમાત્મામાં ભળીને એક થઈ ગયો હતો. દેવના દુંદુભી વાગ્યા, જયઘોષ થયો, પુષ્પવૃષ્ટિ થઈ. ભગવાનની આ દિવ્ય કથા સાંભળનારા, આ કથા રૂપી તીર્થમાંથી એનું એક આચમન પણ જે લઈ લે આ અમૃતનું, તેઓ સંસાર-સાગરને પાર કરી જાય છે, એનો મોક્ષ થાય છે એમાં કોઈ શંકા નથી.

જીવન એક ઉત્સવ

માનવ સાહજિક રીતે જ ઉત્સવપ્રિય હોય છે. તેથી જ ભારતમાં વર્ષ દરમિયાન નાના-મોટા ઉત્સવોની હારમાળા ચાલુ જ હોય છે. આવા ઉત્સવોના આદર્શોને જીવનમાં આત્મસાત્ કરીએ, તો જીવન ઉત્સવ બની રહે છે.

ભાદરવા સુદ ચોથથી પ્રારંભાતું મંગલકારી ગણેશોત્સવનું પર્વ મંગલ પ્રેરણા પ્રદાન કરતું પર્વ છે. વિઘ્નવિનાશક, મંગલમૂર્તિ ગણેશજીનું સ્વરૂપ જ એવું છે કે તેમાંથી અનેક પ્રેરણા મળે. ગણેશજીએ વિશાળ મસ્તક ધારણ કર્યું છે, જે જણાવે છે કે બુદ્ધિ વિશાળ હોવી જોઈએ એટલે કે વિચારો ટૂંકા નહીં, પણ વિશાળ કરવા જોઈએ. સ્વાર્થમાં રાચતાં વિચારો ટૂંકા છે. સૌના હિતના વિચારો કરવા તે વિશાળતા છે.

પ્રમુખસ્વામી મહારાજ કાયમ વિશાળ વિચારો જ કરતા. હરિદ્વારમાં ગંગાસ્નાન કરતાં સંતોએ સંકલ્પ કર્યો કે પ્રમુખસ્વામી મહારાજનું સ્વાસ્થ્ય કાયમ સારું રહે. આ સાંભળતાં જ પ્રમુખસ્વામી મહારાજ બોલી ઊઠ્યા : 'મારા એકલાનું નહીં, સૌનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રાર્થના કરો.'

વર્ષો પહેલાં સંતોષકારક વરસાદ મોડો મોડો, છેક નવરાત્રિ દરમિયાન પડ્યો. તેથી તે સમયે ચાલતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનાં નિર્માણકાર્યમાં વિઘ્ન પડ્યું અને કાર્યમાં કટોકટી ઊભી થઈ. આ વાત કાર્યકરોએ પ્રમુખસ્વામી મહારાજને કરી.

વરસાદે બધું કાર્ય ખોરવી નાખ્યું. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સૌને સમજાવ્યું કે : 'ભલે આપણને નુકસાન થયું, પણ વરસાદથી બધાંને શાંતિ થઈ ગઈ ને!' પ્રમુખસ્વામી મહારાજ કાયમ સૌના હિતકારી વિશાળ વિચાર કરતાં. પોતાનો સ્વાર્થ પોષાય તેવા ટૂંકા વિચારો નહીં.

ગણેશજી વિશાળ પેટ ધરાવે છે. તે જણાવે છે કે જો વિચારો વિશાળ, સૌના હિતકારી રાખવા હોય તો મોટું પેટ ધારણ કરવું પડે. લોકમાં 'મોટું પેટ રાખવું' રૂઢિપ્રયોગ થાય છે. એટલે કે 'કોઈના અવગુણ, દોષ સામે ન જોતાં માફ કરવાની વૃત્તિ રાખવી.' જો મોટું પેટ હોય તો જ બુદ્ધિ સર્વજીવહિતાવહ વિચારો કરે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સૌને

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આનાં દર્શન અનેક વાર થયા છે. એક શહેરમાં મંદિરસંકુલના વિકાસની પ્રક્રિયા ચાલુ થઈ. તેમાં કેટલાક તેજોદ્વેષીઓએ વિરોધ કર્યો. ભાન ભૂલીને, માણસાઈને નેવે મૂકીને વિરોધીઓ વિરોધ કરતા હતા. તે સંજોગોમાં એક મીટિંગમાં તે મંદિરસંકુલના વિકાસના નકશા પ્રમુખસ્વામી મહારાજને બતાવવામાં આવ્યા.

પ્રમુખસ્વામી મહારાજે તે નકશાઓ જોઈ તેના પર પ્રાસાદિક પુષ્પો પધરાવ્યા. ત્યાર બાદ તેમણે કાર્ય સંપન્ન થાય તે માટે પ્રાર્થનારૂપે ભગવાનના નામમંત્રની ધૂન કરાવી. સંકુલના કાર્ય સાથે તેમાં મદદકર્તા સૌને માટે પણ પ્રાર્થના થઈ. તે નગરના રહેવાસીઓ સાથે જે વિરોધ કરતા હતા. તેમના ભલા માટે પણ પ્રાર્થના કરાવી. મોટું પેટ હોય તો જ મોટા વિચારો થઈ શકે.

ગણેશજી મોટા કાન ધરાવે છે. તે સૂચવે છે કે નાનામાં નાની વાત સાંભળી શકાય તેટલી શ્રવણશક્તિ વિશાળ કરો, કાન મોટા રાખો. આજનું આધુનિક 'મેન મેનેજમેન્ટ' પણ આ વાતને પુષ્ટિ આપે છે. કોઈ પણ વ્યક્તિને સમજવા માટે તેને સાંભળવા જરૂરી છે. સામેનાને સાંભળવાની તત્પરતા હોય, તો જ તેને સમજી શકાય અને તો જ તેની પાસેથી કાર્ય યથાર્થ લઈ શકાય.

પ્રમુખસ્વામી મહારાજ રોજના 300થી 400 લોકોને મળતા. તેમના પ્રશ્નો સાંભળતા. એક-એકની વિગત સાંભળવા તેઓ પોતાના આસનથી સહેજ ઝૂકી જતા અને સાંભળવા કાન ધરતા. તે સમયે ગણેશજીના વિશાળ કાનની સ્મૃતિ થતી.

બોલાયેલી, લખાયેલી વિગતો તો તેઓ સાંભળતા, પણ ન બોલાયેલી વાતો પણ તેઓ સાંભળી શકતા, કારણ કે તેઓ પ્રત્યેકના હૃદયની લાગણીઓને સાંભળતા હતા.

વડોદરામાં પ્રમુખસ્વામી મહારાજ પ્રાતઃપૂજા દરમિયાન તિલક કરી રહ્યા હતા. તે સમયે શ્વેતાંશુ નામનો બાળક તેમના આસન પાસે દોડી આવ્યો. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજ ન બોલાયેલી વાણી સાંભળી ગયા. તેમણે તરત જ શ્વેતાંશુના ભાલ પર તિલક કર્યું, ત્યાર બાદ પણ એ ત્યાં જ ઊભો રહ્યો.

મહારાજ સમજી ગયા. તેમણે અરીસો કાઢી શ્વેતાંશુના મુખ આગળ ધર્યો. પોતાના કપાળે તિલક જોઈ તે મલકી ઊઠ્યો. દોડતો તે સભામાં જઈને બેસી ગયો. બીજાને સમજવા, લાગણીને સાંભળવા માટે વિશાળ કાન હોય, તો જ આવું શક્ય બને.

ગણેશોત્સવ જેવા ઉત્સવોમાં ભગવાનનાં સ્વરૂપનાં દર્શન કરતાં, તેમનાં ચરિત્રોનું શ્રવણ કરતા, તેમનાં કાર્યોનું મનન કરતાં. તેમાંથી પ્રેરણા લઈને ગણેશોત્સવની ઉજવણી કરીએ.

અપશુકનિયાળ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

રાજા રસાલા સાથે શિકાર કરવા જઈ રહ્યા હતા અને શરૂઆતમાં જ બાબા દેખાયા. બાબાજીએ મુંડન કર્યું હોવાથી રાજાને લાગ્યું કે અપશુકન થયા.

તેમણે સૈનિકોને કહ્યું, 'આ બાબાને મારીને મારા માર્ગમાંથી ભગાડી દો.' સૈનિકોએ બાબાને ખૂબ માર માર્યો.

રાજા રસાલા સાથે જંગલમાં ગયા. ત્યાં તેમને ઘણા શિકાર મળ્યા. તેમને લાગ્યું કે ખરેખર કોઈ જ અપશુકન થયા ન હતા. સાંજે પાછા મહેલમાં આવ્યા, ત્યારે બાબા યાદ આવ્યા.

બીજા દિવસે બાબાને રાજદરબારમાં બોલાવ્યા. સૈનિકો લઈને આવ્યા. રાજાએ જોયું તો આખા શરીર ઉપર પાટા-પિંડી કરેલાં હતાં. સૈનિકોએ તેમને ખૂબ ખરાબ રીતે માર્યા હતા.

આ જોઈ રાજાને ઘણું દુઃખ થયું. ચરણોમાં પડી હાથ જોડી માફી માંગી કે બાબા ગઈ કાલે મેં ખૂબ ખોટું કાર્ય કર્યું. આપને અપશુકનિયાળ માન્યા. ખરેખર તો આપ મારા માટે શુકનિયાળ નીકળ્યા કે મને ઘણા શિકાર મળ્યા.

બાબા હળવે રહીને બોલ્યા, 'રાજન! મારું મુખ જોઈ આપ જંગલમાં ગયા, તો આપને 'માલ' મળ્યો, પણ મેં સવારમાં આપનું મુખ જોયું, તો મને 'માર' મળ્યો. હવે આપ જ જવાબ આપો કે આપણા બંનેમાં અપશુકનિયાળ કોણ છે?'

અન્યને દોષિત માનતા પહેલાં કે નિર્ણય લેતાં પહેલાં એક વાર આત્મમંથન કરી લેવું.

ભગવાન સાથે જોડાવા શ્રીમદ્ ભાગવતનો આશ્રય લો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



વિચારની પરાકાષ્ઠા એટલે મનન એ શ્રીમદ્ ભાગવતમાં બહુ મહત્ત્વનું છે. એટલે આ બધું મારામાં અને છતાં હું કોઈમાં નહીં અને કોઈ મારામાં નહીં. જો આ બધું મારામાં હોત. તો નિત્ય હોત. પણ આ બધું સમાપ્ત થવાવાળું છે. હું નિત્ય રહું છું.

છગનલાલ સૂટ પહેરીને લગ્નમાં ગયા એમ કહેવાય, પણ સૂટ છગનલાલને પહેરીને જમવા ગયો એમ કહેવાય? એમ શરીરને આપણે ધારણ કરીએ છીએ. શરીર આપણને ધારણ કરતું નથી.

શરીર નહોતું ત્યારે પણ હું હતો. શરીર છે એ રૂપમાં પણ હું છું અને શરીર નહીં હોય ત્યારે પણ હું હોઈશ. એટલે આ શરીરનો આદિ પણ હું, અંત પણ હું અને મધ્ય પણ હું, પણ મારો પોતાનો કોઈ આદિ નહીં, આત્માનો કોઈ અંત નથી. 'હું' એટલે કે આ આત્મા આદિ, મધ્ય અને અંતથી રહિત છું. શરીરની ઉંમર હોય, આત્માની ઉંમર કેટલી? શરીર જૂનું થાય આત્મા કેટલો જૂનો?

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

કેવાં-કેવાં સરસ ભજનો છે! પણ બાળપોથીના છોકરાઓ મુખપાઠ કરતાં હોય એમ ગાવાનાં નહીં. એના અર્થ સમજો. આ બધું સમાપ્ત થઈ ગયા પછી જે શેષ રહે છે તે હું છું. જેનો ક્યારેય અંત નથી, જેનો નાશ નથી અને છેલ્લા શ્લોકમાં -

એતાવદેવ જિજ્ઞાસ્યં તત્ત્વજિજ્ઞાસુનાઽત્મનઃ
અન્વયવ્યતિરેકાભ્યાં યત્ સ્યાત્ સર્વત્ર સર્વદા

મુખ્ય કાર્ય અને કારણ. વેદાંતમાં આ બે શબ્દો સમજવા બહુ જરૂરી છે. કાર્ય એટલે જે થયું છે તે અને કારણ એટલે જેના થકી થયું છે તે. આ જગત એ કાર્ય છે અને એનું કારણ પરબ્રહ્મ પરમાત્માથી થયું છે. આનું કારણ પરબ્રહ્મ પરમાત્મા છે.

જગતનું કારણ એક જ છે – પરમાત્મા. ઉપાદાન કારણ પણ એ છે અને નિમિત્ત કારણ પણ એ છે. આ મજાની વાત છે. પરબ્રહ્મ પરમાત્મા આ સૃષ્ટિનું અભિન્નિતોપાદાન કારણ છે. તો ભગવાનને ખાલી નિમિત્ત કારણ માનો કે આ જગતને ઈશ્વરે બનાવ્યું.

વેદાંતિક ફિલોસોફી આનંદની આસપાસ આંટા મારે છે. વેદાંતિક ફિલોસોફી પૂર્ણ થવાની વાત કરે અને બુદ્ધની ફિલોસોફી શૂન્ય થવાની વાત છે, પૂર્ણ થવાની વાત છે. ત્યાં બ્રહ્મ થવાની વાત છે. જ્યાં બ્રહ્મ થવાની વાત છે અને ત્યાં નિર્વાણ થવાની વાત છે.

આપણે બાળપોથીમાં બસ ભજન ગાવાનાં, ભગવાનનું નામ લેવાનું, પણ બાળપોથી એ પાયો છે. એનું પણ મહત્ત્વ છે. આપણે વર્ષોથી એના એ કલાસમાં છીએ. આગળના વર્ગમાં તો જાવ. પહેલા ધોરણમાં જ છો ચોથા ધોરણમાં તો જાવ!

ભાગવત છે એ થોડું હાયર એજ્યુકેશન છે. રામાયણમાં સાત કાંડ એ પ્રાઈમરી એજ્યુકેશન છે. ભાગવતના બાર સ્કંધ છે. બારમા ધોરણ સુધી હાયર સેકન્ડરી છે અને ગીતાના અઢાર અધ્યાય એટલે તે યુનિવર્સિટી લેવલનું, ગ્રેજ્યુએશનનું અને પછી પોસ્ટ ગ્રેજ્યુએશનનું જ્ઞાન છે, કારણ કે તે ઉપનિષદોનો જ સાર છે. રામાયણ સત્ તત્ત્વ પ્રધાન છે, ગીતા ચિત્તત્ત્વ પ્રધાન અને ભાગવત આનંદતત્ત્વ પ્રધાન ગ્રંથ છે.

સત્ તત્ત્વપ્રધાન ક્રિયા હોય છે. તેથી ક્રિયા, આચરણ, વ્યવહાર રામાયણમાંથી શીખો. ચિત્ત તત્ત્વપ્રધાન વિચાર હોય છે. વૈચારિક રીતે ઉપર ઊઠો ગીતાનો આશ્રય કરીને. આનંદ તત્ત્વ પ્રધાન ભાગવત છે.

ભાવાત્મક રીતે તમારી ભાવના શુદ્ધ હોય, નિર્મળ હોય ત્યારે ભાવાત્મક રીતે ભગવાન સાથે ભાગવત જોડાણ કરી આપે છે. ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત તત્ત્વપ્રધાન હાથ, ચિદ્તત્ત્વ પ્રધાન માથું છે. આનંદ તત્ત્વપ્રધાન હૃદય છે. આ ત્રણેયને ભેગાં કરો ત્યારે વંદન થાય.

કારણ વિના કાર્ય ન હોય, પણ કારણને રહેવા માટે કાર્યની અપેક્ષા નથી. એમ જગદીશ ન હોય તો આ જગત ન હોય, પણ જગદીશ ન હોવા માટે જગત અપેક્ષિત નથી. જેનું હોવું એટલે કે અસ્તિત્વ કોઈ બીજાના હોવાને સાપેક્ષ હોય, આધારિત હોય તે મિથ્યા છે અને જેવું અસ્તિત્વ નિરપેક્ષ હોય તે સત્ય.

બ્રહ્મનું હોવું નિરપેક્ષ છે, જગતનું હોવું સાપેક્ષ છે માટે બ્રહ્મ સત્ય, જગત મિથ્યા. આ શંકરાચાર્યજીનો સિદ્ધાંત છે. આનો ભાવાત્મક અને વૈચારિક વિસ્તાર ભાગવત છે. ભગવાન આદિનારાયણે ચાર શ્લોકમાં આ ભાગવત બ્રહ્માને કહ્યું, પછી બ્રહ્માએ નારદને કહ્યું, નારદજીએ વેદવ્યાસજીને કહ્યું, વેદવ્યાસજીએ એનો વિસ્તાર કર્યો. શુકદેવજીને કહ્યું અને રાજા પરીક્ષિતને સંભળાવ્યું.

ભગવાનની ભૂલ?!

સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથી જ કદાચ પૃથ્વી પર શ્વસતાં જીવ-પ્રાણીમાત્રને એક કાર્ય કરવામાં ક્યારેય કંટાળો નથી આવ્યો-બીજાની ખામી જોવામાં, બીજાની ભૂલ કાઢવામાં.

એમાં મનુષ્યજાતિની દૃષ્ટિ તો ક્યાં સુધી પહોંચી ગઈ? આપણને તો છેક સર્જનહાર એવા પરબ્રહ્મ પરમાત્મામાં પણ 'તેઓ આટલું બરાબર નથી કરતા...' એવું લાગવા માંડે છે.

ભરઉનાળાનો સમય. વૈશાખના વસમા વાયરાથી બચવા માટે એક વટેમાર્ગુએ વડ નીચે વિસામો કર્યો. વડની છાયામાં તેણે ઠંડા તરબૂચની લહાણી માણી, ત્યાં જ આરામ માટે લંબાવ્યું.

થેલાનું ઓશિકું કરીને સૂતેલા વટેમાર્ગુની નજર ગઈ વડની ડાળીઓ પર, પવનની લહેરખીએ ઝૂલતા ટેટાઓ પર. તેને વિચાર આવ્યો : 'આ ટેટા આટલા નાના અને તરબૂચ કેવાં મોટાં! લાગે છે કે ભગવાને ક્યાંક ભૂલ કરી છે. નાના અમથા ટેટા ઊગે આવા મોટા ઝાડ ઉપર અને આટલા મોટા તરબૂચ ઊગે સાવ નાજુક-નમણી વેલી પર! આવું થોડું હોય? ભગવાન ખરા, પણ એમણે આટલું બરાબર ન કર્યું.'

હજી તો એ આવું વિચારે છે, ત્યાં તો પવનની એક લહેર આવી અને એક ટેટો ડાળી પરથી તૂટીને સીધો પડ્યો તેના કપાળ પર. તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ. કપાળે ઢીમચું થઈ ગયું. ભગવાનની ભૂલ કાઢનારા વટેમાર્ગુને હવે ભાન થયું કે, 'ભગવાને જે કર્યું, તે સારું જ કર્યું છે... નાનકડા ટેટાથી આવું થયું, તો વડ ઉપર તરબૂચ ઊગતાં હોત તો શું થાત?'

આ તો વટેમાર્ગુની વાત થઈ, પણ આપણા જીવનમાં બનતી ઘટનાઓ-પ્રસંગોને તપાસીએ, ત્યારે આપણને પણ એમ જ થાય કે, 'ભગવાન મારી સાથે જ કેમ આવું કરે છે?' 'મારાં તો નસીબ જ વાંકાં છે.' 'ભગવાનને હું જ દેખાયો?' 'હે પ્રભુ! તારા દરબારમાં આવો અન્યાય કેમ?' આવા તો કંઈકેટલાય પ્રશ્નોનાં ગાણાં ગાનારે એક વાર વિચારવા જેવું તો ખરું કે, 'આમ રોદણાં રડવાથી મુશ્કેલી જતી રહેવાની છે? ફરિયાદો કરવાથી

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મુશ્કેલી-તકલીફોને ભગવાનની કૃપા માની સહન કરીએ, તો જીવનમાં સફળતા ચોક્કસ પ્રાપ્ત કરી શકાય છે

પ્રશ્નોનું સમાધાન થઈ જવાનું છે?' ઉત્તર છે : 'ના...'

ગુજરાતી સાહિત્યના મહાકવિ અને ભગવાન સ્વામિનારાયણના પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જેમ ઈક્ષુ પામે અમૂલ્યતા, પણ પ્રથમ પોતે પિલાય છે;
ત્યાર પછી ચડે તાવડે,
તેના ગોળ, સાકર, ખાંડ થાય છે...
તેમ કસ્યા વિના કોઈ વસ્તુ, ખરે ખપે નથી આવતી;
એમ સમજી સંકટ સહો,
તો ભલી ભજી જાય ભગતિ...

જ્યારે શેરડી પિલાય ત્યારે તે કેટલી ભીંસાય? પછી તેને તાવડા પર ચડાવે, ત્યારે તો વધુ દુઃખ થાય, પણ તેનાથી તે શેરડીના ગોળ, સાકર અને ખાંડ થાય છે - તે શેરડી અમૂલ્ય બને છે. તેમ આપણને દુઃખ આવે ત્યારે હસતે મોંએ સ્વીકારી લેવું, કારણ કે તે દુઃખમાં અમૂલ્યતા બક્ષવાની ભગવાનની પરમ ઉપકારી 'યોજના' હોય છે.

એક વાર અમેરિકાના હ્યુસ્ટન શહેરના સુપ્રસિદ્ધ આર્કિટેક્ટ મેનૂર હુરાની હતાશ હૈયે પ્રમુખસ્વામી મહારાજ પાસે આવ્યા, કહે: 'સન 1975માં લેબેનોનમાં યુદ્ધ થયું, તે વખતે મારાં માતા અને ભાઈઓ માર્યા ગયાં. આ ઘટનાને સંભારીને મારું હૃદય વ્યથિત રહે છે. મારો એક જ પ્રશ્ન છે કે ભગવાન આમ કેમ કરે છે?'

સ્વામીએ તેમને કહ્યું : 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એને તો દરેકનું સારું જ કરવું છે. ભલે આપણને ભૂંડું થતું હોય એમ લાગે, પણ એવું ભગવાન ક્યારેય ઈચ્છે જ નહીં. ભગવાન જે કરે એ સારા માટે જ છે. મૃત્યુ કઈ રીતે થવાનું છે એ ખબર નથી, પણ છે એ નિશ્ચિત વાત છે. આ બાબતમાં દુઃખને ટાળવા માટે જ્ઞાનની જરૂર છે.'

કેવી સુંદર સમજણ! ગમે તેવા વિપરીત સંજોગોમાં, વિકટ મુશ્કેલીઓમાં, આપણા ધાર્યા પ્રમાણે કશું જ ન થાય, ત્યારે આ વિચાર સૌને સ્થિરતા અને ધીરતા આપે તેવો છે. આ વિચાર જો કાયમ રહે, તો આપણો આનંદ કોઈ છીનવી ન શકે.

આપણે પણ અવાર-નવાર આવતી મુશ્કેલીરૂપ ભગવાનની ભૂલને કૃપાપ્રસાદ સમજીને અપનાવીએ; એને જ આપણા અનુભવરૂપી પાયા બનાવી તેના પર સફળતાની ઈમારત ચણીએ.

નથી આ કોઈ મુશ્કેલી,
આ તો પગથિયું સફળતા ભણી;
મોકલ્યું મારે માટે પ્રભુએ, કૃપા કરી ઘણી ઘણી...
પ્રભુ હજુ મોકલ ઘણું, જરા કરું ફરિયાદ નહીં;
વધે જીવન આનંદ ઘણો, પાઉં પ્રસાદ તારો અહીં...

સમયદાન

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

મુંબઈમાં રહેનારા અબજોપતિ શેઠ. તેમનો વ્યાપાર એટલો મોટો કે સવારે દિલ્હી હોય, તો સાંજે ચેન્નાઈ. આજે ઈન્ડિયા, કાલે દુબઈ. આમ, દિવસ-રાત પોતાનો વ્યાપાર વધારતા ગયા. પૂર્વે કંઈ ન હતું. હવે સમાજમાં પ્રથમ ક્રમાંકે આવી ગયા. તેમની એકની એક દીકરી. દીકરી ઉપર ખૂબ જ પ્રેમ. પોતાને બાળપણમાં જે તકલીફ પડી, તે દીકરીને ન પડવી જોઈએ, એવી તેમની ભાવના.

દીકરી પાણી માંગે, તો દૂધ, અને દૂધ માંગે તો દૂધપાક હાજર થાય, આવી વ્યવસ્થા તેમણે ગોઠવી. દીકરીની જે ઈચ્છા હોય, તે પૂરી કરી જ દેવાની. એમાં સહેજ પણ હિચકિચાટ નહીં કરવાનો. આમ કરતાં દીકરી 25 વર્ષની થઈ.

એક દિવસ પિતા દીકરીને લઈને આવ્યા અને કહ્યું, 'ગુરુદેવ, આ દીકરી સાવ સામાન્ય કક્ષાના યુવાનના પ્રેમમાં છે. એને એની સાથે જ લગ્ન કરવા છે. કંઈ સમજવા તૈયાર નથી. આપ કંઈક સમજાવો અને માની જાય તો સારું. બાકી મારું મન એ ઘરે મોકલવા હરગીજ તૈયાર નથી. 25 વર્ષમાં એણે જે માંગ્યું, તે બધું જ આપ્યું, છતાં આ દિવસ...! મારાથી આ સહન થાય તેવું નથી.'

પિતા વિરમ્યા એટલે દીકરી બોલી, 'ગુરુદેવ, પપ્પા એકદમ સાચું બોલ્યા છે કે એમણે 25 વર્ષમાં જે માંગ્યું તે બધું જ આપ્યું, પણ એમને આપ જ પૂછો કે એમણે 25 વર્ષમાં મને 25 દિવસ આપ્યા છે ખરા...?'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 19 સપ્ટેમ્બર, 2024 | ભાદરવો વદ બીજ | વિક્રમ સંવત 2080 08

ત્રણેય કાળમાં ભગવાન અહીં જ છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે સત્ય છે તેનો અભાવ નથી હોતો અને જે અસત્ય છે તેનું અસ્તિત્વ નથી હોતું. હકીકતમાં સત્ય નિત્ય છે. મતલબ કે એનો ક્યારેય અભાવ નથી. એ ક્યારેય ન હોય એવું ન બને. તે દરેક સમયે અને દરેક સ્થળે હાજર હોય જ છે અને સત્ય કહીએ, એને નિત્ય કહીએ.

એટલે ભગવાન કેવા છે? વ્યાપક. ભગવાન કેવા છે? નિત્ય. ભગવાન કેવા છે? સત્ય. તો એનો કોઇ દિવસ અભાવ નથી હોતો. ત્રણે કાળમાં તેનો અભાવ નથી. એ સર્વદા અને સર્વત્ર છે એટલે સ્વામી વિવેકાનંદજી અમેરિકાની ધર્મયાત્રાએ ગયા હતા, તે સમયનો એક રસપ્રદ કિસ્સો યાદ આવે. સ્વામી વિવેકાનંદજીએ સનાતન વૈદિક હિંદુ ધર્મની ધજાને વિશ્વમાં ફરકાવવામાં અનન્ય યોગદાન આપ્યું છે.

સ્વામી વિવેકાનંદજી અમેરિકામાં હતા, તે સમયે તેમનું એક વ્યાખ્યાન કોલેજમાં ગોઠવવામાં આવ્યું. એ કોલેજના કેટલાક છોકરાઓએ બોર્ડ પર જાણીજોઈને લખી નાખ્યું કે, 'God is nowhere.' (ભગવાન ક્યાંય નથી.)

સ્વામી વિવેકાનંદજી એ સમયે જ બધું તારતમ્ય પામી ગયા. તેમણે ચોક લઈને બોર્ડ પર ડબલ્યુ પછી કોમા કરી દીધો. તેથી વાકય આ પ્રમાણે થઇ ગયું કે, 'God is now,here.' (ભગવાન હવે અહીં છે.) કહેવાનું તાત્પર્ય એ છે કે, એનું એ જ વાકય પણ અલ્પ-વિરામ કરવાથી એનો અર્થ બદલાઇ ગયો.

જેઓ દ્વંદ્વમાં પડે છે કે ભગવાન છે કે નહીં, તેમને યથાર્થ જ્ઞાન થાય ત્યારે તેઓને પણ આ અનુભૂતિ થાય છે કે, ભગવાન કાલાતીત છે, સદા-સર્વદા છે, એ જ સર્વસ્વ છે આ સંસારમાં!

સ્વામીજીની આ વિચક્ષણ પ્રતિભાથી સૌ આશ્ચર્યચકિત બની ગયા. તેમણે ભગવાનનાં અસ્તિત્વને સમજાવી દીધું. આ પ્રસંગથી કહેવાનું એટલું જ છે કે, જે સત્ય છે, જે નિત્ય છે એનો કયારેય અભાવ નથી. ઈશ્વર કયારેય નથી હોતો એવું નથી. વાસ્તવમાં જે નિત્ય અસ્તિત્વ છે, તેને આપણે ઈશ્વર કહીએ છીએ.

સત્ શબ્દ સતાર્થ હૈ. ઉસકી સત્તા હૈ. હર કાલ મેં, હર દેશ મેં વહી વિદ્યમાન હૈ. વિદ્યતે અર્થાત્ હોવું. વિદ્યતે શબ્દ એ વિદ્-ધાતુ પરથી બનેલો શબ્દ છે. સતાર્થક વિદ્-ધાતુથી બને છે. વિદ્-ધાતુ ઉપરથી વેદ શબ્દ બને છે અને વિદ્-ધાતુ સતાર્થક, જ્ઞાનાર્થક અને લાભાર્થક પણ છે. સતાર્થક વિદ્ ધાતુથી ચિત્ત શબ્દ થાય.

જ્ઞાનાર્થક વિદ્ ધાતુથી બોધ થાય, લાભાર્થક વિદ્ ધાતુથી આનંદ શબ્દનો બોધ થાય. એટલે સત્—ચિત્—આનંદનું હોવું. વિદ્-ધાતુથી જ છે આ અર્થ થાય છે. જ્ઞાન છે. માટે જ્ઞાન પણ નિત્ય છે. જ્ઞાન બ્રહ્મરૂપ છે. જ્ઞાન ભગવનરૂપ છે. તો જે સત્ય છે એ નિત્ય છે. મતલબ એનો કયારેય અભાવ નથી હોતો. ન અસતો વિદ્યતે ભાવ.

સંસ્કૃત ભાષાની આ મજા છે. કેવું સૌંદર્ય છે! ભાવ, 'અસતઃ ભાવો ન વિદ્યતે' જે અસત્ય છે. ભાવનો અહીં અર્થ છે અસ્તિત્વ. ભાવ અને અભાવ. અહીં ભાવનો અર્થ છે, અસ્તિત્વ. અસત્યનું અસ્તિત્વ જ નથી. અસત્ય કોને કહીએ?

જે નાશવંત છે, જેનું અસ્તિત્વ નથી એટલે એ રીતે તમે જો જુઓ, તો આ સંસારનું અસ્તિત્વ નથી. વેદાંતીઓ માને છે કે સંસારનું અસ્તિત્વ નથી. એ પ્રતીતિ માત્ર છે. જેમ મૃગજળ દેખાય છે. પણ ત્યાં જળ નથી. રાત્રિના અંધકારમાં દોરડીમાં સર્પ દેખાય છે. અંધારામાં આપણે રસ્તે જઈએ છીએ, રસ્તામાં દોરડું પડ્યું છે દોરડું આપણને સર્પ લાગે છે. સર્પનું અસ્તિત્વ નથી છતાં દેખાય છે, પણ સર્પની ભ્રાંતિ કોનામાં થાય છે? દોરડામાં. એટલે ભ્રાંતિ માટેનું પણ કોઈ અધિષ્ઠાન છે, તે અધિષ્ઠાન શું છે? આ દોરડું તે દેહ છે. આ સંસાર છે, તે બધું અનિત્ય છે. તે છે જ નહીં, છતાં દેખાય છે. તેનું અસ્તિત્વ નથી છતાં દેખાય છે. તો શેમાં દેખાય છે? આત્મામાં. તો એ આત્મા નિત્ય છે. દોરડામાં સર્પની ભ્રાંતિ અંધકારમાં થાય છે. દોરડું હોત જ નહીં તો અંધકારમાં સર્પની ભ્રાંતિ થઈ જ ન હોત.

આ બધું આત્મામાં દેખાય છે. પરમાત્મામાં પ્રતીત થાય છે. બાકી સત્ય હંમેશાં હોય છે. એનો ક્યારેય અભાવ નથી હોતો અને અસત્યનું કયારેય અસ્તિત્વ નથી હોતું. એટલા માટે જો તત્ત્વ કો જાન લેતા હૈ ઉસે તત્ત્વદર્શી કહતે હૈં, તત્ત્વજ્ઞાની કહતે હૈં. તત્ત્વજ્ઞાની પુરુષો દ્વારા ઇસ પ્રકાર સત્ તત્ત્વ કો ઔર અસત્ તત્ત્વ કો યાનિ નિત્ય તત્ત્વ, અનિત્ય તત્ત્વ દોનોં કો જાન લિયા ગયા હૈ, ઇસલિયે કહતે હૈં નિત્ય અનિત્ય વસ્તુ કો પહલે જાન લેના ચાહિયે. પહેલી વસ્તુ કહી નિત્યાનિત્ય વસ્તુ વિવેક –

અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્।
વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ।।
(શ્રી. ભ. ગીતા 2/17)

અવિનાશી કોણ? અવિનાશી તુ તદ્વિદ્ધિ. અવિનાશી તું એને જાણ અને 'સર્વમિદં તતમ્' – જેનાથી આ સંપૂર્ણ એટલે કે આ પ્રાણી પદાર્થ જેની અંદર દેખાઈ રહ્યાં છે, જેની અંદર આ બધું વ્યાપી રહ્યું છે. જેમાં આ દૃશ્ય દેખાઈ રહ્યું છે તે નિત્ય છે.

પરમાત્માનું જો અસ્તિત્વ જ ન હોત, તો આ દૃશ્ય દેખાતું જ ન હોત. આ દૃશ્ય નાશવંત છે. પ્રાણીઓ, પદાર્થો જે આ દૃશ્યમાન છે. આમ, જેઓ દ્વંદ્વમાં પડે છે કે ભગવાન છે કે નહીં, તેમને યથાર્થ જ્ઞાન થાય ત્યારે તેઓને પણ આ અનુભૂતિ થાય છે કે, ભગવાન કાલાતીત છે, સદા-સર્વદા છે.

'ક્લેશ-કંકાસનો કરંડિયો' કે 'સુખ-શાંતિનું સરનામું'?

કબૂતરોનું ઘૂ-ઘૂ-ઘૂ, કોયલ કૂજે કૂ-કૂ-કૂ;
ચકલાં-ઉંદર ચૂં-ચૂં-ચૂં, છછૂંદરોનું છૂ-છૂ-છૂ...
કૂંજનમાં શી કક્કાવારી? હું કુદરતને પૂછું છું;
ઘૂવડ સમા ઘૂઘવાટા કરતો, માનવ ઘૂરકે હું-હું-હું...

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

બાળપણમાં ગુજરાતી પાઠ્યપુસ્તકમાં દિનકરરાય વૈદ્યની આ કવિતા વાંચી હશે, મુખપાઠ કરી હશે, તેની પરીક્ષા પણ આપી હશે; પણ આ કવિતા પર ક્યારેય વિચાર કર્યો છે? આજે કરીએ. આપણા પરિવારમાં જ્યારે પણ અશાંતિ સર્જાતી હશે, ત્યારે તટસ્થપણે જો કારણ શોધીશું, તો તેના મૂળ પહોંચશે આ કવિતા સુધી. અશાંતિનું કારણ મળશે : અહંકાર. શું આપણા પરિવારમાં ચાલતા રોજના 'મહાભારત'નો ઉપાય સૂચવતી કોઈ 'ગીતા' છે? જ્યાંથી શાંતિનું સરનામું મળે? હા, છે.

વાત કરીએ એક મહાનુભાવની. જેઓ સર્વગુણસંપન્ન હોવા છતાં તેમની અહંશૂન્યતા, નમ્રતા સૌને આંખે વળગતી. તેઓ જ્યારે જનતાની વચ્ચે પધારે, ત્યારે હાથ જોડેલા હોય; સભામાં પધારે ત્યારે પણ હાથ જોડેલા હોય; કોઈ હાર પહેરાવે તો પણ હાથ જોડેલા હોય અને કોઈ મહાનુભાવની મુલાકાત હોય ત્યારે પણ હાથ જોડેલા હોય.

તેમના મુખારવિંદ કે વાણીમાં, ચાલમાં કે વર્તનમાં, જાહેરમાં કે ખાનગીમાં, કોઈને પણ, ક્યારેય 'અહંકાર'નો લેશ અનુભવ નથી થયો! તેમણે આ માત્ર વિનમ્રતાનો ગુણ કેળવ્યો નહોતો, પણ તેઓ 'અહંકાર-રહિતતા'ની સર્વોચ્ચ સ્થિતિએ બેઠા હતા. હા, આ વાત છે વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજની.

એક-બે નહીં, પણ તેમના જીવનપ્રસંગોની હારમાળા છે, જેમાં તેમની 'અનહંકૃતિ'નું વિરલ દર્શન થયું છે. સમગ્ર વિશ્વને ઉન્નત પ્રેરણા આપતાં સ્વામિનારાયણ અક્ષરધામ સ્મારકને જોઈને ભલભલા નતમસ્તક થઈ જાય છે: 'માત્ર પાંચ વર્ષમાં આ દિવ્ય સર્જન કરનાર વિશ્વકર્મા કોણ છે?'

સૌ આ રચનાનો યશકળશ પ્રમુખસ્વામી મહારાજ પર ઢોળે, ત્યારે તેઓ બોલી ઊઠે : 'ના, મેં કાંઈ કર્યું નથી, આ તો યોગીજી મહારાજ (તેમના ગુરુ)નો સંકલ્પ, શાસ્ત્રીજી મહારાજ (તેમના દીક્ષા ગુરુ) અને ભગવાન સ્વામિનારાયણની કૃપા અને સૌ સંતો-ભક્તોની મહેનત. આપણાથી તો શેક્યો પાપડ પણ ભાંગે નહીં.' ભક્તો ફરી-ફરીને તેઓનો જયજયકાર કરે. ત્યારે તેઓ ભાવાર્દ્ર થઈ જાય : 'આપણે કંઈ કર્યું નથી. ભગવાન સર્વકર્તાહર્તા છે. જયજયકાર એમનો કરો. અમે તો દાસ છીએ!'

1978માં પ્રમુખસ્વામી મહારાજ વિદેશની ધરતી પર સનાતન હિંદુ ધર્મનો ધ્વજ લહેરાવી ભારત પધાર્યા, ત્યારે મુંબઈ યુવકમંડળ દ્વારા તેમનો વિશિષ્ટ સન્માન-સમારંભ યોજાયો. સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થવાની હોવાથી ટિકિટો વેચવામાં આવેલી.

ગરબડ એ થઈ કે ટિકિટધારકો આવે, તે પહેલાં તો હોલ હરિભક્તોથી ભરાઈ ગયો. આવું થશે એ તો આયોજક યુવકોની કલ્પનામાં જ નહોતું. તેથી હોલની બહાર ટિકિટધારકોએ હંગામો મચાવ્યો. હોલનો મેનેજર ગભરાયો. તેણે આયોજક યુવકોને કહ્યું : 'તમે પરિસ્થિતિ થાળે પાડો. નહીં તો પોલીસ બોલાવીશ.' હવે યુવકો મૂંઝાયા. તેમણે પ્રમુખસ્વામી મહારાજને પરિસ્થિતિથી વાકેફ કર્યા.

પ્રમુખસ્વામી મહારાજ તરત જ બહાર પધાર્યા અને આગંતુકોને વિનવતાં કહ્યું : 'હું આપની માફી માંગું છું. અમારી ભૂલ છે. તમારા માટે ખાસ બીજો કાર્યક્રમ રાખીશું.'

આ શબ્દોથી જ સૌનો રોષ ઠંડો પડી ગયો, ટિકિટધારકો શાંતિથી વિખરાઈ ગયા. પરંતુ આયોજક યુવકોને દુઃખની લાગણી ઊભરાઈ આવી કે, 'ભૂલ અમારી અને પ્રમુખસ્વામી મહારાજે અમારો દોષ પોતાના માથે લઈ લીધો! તેમના જ સન્માન-સમારંભમાં તેમણે પોતે જ માફી માંગી!'

કાર્યક્રમ બાદ યુવકોનું દુઃખ પોતાને માથે વહોરી લેનાર પ્રમુખસ્વામી મહારાજ મંદિરે પધાર્યા, ત્યારે યુવકોએ આ અંગે દિલગીરી વ્યક્ત કરી. પ્રમુખસ્વામી એટલું જ બોલ્યા કે, 'તમે સેવા કરો છો, તો તમારા માટે હું આટલું ન કરું?'

આ ઘટનામાં ખરેખર વાંક કોનો હતો? છતાં માફી કોણે માંગી? ભૂલ કરનાર યુવકોને કોણ જાણતું હતું અને માફી માંગનાર મહાપુરુષને કોણ નહોતું ઓળખતું? છતાં પ્રમુખસ્વામી મહારાજે 'અમારી ભૂલ થઈ છે' કહીને 'પ્રમુખ દર્શન' કરાવ્યું કે ક્યારેક 'હું'પણું છોડીને, બીજા માટે થોડું સહન કરી લઈએ, તેમાં જ સજ્જન તરીકેનું શાણપણ રહ્યું છે.

આપણા જીવનમાં આવું ન કરી શકીએ? નમી જઈને, માફી માંગીને, જતું કરવાનું વર્તન અપનાવીએ તો ઘર 'ક્લેશ-કંકાસનો કરંડિયો' નહીં, પણ 'સુખ-શાંતિનું સરનામું' બની જશે.

પિતાની સમજણ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક પરિવારમાં વર્ષોથી સરસ પ્રથા કે પિતા-પુત્ર ભોજન કરવા સાથે જ બેસે તથા બંને એક જ થાળીમાં ભોજન કરે. એક વાર કોઈ અંગત કારણસર પુત્રને પિતા સાથે ઝઘડો થઈ ગયો. તેણે મમ્મીને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, 'હું કોઈ પણ હિસાબે પિતા સાથે જમવા નહીં બેસું.'

મમ્મીએ પુત્રને બહુ સમજાવ્યો, તોય તે ન માન્યો. અરે! પિતાએ સામેથી તેને બોલાવ્યો, તો પણ તે પાસે ન જ આવ્યો. પુત્ર એટલી જીદ ઉપર આવી ગયો કે હવે તે કોઈનું કંઈ જ સાંભળવા કે સમજવા તૈયાર ન હતો.

પિતાએ નમ્ર બનીને ત્યાં સુધી કહ્યું, 'બેટા! મારી કંઈ ભૂલ હોય, તો હું માફી માંગવા તૈયાર છું.' પણ પુત્ર તો પપ્પાની સામે જોયા વિના મમ્મીએ પીરસેલી થાળી લઈ પિતાથી દૂર જઈને બેસી ગયો.

પિતા વિચારવા લાગ્યા કે એક વાર જો આ વ્યવસ્થા તૂટશે, તો પછી ભેગી કરવી અઘરી પડશે. તે માનવા તૈયાર ન હોય, તો હું વધુ ઝૂકવા તૈયાર થઈશ.

પુત્ર જમવાનું શરૂ કરે, તે પૂર્વે તેની પાસે પહોંચીને પિતા બોલ્યા, 'બેટા, આજ સુધી આટલા વર્ષોથી તું મારી સાથે ભોજન કરતો હતો ને! બસ, આજે હું તારી સાથે ભોજન કરીશ.' કહી પિતા પુત્રની બાજુમાં જમવા માટે બેસી ગયા. પિતાના આવા પ્રેમાળ વ્યવહાર સામે હવે પુત્ર ઝૂકી ગયો અને પિતા-પુત્ર બંને સાથે ભોજન કરવા લાગ્યા.

યુવાવર્ગ અહંશૂન્ય થઇને ઉપયોગી બને

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જેમ તમે બીજાને ઉપયોગી થાવ, એમ તમારા માટે પણ ઉપયોગી બનજો. ત્યાગ દ્વારા માણસ બીજા કોઈ ઉપર ઉપકાર નથી કરતો. ત્યાગ દ્વારા માણસ પોતાને માટે જ ઉપયોગી બને છે. જીવનમાં પ્રેમ અને ત્યાગ - આ બેનું મહત્ત્વ છે. પ્રેમથી માણસ ભરેલો હોય અને વૃત્તિ ત્યાગની હોય પછી જે કરશે એ બધું સેવા જ ગણાય

પ્રેમ, ત્યાગ અને સેવા દ્વારા યુવાન ઉપયોગી બને. પ્રેમ દ્વારા પ્રભુને માટે ઉપયોગી બને, ત્યાગ દ્વારા પોતાને માટે ઉપયોગી બને અને સેવા દ્વારા સમાજ અને રાષ્ટ્રને માટે ઉપયોગી થાય. આ ત્રણ બાબતો મહત્ત્વની છે. જે પ્રેમી છે એ ભગવાનને માટે ઉપયોગી, ગમે તેટલો વિદ્વાન, પંડિત હોય, પણ તે ઈશ્વરને કોઈ કામનો નહીં. કામનો એ છે, જે પ્રેમી છે અને એટલા માટે પંડિતોની વાતો જેટલી આકર્ષતી નથી, સમાજને ખેંચતી નથી એટલી સંતોની વાતો ખેંચે છે. કારણ કે તેમાં પ્રેમ છે.

નારાયણ બિન પ્રેમ પંડિત પશુ સમાન,
તાતે અતિ મૂરખ ભલો જે મુખ રટત રામ,
પ્રેમ પ્રેમ સબ કોઈ કહે પ્રેમ ન જાને કોઈ.
સ્વારથ રહિત નીડર રહે જહાં પ્રેમ જો હોઈ.

પ્રેમ દ્વારા પ્રભુને માટે ઉપયોગી બનો. પ્રેમ હશે તો ત્યાગ આવશે. ત્યાગ દ્વારા વ્યક્તિ પોતાને માટે ઉપયોગી બનશે. એક વાત સમજી લેજો ત્યાગ દ્વારા આપણે સમાજ ઉપર ઉપકાર નથી કરતા. ત્યાગ કરીને આપણે જેને કંઈ દાન દઈએ છીએ એને ઉપયોગી બનીએ છીએ. એવી વાત નથી. ત્યાગ દ્વારા આપણે પોતાને કામ લાગીએ છીએ.

જેના જીવનમાં ત્યાગ છે એ પોતાને જ કામનો છે. નહીં તો દુનિયાને માટે ગમે તેટલો કામનો હોય, છતાં પોતાના માટે નકામો બની જશે. જેમ તમે બીજાને ઉપયોગી થાવ, એમ તમારા માટે પણ ઉપયોગી બનજો. ત્યાગ દ્વારા માણસ બીજા કોઈ ઉપર ઉપકાર નથી કરતો. ત્યાગ દ્વારા માણસ પોતાને માટે જ ઉપયોગી બને છે. જીવનમાં પ્રેમ હોય, જીવનમાં ત્યાગ હોય અને આ બે વસ્તુ મહત્ત્વની છે.

ત્યાગ એટલે ઈગોનો ત્યાગ. 'હું'નો ત્યાગ. ત્યાગ એટલે દસ રૂપિયાની નોટ દઈ દેવી એમ નહીં. આપણા દુરાગ્રહોનો ત્યાગ, અહંકારનો ત્યાગ, વેરનો ત્યાગ, વ્યસનનો ત્યાગ. એ ત્યાગ દ્વારા તમે કોને ઉપયોગી બન્યા? પોતાની જાતને. પ્રેમ દ્વારા પ્રભુ માટે, ત્યાગ દ્વારા પોતાને માટે અને ત્રીજી વસ્તુ પ્રેમ અને ત્યાગ - આ બે જીવનમાં આવે તો ત્રીજી આવશે સેવા. પ્રેમ અને ત્યાગ બે વસ્તુ જીવનમાં હશે. પ્રેમથી માણસ ભરેલો હોય અને વૃત્તિ ત્યાગની હોય પછી જે કરશે એ બધું સેવા.

એ સેવા રામની હોય કે રાષ્ટ્રની હોય. યુવાન પાસે જે બળ છે એ પ્રેમનું બળ, ત્યાગનું બળ. ગાંધીબાપુમાં શું હતું? આ જ તો વાત હતી; સત્ય પ્રત્યેનો પ્રેમ. રામ પ્રત્યેનો પ્રેમ અને જીવનમાં ત્યાગ કેવો? પોતડી પહેરીને ફરનારો અઢી હાડકાંનો એ મહાપુરુષની ત્યાગની વૃત્તિ! અને પ્રેમને કારણે આવેલી નીડરતાને લઈને અંગ્રેજોની બંદૂકના નાળચા એને ડરાવી શક્યા નહીં. ગાંધીબાપુ ઉપવાસ ઉપર બેસવાના છે એવું જાહેર થાય, તો આખું ભારત સહિત હિમાલય ખળભળી ઊઠે અને અંગ્રેજ સરકારનું ટેન્શન વધી જતું હતું કે શું કરવું? ડરતાં તો અંગ્રેજો પણ હતાં.

પહેલું દૃશ્ય બહુ ગમે ગાંધી ફિલ્મમાં. ગાંધીબાપુ આવે અને જજ પણ ઊભા થઈ જાય. આ તાકાત છે. આ વ્યક્તિત્વનું વજન છે. સામાન્ય રીતે ન્યાયાધીશ ઊભા થાય? ન્યાયાધીશ આવે તો બીજા બધા ઊભા થાય, પણ અહીં ગાંધીબાપુની એન્ટ્રી થાય છે. તમે ગાંધી ફિલ્મ ન જોઈ હોય તો જોજો. એ સત્ય બોલવાની હિંમતવાળો યુવાન મને બહુ ગમે. અજ્ઞાનનો સ્વીકાર એ જ જ્ઞાનનાં મંદિરમાં પ્રવેશનું પહેલું પગથિયું છે.

માણસ સ્વીકારે કે નથી વાંચ્યું. ન વાંચ્યું હોય તો વહાલાઓ વાંચજો અને ગાંધીબાપુની આત્મકથાના પાનાં વાંચજો. દર વખતે જેટલી વાર વાંચીએ એટલી વાર મજા આવે.

ગાંધીબાપુની જે નીડરતા, એ જ વજન છે એમનું. સ્વયં ન્યાયાધીશ ઊભો થઈ ગયો. જેને જોતાં આપણું માથું ઝૂકાવવું ન પડે, પણ આપમેળે ઝૂકી જાય એ મહાપુરુષ. આ પલ્લામાં વજન પડે એટલે એને ઊંચકવું ન પડે, એ ઊંચકાઈ જાય, કારણ કે જીવનમાં પ્રેમ, ત્યાગ છે અને તેથી ગાંધીબાપુએ જે સેવા કરી એ સમગ્ર વિશ્વની સામે છે. એ જ માણસ સેવા કરી શકે અને સેવા દ્વારા એ સમાજને અને રાષ્ટ્રને ઉપયોગી બને.

આ છે અધ્યાત્મવાદ. યોગી બનવાની વાત છે. ઉપયોગી બનવાની વાત છે. અધ્યાત્મના મંદિરમાં પ્રવેશવાની વાત છે અને એ અધ્યાત્મના મંદિરમાં પ્રવેશ યુવાનીમાં થાય. ઘડપણનું કરમાઈ ગયેલું ગુલાબ ભગવાનને ન અપાય. યૌવનનું ખીલેલું ગુલાબ પ્રભુને સમર્પિત કરીએ એ જ સાચી ભક્તિ છે. એ જ સાચો પ્રેમ છે.

...તો જ યાદ આવે, જ્યારે જીવનમાં પંક્ચર પડે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ચાલો, એક કલ્પના કરીએ... 'આપણે ભારત દેશ માટે ખરેખર કોઈ પ્રશંસનીય કાર્ય કર્યું છે; ભારત સરકાર એટલી ખુશ છે કે આપણને રાષ્ટ્રીય સંસદ ભવનમાં બોલાવીને આપણું બહુમાન કરવા ઈચ્છે છે. આપણે સંસદ ભવનમાં પહોંચી ગયા, સન્માનયોગ્ય આસને બેસી પણ ગયા, સભાધ્યક્ષ આપણા નામની જાહેરાત કરી ઊભા થવાની વિનંતી કરે છે. આખી સંસદ તાળીનાદથી આપણને વધાવી લે છે...'

આ સમયે મનમાં શું વિચાર આવે? કોણ યાદ આવે? શું કરવાનું મન થાય? અલબત્ત, જવાબ સ્વાભાવિક છે - કશું જ યાદ ન આવે, સન્માન હસતાં-હસતાં સ્વીકારીએ અને મનોમન પોતાની પીઠ પણ થાબડીએ કે, 'વાહ, કંઈક કરી દેખાડ્યું...'

બરાબર છે, કોઈ પણ સારા-નરસા કે માન-અપમાનના પ્રસંગે આપણે આવી જ કોઈ રીત અપનાવીએ, જેમાં 'હું' કેન્દ્રસ્થાને હોય. હવે વાત કરીએ એક અનોખી રીતની...

1988માં દેશ-વિદેશમાં ભારતીય સનાતન સંસ્કૃતિનું સંરક્ષણ અને સમાજમાં સંસ્કારસિંચન કરવા બદલ કેનેડા દેશની સરકારે પ્રમુખસ્વામી મહારાજને સંસદ ભવનમાં ચાલુ સત્રે પધરાવેલા. તેઓ પધાર્યા કે તરત સભાધ્યક્ષ જ્હોન ફ્રીઈઝરે જાહેરાત કરી : 'I wish to draw attention of members to the presence in the gallery of Pramukh Swami Maharaj, Head of Swaminarayan Mission...' (હું સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રમુખસ્વામીની ઉપસ્થિતિ તરફ સૌ સાંસદોનું ધ્યાન દોરવા માંગું છું.) આ ઉદ્ઘોષણા સાથે જ સંસદ ભવન તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યું. સૌની નજર મહાનુભાવોની ગેલેરી સમક્ષ મંડાઈ, કારણ કે કેનેડાના સંસદભવનમાં પ્રથમ વાર જ કોઈ હિંદુ ધર્મગુરુનું આવું બહુમાન થઈ રહેલું.

આવા ઐતિહાસિક અવસરે સૌ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા ઉત્સુક હતા, ત્યારે તેઓ પોતાની સાથે બેઠેલા સંતને પ્રથમ ઊભા થવા સમજાવી રહેલા. જેમના હાથમાં હરિકૃષ્ણ મહારાજ (ભગવાન શ્રીસ્વામિનારાયણની ચલમૂર્તિ) હતા. કેનેડિયન સાંસદોએ એ દિવસે સૌપ્રથમ ભગવાન હરિકૃષ્ણ મહારાજના દર્શન કર્યાં અને પછી ભગવાનના અખંડધારક સંત પ્રમુખસ્વામી મહારાજના દર્શન કર્યાં!

આવા અનેક પ્રસંગો, બહુમાનો, સભાઓમાં, અરે! માંદગીના બિછાને પણ પ્રમુખસ્વામી મહારાજ ભગવાનને ભૂલ્યા નથી. તેઓ મુમુક્ષુઓના ઘરે પધરામણી માટે પધારે ત્યારે પહેલો પ્રવેશ હરિકૃષ્ણ મહારાજનો થાય; કોઈ ઉદ્ઘાટન સમારોહમાં જાય તો ત્યાં પણ હરિકૃષ્ણ મહારાજ તો સાથે જ હોય. પળેપળ આ જ પ્રમુખસ્વામી મહારાજની રીત રહેતી - 'ભગવાન ક્યારેય ભૂલાય નહીં...'

જીવનમાં અપનાવવા જેવી સુંદર રીત! જેમના થકી આપણું અસ્તિત્વ છે, જેમના કારણે આપણે જીવીએ છીએ, જેમણે આપણને મનુષ્યજીવન આપ્યું, એ જીવન યથાર્થ રીતે જીવવા સુંદર સૃષ્ટિ આપી, હવા-પાણી-પ્રકાશ બધું જ નિઃશુલ્ક આપ્યું અને આપણે એમને જ ભૂલી જઈએ એ કેવું? આપણને કોઈએ નાની મદદ કરી હોય, તેને પણ આપણે આભાર માનીને બિરદાવીએ છીએ. જ્યારે ભગવાને આપણને આ સઘળું આપ્યું, એ ભગવાનને કેવી રીતે ભૂલી શકાય? જોકે, ભગવાનને પ્રધાન રાખનાર કોઈ દુઃખી નથી થયું અને ભગવાનની બાદબાકી કરનાર કોઈ સુખી નથી થયા.

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે ભગવાનને પ્રધાન રાખનારા જ સુખ-શાંતિને ભોગવી શક્યા છે. એ પતિની ઉપાધિની વચ્ચે પણ 'પાયોજી મૈને રામ રતન ધન પાયો' ગાનારાં મીરાંબાઈ હોય કે પત્નીના મૃત્યુ પછી 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ' ગાનારા નરસિંહ મહેતા હોય.

આપણી સમસ્યા જુદી જ છે. જેમ દરેક 'કાર'માં એક સ્પેર વ્હીલ હોય છે, તે શા માટે? કોઈ ટાયર પંક્ચર થાય, તો કામ લાગે. તેમ આપણે પણ મોટે ભાગે ભગવાનનો સ્પેર વ્હીલ તરીકે જ ઉપયોગ કરતાં હોઈએ છીએ. જીવનમાં ક્યારેક પંક્ચર પડે, ત્યારે આપણને ભગવાન યાદ આવે.

જોકે પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય ભગવાનનો ઉપયોગ સ્પેર વ્હીલ તરીકે નથી કર્યો. હંમેશાં આગળ રાખ્યા છે, તો એમના જીવનમાં આવેલી કઠિન પરિસ્થિતિઓમાં પણ તેઓ સ્થિર રહી શક્યા.

હા, આપણા દૈનિકક્રમમાં ભગવાનને યાદ કરવાની, પ્રાર્થના કરવાની ટેવ પાડીશું, તો જીવનના ઝંઝાવાતોમાં આપણે સ્થિર રહી શકીશું. મુશ્કેલીઓમાં પણ પ્રફુલ્લિત રહી શકીશું; સુખ-દુઃખ કે માન-અપમાનમાં મન શાંત રહી શકશે.

રાજાનો દેશપ્રેમ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

લિબિયાના પ્રમુખ કર્નલ ગદ્દાફી. પ્રમુખ બન્યા પછી પણ પોતાના નાગરિકોને તકલીફ નથી, તેની ચિંતા કરતા.

એક વાર ગદ્દાફી ગુપ્ત વેશમાં મોટા શહેરમાં ગયા. ત્યાં એક પ્રખ્યાત ડોક્ટરનું નામ વાંચી તેને ત્યાં પહોંચ્યા અને કહ્યું, 'ડોક્ટર સાહેબ! મારો ભાઈ બીમાર છે, એને ચેક કરવા આપ મારે ત્યાં પધારશો?'

'આવવામાં મને વાંધો નથી, પણ પ્રથમ તમારે બિલ ચૂકવવું પડશે અને એ પણ હમણાં જ.'

- 'સર, બિલ જે થશે, તે હું પૂરેપૂરું ચૂકવી દઈશ. હમણાં પૈસા લઈને નથી આવ્યો. આપ ઘરે પધારો. ત્યાં જે થતું હશે, તે બધું જ મળી જશે.'

'ના, પૈસા લીધા વિના હું બહાર નીકળતો નથી. પૈસા તો તારે પ્રથમ ચૂકવવા જ પડશે.' ગદ્દાફી બોલ્યા, 'પણ સર, મારા ભાઈની હાલત સીરિયસ છે?'

'અરે, મારે શું લેવાદેવા? મને તો જે પ્રથમ પૈસા આપે, એને ત્યાં જ હું આવું છું.' ડોક્ટરે કહ્યું, તો ગદ્દાફી બોલ્યા, 'સાહેબ! આપ હદ વટાવો છો.'

ડોક્ટર વધુ ગરમીથી બોલ્યા, 'મને ઘરે લઈ જવો હોય તો પૈસા પહેલા કાઢ. ન હોય તો જા, નહીંતર ધક્કા મરાવીને તને અહીંથી ભગાવીશ.'

ગદ્દાફીએ ગુપ્ત વેશ દૂર કર્યો અને ડોક્ટરનું લાઈસન્સ રદ કરતાં કહ્યું, 'મારા દેશમાં આવા નિર્દય ડોક્ટર ન જોઈએ. હું તમને દેશનિકાલો આપું છું. આમ તો મૃત્યુદંડ જ કરત, પણ વિદ્વાનોને મરાય નહીં, એટલે દેશનિકાલાથી સંતોષ માનું છું.'

દીપશિખાથી પ્રકાશ મેળવીએ

જ્યાં દીપકનો પ્રકાશ હોય છે, ત્યાં અંધકાર આવી શકશે નહીં. એટલે કે જ્યાં પ્રકાશ છે, ત્યાં અંધકાર આવી શકતો નથી, આ પ્રકાશની શક્તિ છે. અંધકારમાં કોઈ પણ પ્રકારની શક્તિ હોતી નથી. દીવો ઓલવાઈ જાય, ત્યારે જ અંધકાર ફેલાય છે. નહીંતર દુનિયાભરનો અંધકાર કોઈ દીવો ઓલવવામાં સફળ થયો નથી અને ક્યારેય એ માટે સમર્થ હશે પણ નહીં

દીવો અંધકારથી ઓલવાતો નથી, પણ વાસ્તવિકતા તો એ છે કે દીવો ઓલવાઈ જાય. ત્યારે જ અંધકાર થાય છે. તમારા જીવનમાં આધ્યાત્મિકતાના દીવાને ક્યારેય ઝાંખો ન થવા દો. અલબત્ત, આ દીવો ઓલવાઈ જાય તેવો તો નથી જ, પરંતુ તેની અને આપણી વચ્ચે જે પ્રેમ અને સ્નેહ છે તે તેમાં તેલનું સિંચન કરતાં રહેવું પડશે.

આપણે હંમેશાં એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આપણે આ દીપકની પૂજા સતત કરતાં રહેવી જોઈએ. આપણે પ્રકાશના ઉપાસક છીએ. જેઓ ભૌતિકવાદની પૂજા કરે છે, તેઓ ખરેખર તો અંધકારના ઉપાસક છે.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

'અમે પ્રકાશના ઉપાસક છીએ.' આ વાક્ય ધ્યાનથી ફરી એક વાર વાંચો અને વાંચ્યા પછી તેના વિશે વિચારો. આપણું ધ્યાન અંધકાર દૂર કરવા તરફ ન જતાં ખરેખર તો, દીવો પ્રગટાવવા તરફ જવું જોઈએ. આમ તો આ એક સામાન્ય બાબત હોવા છતાં તે મહત્ત્વપૂર્ણ છે. અંધકારને દૂર કરવાનો દરેક પ્રયાસ નિષ્ફળ જશે, પણ દીવો પ્રગટાવવાનો કોઈ પ્રયાસ નિષ્ફળ નહીં જાય. આપણું ધ્યાન માત્ર પ્રકાશની પ્રાપ્તિ તરફ રહેવું જોઈએ.

આપણો પ્રયત્ન દીવો પ્રજ્વલિત રાખવા તરફ હોવો જોઈએ. જ્યાં દીપકનો પ્રકાશ હોય છે, ત્યાં અંધકાર આવી શકશે નહીં. એટલે કે જ્યાં પ્રકાશ છે, ત્યાં અંધકાર આવી શકતો નથી, આ પ્રકાશની શક્તિ છે. અંધકારમાં કોઈ પણ પ્રકારની શક્તિ હોતી નથી. તેનો અર્થ એ થાય કે દુષ્ટતામાં કોઈ તાકાત નથી. નમ્રતા આક્રમક નથી અને તેથી જ આજના સમાજમાં દુષ્ટતા પ્રવર્તતી જણાય છે.

હું ફરી કહું છું કે દીવો ઓલવાઈ જાય, ત્યારે જ અંધકાર ફેલાય છે. નહીંતર દુનિયાભરનો અંધકાર કોઈ દીવો ઓલવવામાં સફળ થયો નથી અને ક્યારેય એ માટે સમર્થ હશે પણ નહીં.

માનસજીમાં બગીચામાં રામજીએ સીતાજીને તેમની સખીઓ સાથે આવતાં જોયાં. સીતાજીની સુંદરતા એવી છેસ જે 'સુંદરતા'ને પણ સુંદર બનાવે છે. ભગવાન શ્રીરામચંદ્રની નજર પહેલી વાર સીતાજી પર પડી. કનૈયાએ પહેલી વાર રાધાજીને 'પ્રેમસરોવર'ને કિનારે જોયાં, કિશોરી જુનું પણ પ્રથમ દર્શન 'પ્રેમસરોવર' પાસે જ થયું અને આ બગીચામાં ભગવાન શ્રીરામે સીતાજીની સુંદરતાનાં દર્શન કર્યા.

'હું સૌંદર્ય વિશે શું કહી શકું અને તેને સુંદર બનાવી શકું?' સીતાજીનું સૌંદર્ય 'સૌંદર્ય'ને પણ સુશોભિત કરે છે. કવિઓની બધી ઉપમાઓ ખોટી સાબિત થવી જોઈએ, રામજીએ સીતાજીની આવી સુંદરતા જોઈ અને લક્ષ્મણને પણ બતાવી.

આ જનકતનયા સીતા છે, જેનો સ્વયંવર રચાયો છે. તે અત્યારે તેની સખીઓ સાથે 'ગૌરી પૂજા' માટે અહીં આવી છે, સીતાજીનું સૌંદર્ય 'દીપ શિખા' જેવું છે. તુલસીદાસજી 'અરણ્યકાંડ'ના અંતે પણ એક યુવતીના શરીરને દીપશિખા સાથે સરખાવે છે.

આમ, યુવતીનું શરીર દીપશિખા છે, પણ રાવણ જેવા લોકો તેના પ્રત્યે આકર્ષાય છે. તે દીપશિખાની નજીક આવે છે અને અંતે બળી મરે છે અને શ્રીરામ જેવા જ્ઞાની પુરુષ એ 'દીપશિખા'ને કેવી રીતે જુએ છે? આ 'દીપશિખા'નો સારો ઉપયોગ છે. આપણે તેમાંથી પ્રકાશ મેળવી શકીએ. કોઈ સ્ત્રી પાસેથી પ્રકાશ મેળવી શકાય છે અને જો કોઈ ખોટા હેતુસર સ્ત્રીના રૂપમાં 'દીપશિખા' પ્રત્યે આકર્ષાય તો તે બળીને રાખ થઈ જાય છે.

રાવણે દીપશિખા પ્રતિ કુદૃષ્ટિ કરી, ત્યારે બળીને રાખ થઈ ગયો. શ્રીરામ શાણપણ ધરાવે છે. તેમણે આ 'દીપશિખા'નો પ્રકાશ પ્રાપ્ત કર્યો છે. તો સૌંદર્ય તો એક જ છે, પણ સૌંદર્યને જોવા માટે દરેકની દૃષ્ટિ જુદી-જુદી છે, દરેકનો દૃષ્ટિકોણ અલગ-અલગ છે, દરેકની ભૂમિકા અલગ-અલગ છે.

વાત છે ખંભાતના પથ્થરની, 'અકીક'ના ચળકાટની...

1947 પછીના આઝાદ ભારતના 'લોહપુરુષ' અને નવા નિમાયેલા ઉપપ્રધાનમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના પ્રવાસે હતા. તેમના સચિવ શંકરભાઈ હંમેશાં તેમની સાથે જ રહેતા, તેમનો કાર્યક્રમ ગોઠવતા, તેમની સગવડ-સવલતોનો ખ્યાલ રાખતા. સરદારની પ્રકૃતિ મુજબ, તેમની રહેવા-જમવાની વ્યવસ્થા બિલકુલ સાદી અને જરૂરિયાત અનુસાર જ રહેતી.

ફરતાં-ફરતાં એક ગામમાં સરદારને ખ્યાલ આવ્યો કે રાત્રે તેમના માટે મચ્છરદાનીની વ્યવસ્થા કરાવનારા શંકરભાઈ પોતે તો મચ્છરની હેરાનગતિથી આખી રાત સૂઈ જ નથી શકતા. તરત જ સરદારે પોતાની મચ્છરદાની શંકરભાઈને ઓઢાડી દીધી અને પોતે સામાન્ય ચાદર ઓઢીને સૂઈ ગયા!

આ પ્રસંગ અને તેમાં થયેલી ક્રિયા આમ જોઈએ તો સાદી લાગે; પણ એ જ બાબત સામાન્ય અને મહાન પુરુષો વચ્ચે તફાવત સર્જે છે. તેઓ જીવન જીવે છે, પણ પોતાના માટે નહીં, બીજા માટે. બીજા માટે ઘસાઈ છૂટવામાં તેમને નાનપ નથી અનુભવાતી.

આપણે તેમની જેમ બધા માટે ન ઘસાઈ શકીએ તો વાંધો નહીં, પણ સ્વજનો માટે આપણે ઘસાઈએ - પતિ-પત્ની એકમેક માટે, સાસુ-વહુ એકબીજા માટે, બે ભાઈઓ પરસ્પર, દીકરા-દીકરીઓ મા-બાપ માટે, ઘરના દરેક સભ્યો જો એકમેક માટે ઘસાય, તો પરિવારમાં એકબીજા પ્રત્યે કેવો આદર, સ્નેહ, પોતાનાપણાની લાગણી કાયમ રહે!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક દૃષ્ટાંત છે : ખંભાતમાં 'અકીક'ના પથ્થર મળે છે. ખાણમાંથી આવે, ત્યારે તો 'રફ' હોય. પરંતુ ઘણાબધા 'અકીક'ના પથ્થરને ભેગા કરીને એક રેતી ભરેલા માટલામાં નાખવામાં આવે અને પછી એ માટલાને બરાબર હલાવે. એટલી હદે કે 'અકીક'ના પથ્થર એકમેક સાથે ટકરાઈ-ઘસાઈને 'પોલિશ' થઈ જાય. ખાણમાંથી 'રફ' નીકળેલા એ 'અકીક'ના પથ્થરો જો એકબીજા માટે ઘસાય, તો તે ચમકદાર થઈ જાય! તેની કિંમત વધી જાય. આવું જ આપણા જીવનનું પણ છે. આપણે પણ પરિવારમાં, સમાજમાં એકબીજા માટે ઘસાઈએ તો આપણે પણ 'માણસાઈ'ની ચમકથી ઊજળા થઈ જઈએ.

એક વાર પ્રમુખસ્વામી મહારાજ આણંદ પધારેલા. તેમના વર્ષોના નિત્યક્રમ મુજબ તેઓ ઘરોઘર પધરામણીમાં પરોવાયા. પધરામણીઓ વધતી જ ગઈ અને ખૂબ મોડું થઈ ગયું. લગભગ બપોરના 2.30 વાગ્યા સુધી પધરામણી ચાલી. 2.30 વાગ્યે સ્વામીજી ડાહ્યાભાઈ ગજ્જરના ઘરે ભોજન લેવા પધાર્યા. એ વખતે ભોજનના આસન પર સ્વામી બેસી ગયા હતા.

પાટલા પર પાતળ મૂકવામાં આવ્યું અને રસોઈ પણ આવી ગઈ. એ દરમિયાન એક હરિભક્ત હાંફળા-ફાંફળા આવ્યા અને કહ્યું, 'સ્વામી! તમે મારા ઘરે પધરામણી કરી આવ્યા, પણ હું તો ત્યાં હાજર નહોતો. મોડું થયું એટલે હું આપને શોધવા નીકળેલો એટલામાં તમે આવી ગયા.'

આ સાંભળી સેવકોએ કહ્યું: 'ઘર ખબર નહોતી એટલે જ્યારે પ્રમુખસ્વામી મહારાજ આવ્યા, ત્યારે કોઈએ કહ્યું 'આ જ તમારું ઘર છે.' તમે નહોતા, પણ ઘરમાં બીજા સભ્યો હતા તેથી સ્વામીજીએ કહ્યું કે 'આપણે જઈ આવીએ.' કહીને તમારા ઘરના એક-એક ઓરડામાં સ્વામીજીએ પગલાં કરીને ફૂલ વેરેલાં છે. છેક અગાશી સુધી સ્વામીએ પગલાં કર્યાં છે.'

હરિભક્ત કંઈ બોલી શક્યા નહીં, પરંતુ તેમના ચહેરા પર, 'હું હાજર નહોતો' એ દુઃખ મંડરાઈ રહેલું. પ્રમુખસ્વામી મહારાજે ભોજન માટે માંડેલું પાતળ બાજુમાં ખસેડી દીધું અને સંતોને કહ્યું : 'ચાલો, પાઘ પહેરી લો. આપણે તેમના ઘરે જઈએ.' પળનાય વિલંબ વિના સ્વામી હસતે મોંએ એ હરિભક્તના ઘરે ગયા. હરિભક્તના આનંદનો પાર ન રહ્યો. ફરીથી બધા જ ઓરડાઓમાં પગલાં કર્યાં, છેક અગાશી સુધી પુષ્પો વેર્યાં. હરિભક્તને લાગ્યું કે, 'બપોરે અઢી વાગે પોતાનું જમવાનું ઠેલીને મારા ઘરે ફરીથી પધરામણીએ આવે એવા ગુરુ ક્યાં મળે!'

વ્યક્તિ જ્યારે દેહભાવ અને સ્વાર્થથી ઉપર ઊઠે, ત્યારે જ બીજા માટે ઘસાઈ છૂટવાની આવી ભાવના ઉત્પન્ન થાય છે. આ જ પ્રમુખસ્વામી મહારાજની જીવનશૈલી હતી. પરોપકાર, પરહિત અને પરસુખ માટે જ જીવનાર પ્રમુખસ્વામી મહારાજના દેહનાં દુઃખ, માંદગી, વિઘ્નો વચ્ચે પણ તેમની કરુણાગંગા અવરોધ વિના ચાલતી રહી.

આપણે આ પગલે ચાલીને પરિવારજનો, સહચારીઓ, મિત્રો, સમાજ, દેશ માટે; થોડું ઘસાઈને 'અકીક'ના પથ્થરની જેમ ચમકદાર થઈ શકીએ ને!

ટ્રસ્ટી સ્વાર્થી ન હોય

ગાંધીજીના એક સંબંધીને ટી.બી. થયો. ઘણી સારવાર કરી, પણ પરિણામ ન મળ્યું. ગાંધીજીનાં સૂચનથી વર્ધા આશ્રમમાં ટ્રીટમેન્ટ માટે તેમને લાવ્યા. સુશીલા નાયર અને ડો. ડેવિડ દ્વારા તેમની સારામાં સારી સારવાર કરવામાં આવી. લગભગ 4 મહિના ચાલેલી સારવારથી તેઓ સ્વસ્થ થયા.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ડો. ડેવિડનાં સૂચન પછી એ ભાઈ ઘરે જવાની તૈયારી કરતા હતા. તે દિવસોમાં ગાંધીજી પણ ત્યાં આવ્યા. જે દિવસે આશ્રમ છોડવાનો હતો, તે દિવસે ચાર મહિનાની સારવારનો કેટલો ચાર્જ થયો, તે ગાંધીજી ગણવા લાગ્યા.

કસ્તુરબાએ ધીમા અવાજે ગાંધીજીને કહ્યું, 'આ તો આપણા સંબંધી છે, આપણાથી તેમને ચાર્જનું કેવી રીતે કહી શકાય?'

ગાંધીજીએ કસ્તુરબાને સ્પષ્ટ કહ્યું, 'કેમ ન કહેવાય? આપણે આશ્રમના ટ્રસ્ટી છીએ. આશ્રમ રાષ્ટ્રની સંસ્થા છે. તેને કેવી રીતે નુકસાન થવા દેવાય? ચાર્જ એ ભાઈ ભરે તો ઠીક છે, નહીંતર તેઓ આપણા દ્વારા આવ્યા હોવાથી આપણે જ તે ચાર્જ ભરવાની તૈયારી રાખવી જોઈએ.'

જોકે એ સંબંધી સુજ્ઞ હતા. તેમણે બિલ લઈ લીધું અને ઘરે જઈ બિલની બધી રકમ શીઘ્ર સંસ્થાને મોકલાવી દીધી.

કેટલાક લોકો જાહેર સંસ્થાનો ઉપયોગ પોતાના અંગત સ્વાર્થ માટે કરે છે, તેમના માટે ગાંધીજીની આ સત્ય ઘટના આંખ ખોલાવી દે તેવી છે.

મિલે સૂર મેરા તુમ્હારા...

વિજ્ઞાન વક્તા સંત : પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી

- **Love For Family**
  પરિવારને પ્રેમ કરીએ...
- **Loyal With Family**
  પરિવારને વફાદાર રહીએ...
- **Care For Family**
  પરિવારની સંભાળ રાખીએ...
- **Bear For Family**
  પરિવાર માટે સહન કરીએ...
- **Repute For Family**
  પરિવારનું ગૌરવ વધારીએ...
- **Reform For Family**
  પરિવાર માટે સુધારો કરીએ...

દિલ જીતવાની કળા

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કબીરની એક પ્રસિદ્ધ પંક્તિ છે : 'जब तुम आए जग में, जग हँसे तुम रोय; करनी ऐसी कर चलो, तुम हँसे जग रोय...' આ પૃથ્વી ઉપર સૃષ્ટિના સર્જનકાળથી અત્યાર સુધી અબજો મનુષ્યો જન્મ લઈને જીવનાંતે મૃત્યુગતિને પામ્યા. એમાંથી આજે દુનિયા કેટલાને યાદ કરે છે?

વાલ્મીકિ રામાયણનો ઉત્તરકાંડ. ભગવાન શ્રીરામના જીવનની એક કથા છે. 'રામરાજ્ય'ની સ્થાપના થઈ ચૂકી હતી. એક દિવસ રાજદરબારમાં બિરાજમાન પ્રભુ શ્રીરામે લક્ષ્મણજીને કહ્યું : 'લક્ષ્મણ! બહાર કોઈ ફરિયાદી હોય તો લાવો.'

લક્ષ્મણજીએ રાજસભા બહાર એક કૂતરાને જોયો. તેને કંઈક પ્રશ્ન હતો. લક્ષ્મણજીએ ભગવાન શ્રીરામ પાસે અનુમતિ માંગી કે, 'ભગવન્! એક કૂતરાને ફરિયાદ છે. અંદર લાવું?' ભગવાન શ્રીરામ તો સર્વજીવસુલભ અને સર્વજીવપોષક હતા. તેમણે કૂતરાને રાજસભામાં આવવાની પરવાનગી આપી. ભગવાનની કૃપાથી કૃતાર્થ થતો કૂતરો રાજસભામાં પ્રવેશ્યો. પોતાના માથા પરનો ઘા બતાવી તેણે પોતાની વીતકકથા કહી. સર્વાર્થસિદ્ધિ નામના વિદ્વાને વગર વાંકે તેના માથે દંડો ફટકાર્યો હતો. ભગવાન શ્રીરામે તપાસ કરાવી. સર્વાર્થસિદ્ધિએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. અંતે કૂતરાની ઈચ્છા મુજબ સર્વાર્થસિદ્ધિને દંડ ફટકારી, ન્યાય થયો.

આવી જ વાત પ્રમુખસ્વામી મહારાજની પણ છે. એક વાર સ્વામીજી પર પત્ર આવ્યો. તે ઉકેલવા સ્વામી સહિત સૌ મથી રહેલા. અંતે સ્વામીએ પોસ્ટ-ઓફિસના સિક્કા પર લખાયેલું ગામ વંચાવ્યું, ત્યારે ખ્યાલ આવ્યો કે પત્ર ખેડબ્રહ્મા તરફના 'હીંગટિયા' ગામમાંથી આવ્યો છે. સ્વામીએ હિંમતનગર વિસ્તારમાં વિચરણ કરતાં સંતોને કહેવડાવ્યું : 'હીંગટિયા ગામેથી આવેલા પત્રમાં કોઈ વિગત વંચાતી નથી. તો તપાસ કરી, એ લખનાર કોણ છે? તેને શાની જરૂર છે તે અમને જણાવશો.' સંતોએ તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે આદિવાસી 'રેશમા પારઘી'નો એ પત્ર છે. તેણે ગામના બગડી ગયેલા હેન્ડપંપની મરામત કરાવી આપવા માટે સ્વામીજીને પત્ર લખેલો. સ્વામીજીએ સંતોને કહ્યું : 'તમે જઈને હેન્ડપંપની તપાસ કરી, રિપેર કરાવજો. જરૂર લાગે તો નવો પંપ નખાવી આપજો.' ક્યાં વિશ્વવ્યાપી સંસ્થાના મહાન ગુરુ અને ક્યાં એક સામાન્ય આદિવાસી! છતાં પ્રમુખસ્વામી મહારાજે પત્રની ઉલટ-તપાસ કરાવી, આદિવાસીનો પ્રશ્નને હલ કર્યો. આવું અસંખ્ય વાર, અગણિત લોકો માટે બન્યું છે.



નૂતન વર્ષે સૌને સાથે લઈને ચાલીએ



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આ જે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થયો છે. દુનિયા 'ગ્લોબલ વિલેજ' બનવા માંડી છે. દૂધ ન બગડે એટલા માટે ઘરમાં ફ્રીઝમાં મૂકાય છે, શાકભાજી તાજાં રાખવાં હોય તો મૂકી દો ફ્રીઝમાં, પણ માણસ ન બગડે એ માટે કંઇ શોધાયું છે? એની કંઇ વ્યવસ્થા કરી? દૂધ, શાકભાજી, રાંધેલું ધાન, દવાઓ ન બગડે એ માટે વ્યવસ્થા કરી, એના માટે યંત્રો શોધાયા, પણ માણસ ન બગડે એ માટે કોઇ વ્યવસ્થા ખરી? એનો જવાબ છે, હા, એના માટેની વ્યવસ્થાનું નામ છે સત્સંગ.

સત્સંગ શાંતિ આપશે. કથા ભવસાગરમાં માણસને બદલી શકે એવો ચમત્કાર ધરાવે છે. જ્ઞાન વૈરાગ્યની આ ભગવતી કથા જાગ્રત કરનારી કાલસર્પના મોંઢાનો કોળિયો થવાના ત્રાસમાંથી છોડાવે છે. તેથી જ કહેવાયું છે કે મનને શુદ્ધ કરનારું શ્રીમદ્ ભાગવત જેવું બીજું કોઇ સાધન કલિકાલમાં નથી. ભાગવત કથા એ જ સરળ અને શ્રેષ્ઠત્તમ ઉપાય છે અને કલિયુગમાં શુદ્ધિ એ જ સિદ્ધિ છે. જેટલી શુદ્ધિ જીવનમાં આવશે, એટલી શાંતિ મળશે.

નીરસ જીવનને સરસ કરી દે એનું નામ કથા. આજે આપણા જીવનમાં આનંદ નથી, કારણ કે જીવનમાં રસ નથી. કથા આવા નીરસ જીવનને સરસ બનાવે. રસથી સભર કરે. આપણને રસમાં એવા ડુબાડે કે આપણા જીવનમાં આનંદ, મસ્તી, મોજ છવાઇ જાય. આ વાતને જે જીવનમાં સિદ્ધ કરાવી દે, એનું નામ કથા. રસ એટલે ભગવાન, રસ એટલે પરમાત્મા. જીવનમાં પૈસો છે, પણ પ્રભુ નથી. માટે આ રસ નથી. ભગવાન હોય તો રસ હોય, ભગવાન ન હોય તો રસ પણ ન હોય.

રસ એટલે પરમાત્મા 'રસૌવેસઃ' પૈસો છે, પણ પ્રભુ નથી અને એનું કારણ છે કે પ્રેમ નથી. સઘળે સ્વાર્થના સંબંધ જોવા મળે છે અને પ્રત્યેક માણસ અવિશ્વાસથી ભરેલો છે. પ્રત્યેક વ્યવહારમાં અવિશ્વાસ. માણસને આજે માણસમાં વિશ્વાસ નથી અને ઇશ્વરમાં વિશ્વાસની વાત કરો છો? માણસને માણસનો ભરોસો નથી અને ભગવાનનો ભરોસો? હર સંબંધોમાં અવિશ્વાસ. એટલે સ્વાર્થનો સંઘર્ષ છે ત્યાં. વિશ્વાસ વિના પ્રેમ ક્યાંથી હોય? માર કે તાર. વિશ્વાસવાળો સમર્પિત ભાવથી જીવે તો એવા નીરસ જીવનમાં આનંદ નથી અને આ આનંદ નથી. શ્વાસ ચાલે એટલે જીવનને બોજાની જેમ ઊંચકીને ચાલતાં રહીએ.

ધર્મ જો તમને અનુશાસન ન આપી શકે તો ધર્મનો અર્થ શું છે? જ્યાં ધર્મ છે ત્યાં અનુશાસન પણ એટલું જ જરૂરી છે. ધર્મ છે ત્યાં ભાવનાશીલતા તો છે, પણ ધર્મ જો તમને વિચારશીલ પણ ન બનાવી શકે તો ધર્મનો હેતુ શું? વિચાર વગરની ભાવનાશીલતા ખતરનાક છે. વિચાર વિનાની સંવેદનશીલતા ખતરનાક છે અને સંવેદના વિનાની વિચારશીલતા શુષ્ક છે. એ કંઇ કલ્યાણ નહીં કરી શકે અને એટલા માટે વિચારશીલતા અને ભાવનાશીલતાનો સમન્વય હોવો જોઇએ.

સૌએ શાસ્ત્રોની મર્યાદા જાળવવી જોઇએ. શાસ્ત્રોની ગરિમા જાળવવી જોઇએ. આપણા દેવો, મંદિરો, ધર્મસ્થાનો એની આમાન્યા રાખવી જોઇએ. આપણે તીર્થમાં જઇને કેટલી ગંદકી કરીએ છીએ? તીર્થ આપણને પવિત્ર બનાવે છે. આપણે એ તીર્થને તો સ્વચ્છ રાખીએ! જ્યાં પવિત્રતાનો બોધ થાય. પવિત્રતાનો ભાવ થાય ત્યાં સ્વચ્છતા અને શાંતિ પણ હોવી જોઇએ.

એ જ રીતે યોગ, યજ્ઞ, જપ, તપ. તપ માટે જે પ્રકારની સહિષ્ણુતા જોઇએ એ આપણે પ્રાપ્ત કરવાની છે. કુંભ મેળામાં જઇએ તો તપ માટે જઇએ છીએ. ત્યાં જે કલ્પવાસ કરીએ એમાં તપ છે. પ્રયાગમાં ત્યારે કુંભમેળો થાય જ્યારે કડકડતી ટાઢ હોય, ઉજ્જૈનમાં જ્યારે કુંભમેળો ભરાય, ત્યારે ભયંકર ગરમી હોય અને નાસિકમાં ત્યારે કુંભમેળો ભરાય જ્યારે વરસાદ હોય. તો પ્રયાગમાં ઠંડી સહન કરો, ઉજ્જૈનમાં ગરમી સહન કરો અને નાસિકમાં વરસાદ સહન કરો. ઠંડી, ગરમી અને વરસાદ સહન કરો. એ તપ છે, પરંતુ આવી તપસ્યા કોણ કરે છે?

વ્રત માટે સંયમ જોઇએ. જેનો આ કલિકાલમાં અભાવ છે. વ્રત માટે સંયમ જોઇએ. યોગ, યજ્ઞ, વ્રત, જપ, તપ ઔર પૂજા. પૂજામાં સાવધાની જોઇએ. પ્રેમ જોઇએ. એ પ્રેમને અભાવ છે. તેથી ક્રિયા માત્ર બની રહે છે. પૂજા નથી થઇ શકતી. ભાવનાશીલતા સારી બાબત છે, પણ તેની સાથે વિચારશીલતા પણ એટલી જ જરૂરી છે. મુશ્કેલી એ છે કે આ દેશમાં અત્યારે વિચાર મરી રહ્યો છે. જેની પાસે વિચાર છે અને ભાવના આપવાની છે અને જેની પાસે ભાવના છે એને વિચાર આપવાની જરૂર છે. આ બંને હશે તો જ આપણું વૈયક્તિક, પારિવારિક, સામાજિક જીવન સ્વસ્થ બનશે અને તો જ સમાજ ઉન્નતિના માર્ગે જશે. એ જ સાચું નૂતન વર્ષ બની રહેશે. છે.

જીવનપ્રશ્નોનો આ કાયમી ઉકેલ છે...

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક સત્યઘટનાથી આરંભ કરીએ. વૈજ્ઞાનિક સંશોધનો હેઠળ, અમેરિકામાં એક વ્યક્તિનો કિસ્સો હાથ ધરવામાં આવ્યો. તે ભાઈને વર્ષોથી ઢીંચણમાં દુઃખાવો રહેતો હતો. ઘણી દવાઓ કરાવી, પણ મટે જ નહીં. એક મનોચિકિત્સકે તેમને પૂછ્યું : 'તમારે કોઈ સાથે દ્વેષ-વેર ખરું?' થોડા વિચાર પછી તે ભાઈએ 'હા' ભણી: 'મારા ભાઈને મેં 500 ડોલર આપ્યા હતા, તે પાછા આપતો નથી. ઉપરથી કહે છે કે 'મેં તેને ડોલર આપ્યા જ નથી...' તેનું વેર છે.'

ડૉક્ટરે કહ્યું, 'તમે તેની માફી માંગી લો.' તે ભાઈ બોલ્યા : 'હું? એની માફી માંગું? હરગીજ નહીં.' આટલું કહેતાં તે ઊભા થઈને જતા રહ્યા. પરંતુ દુઃખાવો વધ્યો; સહન થયું નહીં; તેથી બીજે દિવસે ફરી ડૉક્ટર પાસે આવ્યા. ડૉક્ટર કહે, 'મટાડવાનો એક જ ઉપાય છે, માફી માંગો.' આખરે તે દર્દી પોતાના ભાઈ પાસે ગયા : 'માફ કરી દે! તમે મારા રૂપિયા લીધા નથી. મારા મનમાં કોઈ દ્વેષ નથી.'

નાના ભાઈએ તરત કહ્યું, 'ના, ના, મોટા ભાઈ! તમે આપ્યા છે, પણ મારે સગવડ થશે ત્યારે આપીશ.' બંને વચ્ચેનું વૈમનસ્ય ટળી ગયું; માફી માંગી તો થોડા સમયમાં 500 ડોલર પણ મળી ગયા અને ઢીંચણનો દુઃખાવો પણ કાયમ માટે મટી ગયો!

સાવધાન! આ કોઈ જાદુગરના ખેલનો અહેવાલ નથી, વૈજ્ઞાનિક સંશોધનોથી પુરવાર થયેલી હકીકત છે. 'ક્ષમા' કેટલી તાકતવર તરકીબ છે! માત્ર શરીરના રોગોનો જ નહીં, ઘર-ઘરના, વ્યક્તિ-વ્યક્તિના પ્રશ્નોનું આ એક અક્સીર ઓસડ છે. આમ જોઈએ તો આ પૃથ્વી પર શ્વસતી કઈ વ્યક્તિ છાતી ઠોકીને એવું કહી શકે કે, 'જીવનમાં મેં ક્યારેય કોઈ ભૂલ કરી જ નથી.'

આપણા ઘરમાં, કુટુંબમાં, નોકરી-ધંધાના કામમાં, જ્યારે આપણને અન્યોની ભૂલો દેખાય, ત્યારે જે-તે વ્યક્તિ પ્રત્યે અણગમો બંધાય અને પછી આપણે ગમે તેટલું કરીએ છતાં અશાંતિ, અજંપો અને ઉકળાટ જ રહ્યા કરે. જ્યારે પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ કહેતા : 'બીજાને ક્ષમા આપવાથી આપણા અંતરમાં શાંતિ થાય છે, આનંદના ફૂવારા છૂટે છે.' તો પછી બીજાની ભૂલોને શા માટે ભૂલી ન જઈએ?

સરદાર વલ્લભભાઈ પટેલ એક વાર જયપુરમાં કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા જીપમાં બેસીને જતા હતા. જીપ 'નેતા શિબિર'ના પ્રવેશદ્વાર પાસે આવીને ઊભી રહી. તેઓ ઊતરતા હતા, એવામાં ચાલકને લાગ્યું કે, 'તેઓ નીચે ઊતરી ગયા છે.' તેણે જીપ જવા દીધી. સરદાર જમીન પર ગબડી પડ્યા! એમને થોડું વાગ્યું પણ ખરું. બધા દોડી આવ્યા અને સરદારને મદદ કરવા લાગ્યા. ચાલક ગાડી ઊભી રાખીને ત્યાં આવી પહોંચ્યો. તે બિચારો ધ્રૂજી રહ્યો હતો. તેને થયું કે સરદાર તેના ઉપર જરૂર ગુસ્સે થશે, પણ સરદાર જરાય ગુસ્સે ન થયા. તેઓ સ્વસ્થ અને શાંત હતા. ડ્રાઇવરને કે કોઈને કશું પણ કહ્યા વિના તેઓ શાંતિથી શિબિર તરફ ચાલવા લાગ્યા!

'ક્ષમા શીલસ્ય ભૂષણમ્' ક્ષમા ચારિત્ર્યવાન વ્યક્તિનું આભૂષણ છે. આપણે પણ જો આ ઘરેણું પહેરી લઈએ તો?

પ્રમુખસ્વામી મહારાજ થાપામાં થયેલી ગાંઠના ઓપરેશન બાદ મુંબઈમાં એક હરિભક્તના ઘરે આરામ માટે રોકાયા હતા. આ સમયે એક ઉચ્ચ હોદ્દેદાર પ્રમુખસ્વામીને મળવા આવી પહોંચ્યા. તેઓ પૂર્વગ્રહથી પીડાતા હોવાથી બીમાર વ્યક્તિના ખબર-અંતર પૂછવાનું વિવેકભાન પણ ભૂલી ગયા. ક્રોધાવેશમાં તેઓ સ્વામી ઉપર વાહિયાત આક્ષેપો અતિ કર્કશ શબ્દોમાં ઠાલવવા લાગ્યા. આ સમયે પ્રમુખસ્વામી મહારાજ એક પણ શબ્દ બોલ્યા નહીં. સાથે બેઠેલા સંતો પેલા ભાઈના અવિવેકને સુધારવા ગયા તો તેઓને પણ તેમણે રોક્યા.

આ પ્રસંગના બે વર્ષ બાદ તે હોદ્દેદાર કોઈક કામ પ્રસંગે નૈરોબી ગયેલા. પ્રમુખસ્વામી મહારાજ તે સમયે નૈરોબીમાં જ હતા. પોતાના કામમાં જરૂરી સહકાર ન મળતો હોવાથી 'ગુજરાતી સમાજ તરફથી સહકાર મળશે' એ આશાએ તેઓ પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા. પ્રમુખસ્વામી મહારાજ તેમને સત્કારવા ઊભા થઈ ગયા. તેમને મંચ પર પોતાની સાથે જ બેસાડ્યા. ઈંગ્લેન્ડ અને આફ્રિકાના સત્સંગમંડળોના આગેવાનો સભામાં આવ્યા, ત્યારે પ્રત્યેક વખતે તે આગેવાનોને આ ભાઈની ઓળખાણ કરાવી. ઉપરાંત, તેમના કામમાં સહકાર આપવા સભામાં ભલામણ કરી. સાથેના સંતો તો પ્રમુખસ્વામી મહારાજના આ ક્ષમાયુક્ત વર્તનથી આશ્ચર્ય પામ્યા, કારણ કે ખૂબીની વાત તો એ હતી કે તે સમયે પેલા મુરબ્બી કોઈ હોદ્દા પર પણ નહોતા!

આવા અજોડ સંતે તો અન્યોને પણ સ્વજન જાણીને ક્ષમા આપી છે! તો વધુ નહીં, પણ જો આપણે સ્વજનોને માફી આપીશું તો આપણાં ઘર-પરિવાર-જીવન, બધું શાંત, પ્રફુલ્લિત અને આનંદમય બની જશે.

પ્રેમનો પ્રત્યુત્તર

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

એક રાજાએ રાજ્યમાં નિયમ બનાવ્યો કે જે વ્યક્તિથી ભૂલ થાય, તેને તરત જ મૃત્યુ દંડની સજા. રાજ્યના 10 ખૂંખાર કૂતરાઓ વચ્ચે તેને છોડી દેવાનો અને કુતરા એને અલ્પ સમયમાં ફાડી ખાય.

એક દિવસ રાજાના મંત્રીથી જ કંઈ ભૂલ થઈ. રાજાએ તેમને પણ મૃત્યુદંડની સજા કરી. મંત્રીએ કરબદ્ધ કહ્યું, 'આટલા વર્ષોથી મેં વફાદારી પૂર્વક આપની સેવા કરી છે, તો માફી આપો.' રાજાએ કહ્યું, 'તમને માફી આપું, તો નગરમાં મારી પક્ષપાતી તરીકેની બદનામી થાય. તમે આટલી સેવા કરી છે, એટલે હું તમને 10 દિવસનો સમય આપી શકું, તેથી વધુ કંઈ ન કરી શકું!'

બરાબર 10 દિવસ પછી નગરના ચોકમાં મંત્રીના મૃત્યુદંડનો સમય થયો. હજારો લોકો ભેગા થયા. 10-10 ખૂંખાર કૂતરા વચ્ચે એકલા મંત્રીને છોડી દેવાયા. આશ્ચર્ય! કૂતરા તો મંત્રીના પગ ચાટવા લાગ્યા, પ્રેમ કરવા લાગ્યા...

રાજાએ જિજ્ઞાસા વ્યક્ત કરી, તો મંત્રી બોલ્યા, 'રાજાજી, તમે મને 10 દિવસ આપ્યા હતા. એ દરમિયાન હું આ કૂતરાઓને ખવડાવવા જતો. તેમને મેં પ્રેમ કર્યો. એથી કૂતરા મારા થઈ ગયા.'

ક્ષણાર્ધ વિરામ લઈ મંત્રી બોલ્યા, 'રાજન, માત્ર 10 દિવસ કૂતરાને સાચવ્યા, તો તે મને પ્રેમ કરવા લાગ્યા. છેલ્લાં 50 વર્ષથી હું આપની સેવા કરું છું, છતાં આપ મને મૃત્યુદંડ કરો છો...!' રાજાએ તરત મંત્રીને માફ કરી ગળે લગાવ્યા.

સંસારસાગરમાંથી તારશે સત્સંગ

અફાટ મહાસાગરના ઊંચા ઊછળતાં મોજાં અને ઘુઘવતા મહાસાગરની સામે હાથમાં સળી લઈ મહાસાગરને તરવાની ઇચ્છાથી ઊભેલા એક માણસ જેવી મારી સ્થિતિ છે. ગીતા આવો મહાસાગર છે અને આપણે બુદ્ધિની સળી લઈને એને તરવાની ચેષ્ટા કરીએ, એ અનધિકૃત ચેષ્ટા કરવાનું મન થાય છે, કારણ કે કૃષ્ણની વાણીમાં કંઈક એવું છે કે તરતાં ન આવડે તોયે એમાં કૂદી પડવાનું.

કૃષ્ણની ગીતા ગમે છે અને હું કૂદી પડું છું, ત્યારે એક વિશ્વાસ લઈને કૂદી પડું છું. મને તરતાં ભલે નથી આવડતું, એને તારતાં તો આવડે છે.

જો પોતાને પ્રેમ નથી કરી શકતા એ બીજાને પણ પ્રેમ નથી કરી શકતા. તમારી પાસે હશે, તો તમે બીજાને આપી શકશો. ગંગા જે રીતે વહેતી રહે છે, તેમ જીવન પણ વહે છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સંજયને પ્રભુએ પોતાનું વિરાટ સ્વરૂપ અર્જુનને તો બતાવ્યું પણ વેદવ્યાસજીના રૂપમાં શ્રીકૃષ્ણે સંજય પર પણ કૃપા કરી હે કેમ કે વેદ વ્યાસ એમનું જ સ્વરૂપ છે. મંગલાચરણમાં ત્રીજો શ્લોકમાં આવે છે કે,

કૃષ્ણં નારાયણં વંદે, કૃષ્ણં વંદે વ્રજપ્રિયમ્।
કૃષ્ણં દ્વૈપાયનં વંદે, કૃષ્ણં વંદે પૃથાસુતમ્।

પ્રથમ કૃષ્ણ છે, નારાયણ કૃષ્ણ, આદિનારાયણ સૌને આકૃત કરનારા. બીજા છે, વ્રજપ્રિય. ત્રીજા છે, વેદ વ્યાસ અને ચોથા કૃષ્ણ એટલે અર્જુન સ્વયં.

વિભૂતિ યોગ વાંચવા જેવો છે.

વૃષ્ણીનાં વાસુદેવોડસ્મિ પાંડવાનાં ધનંજયઃ।
(ગીતા. 10/37)

મતલબ તું તે હું છું અને હું તે તું છે. હું એનો એ, મારા આ પગથિયાં છે, તત્ત્વમસિ સુધી પહોંચવાના. આ સમુદ્રમાં તો ડૂબવા જેવું લાગે છે અને અહીં જે ડૂબે છે એ જ તરે છે.

'કશું કહેવાને આવ્યો છું, કરગરવા નથી આવ્યો, બીજાની જેમ આ જીવનને અનુસરવા નથી આવ્યો. દયાના સાગર તું મને તારામાં ડૂબાડી દે, હું તરવા નથી આવ્યો પણ ડૂબવા આવ્યો છું.'

વહેતી નદી જેવું જીવન છે. ગંગા જે રીતે વહેતી રહે છે એવી રીતે જીવન પણ વહેતું રહે છે. જો પોતાને પ્રેમ નથી કરી શકતા એ બીજાને પણ પ્રેમ નથી કરી શકતા. તમારી પાસે હશે, તો તમે બીજાને આપી શકશો. 'કૃષ્ણં દ્વૈપાયનં વંદે, કૃષ્ણં વંદે પૃથાસુતમ' અર્જુન પણ કૃષ્ણ અને કૃષ્ણ પણ અર્જુન છે, કારણ કે કહેનાર કૃષ્ણ, લખનાર કૃષ્ણ, સાંભળનાર કૃષ્ણ, કૃષ્ણમય છે બધાં. મનુષ્યની સંપત્તિ શું? સત્સંગ. સત્સંગ સ્વર્ગનાં સુખથી પર છે. લંકિની રામાયણના સુંદરકાંડમાં બોલે છે :

તાત સ્વર્ગ અપબર્ગ સુખ ધરિઅ તુલા એક અંગા
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સત્સંગ॥
(સુંદરકાંડ – દો.-4)

વિશ્વામિત્ર બોલ્યા તપનું બળ વધે અને વશિષ્ઠ બોલ્યા સત્સંગનું બળ વધે. વશિષ્ઠજી સત્સંગનો મહિમા બતાવતા હતા. વિશ્વામિત્ર કહે, 'એના કરતાં તપનું બળ વધે.' વશિષ્ઠજી હસીને બોલ્યા, 'તપ વધે એમાં ના નહીં, પણ એનાં કરતાં સત્સંગનું બળ વધે.'

વશિષ્ઠ કહે, 'તપ શ્રેષ્ઠ છે, પણ એના કરતાં સત્સંગ વધે. તપના બળને ઓછું આંકવાનો મારો ઉદ્દેશ્ય નથી, પણ સત્સંગનો મહિમા પણ ઓછો નથી.' તેમણે નક્કી કર્યુ કે ચાલો, બ્રહ્માને પૂછીએ. તેમણે બ્રહ્માને પૂછ્યું. બ્રહ્માને થયું, 'આ બંને વચ્ચે મારે ન આવવું જોઇએ.'

તેથી બંને ભગવાન વિષ્ણુ પાસે ગયા અને તેમને પ્રશ્ન કહ્યો. વિષ્ણુએ કહ્યું કે, 'તમે એક કામ કરો. શેષ નારાયણ પાસે જાવ. એ તમારું સમાધાન કરી દેશે.' એટલે બંને શેષ નારાયણ પાસે ગયા. કહે, 'કહો શેષાજી! તપનું બળ વધે કે સત્સંગનું બળ વધે?'

શેષ નારાયણ કહે, 'મેં મારા માથે આખી ધરતીનો ભાર ઉપાડ્યો છે, ત્યારે હું કઇ રીતે તમારા બંનેના મુદ્દા ઉપર વિચાર કરી શકું? અને તો હું કેવી રીતે બરાબર ન્યાય આપી શકું?' બંને કહે, 'વાત તો સાચી છે.' તો શેષ કહે, 'તમારા બંનેમાંથી કોઇ આ ધરતીનો ભાર તમારા માથે ધારણ કરી લે અને હું બોજમાંથી મુકત થાઉ તો થોડી વાર વિચાર કરું.'

વિશ્વામિત્રે કહ્યું, 'હું ઊંચકીશ.' વિશ્વામિત્રે એક વર્ષના તપનું બળ લગાવ્યું, પણ પૃથ્વી ધારણ ન કરી શક્યા. પોતે કરેલા તપનું અડધા ભાગનું બળ લગાવ્યું, તોયે પૃથ્વી ન ઊંચકી શક્યા.

પછી કહે, 'કરેલા સંપૂર્ણ તપનું બળ આ પૃથ્વી સ્થિર રહેજો.' એટલે શેષજી બોલ્યા કે, 'વશિષ્ઠજી તમે મારા બોજનું સમાધાન કરો. તો હું ચિંતન કરીને, વિચાર કરીને તમારા પ્રશ્નનું જજમેન્ટ આપું.' વશિષ્ઠજી બોલ્યા કે, 'આખી જિંદગી મેં જે સત્સંગ કર્યો છે. એમાંથી એક ક્ષણના સત્સંગનું બળ હું પૃથ્વી ધારણ કરવામાં લગાડું છું.' એક ક્ષણના સત્સંગના બળથી વશિષ્ઠજીએ પૃથ્વીને માથે ધારણ કરી.

શેષને મુક્ત કર્યા એટલે વિશ્વામિત્ર કહે, 'લો, હવે કરો જજમેન્ટ.' શેષજી કહે, 'હજી જજમેન્ટ બાકી રહ્યું છે? આ છે સત્સંગના બળનો મહિમા!'

આપણે એમને ભૂલી જઈએ તે ન ચાલે

એક મહાત્મા હતા. તેમને એક ઉંદરે પોતાની રક્ષા માટે આજીજી કરી. મહાત્માએ તે ઉંદરને બિલાડી બનાવી દીધો, પરંતુ પુનઃ-પુનઃ યાચના કરતો રહેતો તે ઉંદર, મહાત્માની કૃપાથી ક્રમાનુસાર બિલાડીમાંથી કૂતરો, દીપડો અને અંતે સિંહ બનવા પામ્યો. હવે તો નિર્ભય અને નિઃશંક થઈને જંગલમાં ફરતો સિંહ, મોટાં-મોટાં જનાવરોનો શિકાર કરવા લાગ્યો. ઉત્તરોત્તર તાકતવર થતાં એને વિચાર આવવા લાગ્યો કે, 'મહાત્માનું લોહી ચાખવા જેવું ખરું!' અને ઋષિ પર તરાપ મારવા તૈયાર થયો! જેમની કૃપાથી તે મોટો થયો, શક્તિશાળી બન્યો, અરે! જેમને કારણે તે અત્યારે જીવી રહેલો, તેમની જ હત્યા કરવા સિંહ તત્પર થઈ ગયો!

ખરેખર! મનોવલણ કેટલું અટપટું છે! પોતે કરેલા ઉપકારોની લાંબી યાદી માનવ જીભનાં ટેરવે રાખે છે, પણ પોતે કોનો અને કેટલો ઋણી છે, તે વાત તો તેના ધ્યાનમાં જ નથી રહેતી.

જેના આધારે વ્યક્તિ પ્રગતિ સાધે તેને જ ભૂલી જાય; તે માનવની કેવી કારમી વિકૃતિ છે! માતા, પિતા અને વડીલોના પોતાના પરના ઉપકારોને જે વિસારી દે છે, તે પોતે પણ તેનાં મા-બાપના અંતરમાંથી વિસરાઈ જાય છે. એટલું જ નહીં, તેનામાંથી શીખીને તેનાં સંતાનો પણ એવું જ વલણ તેની વૃદ્ધાવસ્થામાં અપનાવે છે. પછી તો 'બાપ કરતાં સવાયા બેટા' એવા દિવસો જોવાનો પણ વારો આવે.

એની સામે પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો આપણને કેવું વલણ શીખવાડે છે? 1974માં

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વિદેશયાત્રા દરમિયાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં એક હરિભક્તને ઘરે પધાર્યા. તેમના એક અંગ્રેજ પાડોશી સ્વામી પાસે આવી પહોંચ્યા. તેમની ઓળખાણ મેળવતાં પ્રમુખસ્વામીને ખ્યાલ આવ્યો કે, 'તે ભાઈને મૂકીને તેમનાં સંતાનો ચાલ્યાં ગયાં છે. તેઓ એકલા છે. પાછલી જિંદગી દુઃખમાં પસાર કરી રહ્યા છે.' આ જાણી પ્રમુખસ્વામી મહારાજ દ્રવી ઊઠ્યા. તેમણે તરત જ હરિભક્તને ભલામણ કરી કે. 'આ અંગ્રેજની એક કુટુંબીજનની જેમ તમારે સંભાળ રાખવી.'

આ વાતને એક દશકો પસાર થઈ ગયો. 1984માં પ્રમુખસ્વામી મહારાજ ફરી લંડન પધાર્યા, ત્યારે તે અંગ્રેજ સ્વામીને મળવા આવ્યા અને ગદ્દગદિત થઈ સ્વામીને કહેવા લાગ્યા : 'આપનો ખૂબ આભાર. છેલ્લાં દસ વર્ષથી આપના આ હરિભક્ત મારી ખૂબ સંભાળ રાખી રહ્યા છે. આપે મારી પાછલી જિંદગી સુધારી દીધી.'

સંતાન છોડીને ચાલ્યાં ગયાં એ વાત પ્રમુખસ્વામી મહારાજથી સહન ન થઈ! તેઓ તે અંગ્રેજનાં સંતાનોને તો મળી-મનાવી શકે એમ નહોતા, તો એમણે એક સત્સંગીને જ તેમના દીકરા બનાવી દીધા! આપણે બીજાના નહીં, પોતાનાં જ મા-બાપના ઉપકારો સમજીને તેમની સેવા કરી શકીએ ને?

દેશના મહાન અર્થશાસ્ત્રી કૌટિલ્ય ચાણક્યનો એક પ્રસંગ છે. એક દિવસ ચાણકયને માતાનું મુખ ઉદાસ જોઈને દુઃખ થયું. માને કારણ પૂછ્યું. પરંતુ 'કંઈ નહીં...' બોલી માતા ચૂપ થઈ ગયાં. ચાણક્યના ખૂબ આગ્રહને અંતે માતાએ ઉદાસીનતાનું કારણ જણાવતાં કહ્યું, 'બેટા! નાનપણમાં મેં સામુદ્રિક ચિહ્નોનું શિક્ષણ લીધેલું. તારા આગલા બે દાંત જોઈને મને ખાતરી થઈ કે ભવિષ્યમાં તું મહાન પુરુષ બનીશ, ત્યારે તારી માને ભૂલી જઈશ. આ વિચારથી હું ઉદાસ થઈ ગઈ.' આ સાંભળી માતાને ખબર ન પડે એ રીતે ચાણક્યએ પથ્થર ઉપાડી બે દાંત તરત પાડી નાખ્યા!

માતાએ આ જાણ્યું એટલે પૂછ્યું, 'દીકરા! તેં આ શું કર્યું?' ચાણક્યે જવાબ આપ્યો, 'મારી માતાના સુખની આડે જે વસ્તુ આવે તે કોટિ ઉપાયે મને ન જોઈએ. આ બે દાંતે જ તને ઉદાસ કરી હતી ને? મેં કંઈ નથી કર્યું, ફક્ત તારી ઉદાસીનતા દૂર કરી છે.'

પ્રમુખસ્વામી મહારાજ કહેતા : 'આપણી સંસ્કૃતિ છે કે આપણાં મા-બાપની કાળજી રાખવી, સંભાળવા, તેમની સેવા કરવી. એમના અનંત ઉપકાર આપણા ઉપર છે. મોટી ઉંમરે કદાચ આપણને એમનો સ્વભાવ મળતો ન આવે... પણ નાનપણનો આપણો સ્વભાવ એમણે સહન કર્યો. આપણે ઘરમાં તોડફોડ કરી હશે, ભણતાં નહીં હોઈએ, બધું એમણે સહન કર્યું છે. તો એમની મોટી ઉંમરમાં આપણે મન મોટું રાખીને સહન કરી લેવું. ગમે તે થાય, પણ તેઓ વૃદ્ધાશ્રમમાં જવા ન જોઈએ. જે સેવા થાય તે કરી લેવી. ઘણા કહે છે કે એ તો એમની ફરજ હતી એટલે આપણને મોટા કર્યા. તો ભલા માણસ, એ મોટા થયાં, તો હવે તમારી ફરજ નથી?'

હા, આપણી ફરજમાં આવતા આ 'પ્રમુખ દર્શન' પ્રમાણે, આપણે મા-બાપની સેવા કરવાની છે, તેમને ખુશ રાખવાના છે. માતા-પિતાના ઉપકારો સમજીને, તેમની ઉદાસીનતા દૂર કરીને, આપણો પરિવાર 'આદર્શ પરિવાર' બનાવીએ.

ભૂલ જ દેખાય છે

એક હિલ-સ્ટેશન ઉપર એક માણસે આકર્ષક હોટલ બનાવી. તેને નામ આપ્યું, 'ગોલ્ડન ફિશ.' હોટલનો માલિક સાફસફાઇ રાખતો અને ભોજન પણ સાત્ત્વિક આપતો, છતાં તે ચાલતી ન હતી.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

હિલ-સ્ટેશન ઉપર યાત્રિકો તો ઘણાં આવતાં, પણ તેની હોટલમાં કોઈ જતું ન હતું, તેથી તે કોઈ અનુભવી પાસે સલાહ લેવા માટે ગયો કે, હોટલ સારી રીતે ચલાવવા શું કરવું?

અનુભવીએ તેને કહ્યું, 'તારી હોટલના રૂમ મોટા અને એરકન્ડિશન્ડ છે, ભાવ પણ યોગ્ય છે, તું નામ બદલી નાખ, તો હોટલ સારી ચાલશે.'

'શું નામ રાખું?' માલિકે પૂછ્યું, તો તેણે કહ્યું, 'ફાઈવ બેલ્સ' (પાંચ ઘંટ) નામ રાખ, પણ મોટા અક્ષરે નામ લખીને તેની બરાબર નીચે મોટા-મોટા 6 ઘંટ લટકાવી દેવાના.'

'6 ઘંટ લગાવવાનું કારણ શું?' - 'હું તને કહું તેમ કર. મહિના પછી મને મળવા આવજે.'

તેની હોટલ ખરેખર જોરદાર ચાલવા લાગી. મહિના પછી હોટલ-માલિક અનુભવીને મળવા ગયો અને બોલ્યો, 'હવે તો લગભગ બધાં જ યાત્રાળુઓ મારે ત્યાં આવે છે, રહે છે અને જમે પણ છે. આવતાંની સાથે પ્રથમ પ્રશ્ન એ પૂછે છે કે, તમે નામ 'ફાઈવ બેલ્સ' રાખ્યું છે. તેની નીચે 6 ઘંટ ભૂલથી નથી લગાવ્યા ને... આમ, ભૂલ બતાવવા તેઓ અંદર આવે અને હોટલની ચોખ્ખાઈ તથા મેનૂ જોઈને પછી રહી અને જમીને જાય છે.'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 21 નવેમ્બર, 2024 | કારતક વદ છઠ | વિક્રમ સંવત 2081 08

જીવનમાં સત્પ્રવૃત્તિમાં વ્યસ્ત રહીએ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન અકર્મણ્યતા પર બહુ આક્રોશ ઠાલવે છે. અકર્મણ્યતા શ્રીકૃષ્ણને બિલકુલ સ્વીકાર્ય નથી. કર્મ કરતાં રહો.

પ્રકૃતિના પ્રત્યેક તત્ત્વને તમે જુઓ તો સૌ પોતાપોતાનાં કર્મમાં લાગ્યા છે. શ્રીકૃષ્ણ કહે છે, 'માતે સંગોસ્ક્વકર્મણી' કર્મના ફળમાં આસક્તિ ન હોવી જોઈએ, એમ કર્મ ન કરવામાં પણ તમારી રુચિ ન હોય, 'મારે કંઈ નથી કરવું.' એ પણ ખોટી વાત છે.

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' આ શ્લોકનો અર્થ સામાન્ય રીતે લોકો એવો કરે છે કે તું કર્મ કરતો રહે. એનું ફળ નહીં માગવાનું. એવું નથી. તમે કર્મ કરો. તો તમારાં કર્મનું ફળ શા માટે ન ઈચ્છો? અને ઈચ્છો તો તેમાં કોઈ વાંધો નથી.

નિષ્કામ કર્મ કરો તો સારું છે. પણ એક મજૂર મજૂરી કરી. તેનું મહેનતાણું માગે, તો તેને અધિકાર છે. એટલા માટે જ આપણાં શાસ્ત્રોમાં નિષ્કામ અને સકામ બંને પ્રકારનાં કર્મની વાત છે. તમારું કર્મ સકામ પણ હોઈ શકે. ફેર એટલો છે કે નિષ્કામ કર્મમાં ક્યાંક કોઈથી ભૂલ થાય. નિષ્કામ કર્મ માણસ ક્યારે કરે? નકરો પ્રેમ હોય ત્યારે. એનાથી કદાચ ભૂલ થાય તો માણસ હસીને કહે. 'કંઈ વાંધો નહીં.' જ્યારે સકામ કર્મ હોય, કર્મચારી પગાર લેતો હોય, તો એક ભૂલ માણસ માફ કરે, બીજી ભૂલ માફ કરે, પણ ત્રીજી વાર ભૂલ કરે તો તેને દરવાજો દેખાડે!

એમ દેવતાઓ પાસે પણ જે સકામ કર્મ છે, તે યજ્ઞ-યાગાદિ વિધિ, એનો આદર થાય, લાપરવાહી, શિથિલતા, પ્રમાદ હોય તે ન ચલાવાય, નહીં તો વિપરીત પરિણામો મળ્યા હોય તેવી પુરાણોમાં

કથાઓ છે.

નિષ્કામ ભક્તિમાં કંઈ વાંધો નથી, પણ જો સકામ કર્મ હોય તો સાવધાની રાખવી પડે. તમે જેને પગાર આપો છો અથવા જે પગારની અપેક્ષાથી તમારું કામ કરે છે તેની પાસેથી તમારી એક અપેક્ષા હોય, એ ભૂલ કરે તે ન ચાલે, તમે એને નોકરીમાંથી કાઢી મૂકો.

'કર્મણિ એવ તે અધિકાર:' એનો અર્થ છે કર્મ કરવામાં તમારો અધિકાર છે. અહીં અધિકારનો અર્થ છે સ્વતંત્રતા. કર્મ કરવામાં તું સ્વતંત્ર છે. પણ યાદ રાખજે. કર્મ કરવામાં જ – કર્મણિ એવ તે અધિકાર: – કર્મ કરવામાં જ તું સ્વતંત્ર છે – મા ફલેષુ – તેના ફળમાં નહીં. મતલબ તું જેવાં કર્મ કરીશ તેનું તેવું ફળ મળશે અને એ તારે ભોગવવું પડશે. એના

ગીતામાં ભગવાન કહે છે કે કોઈ પણ દેહધારી પ્રાણી કર્મ કર્યા વિના ક્ષણ પણ ન રહી શકે. પ્રકૃતિના ગુણોથી વશીભૂત થઈને માણસ કર્મ કરવા બંધાયેલો છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ફળમાં તું સ્વતંત્ર નથી.

હું પાપ કરું અને સ્વર્ગ ઈચ્છું એ કેમ ચાલે! જેણે જેવું કર્મ કર્યું હશે તેને તેનું એવું ફળ મળશે. માટે કર્મ કરતી વખતે તું સાવધાન રહે, કારણ કે દરેક સ્વતંત્રતા સાથે જવાબદારી જોડાયેલી છે. આપણે સ્વતંત્ર થયા પછી આપણી જવાબદારીઓ પણ નાગરિક તરીકેની છે, એ જવાબદારી બરાબર ન નિભાવીએ અને માત્ર અધિકારની જ લડાઈ લડતાં રહીએ તો પાછા ગુલામ થવાનો વખત આવે.

હકીકતમાં અધિકારની લડાઈ લડવાનો અધિકાર પણ એને જ હોય છે, જે પોતાનાં કર્તવ્યનું બરાબર પાલન કરતો હોય. કર્મ કરવામાં જ તું સ્વતંત્ર છે એના ફળમાં નહીં, પછી કહે છેઃ 'મા ફલ કર્મહેતુ ભુ:' ખાલી ફળની આશાથી જ કર્મ ન કર. નિષ્કામ કર્મનો પણ મહિમા છે. ચોથા ચરણમાં જ કહે છે. 'માતે સંગોત્સ્વકર્મણિ' જેમ ફળમાં તારો આગ્રહ ન હોવો જોઈએ, એમ કર્મ ન કરવામાં પણ તારો આગ્રહ ન હોવો જોઈએ. 'તો આપણે કંઈ નથી કરવું.' ના, અકર્મણ્યતા ન હોવી જોઈએ.

'કર્મવાદી બધાં કર્મ કરતાં રહે, એહને ઊંઘવું કેમ ફાવે.' જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી શરીરના નિર્વાહ માટે, દેહયાત્રા ચાલતી રહે તે માટે કર્મ અનિવાર્ય છે. ગીતામાં ભગવાન કહે છે કે કોઈ પણ દેહધારી પ્રાણી કર્મ કર્યા વિના એક ક્ષણ પણ ન રહી શકે. પ્રકૃતિના ગુણોથી વશીભૂત થઈને માણસ કર્મ કરવા માટે બંધાયેલો છે. હવે જો કર્મ કરવાનાં જ છે, તો એ કર્મને યજ્ઞની ઊંચાઈ સુધી પહોંચાડો. એ કર્મને ઈશ્વરની પૂજા બનાવો. ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ ગીતામાં સ્પષ્ટ કરે છે. અર્જુન જ્ઞાની તો મુક્ત થઈ ગયો છે, તે કૃતકૃત્ય થઈ ગયો છે. એને હવે કોઈ કર્મ કરવાનું શેષ નથી રહેતું.

છતાં જ્ઞાનીએ પણ અજ્ઞાનીઓની માફક કર્મ કરતાં રહેવાનું છે, કારણ કે એ તો મુક્ત છે, એ કર્મ નહીં કરે, તો પણ એને કંઈ જરૂર નથી, પણ એ કરશે તો એને કંઈ કર્મ બાંધવાનું નથી. જ્ઞાની પુરુષ મુક્ત છે, પણ એ નહીં કરે તો એને જોઈ-જોઈને બીજા કંઈ નહીં કરે. ગુરુ સંધ્યા વંદના કરતા નથી તો આપણે શું જરૂર? ગુરુજી માળા ફેરવતા નથી, આપણે તો એમના પગલે પગલે.. ગુરુજી માળા ન ફેરવે, તો એને કંઈ જરૂર નથી, પણ ચેલા માળા કરતા રહે એ માટે ગુરુજીએ માળા કરતાં રહેવાનું. એટલે જ્ઞાનીએ પણ કોઈ કર્મ કરવાની જરૂર નથી. છતાં કર્તવ્ય કર્મ કરતાં રહેવાનું છે, કારણ કે એને જોઈને બીજા કરશે.

દાન એ કર્તવ્ય છે, તપ એ કર્તવ્ય છે, યજ્ઞ કર્તવ્ય છે. યજ્ઞ, દાન અને તપ - ત્રણેય મનુષ્યને પવિત્ર કરનારાં છે. એટલે યજ્ઞ, દાન અને તપનો ક્યારેય ત્યાગ ન કરવો. ઘરમાં, પરિવારમાં પુરુષ યજ્ઞ કરે છે, સ્ત્રી છે તે તપ કરે છે. બંને ભેગાં થઈને જે પામે છે, તે પ્રસાદને વહેંચે છે. એટલે કે દાન કરે છે. યજ્ઞ, દાન અને તપ એ ત્રણેયથી મનુષ્ય પવિત્ર થાય છે.

જીવનમાં સતત પ્રયત્નશીલ રહીએ અને સદ્વિચારો સાથે સત્પ્રવૃત્તિમાં સતત વ્યસ્ત રહીએ.

પરિવાર બરબાદ કરતું આ ઝેર છે

ધારી લો કે તમારી સામે એક પરિસ્થિતિ છે. ભાદરવો મહિનામાં શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે, દૂધપાક જમવાની આ જ એક 'સિઝન' છે! તમે ઘરે પહોંચ્યા, 'ડાઈનિંગ ટેબલ' ઉપર મોટો કટોરો ઠંડા દૂધપાકથી ભરેલો પડ્યો છે. ત્યાં બેસીને તમે દૂધપાક પીવા જ જઈ રહ્યા છો, કટોરો મોઢા સુધી આવી ગયો છે...

એ જ સમયે દોડતાં આવીને કોઈ તમને કહે : 'આ કટોરામાં મેં એક સાપને મોંઢું નાખતા જોયો છે.' બસ, એક જ વાક્ય. શું હવે તમે એ દૂધપાક પીશો? 'ના.' કેમ? આટલો સરસ દૂધપાક છે, ગાયનું તાજું દૂધ કઢ્યું છે, બદામ-પિસ્તા-ચારોળી નાખીને કેસર-એલચીવાળો દૂધપાક બનાવ્યો છે; તો પણ નહીં? ના, કારણ કે ખબર છે કે 'જેમાં ઝેર હોય, એનાથી મૃત્યુ નિશ્ચિત જ છે.'

એ જ રીતે કુટુંબમાં ગમે એટલા રૂપિયા હોય, જાહોજલાલી, સુખ-સુવિધા હોય, પણ જો 'એક વસ્તુ' હશે, તો આપણો જ પરિવાર ઝેર જેવો લાગવા માંડશે. કઈ વસ્તુ?

એક દૃષ્ટાંતથી સમજીએ. એક બહુરૂપિયો હતો, ખટપટિયો બહુ. એક વાર એક ગામમાં તે સંન્યાસી બની, એક મુમુક્ષુના ઘરે રોકાયો. એ મુમુક્ષુ નહોતા, ત્યારે બહુરૂપિયાએ મુમુક્ષુની પત્નીને કહ્યું કે, 'તારો પતિ અને તેના બહેનને આડા સંબંધ છે.' અને મુમુક્ષુની બહેનને કહ્યું, 'તારો ભાઈ દારૂડિયો છે. રાત્રે મોં સૂંઘવા જજે.' મુમુક્ષુ ઘરે આવ્યો, ત્યારે તેને કહ્યું, 'તારી બહેન ડાકણ છે. રાત્રે તારું મોં સૂંઘવા આવશે.'

સંન્યાસીના કહેવા પ્રમાણે રાત્રે બહેન ભાઈનું મોં સૂંઘવા ગઈ. ભાઈ જાગી ગયો. તેને 'બહેન ડાકણ છે' એમ નક્કી થયું. પત્ની પણ જાગતી હતી, તેણે આળ નાંખ્યું, 'તમારે બંનેએ મારી હાજરીમાં આવા ધંધા કરવા છે?' અડધી રાત્રે ત્રણેય વચ્ચે ઘમાસાણ યુદ્ધ જામ્યું. ત્યારે પેલો ઢોંગી સંન્યાસી બોલ્યો : 'ઝઘડો નહીં, આ તો મેં મારી ખટપટની વિદ્યા અજમાવી જોઈ!'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણા ઘરમાં ફેલાઈ રહેલું ઝેર 'ખટપટ'નું છે. બીજાના દોષોને વાતોનો વિષય બનાવીએ, ત્યારે આપણને જ નૈતિક અને કૌટુંબિક નુકસાન થાય છે

આપણા ઘરમાં ફેલાઈ રહેલું આ 'ખટપટ'નું ઝેર, ઘરમાં એકબીજાના અવગુણ જોવાનું ઝેર ઓળખી લેવા જેવું છે. એટલું જ નહીં, તેને સંપૂર્ણ કાઢી નાંખવા જેવું છે. કોઈની ભૂલ થઈ હોય, કોઈનો એવો સ્વભાવ હોય, કોઈની કદાચ આદત હોય, પણ તેની ચર્ચા બીજા સાથે કરીએ, બીજાના દોષોને જ આપણી વાતોનો વિષય બનાવીએ, ત્યારે આપણને જ નૈતિક અને કૌટુંબિક નુકસાન થાય છે. બહારથી ભલે એ ન દેખાય, પણ તે અંદરથી લાગણીવિહોણા, બીજા પ્રત્યે પૂર્વગ્રહવાળા બનાવી દે છે.

આપણે શ્રીફળ લેવા જઈએ, ત્યારે તેને હલાવીને અંદર પાણી છે કે નહીં તેની તપાસ કરીએ છીએ,



કારણ કે શ્રીફળ બહારથી તો સારું જ દેખાતું હોય છે. જ્યારે સ્વજનોના અવગુણ જોઈએ ત્યારે આપણા મનમાં પણ ખોરી દાનત જાગે છે.

એટલે જ બીજાના સ્વભાવ-દોષો દેખાય, ત્યારે 'શું કરવું?'નું સમાધાન પ્રમુખસ્વામી મહારાજ સમજાવે છે કે, 'સ્વભાવ સામું ન જોવાય. એ સ્વભાવને નભાવતાં આવડવું જોઈએ. બધાંની વચ્ચે બીજાના સ્વભાવ વિશે ન કહેવાય. અવગુણની વાત થાય તો પરિવારમાં કુસંપ થાય. તેના બદલે પોતાનો દોષ, વાંક જોવો અને બીજાના ગુણ ગ્રહણ કરવા.'

આપણું મન-હૃદય 'સોફ્ટ-બોર્ડ' છે. આપણે જે વિચારીશું, જે ભાવના બીજા પ્રત્યે કરીશું, એ એના પર 'પિન-અપ' થઈ જશે. પસંદગી આપણે કરવાની છે - બીજાના અવગુણો, દોષો જોઈને આપણા મન-હૃદયને ઉદ્વેગભર્યું બનાવવું છે કે પ્રમુખસ્વામી મહારાજની જેમ સૌના ગુણો ગ્રહીને નિર્મળ, સુંદર અને શાંતિપ્રિય બનાવવું છે? હજુ મોડું નથી થયું...

અણસમજણનું દુઃખ

એક યુવાનનાં લગ્ન થયા. નવવધૂ નવા ઘરે આવી. વહુ એટલી સમજદાર અને કાર્યદક્ષ હતી કે થોડા દિવસોમાં ઘરનું ઘણું કાર્ય તે કરવા લાગી. તેમાં પણ પોતાનાં સાસુ-સસરાનું તો ખૂબ ધ્યાન રાખતી. સૌ ખુશ હતાં, માત્ર યુવાનની માતા થોડી ઉદાસ રહેતી. જેમ-જેમ દિવસો વ્યતીત થવા લાગ્યા, તેમ-તેમ તેમની ઉદાસી વધવા લાગી.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

યુવાનના પિતાએ ઉદાસીનું કારણ એકાંતમાં પોતાની પત્નીને પૂછ્યું, તો તે બોલી, 'તમે જોતાં નથી, લગ્ન પછી આપણો દીકરો સાવ બદલાઈ ગયો છે. પહેલાં મારી સાથે કેટલી બધી વાતો કરતો હતો, હવે તો મારી પાસે આવતો જ નથી. આખો દિવસ એની વહુ સાથે જ હસી-મજાક કરે છે. રજાના દિવસે વહુને લઈને એના સસરાને ત્યાં જતો રહે છે. હવે એને એની સાસુ વધારે સારી લાગે છે, એની સાથે કેટલી બધી વાતો કરે છે. આપણો દીકરો અડધો એનાં સાસુ-સસરાનો થઈ ગયો છે, આથી હું બેચેન બની જાઉં છું.'

પતિ બોલ્યા, 'તારી વાત સો ટકા સાચી કે આપણો દીકરો અડધો એનાં સાસુ-સસરાનો થઈ ગયો, પણ તું મને એ પ્રશ્નનો ઉત્તર આપ કે નવી વહુ આપણને પરેશાન કરે છે?'

'ના, એ તો આપણું ખૂબ ધ્યાન રાખે છે... ખૂબ જ સેવા કરે છે.' - 'ગાંડી, જો કોઈની દીકરી પૂરેપૂરી આપણી થાય અને સામે આપણો દીકરો અડધો જ એમનો થાય, તો એમાં ઉદાસ શા માટે થવાનું?'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 28 નવેમ્બર, 2024 | કારતક વદ તેરશ | વિક્રમ સંવત 2081 08

જે ભગવાનમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ

વિશ્વને એવા ધર્મની જરૂર છે. જેનું આચરણ કરતાં ભગવાનમાં પ્રેમ થાય અને ભગવાનમાં પ્રેમ એટલે પ્રાણીમાત્રમાં પ્રેમ થાય

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે નશ્વર છે, પરિવર્તનશીલ છે, તેમાં શું આસક્તિ રાખવી? દુઃખરૂપ જ છે સંસાર, તેની શું ઈચ્છા કરવી? આનંદઘન ભગવાન છે. સંસાર દુઃખની દુકાન છે. 'અસારઃ ખલુ સંસાર, દુઃખ રૂપી વિમોહકઃ' દવાની દુકાને જઈ તમે ઘઉં, ચોખા માગો તો ન મળે, કેમ કે તે દવાની દુકાન છે. સંસાર એ દુઃખની દુકાન છે, ત્યાં આનંદ ન હોય. ત્યાં તમે સુખ માગો તો ન મળે. જે સુખને અંતે સુખ ન હોય તે સાચું સુખ નથી.

પહેલી વાત તો એ કે અંતવંત જે હોય, સમાપ્ત થનારું હોય, જેમ આ બધા શરીર અંતવંત છે. જેટલા પણ નામ રૂપાત્મક પ્રપંચ છે, તે બધા અંતવાળા છે, નશ્વર છે. સંસારમાં સુખ હોય, તો એ અંતવંત છે. એ સુખનો આભાસ છે. એટલા માટે સંસારીનું સુખ એવું ઝાંઝવાના જળ જેવું. હોય નહીં, પણ દેખાય. દેખાય, પણ હકીકતમાં હોય નહીં. એમ સંસારમાં ઘણી વાર સુખ દેખાય છે, હોતું નથી. શાશ્વત સુખ તો શ્રીરામ છે, શાશ્વત આનંદ શ્રીકૃષ્ણ છે.

જો આનંદ સુખ રાશી, સિકર તે ત્રૈલોક સુપાસી સો
સુખધામ રામ અસનામા, અખિલ લોક દાયક બિશ્રામાા

અમે એ પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ. ભગવાન વેદ વ્યાસે મંગલાચરણ કરી નૈમિષારણ્યમાં ચાલતો શુક-શૌનકાદિઓનો જે સંવાદ છે. એની સાથે આપણને જોડ્યા છે. પ્રારંભમાં છ પ્રશ્ન પૂછ્યા છે, શૌનકાદિઓએ. છ ગુણવાળા ભગવાન એને જાણવા માટે છ પ્રશ્ન પૂછ્યા.

પહેલો પ્રશ્ન - શાસ્ત્રોનો સાર શું છે? બીજો પ્રશ્ન – શ્રેય શું છે? ત્રીજો પ્રશ્ન – શ્રેયની પ્રાપ્તિનું સાધન શું છે? ચોથો પ્રશ્ન – ભગવાનના અવતારનું પ્રયોજન શું છે? –પાંચમો પ્રશ્ન – કેટલા અવતાર થયા? કયા કયા? અને એમાં ભગવાને શું-શું લીલાઓ કરી? છઠ્ઠો પ્રશ્ન – ભગવાન જ્યારે સ્વધામ પધારી ગયા પછી ધર્મ કોને શરણે ગયો?

આ છ પ્રશ્નોના સંદર્ભમાં બાર સ્કંધમાં સૂતજીએ ભાગવત સંભળાવ્યું. માનો કે દરેક પ્રશ્નનો ઉત્તર બે–બે સ્કંધમાં અપાયો અથવા ભગવાનના છએય ગુણોનું વર્ણન બે-બે સ્કંધમાં વર્ણવવામાં આવ્યું.

સૂતજી બોલ્યા, 'ભગવાનમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ. પ્રશ્ન સંપ્રશ્ન હતો, કારણ કે ભગવાન વિશે પૂછાયેલો હતો. સંદૃષ્ટ થયા, કારણ કે પ્રશ્ન લોકમંગલ કરનારો પ્રશ્ન છે. જગત આખાનું કલ્યાણ કરનારો પ્રશ્ન છે. મુનિઓ, મનુષ્યનો પરમ ધર્મ એ જ છે, જેનું આચરણ કરતાં અધોક્ષજ ભગવાનમાં અનુરાગ થાય, પ્રેમ થાય.

ભાગવતમાં ધર્મની વ્યાખ્યા પણ પ્રેમ પરક છે અને આ જ વ્યાખ્યાની આજે વિશ્વને જરૂર છે. જે ભગવાનમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ. ભગવાનમાં પ્રેમ એટલે? ભગવાન માત્ર મંદિરની મૂર્તિમાં નથી રહેતો, પ્રાણીમાત્રના હૃદયમાં રહે છે.

'ઈશ્વર સર્વભૂતાનાં હૃદ્દેશેર્જુન તિષ્ઠતિ.' પ્રાણીમાત્રમાં પ્રેમ કરાવે તેનું નામ ધર્મ. જે ઘૃણા ઊભી કરે, હિંસા કરાવે, અમે જ સાચા અને બીજા બધા ખોટા - આવા દુરાગ્રહ કરાવે એ ધર્મ ન હોઈ શકે. વિશ્વને એવા ધર્મની જરૂર છે. જેનું આચરણ કરતાં ભગવાનમાં પ્રેમ થાય અને ભગવાનમાં પ્રેમ એટલે પ્રાણીમાત્રમાં પ્રેમ થાય.

પ્રેમ જબ અનંત હો ગયા, રોમ રોમ સંત હો ગયા.
દેવાલય હો ગયા બદન, હૃદય તો મહંત હો ગયા.

દેશની પ્રસિદ્ધ કવયિત્રી ઈન્દિરા ઈન્દ્રની આ પંક્તિઓ છે. ભગવાનમાં થયેલો પ્રેમ. એનું નામ ભક્તિ. ભક્તિ જ એવી શક્તિ છે જેને લીધે ભગવાન વારંવાર અવતરે છે. શાસ્ત્રોનો સાર શું છે? આ પ્રેમ. શ્રેયસ્કર શું છે? આ પ્રેમ, ભક્તિ. ભગવાનના અવતારનું પ્રયોજન શું છે? ભક્તિ.

તમે જુઓ તો આ બધા પ્રશ્નોનો જવાબ એક જ મળે છે. એ ભક્તિને લઈને જ ભગવાન અવતરે છે અને ભકતોને રાજી કરવા જુદી-જુદી દિવ્ય લીલાઓ કરે છે. પછી જ્યારે ભગવાન જાય છે ત્યારે ધર્મ કોના શરણે જાય છે? ભકતોના. જ્યાં ભક્તિ છે. એવા જલારામ બાપાને ત્યાં જઈને ધર્મ આશરો લે છે. ભગવાન સ્વધામ પધાર્યા પછી ધર્મ ક્યાં ગયો? વીરપુર, સતાધાર. આવા બધા સંતો–ઓલિયા જ્યાં છે, ધર્મ એમના શરણે જાય છે, કારણ કે ધર્મ આવા સંતોના ચરિત્રમાં હોય છે. ક્યાં ગયો ધર્મ? બજરંગદાસ બાપુને ત્યાં.

ધર્મ ક્યાં જઈને રહે છે? આવા ઓલિયા પુરુષોના સ્થાનમાં જઈ રહે છે. કલિકાલમાં તો શુદ્ધિ એ જ સિદ્ધિ છે. મન, કર્મ અને વચનથી જે હોય. મન, વચન અને કર્મની વચ્ચેનું અંતર ઘટતું પદને પામે. વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં જેટલું અંતર ઘટતું જાય, એટલો માણસ મહાત્મા તરફની યાત્રામાં આગળ વધે.

આમ, પ્રશ્નનો જવાબ એક જ છે – ભગવદ્દભક્તિ. ભગવદ્દભક્તિ એ જ શ્રીમદ્ ભાગવતમાં પ્રધાન છે. કહેવાની પાછળ પણ ભગવદ્દભક્તિ જ કારણભૂત છે અને ભાગવત સાંભળવાનો આશય પણ ભગવદ્દભક્તિ જ છે. પ્રભુ પણ આ ભક્તિને લઈને ચોવીસ વાર આવ્યા.

ભગવાનનું વ્યક્ત અને બીજું અવ્યક્ત એટલે કે જે દેખાતું હોય તેવું સ્વરૂપ, જેને લઈને બધું ચાલે છે. સ્થૂળ-સૂક્ષ્મ આ બધું ભગવાનનું જ છે. આ કથા ચોવીસ અવતારોની ભગવાન વેદવ્યાસજીએ લખી, શુકદેવને જણાવી. શુકદેવે રાજા પરીક્ષિતને સંભળાવી. સૂતજી કહે છે કે એ જ સંવાદ મેં પણ ગંગાના કિનારે બેસીને સાંભળ્યો અને આજે ગોમતીના કિનારે આ નૈમિષારણ્યમાં હે શૌનકાદિ ઋષિઓ! તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું.

તમને રોજ મળે છે 86,400 રૂપિયા!

પૃથ્વી પર વસતાં તમામ લોકોને ભગવાન રોજ સરખો જ સમય આપે છે; તો પછી આપણે સમયની ખેંચની ફરિયાદો કરવી છે? નિર્ણય આપણે કરવાનો છે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ઘણા સમય પહેલાંની વાત છે. એ સમયે લોકો પાણી પીવા માટે કૂવાનો ઉપયોગ કરતા. એ જમાનામાં ઘડાને અથવા મશકને કૂવામાં નાખવાનાં અને પાણી સિંચીને, તેને ગાળીને પીવા માટે ઉપયોગ કરવાનો.

એક વખત એક માણસ કૂવા પાસે પાણી પીવા ગયો. એણે મશકને દોરડા સાથે બાંધી, પાણીમાં નાખી. મશકમાં પાણી ભરાઈ જતાં તે દોરડું ખેંચવા માંડ્યો. શરૂઆતમાં તો મશક ખાસ્સી વજનદાર જણાઈ, પણ જ્યારે ઉપર આવી તો અંદર પાણી જ ન મળે! એણે ફરીથી એ જ મશક વડે પાણી સિંચવાનો પ્રયત્ન કર્યો; છતાં એ જ પરિણામ!

એણે ત્રણ-ચાર વાર પાણી સિંચ્યું, પણ બધી મહેનત પાણીમાં. પછી કોઈ સજ્જને તેને સમજાવ્યું કે, 'ભાઈ! તું આટલી મહેનત કરે છે, પણ જો તો ખરો! આ મશકમાં કાણાં જ કાણાં છે...' ત્યારે એને ભાન થયું કે પાણી તો ભરાતું હતું, પણ અજ્ઞાન એનું કે કાણાંમાંથી પાણી નીકળી જવા છતાં તેને ખબર નહોતી પડતી.

આપણું પણ આ કૂવાના કાંઠે પાણી સિંચતા એ મહાશય જેવું જ છે. ફરક એટલો કે એનું પાણી બરબાદ થતું હતું અને આપણો સમય બરબાદ થતો હોય છે. આપણને ખબર જ નથી રહેતી કે દિવસ દરમિયાન કેટકેટલી જગ્યાએ આપણો સમય અજ્ઞાનતામાં જ વહી જાય છે.

જોવાની ખૂબી એ છે કે સામાન્ય માણસ કરતા અનેકગણું મોટું અને વધુ કાર્ય કરનારા મહાપુરુષોના જીવનમાં સમયનું ચુસ્ત પાલન જોવા મળે છે. તેઓ મિનિટે-મિનિટનો વ્યવસ્થિત ઉપયોગ કરી જીવનમાં પ્રગતિ સાધતા જ રહે છે. સમયની ખેંચ માટે તેઓ ક્યારેય બૂમો નથી પાડતા, પણ એમાંથી રસ્તો કાઢવાનો પ્રયાસ કરે છે.

પ્રમુખસ્વામી મહારાજે અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પોતાના જીવનકાળ દરમિયાન 7.5 લાખથી વધુ પત્રો બીજાના ભલા માટે લખ્યા હતા. અતિ વ્યસ્ત દૈનિકક્રમની વચ્ચે પણ તેમને આ સેવા માટે સમય મળી જ રહેતો.

પ્રમુખસ્વામી મહારાજ સમયનો ઉપયોગ કરી જાણતા. આકાશમાં ફગાવેલો પથ્થર પૃથ્વી પર આવ્યા વિના રહે નહીં, તેમ પ્રમુખસ્વામી મહારાજને લખાયેલા પત્રનો ઉત્તર પત્રલેખકને મળ્યા વિના રહેતો નહીં.

આજે આપણે રોજ 'સમય ન મળ્યા'ના અનેક બહાનાં શોધીએ છીએ, ત્યારે તેઓ પોતાના ઉપર આવતા રોજના પચાસ જેટલા પત્રોના ઉત્તરો આપી દેતા! કોઈ એક પત્રનો જવાબ આપવા માટે તેને ધ્યાનથી વાંચવા-સમજવાનો, ઉત્તરો આપવાના.

પત્રવ્યવહાર તો એક કાર્ય; આ સિવાય રોજ સેંકડો લોકોની મુલાકાત, દિવસની બે-ત્રણ સભાઓમાં કથા, નિત્ય સરેરાશ 30-35 મુમુક્ષુઓના ઘરે પધરામણી અને સંસ્થાની વહીવટી મીટિંગો તો ખરી જ. છતાં તેમણે ક્યારેય સમયની ખેંચ સંબંધી ફરિયાદ કરી નથી.

ધારો કે, આપણને કહેવામાં આવે કે તમને રોજ સવારે 86,400 રૂપિયા આપવામાં આવશે. શરત એટલી કે દિવસના અંતે ન વપરાયેલા રૂપિયા પાછા લઈ લેવાશે. તો રોજ મળતી આ માતબર રકમના વપરાશ માટે આપણે કેટલું સૂક્ષ્મ આયોજન કરીએ?

ખરેખર આપણને રોજ સવારે 86,400 રૂપિયા આપવામાં આવે છે - સમય રૂપે. દિવસના 24 કલાકની સેકંડ્સની ગણતરી કરીએ, તો એનો સરવાળો થાય છે 86,400. પૃથ્વી પર વસતાં તમામ લોકોને ભગવાન રોજ સરખો જ સમય આપે છે; તો પછી આપણે સમયની ખેંચની ફરિયાદો કરવી છે? કે જાગૃત થઈને 86,400 સેકંડ્સનો ખરેખરો ઉપયોગ કરવો છે? નિર્ણય આપણો છે.

સત્તાધીશની દૃષ્ટિ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ગોંડલના રાજા ભગતસિંહજી બગીમાં બેસી કોઈ કાર્યે જઈ રહ્યા હતા. રસ્તામાં વળાંક આવતાં બગી થોડી વળી. એ જ સમયે સામેથી ટ્રક આવ્યો. ટ્રક એટલો સ્પીડમાં હતો કે, બ્રેક લગાવવી અશક્ય હતી, તેથી અકસ્માત થયો. અકસ્માતથી બગીના બંને ઘોડા તત્કાળ મૃત્યુ પામ્યા. જોકે બગી જોરથી ઊથલી પડતાં તેનો ચાલક અને મહારાજા બંને દૂર ફેંકાયા. સદ્દભાગ્યે દૂર ફેંકવાનાં કારણે જ બંને બચી ગયા.

ટ્રક ડ્રાઈવરને ખ્યાલ આવ્યો કે મહારાજાની બગી સાથે અકસ્માત થયો છે, તેથી તે ભયભીત થઈ ગયો કે, હવે કાં તો ફાંસીની સજા થશે અથવા જનમટીપ તો થશે જ. ભગતસિંહજીએ તરત તેને કહ્યું કે, તું અત્યારે ને અત્યારે અહીંથી ચાલ્યો જા. નહીંતર મારા પોલીસો તને ખૂબ મારશે.

તે ભાગી ગયો. આ બાજુ બીજી બગી દ્વારા મહારાજા મહેલે પહોંચ્યા. પોલીસકર્મીઓએ સાંજ સુધીમાં ટ્રક ડ્રાઈવરને પકડી લીધો અને બીજા દિવસે રાજા ભગતસિંહજી સમક્ષ ઊભો કર્યો.

કોઈ કંઈ બોલે તે પૂર્વે જ ભગતસિંહજી બોલ્યા, 'આ ટ્રક ડ્રાઈવર નિર્દોષ છે. તેને મુક્ત કરવામાં આવે. અમારી બગી જ રોંગ સાઈડમાં હતી. તેથી અકસ્માત થયો. ભૂલ અમારી છે.' ટ્રક ડ્રાઈવર મહારાજાની ઉદારતા ઉપર ઓવારી ગયો.

સત્તા પર બેઠા પછી લગભગ સૌને બીજાની જ ભૂલ દેખાય છે, ત્યારે આ સત્ય ઘટના સત્તાધીશો માટે મોટો આદર્શ છે.

જીવનમાં સર્વાંગી પ્રગતિ નિશ્ચિત છે

'નિર્વાણ' શૂન્ય થવાની વાત છે અને 'બ્રહ્મ' પૂર્ણ થવાની વાત છે. એકમાં ભરાઈ જવાની વાત છે અને એકમાં ખાલી થઈ જવાની વાત છે. જેમ ગંગા અને નર્મદા બંને અલગ અલગ દિશામાં વહેવા છતાં અંતે સમુદ્રને મળે છે, એ જે સ્થિતિને પહોંચે છે તે સ્થિતિ એક જ છે.

સબ અપની-અપની ભૂમિકા કે અનુસાર માર્ગ ગ્રહણ કર સકતે હૈં, અપની-અપની રુચિ, પ્રકૃતિ અનુસાર માર્ગ ગ્રહણ કર સકતે હૈં. સંશય કરવાનો અધિકાર શિષ્યને, શ્રોતાને છે અને એ અધિકારને છીનવી લેવામાં આવ્યો, ત્યારથી ધર્મનું ક્ષેત્ર તંદુરસ્ત ન રહ્યું. કેવળ માન્યતા બની ગઈ છે કે, ઈશ્વર છે તેય માન્યતા અને ઈશ્વર નથી તેય માન્યતા. એ અર્થમાં નાસ્તિકોની નાસ્તિકતા પ્રામાણિક નથી અને આસ્તિકોની આસ્તિકતા પ્રામાણિક નથી.

ભગવાન બુદ્ધ પાસે એક માણસ આવ્યો અને કહ્યું, 'ઈશ્વર છે? હું તો માનું છું કે ઈશ્વર છે.' બુદ્ધે કહ્યું, 'ઈશ્વર નથી. તારી માન્યતા ખોટી છે. ઈશ્વર જેવું કંઈ છે જ નહીં.'

સાંજે બીજો એક માણસ આવ્યો. તેણે કહ્યું 'ઈશ્વર નથી એમ મેં સાંભળ્યું, તમે કહ્યું ઈશ્વર નથી ?' બુદ્ધે કહ્યું, 'ના, ઈશ્વર છે ને! ઈશ્વર અને ઈશ્વર જ છે.' 'હા, તો ઠીક.' કહી એ જતો રહ્યો.

બુદ્ધનો શિષ્ય આનંદ આ સાંભળી રહ્યો હતો. તેણે ગુરુદેવને કહ્યું, 'ભગવન! હમેં આપકી બાત સમજ મેં નહીં આયી. સુબહ જો આદમી આયા, ઉસકો આપને કહા કિ ઈશ્વર નહીં હૈ ઔર શામ કો જો આદમી આયા, ઉસકો આપને કહા કિ ઈશ્વર હૈ. બાત સમજ મેં નહીં આઈ. આપ સુબહ મેં યે કહતે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણી આસ્તિકતામાં કે નાસ્તિકતામાં ક્યાંય પ્રામાણિકતા નથી હોતી

હૈં, શામ કો યે કહતે હૈં. મામલા કયા હૈ ?'

બુદ્ધને કહા, 'યે દોનોં જવાબ ઉન દોનોં કે લિયે થે, તુને ક્યોં સુને ? દોનોં મેં સે એક ભી જવાબ તેરે લિયે નહીં થા, મગર તુમને પૂછ હી લિયા હૈ, તો મૈં તુમ્હેં કહતા હૂં. જો આદમી સુબહ આયા થા, વહ ઈશ્વર કો માનતા થા, વહ આસ્તિક થા, વહ ઈશ્વર કે અસ્તિત્વ કો સ્વીકારતા થા લેકિન ઉસકી આસ્તિકતા ભી કેવલ માન્યતા થી. વહ માન્યતા જબ તક અનુભૂતિ મેં નહીં બદલેગી, તબ તક ઈશ્વર ઉસ કે લિએ બોજા હી રહ જાયેગા, મુજે ઉસે ધક્કા દેના થા, ઈસલિયે મૈંને કહા ઈશ્વર નહીં હૈ, તાકિ ઉસકો ધક્કા લગે ઔર વહ અનુભૂતિ કી યાત્રા પ્રારંભ કર દેં.'

'શામ કો દૂસરા આદમી આયા, ઉસને માન લિયા થા કિ ઈશ્વર નહીં હૈ, ઉસકો મૈંને કહા કિ ઈશ્વર હૈ, તાકિ વહ ભી માન્યતા મેં રુકા ન રહે ઔર યાત્રા પ્રારંભ કર દે. મૈંને ઉસસે કહા કિ ઈશ્વર હૈં. તાકિ ઉસકી નાસ્તિકતા કો જરા ધક્કા લગે ઔર વહ ભી યાત્રા પ્રારંભ કર દેં.' આમ આસ્તિક પોતાની આસ્તિકતાને કેવળ માન્યતા ન માને, અનુભૂતિ તરફ યાત્રા શરૂ કરી દે અને નાસ્તિક પોતાની નાસ્તિકતાને માન્યતા ન રહેવા દે અને અનુભૂતિ તરફ યાત્રા શરૂ કરી દે તો બંને જ્યાં પહોંચશે, એ સ્થાન એક જ હશે.

આપણી નાસ્તિકતા પણ પ્રામાણિક નથી. આપણી આસ્તિકતાય પ્રામાણિક નથી. આજકાલ ફેશન ચાલી છે નાસ્તિક રહેવાની, ભણેલા-ગણેલા રેશનાલિસ્ટ કહે છે. 'અમે આ બધામાં નથી માનતા – આ કથા-વાર્તા ને સાધુસંતોને અમે નથી માનતા.'

હું શિક્ષકોને કહેતો હોઉં છું કે ભણાવવા માટે પગાર મળે છે, પરંતુ જો કોઈ એવું વિચારે કે પગાર મળે તે માટે ભણાવવું - એ દિવસે યાદ રાખવું કે, જીવનમાં ગુરુતત્ત્વ નહીં રહે.

ભગવદ્ ગીતાનો કર્મયોગ શીખવાડે છે કે -

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચના
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંઙ્ગોઽસ્ત્વકર્મણિ (શ્રી. ભ. ગી. 2/47)

કૃષ્ણ કહે છે તારું ફળ કર્મના હેતુથી થયેલું ન હોય! તો પછી સ્વાર્થી લોકો કહે, ફળ ન મળવાનું હોય, તો શું કામ કર્મ કરવાનું?

કૃષ્ણ આગળ કહે છે કે. 'તારું કર્મ ફળની લાલસાથી, ફળની ઈચ્છાથી થયેલું ન હોવું જોઈએ. જો તું એમ કહેતો હોય કે તો આપણે કર્મ જ શું કામ કરવું જોઈએ? કર્મ કરવાનો તારો અધિકાર છે, તું સ્વતંત્ર છે કર્મ કરવામાં, પરંતુ તારું કર્મ ફળની લાલસાથી કરેલું ન હોવું જોઈએ.'

મનુષ્યે પાંચ યજ્ઞ કરવાના હોય છે, તેમાંનો એક યજ્ઞ છે બ્રહ્મયજ્ઞ. બ્રહ્મયજ્ઞ એટલે વેદો, શાસ્ત્રો અને નિત્ય સ્વાધ્યાય, ચિંતન કરવાનું હોય છે અને વક્તા જો ચિંતન, સ્વાધ્યાય ન કરે, પ્રવચનમાં, સ્વાધ્યાયમાં પ્રમાદ કરે, તો જીવનમાં પૂર્ણતા ન આવે.

આમ, જીવનમાં નિત્ય સત્સંગ, વિવેક સાથે જીવવામાં આવે તો સર્વાંગી પ્રગતિ નિશ્ચિત છે.

જાદુઈ જડીબુટ્ટી

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભારત દેશ અને ભારતીય સંસ્કૃતિ - મંદિર, શાસ્ત્રો અને સંતો સાથે ખૂબ જ શ્રદ્ધાપૂર્વક જોડાયેલા છે. એનું એક જ કારણ છે કે ભારતીય પ્રજાજનોમાં આસ્તિકતા આજે પણ જીવંત છે. આ મહાપવિત્ર ત્રિવેણી સંગમમાં પણ સંતો એવા હરતાં-ફરતાં જીવંત પાત્રો છે, જેમના જીવનમાંથી આપણને સતત પ્રેરણા મળતી રહે છે.

સંત ગુરુ નાનકના જીવનનો એક અદ્ભુત પ્રસંગ છે. ગુરુ નાનકે એક વાર પોતાના પુત્રને કહ્યું, 'બેટા, આજે હું ગૌશાળા સાફ કરવાનું ભૂલી ગયો છું, તો તું સાફ કરી શકીશ?' તેમના પુત્રએ જવાબ પાઠવ્યો કે, 'મારે હજી પૂજાપાઠ બાકી છે. જો હું ગૌશાળા સાફ કરીશ, તો કપડાં ગંદા થશે. પછી પૂજાપાઠ કેવી રીતે કરી શકીશ?' પુત્ર આટલું કહીને નીકળી ગયો. ગુરુ નાનક કંઈ બોલ્યા નહીં, તેમણે અંગદ નામના શિષ્યને બોલાવીને આ જ વાત કહી. અંગદ કશું બોલ્યા વિના તરત ગૌશાળાએ પહોંચી ગયો. છાણના ટોપલા ભરીને બહાર કાઢ્યા, સફાઈ કર્યા પછી ફરીથી નહાયો અને ત્યાર બાદ પૂજાપાઠ કર્યાં!

બીજા દિવસે ગુરુ નાનક પોતાના ઉત્તરાધિકારીની જાહેરાત કરવાના હતા. બધા શિષ્યો ગુરુ નાનકના ખંડમાં એકઠા થયા. નાનકે જાહેર કર્યું કે, 'મારા ઉત્તરાધિકારી તરીકે હું અંગદ પર પસંદગી ઉતારું છું!' આ વાક્યથી શિષ્યોમાં ગણગણાટ થયો. પોતાના પુત્રને મૂકીને ગુરુએ અંગદને શા માટે પસંદ કર્યો? શિષ્યોના આશ્ચર્યને કળી ગયેલાં ગુરુ નાનક બોલ્યા, 'મારા પુત્ર કરતાં ઉત્તરાધિકારી થવાની વધુ યોગ્યતા અંગદમાં છે, કારણ કે જે ગૌશાળાની ગંદકી સાફ કરવાની નમ્રતા ધરાવે, તે સમાજની ગંદકી પણ જરૂર સાફ કરી શકે.'

હા, ગમે તે હોદ્દા પર, ગમે તે ઉંમરના, ગમે તેટલાં સત્તા-શાણપણ ધરાવતાં હોવા છતાં બીજાને મદદ કરવા માટે નાનામાં નાની ક્રિયા કરી શકવાની ક્ષમતાને મહાન પુરુષો 'નમ્રતા' કહે છે. વળી, કોઈક કહે ત્યારે જ નહીં, 'સામેવાળી વ્યક્તિને મારી મદદની જરૂર છે.' એમ સમજીને ત્યાં પહોંચી જવાની સહજ સૂઝ, નમ્રતા સત્પુરુષોનાં જીવનમાં આપણને સુપેરે જોવા મળે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના કંથારિયા ગામે મંદિર તૈયાર થતાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે ગુરુ યોગીજી મહારાજે પોતાના વતી પ્રમુખસ્વામી મહારાજને મોકલેલા. પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત ત્રિદિવસીય પારાયણના મુખ્ય વક્તા પણ તેઓ જ હતા.

એક વાર કથા બાદ પ્રમુખસ્વામી મહારાજ રસોડા પાસેથી પસાર થતા હતા. તેમણે જોયું કે એક સંત પૂરીઓ વણી રહ્યા છે. તે જ સંત પૂરીઓ તળી પણ રહેલા. તે સંતને બેય ક્રિયા સાથે કરવામાં પડતી અડચણ પ્રમુખસ્વામી મહારાજથી અજાણી ન રહી. તેઓ તરત જ તેલના એક ખાલી ડબ્બાને ઊંધો કરી, તેના પર બેસી ગયા અને પૂરીઓ તળવા લાગ્યા! જે હાથે મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી, એ જ હાથે પૂરીઓ તળાવા માંડી!

એટલું જ નહીં, વિરાટ સંસ્થાના આધ્યાત્મિક ગુરુપદે આવ્યા પછી પણ તેઓની આ રીત અખંડિત રહી. ગુરુપદે આરૂઢ થયા બાદ એક વાર પ્રમુખસ્વામી મહારાજ ગોંડલ સ્વામિનારાયણ મંદિરનું નિરીક્ષણ કરવા નીકળેલા. તેમણે ભંડારમાં જોયું કે રોટલી બનાવવા માટેનો લોટ વધારે છે અને

રોટલીઓ વણનારા ઓછા છે. ઠાકોરજીનો થાળ અને ભક્તોનું ભોજન સમયસર તૈયાર થાય, તે માટે સ્વયં તરત જ પાટલા પર બેસીને રોટલીઓ વણવા મંડેલા. એ જ હાથે, જે હાથ અક્ષરધામ જેવા મહાલયો અને 1100થી વધુ સનાતન ધર્મના હિંદુ મંદિરો કે ભવ્ય ઉત્સવો દ્વારા ભારતીય સંસ્કૃતિનો વિજયધ્વજ વિશ્વમાં લહેરાવવા જેવા અનેક કાર્યોના વિશ્વકર્મા બનેલા.

નમ્રતારૂપી જડીબુટ્ટી જ જીવનના ઝંઝાવાતોમાં આપણું અસ્તિત્વ ટકાવી રાખવા મદદરૂપ થાય છે. પ્રમુખસ્વામી મહારાજે આજથી 50 વર્ષ પૂર્વે સંસ્થામાં રચેલા કાર્યકર માળખા અંતર્ગત સૌ કાર્યકરોના જીવનમાં આ નમ્રતાના બીજનું વાવેતર કરેલું, જે આજે વટવૃક્ષ બનીને સમગ્ર વિશ્વમાં એની સોડમ આપી રહ્યું છે. આગામી શનિવારે, 07 ડિસેમ્બરે પ્રમુખસ્વામી મહારાજની જન્મ જયંતિએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ભવ્ય કાર્યકર સુવર્ણ મહોત્સવ યોજાનાર છે, જેમાં એક લાખ જેટલા કાર્યકરોનું અભિવાદન કરવામાં આવશે.

મહાપુરુષોના જીવનમાંથી મળેલી આ જડીબુટ્ટી આપણને રોજિંદા જીવનમાં પણ કામ આવે છે. ભલે આપણે ઘરના મોવડી હોઈએ કે ઓફિસના બોસ; કે કોઈ મહાસત્તાના નેતા. નમ્રતાભર્યું જીવન જીવીને, નિઃસ્વાર્થ ભાવે બીજાને મદદ કરતાં રહીને આપણા જીવનને સાર્થક બનાવીએ.

મૌન રાખે તે મોટો

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

અમાસના અંધકારમાં એક ફાનસ ચારેય બાજુ પ્રકાશ ફેલાવી રહ્યું હતું. રાત્રિની નીરવ શાંતિમાં ફાનસનાં ભિન્ન-ભિન્ન અંગો પોતપોતાનું મહત્ત્વ પ્રદર્શિત કરતો વાર્તાલાપ કરવા લાગ્યા. ફાનસની જ્યોત બોલી, 'અમાસના ઘોર અંધકારમાં જે થોડોઘણો પણ પ્રકાશ દેખાય છે, એ મને આભારી છે. જો હું જ ન હોત, તો આ પ્રકાશનું અસ્તિત્વ પણ ન હોત!'

જ્યોત હજી મૌન થાય, તે પૂર્વે વાટ બોલી, 'તારાં કારણે પ્રકાશ છે કે નહીં, એ મને ખબર નથી, પણ તું તો મારાં કારણે જ છે. તું એમ માનતી હોય કે, આ પ્રકાશ મારાં કારણે જ છે, તો ભૂલી જજે. એટલે ખરેખર પ્રકાશનું મહત્ત્વનું કારણ તો હું જ છું.'

વાટની વાત પૂરી થાય, તે પૂર્વે તો ફાનસનો કાચ બોલ્યો, 'તમે બંને તમારો બકવાસ બંધ કરો. તમે તમારી જ મોટી-મોટી વાતો કરો છો, તમને ખ્યાલ છે કે, જો હું ન હોત, તો પવનથી તમારું રક્ષણ કોણ કરત? એટલે હું છું, તેથી પ્રકાશ છે, એ તમે બંને ભૂલતાં નહીં.'

જ્યોત, વાટ અને કાચનો વાદ-વિવાદ ચાલતો હતો, ત્યાં અચાનક પ્રકાશ જતો રહ્યો અને ચોમેર અંધારું ફેલાઈ ગયું.

ત્રણેયને ત્યારે સમજાયું કે, આપણે ત્રણેય માત્ર પોતાની મોટાઈ પુરવાર કરીએ છીએ. ખરેખર તો પ્રકાશ માટે મહત્ત્વનું કારણ દીવેલ છે અને તે તો એક અક્ષર પણ નથી બોલતું...!

ફરજપાલન શીખો શ્રીરામ પાસેથી, પ્રેમ કરો શ્રીકૃષ્ણની માફક

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે ચોરી કરે અને ખોટું બોલે. ઉપદેશ સત્યનો આપે અને સત્ય બોલવાનું કહે!

ભગવાને પોતાની વાણીથી આપણને જે સમજાવ્યું એ શાસ્ત્ર છે, વેદ છે, ઉપનિષદ છે, ગીતા છે. વાણીથી સમજાવ્યા છતાં, વારંવાર ગીતાના પાઠ કરવા છતાં, ઉપનિષદની વાતો સાંભળ્યાં છતાં આપણે જીવન એવું બનાવી નથી શકતા, તો પરમાત્મા સાથેનો સંબંધ તૂટી જાય છે.

આરાધકમાં આરાધ્યના ગુણ

ક્યારેક ઊંચા આદર્શો સુધી પહોંચવા માટે મનુષ્ય પ્રયત્નો જ નથી કરતો. એને પ્રેક્ટિકલ બનાવવા, મનુષ્ય-જીવનનો આદર્શ રચવા અને આવું જીવન પણ શકય છે, સંભવ છે એનો વિશ્વાસ અને પ્રતીતિ કરાવવા માટે સ્વયં પરમાત્મા ક્યારેક રામ, તે ક્યારેક કૃષ્ણ બનીને આવે છે અને અદ્‌ભુત અભિનય, લીલા કરીને એ દર્શાવે છે. જો તમે મને ભજતા હો તો આ પ્રકારનું જીવન બનાવો.

જેને તમે ભજો છો, એના જે ગુણ હોય એ ગુણ ભજવાવાળામાં આવ્યા વિના રહેતા નથી. સાચી આરાધના એ છે કે આરાધ્યના ગુણ આરાધકના જીવનમાં પ્રગટયા વિના રહે નહીં. સાચી આરાધના એ છે કે જેના ભજવાથી આરાધકમાં આરાધ્યના ગુણ પ્રગટે.

પરમાત્મા ઈન્સાનની આરાધના કરતાં કરતાં ઈન્સાન બની જાય છે અને એ રામ બનીને, કૃષ્ણ બનીને આવે છે અને આપણને દેખાડે છે, શીખવાડે છે. પોતે કરીને સમજાવે છે કે આવી રીતે બોલવું, બેસવું, ભાવ લાવવા જોઈએ, વર્તન કરવું જોઈએ.

ફરજપાલનની વાત શીખવી હોય તો શ્રીરામ પાસેથી શીખજો. શ્રીકૃષ્ણના જીવનમાં જીવનને પ્રેમ કરવાની વાત છે. જીવના અસ્વીકારની નથી. સુવર્ણના મહેલમાં રહેવાનું પણ સ્વીકાર્ય છે, તો વખત આવ્યે વિદૂરની ઝૂંપડીમાં જવામાં પણ સંકોચ નથી. એ જન્મે છે કારાગૃહમાં અને કામ કરે છે મુક્તિ દેવાનું.

વિચારવા બેસીએ તો કૃષ્ણનું જીવન જાતજાતના વિરોધાભાસથી ભરેલું છે. કૃષ્ણના જીવનમાં જાતજાતના વિરોધાભાસ જોવા મળે છે. જે ચોરી કરે અને ખોટું બોલે. વળી, ઉપદેશ સત્યનો આપે અને સત્ય બોલવાનું કહે. આ વિચિત્ર વાત નથી લાગતી? પણ એ ચોરી ચોરી નથી, એ અનુગ્રહ છે. કૃષ્ણ ચરિત્રમાં આપણે સાંભળીએ છીએ કે તે ગોપીઓને સતાવે છે, ગોપીઓની માખણની મટકી ફોડે છે, માખણ ખાઈ જાય છે, લૂંટી લે છે. આમ તો એ ચોરી કરતા હોય એવું દેખાય છે, પણ હકીકતમાં એ અનુગ્રહ છે.

મેં કહ્યું, 'તારી વાત સાંભળીને શ્યામ ત્રણ દિવસ નહીં આવે, તો ચોથે દિવસે તું પોતે એને શોધવા નીકળીશ એ નક્કી વાત છે. ત્રણ દિવસ વીતી ગયા. કાનમાં બંસીના નાદ સંભળાયા નહીંસ તો તું પોતે એને ગોતવા નીકળીશ.' પ્રેમમાં તો આવું જ થાય છે. પ્રેમ એનું નામ છે જે કરવા માટે મન ના પાડે અને દિલ એ રોજ કરવાનું વિચાર કરે.

પ્રેમમાં 'ન'કાર એ 'હ'કાર હોય છે અને પ્રેમમાં 'હ'કાર 'ન' કાર હોય છે. પ્રેમના શબ્દકોષમાં બધા શબ્દો બદલાઈ જાય છે. તેથી તો પ્રેમની ડિક્સનરી જુદી છે એમ કહ્યું છે. એટલા માટે પ્રેમ સંયોગમાં વિયોગ અને વિયોગમાં સંયોગ છે. યોગમાં ભોગ અને ભોગમાં યોગ છે. પ્રેમમાં જીતવાનો અર્થ થાય છે, હારવું અને હારવાનો અર્થ થાય છે, જીતવું.

ઈશ્વરને ઈન્સાન પર ભરોસો

પ્રેમમાં જે હારે છે એ જીતે છે. પ્રેમની ડિક્શનરીમાં બધા શબ્દો એનો અર્થ બદલી નાખે છે. પરમાત્મા સાચા આરાધક છે. આરાધના કેમ કરવી જોઈએ એ પરમાત્માને પૂછો. વિશ્વાસ કેમ કરાય એ પરમાત્માથી શીખો. આપણા મનમાં ભલે વિશ્વાસ ન હોય, પણ પરમાત્માના મનમાં આપણા માટે પૂરો વિશ્વાસ છે. એક વાત વિચારો. કોઈના ધંધામાં ખોટ જાય. તો એ ધંધો ચાલુ રાખે કે બંધ કરે? પરમાત્મા પણ ખોટનો ધંધો નથી કરતા.

રવીન્દ્રનાથ ટાગોરે એક ગીતમાં કહ્યું છે કે, 'આ ધરતી પર હજી બાળકનો જન્મ થઈ રહ્યો છે. એનો અર્થ એ છે કે પરમાત્માએ હજી મનુષ્ય જાતિમાંથી વિશ્વાસ ગુમાવી દીધો નથી. ધરતી પર બાળકનું અવતરવું સિદ્ધ કરે છે કે હજી પણ ઈશ્વરને ઈન્સાન પર ભરોસો છે.' પ્રત્યેક બાળકનો જન્મ એ વાતનું પ્રમાણ છે. આપણને જીવન આપીને પરમાત્માએ કહ્યું કે, 'આઈ લવ યુ', તો આપણે પણ સારી રીતે જીવીને ભગવાનને કહી શકીએ કે, 'વી લવ યુ ટુ.'

પોતાના કર્મને પરમાત્માની પૂજાનું સ્વરૂપ આપીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. પોતાના કાર્ય પ્રતિ સમર્પણનો ભાવ નથી. કાર્યમાં રસ અને નિષ્ઠા નથી. કાર્ય કરવામાં પ્રેમ નથી, તો તમે જે કરો છો એ માત્ર મજૂરી છે. જો તમે તમારા કર્મને પૂજા સમજશો, એના પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા રાખશો તો તમારું કાર્ય પરમાત્માની પૂજા બનશે.

કામ એ શરીરનો ખોરાક છે. શ્રમ એ શરીરની પૂજા છે. જે રીતે શ્રીકૃષ્ણની પૂજા કરો છો, એ રીતે તમારા શરીરની પણ પૂજા કરો. શરીરને યોગ્ય માત્રામાં શ્રમ આપો. જેના જીવનમાંથી શારીરિક શ્રમની બાદબાકી થઈ જાય છે, એનું પતન થાય છે.

સૌષ્ઠવ અને સૌંદર્યનું પતન

સુંદરતાનું બીજું નામ જ શ્રીકૃષ્ણ છે. એટલા માટે જે યોગ્ય માત્રામાં શ્રમ કરે છે એ ઈશ્વરની પૂજા કરે છે. ફરીથી કહું છું કે યોગનો અર્થ જ છે સંતુલન. યોગનો અર્થ છે અતિનો અભાવ. જીવનમાં કોઈ પણ અતિ કે હદબહારની ચેષ્ટા જીવનના આનંદને, સૌંદર્યને નષ્ટ કરી દે છે. યોગનો અર્થ છે અતિનું નિવારણ. અતિ સુખ પણ દુઃખનું બીજું નામ છે. એટલા માટે પરમાત્માએ સુખની સાથે દુઃખ પણ આપ્યું છે. જીવનમાં દુઃખ નહીં હોય તો સુખ, સુખ નહીં લાગે.

મનને અડગ રાખવું કઈ રીતે?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આ પ્રસિદ્ધ પંક્તિનો કદાચ સૌને પરિચય હશે: 'કાયર મનના માનવીને રસ્તો કદી જડતો નથી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી...' જેનું મન અડગ હોય, ગમે તેવી પરિસ્થિતિઓ કે સંજોગો જેના મનને ચળાવી શકવા સમર્થ ન થઈ શકે, તે મનુષ્યો જ ખરેખર જીવન જીવી ગયા કહેવાય.

મનને અડગ રાખવું કઈ રીતે? કોઈ પણ અચલ વસ્તુને તેના મજબૂત પાયાનો ટેકો હોય છે. તેમ મનને અડગ-અચલ રાખવા માટે કોઈ સારા વિચારોનો ટેકો લે, તો કોઈ સારા પુસ્તકોનો; કોઈ ઉપકરણોનો ટેકો લે... પરંતુ શું કોઈ એવો ફૌલાદી ટેકો મળે કે જે ટેકો એક વાર લીધા પછી બીજા ટેકાની જરૂર જ ન પડે?

કુરુક્ષેત્રમાં, મહાભારતના મહાસંગ્રામ વખતે અર્જુનની જે પરિસ્થિતિ રજૂ કરવામાં છે, તે કંઈક આવી જ છે. અર્જુન પોતાના જ ભાઈભાંડુઓ, કુટુંબીજનો, ગુરુજનો કે વડીલોને જોઈને અત્યંત નિરાશ થઈ જાય છે. મારે આ લોકો સામે લડવાનું? આ મહારથીઓને મારવાના? પોતાની ફરજ બજાવવા જતાં અર્જુન ભાંગી પડે છે.

એવા સમયે તે ટેકો લે છે, પોતાના પ્રિય મિત્ર શ્રીકૃષ્ણ ભગવાનનો. એ શ્રીકૃષ્ણ પરમાત્માને કહે છે: 'હે ભગવન્! મારું શરીર ધ્રૂજે છે, મારા હાથમાંથી ગાંડીવ સરી રહ્યું છે. મારા સર્વે અંગો શિથિલ થઈ ગયા છે. હું યુદ્ધ કરવા અસમર્થ છું.' એ વખતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો ઉપદેશ આપીને બેઠો કરે છે અને અંતે અર્જુન યુદ્ધ કરવા માટે કટિબદ્ધ થાય છે. ભગવાનના ટેકાથી ભાંગી પડેલો અર્જુન બેઠો થઈ શક્યો.

અર્જુનની અને આપણી પરિસ્થિતિ વચ્ચે ફેર એટલો છે કે અર્જુનને રણમેદાનમાં યુદ્ધ ખેલવાનું હતું, જ્યારે આપણે જીવનનું યુદ્ધ ખેલવાનું છે. સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ, હાર-જીત, ઉતાર-ચડાવ વગેરે સંજોગોના સંગ્રામમાં અડગ રહેવાનું છે.

જાણીએ વાત એવા અર્જુનની, જે જીવનસંગ્રામમાં અડગ રહ્યો. આ વાત છે વલસાડના કોસંબા ગામના યુવાન ઘનશ્યામ ટંડેલની. 26 વર્ષની વયના આ યુવાનને એક દિવસ જમણી બાજુના ખભામાં દુઃખાવો ઉપડ્યો. પહેલાં તો એણે બહુ ધ્યાન ન આપ્યું, પણ દુઃખાવો વધતાં ડોક્ટરને બતાવ્યું. નિદાનમાં જણાયું કે ખભામાં કેન્સર છે. તેથી ઓપરેશન કરી ખભાનું હાડકું કાઢી નાખ્યું.

લગભગ સાત મહિના બાદ ફરી તપાસ કરતાં ખબર પડી કે બચેલું હાડકું આખું ખવાઈ ગયું છે. એટલે ફરી ઓપરેશન કરીને આખા હાથનાં હાડકાં કાઢી નાખવામાં આવ્યાં. હવે ફક્ત માંસના લોચા સાથે એ યુવાનનો હાથ ટકી રહેલો. આ તો કસોટીની શરૂઆત માત્ર હતી. ત્રણ મહિના બાદ અંદર ગાંઠો થવાની શરૂ થઈ. એટલે મુંબઈ જઈ ઓપરેશન કરી લોખંડનો જોઈન્ટ ફિટ કરવામાં આવ્યો. થોડા વખતમાં તો એ જોઈન્ટની આજુબાજુ પણ ગાંઠો થઈ અને પાકી ગયું. એટલે ચોથું ઓપરેશન કર્યું.

હજી કંઈક ખૂટતું હોય એમ થોડા સમયમાં તો લોખંડનો જોઈન્ટ ખભામાંથી બહાર આવી ગયો. એટલે ઓપરેશન કરી જોઈન્ટ ફરી બેસાડવામાં આવ્યો. પરિસ્થતિ વધુ ને વધુ વકરતી જતી હતી. તેથી ડોકટરોની સલાહ મુજબ છઠ્ઠું ઓપરેશન કરી આખો જમણો હાથ કાઢી નાખવામાં આવ્યો. છતાં ખભામાં 3-4 જેટલી ગાંઠો થઈ. સાતમું ઓપરેશન કરી ખભાનો ભાગ પણ કાઢી નાખ્યો.

આટઆટલું થયા પછી કોઈની પણ ધીરજ ખૂટી જાય. આ ઉપરાંત, ખભાની અંદરના ભાગમાં ગાંઠો થઈ, તો ઓપરેશન કરી ગળા સુધીનો ભાગ કાપ્યો. ત્યાર બાદ પીઠ ઉપર ગાંઠો થઈ તો ફરી ઓપરેશન કરી એ ભાગ પણ કાઢ્યો. એ ઓપરેશનની જગ્યાએ ફરી ગાંઠો થઈ તો ઓપરેશન કરી એ ભાગ પણ કાઢી નાખવામાં આવ્યો.

કલ્પનામાં પણ ન કરી શકાય એવી ભયંકર પરિસ્થિતિઓમાંથી પસાર થયા પછી પણ સલામ છે એ યુવાનની અડગતાને કે તે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ઉજવાયેલા ઉત્સવમાં સ્વયંસેવક તરીકે સેવામાં હોંશે-હોંશે જોડાયો! કોઈએ તેને પૂછ્યું કે, 'તને એવું નથી લાગતું કે ભગવાન તારી સાથે અન્યાય કરી રહ્યા છે? તારી રક્ષા કેમ નથી કરતા?'

એ યુવાને ખુમારી સાથે જણાવ્યું કે, 'મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં અડગ રહેવાની મને તેમણે પ્રેરણા આપી છે. ભગવાને મારી રક્ષા તો કરી જ છે, નહીં તો હું આજે તમારી સામે જીવતો ન હોત... મને પળે-પળે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી પ્રેરણા મળતી રહી છે.'

બીજા બધા ટેકા પ્લાસ્ટિક, લાકડા, સિમેન્ટ કે અન્ય કોઈ પદાર્થના હોઈ શકે. પણ જેણે ભગવાન અને સંતનો આશ્રય કર્યો છે, તેમને ફૌલાદી ટેકો મળ્યો છે, એ તમામને મન અડગ રાખવામાં ક્યારેય તકલીફ પડી નથી. નિર્ણય આપણા હાથમાં છે...

દોષ દેખાય ત્યારે...

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક ગામથી બીજે ગામના વિહાર દરમિયાન ખૂબ તડકો થઈ ગયો. ઘણું ચાલ્યા પછી એક વિશાળ વૃક્ષ નીચે બેસવાની ઈચ્છા થઈ. તે માટે ઘેઘૂર વૃક્ષની શોધમાં હતો, પણ માર્ગમાં જે વૃક્ષ આવતા હતા, બધા સાવ સૂકાં... ડાળી પર પાંદડાં ક્યાંય નહીં અને પાંદડાં ન હોય તો છાયા ક્યાંથી મળે...!

સમીપથી પસાર થતા એક ખેડૂતને આનું કારણ પૂછ્યું, તો તેણે કહ્યું, 'અત્યારે પાનખર ઋતુ છે, એટલે એક પણ વૃક્ષ ઉપર પાંદડાં જોવા નહીં મળે.'

કેટલાક સમય પછી એ જ માર્ગથી પાછું આવવાનું થયું અને જોયું તો... પૂર્વે જે વૃક્ષો સાવ સૂકાં હતાં, એ સંપૂર્ણપણે નવપલ્લવિત છે, પાંદડાં આવેલા છે. અરે, ત્યાં માળો બનાવી પક્ષીઓ મુક્ત કંઠે ગાન કરી રહ્યા છે. ગંતવ્ય સ્થાન ઉપર પહોંચવાની ઉતાવળ હોવા છતાં. ત્યાં જ વિશ્રામ લેવાનું મન થયું. ખરેખર, મન પ્રસન્ન થઈ ગયું.

એક ગ્રામીણ ત્યાંથી પસાર થતો હતો. તેને આ વૃક્ષોની નવપલ્લવિતતાનું કારણ પૂછ્યું, તો તે બોલ્યો, 'અત્યારે વસંત ઋતુ છે, એટલે પૂર્વે સૂકાં દેખાતાં વૃક્ષો અત્યારે ખીલી ઊઠ્યાં છે.'

ભગવાન સિવાય કોઈ પણ જીવ સર્વગુણસંપન્ન નથી. એટલે કોઈ પણ વ્યક્તિમાં ગુણોના અભાવ સ્વરૂપ અથવા દોષ સ્વરૂપ પાનખર દેખાય, ત્યારે ત્રસ્ત થવાના બદલે એક દિવસ તેના જીવનમાં ગુણોની વસંત અવશ્ય આવશે, એ વિચારવું.

પરાજય સફળતાનું પ્રથમ પગથિયું પણ બની શકે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવનમાં સ્થિતપ્રજ્ઞતા અત્યંત જરૂરી છે. ક્યારેક જીત, તો ક્યારેક હાર. ક્યારેક સુખ, તો ક્યારેક દુઃખ. જીતવું ગમતું હોય તો પરાજયને પચાવતાં પણ આવડવું જોઈએ. હમણાં તો મોબાઈલ ગેમથી પણ છોકરાઓ આત્મહત્યા કરી નાખે છે. આ માનસિક નબળાઈ છે. બહુધા એવું બને છે કે ઇન્ટરનેટની દુનિયામાં વ્યક્તિ વાસ્તવિકતા ચૂકી જાય છે અને ભાવનાત્મક દૃષ્ટિએ ઊણો ઊતરતો જાય છે. ઈમોશનલી સ્ટ્રોંગ બનવાને બદલે નબળો બની જાય છે. કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે ચિંતન કરવાની જરૂર છે. આપણે નવી પેઢીને બૌદ્ધિક રીતે વિકસિત બનાવવા કાર્યરત્ થવાનું છે.

હાઈ એક્સપેક્ટેશન પેરન્ટસને પોતાનાં સંતાનો પાસેથી નેવું ટકાથી નીચે કંઇ ખપે નહીં, એવું ઈચ્છે અને તે માટે દબાણ કરે એટલે છોકરાઓ તણાવમાં આવીને આત્મહત્યા કરી લે. છોકરાઓને સફળ બનવા માટેની વાત કરો, પણ પરાજય પચાવતાં પણ શીખવાડો. નિષ્ફળ થયા તો શું થયું? એમાંથી કંઇ શીખે.

ગલતી ભી ગુરુ હોતી હૈ, અગર હમ ગલતી સે કુછ શીખેં,
અગર ગલતી રુલાતી હૈ, તો રાહેં ભી દિખાતી હૈ,
મનુજ ગતિ કા પુતલા હૈ, જો અક્સર હો હી જાતી હૈ.
લેકિન જો કર લે ઠીક ગલતી કો, ઉસે ઈન્સાન કહતે હૈ.
કિસી કે કામ જો આયે, ઉસે ઈન્સાન કહતે હૈ,
પરાયા દર્દ અપનાયે, ઉસે ઈન્સાન કહતે હૈ

માણસ પોતાના પરાજયમાંથી કંઇ શીખે, તો પરાજય પણ તેના માટે સફળતાનું પગથિયું બની શકે. પરાજયને પચાવતાં શીખો. મને સ્પોર્ટ્સ મેન એટલા માટે વહાલા લાગે. કેટલા આક્રમક બનીને રમતા હોય. પછી રિઝલ્ટ આવે એટલે પરાજિત ખેલાડી જીતેલા ખેલાડીનું પહેલવહેલું અભિનંદન કરે. આ ખેલદિલી આવવી જોઈએ.

આપણા બાળકો ઈમોશનલી નબળા થતાં જાય છે, જે માટે ચિંતન કરવાનું છે. તેમને મનથી મજબૂત, મક્કમ બનાવવાના પ્રયત્નો આદરવાના છે. આપણે બૌદ્ધિક વિકાસ પર ઘણું ધ્યાન આપ્યું. દિલ અને દિમાગનો સમ્યક વિકાસ થાય અને સંતુલિત કામ થવું જોઈએ. કથા જેની પાસે વિચાર છે, એને ભાવના આપવાનું કામ કરે છે અને જે ભાવથી ભરેલા છે, તેને વિચાર આપવાનું કામ કરે છે. વિચાર અને ભાવ બંનેની જરૂર છે. પછી માણસનો વ્યવહાર હશે, તે સંતુલિત સ્વસ્થ વ્યવહાર હશે.

આપણે ભાગવત, રામાયણમાં કથા સાંભળીએ છીએ કે ધરતી પણ ગાયનું રૂપ લઈને જ ભગવાન પાસે રાવ કરવા જાય છે. સાત્ત્વિકતાની મૂર્તિ, દૈન્ય જેની અંદર છે, એવી ગાય. એક ભજન છે,

તુમ ઢૂંઢો મુઝે ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી..
સુધ લો મોરી ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી..

જીવ-શિવ બંને વચ્ચે નિત્ય સંબંધ છે, વાસ્તવિક સંબંધ છે. બાકી બધા સંબંધ માનેલા છે અને અનિત્ય છે. શરીર સાથેનો આપણો સંબંધ માનેલો છે, અનિત્ય છે. જીવ વિખૂટો પડે છે ભગવાનથી અને સંસારમાં ફસાય છે. એ જો ગાયની જેમ પરમાર્થી બનીને જીવે, દીન બનીને જીવે. બધા ગુણોને આત્મસાત કરીને રહે અને પછી કૃષ્ણને પોકારે.

ગાય જંગલમાં જતી રહે, ત્યારે સિંહની ત્રાડ સંભળાય અને ભયભીત ગાય આમતેમ દોડે. કયાંય રસ્તો ન મળતો હોય, ક્યાં ગયો મારો ગોપાલ? એમાં એ શોધતો-શોધતો આવે. કાળો ધાબળો હોય, બીજા હાથમાં લાકડી હોય, ગાયને નામથી બોલાવે. આ એની કરુણા છે કે એ આપણને પોકારે અને એ ગોવિંદ આપણને શોધતો આવે અને કયારેક એનો પોકાર સંભળાઇ જાય.

બંસી કે નાદ સે તેરો, મધુર તાન સે મુઝે પુકારો રાધા
કૃષ્ણ ગોવિંદ હરિહર, મુરલી મનોહર નામ તિહારો,
અબ મુઝે ઉબારો ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી,
સુધ લો મોરી ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી...

ક્યાંકથી ગાય ગોવાળિયાનો સાદ સાંભળી જાય અને ભાંભરડા નાખતી દોડે, પોતાના ગોવાળ તરફ. એના ભાંભરવાનો અવાજ સાંભળે, ગોવાળિયો અને એ દોડે અને હાશ થાય કે મળી ગઇ! આ રહી અને અહીંથી હાથમાં લાકડી લઇ દોટ દે. જેવી ગાય નજીક આવે ને ગોવાળિયો એને વળગી પડે, એને હાથ ફેરવે. ગાયની આંખમાં પણ આંસુ હોય કે મારું ઠેકાણું મળી ગયું.

જીવનમાં પુરુષાર્થ તો કરવો, પરંતુ પ્રભુકૃપા પણ આવશ્યક છે. માટે સન્માર્ગ ન ભુલાય તેનું ધ્યાન રાખવાનું છે. જીવનચક્રમાં દુઃખ આવે તો વિવેકપૂર્વક માર્ગ શોધીને આગળ વધવાનું છે. આપણે સકારાત્મક વિચાર સાથે શીખતાં રહેવાનું છે. સતત પ્રામાણિક પુરુષાર્થ સાથે, પ્રાર્થનામય માર્ગ સાથે આગળ વધવાનું છે.

અન્ય પ્રત્યે અણગમો ન રાખીએ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણા સમાજમાં ઘરનું પણ નામ રાખવાની સુંદર પ્રથા છે. મકાનનું નામ હોય 'સત્કાર', પણ અંદરો-અંદર બધાં એકબીજા પર 'ધુત્કાર' અને 'ફિટકાર' વરસાવતાં હોય. 'ઉલ્લાસ' નામના ઘરમાં રહેનારા સૌ ઘણી વાર ઉદાસ રહેતાં હોય. ફ્લેટનું નામ 'લીલાલહેર', છતાં ઘરમાં રહેનારને પોતાનું જીવન ઝેર જેવું લાગતું હોય - આવા મકાનો, બંગલો, રો-હાઉસ કે ફ્લેટમાં રહેવા કોઈ તૈયાર થાય? છતાં વિધિની વક્રતા તો જુઓ! ઉપર જણાવેલા નામ જેવા 'ઘરો'માં રહેવા છતાં તે નામની સાર્થકતાના અનુભવથી આપણે સૌ મહદ્અંશે વંચિત રહી જતાં હોઈએ છીએ. આજે ઘર-ઘરમાં ટી-સેટ, ડિનર-સેટ, સોફાસેટ - અરે! બીજા ભાત-ભાતના 'સેટ' જોવા મળશે, પણ ઘરમાં રહેવાવાળા જો 'અપસેટ' હોય, તો એને ખરેખર ઘર કહેવું કે ચાર દીવાલોવાળું મકાન?

આમ તો દરેક વ્યક્તિને પોતાના સપનાંનું ઘર વસાવવાનાં ઓરતાં હોય જ છે, પરંતુ આખરે માણસ છે - એટલે ત્યાં સ્વભાવ, ઈર્ષા, અહંકાર, મહત્ત્વાકાંક્ષાઓ, માણસ હોય ત્યાં એકબીજા પ્રત્યેનો ગમો-અણગમો હોય... એટલે દિલથી ઇચ્છતાં હોવા છતાં, પ્રત્યેકને એવું ઘર સુલભ નથી થઈ જતું.

આ દુવિધા આજકાલની નથી. સંસ્કૃતિના આદિકાળથી પ્રત્યેક યુગમાં જે-તે સમયના સમાજ માટે આ કાયમનો યક્ષપ્રશ્ન છે. જેનો ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં પણ જોવા મળે છે. વાત છે, મહાભારતના સમયની, જ્યારે પાંડવ પરિવાર ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા નગરીમાં પહોંચ્યો. સ્વાભાવિકપણે મહિલાવર્ગની ચાલતી ગોષ્ઠી દરમિયાન સત્યભામા, રુક્મિણી આદિ અષ્ટ પટરાણીઓએ દ્રૌપદીને પૂછ્યું કે, 'તારા શૂરવીર અને બળવાન પતિઓ તારા કહ્યામાં રહે છે, તમારો પરિવાર સુખી છે, તેનું શું કારણ? કોઈ જંત્ર-મંત્ર કે હોમ-હવન કરાવ્યા છે? અમને પણ તે ઉપાય બતાવો, તો અમે પણ શ્રીકૃષ્ણ સાથે એવી રીતે રહી શકીએ.' ત્યારે દ્રૌપદીએ જણાવ્યું : 'દેવીઓ! આપ શ્રીકૃષ્ણની પત્ની થઈને આ શું કહો છો? દામોદરની સંગતમાં દુઃખને સ્થાન હોય?'

વાર્તાલાપ જણાવે છે કે શાંતિમય, સુખી, પ્રેમાળ પરિવાર વસાવવાનાં સપનાં બધાનાં હોય જ છે, પણ જૂજ પરિવારો એવા હોય છે, જ્યાં તે સાકાર રૂપમાં જોવા મળે છે. તેથી ઉત્તર આપવાનો આગ્રહ થયો, ત્યારે દ્રૌપદીએ રહસ્ય જણાવતાં કહ્યું : 'હું પાંચેય પતિને વશ થાઉં છું અને તેઓ કહે તેમ કરું છું. તેથી તે મને વશ થયા છે. ગમે તેવા મનભેદ-મતભેદ થાય, કોઈએ, ક્યારેય, કશું દાઢમાં રાખ્યું નથી. મારી ભૂલોને તેઓ ભૂલી ગયા છે, તેમની ભૂલો હું ભૂલી ગઈ છું.'

હા, પ્રથમથી જ આપણા શાસ્ત્રો અને સંતો આપણને સૌને પારિવારિક મૂલ્યો દૃઢ કરાવતા રહ્યા છે: ' - કોઈનું મારા પ્રત્યે ગમે તેવું વલણ હોય, પણ મારા માટે તો સૌ સારા જ છે.'

ત્રણ ભાઈઓના પરિવારની વાત છે. કુટુંબ છિન્નભિન્ન થઈ ગયું હતું. ભાઈઓ વચ્ચે

વકરેલો વ્યવહાર એટલો કાતિલ થઈ ગયેલો કે કોઈ એકબીજા સાથે બોલવા તૈયાર નહીં. કોર્ટ કે પોલીસ-સ્ટેશનના ધક્કા શરૂ થઈ જાય એવી વકી હતી. આ વિષમ સમયમાં એક ભાઈને વિચાર આવ્યો કે, 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતના આશીર્વાદ લઈએ.' બીજું કોઈ તો આવે તેમ નહોતું, તેથી તેઓ પોતે જ પ્રમુખસ્વામી મહારાજ પાસે આવ્યા અને આપવીતી કહી. આશીર્વાદથી ચમત્કારની આશાએ આવેલા એ ભાઈને પ્રમુખસ્વામી મહારાજે કહ્યું : 'બીજું બધું ભૂલી જાવ. તમારા ભાઈઓ કદાચ તમારા ઘરે ન આવે, તમને સહકાર ન આપે અથવા તમારી સાથે ઝઘડે, પણ તમારે તેમને પ્રેમથી બોલાવવા અને તેમના ઘેર જવું, એમના પ્રસંગો સાચવવા. તમારે જરાય અણગમો રાખવો નહીં.'

પ્રમુખસ્વામી મહારાજનાં આ સુવર્ણ વચનો પ્રમાણે તે ભાઈએ આચરણ કર્યું. તેમના એક ભાઈ હોસ્પિટલમાં હતા, ત્યારે ત્યાં જઈને તેમની સેવા કરી. ભલમનસાઈભર્યું જ વર્તન અને ખરેખર, બધા ભાઈઓને અંતર્દૃષ્ટિ થઈ, સૌમાં પરિવર્તન આવ્યું. બધા જ ભાઈઓ એકબીજાને ઘેર હળતાં-મળતાં થયા, આખો પરિવાર એક થઈ ગયો!!! પ્રમુખસ્વામી મહારાજે એવું વર્તન શીખવ્યું, જેનાથી પરિવારમાં ચમત્કાર થાય!

જોગીદાસ ખુમાણ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

જોગીદાસ ખુમાણ વર્ષોથી ભાવનગરની સામે બહારવટે ચડ્યો હતો. બહારવટામાં તેનું કૌશલ્ય એવું જોરદાર હતું કે, ભાવનગરની પોલીસે અનેક પ્રયત્નો પછી પણ તેને પકડી ન શકી.

એક દિવસ એવી ઘટના ઘટી કે જોગીદાસે હંમેશ માટે બહારવટું છોડી દીધું. બન્યું એવું કે, જોગીદાસ કોઈ ગામનું વિશાળ ગોધન લૂંટીને ભાગી રહ્યો હતો, સાગરીતો સાથે સાવચેતીથી આગળ વધી રહ્યો હતો. પોલીસને ગંધ આવતાં પાછળ આવી. જોગીદાસે ગાયોને ગીરના ગાળામાં પૂરી દીધી. અહીંથી પાછા આવશું, ત્યારે ગાયો પાછી લઈ જઈશું, વિચારી સાગરીતો સાથે તે ભાગી ગયો. ખૂબ શોધવા છતાં પોલીસ ન જ પકડી શકી.

પોલીસથી આબાદ બચી જવાનો આનંદ ખૂબ હતો. એ આનંદમાં ને આનંદમાં ગીરના ગાળામાં ગાયો પૂરી છે, એ ભૂલી જવાયું. બે-ત્રણ મહિને તે આ બાજુ આવ્યો, ત્યારે યાદ આવ્યું. જ્યાં ગાયો બાંધી હતી, ત્યાં ગયો. પણ...

ત્યાં ગાયોનાં હાડકાં પડ્યાં હતાં. ગૌમાતાનું મૃત્યુ જોઈ જોગીદાસનું હૈયું હલી ગયું. આટલી બધી ગાયોની હત્યાનું પાપ સહન કરવું અઘરું હતું. પાપનાં પ્રાયશ્ચિત રૂપે બહારવટું છોડી હિમાલય જઈ હાડકાં ગાળી નાખવાનો નિર્ણય કર્યો. એ માટે નીકળી પણ ગયો, જોકે ભાવનગરના રાજા વજેસિંગજીએ આગ્રહપૂર્વક પાછો બોલાવતાં પાછો આવ્યો, પણ બહારવટું છોડી દીધું.

જીવનમાં પ્રસન્નતા લાવવા ભગવાને ગીતાનો ઉપદેશ આપ્યો

જીવન સચ્ચિદાનંદસ્વરૂપ છે. ક્યારેક અર્જુન જેવો વિષાદ આવી જાય, તો ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરી લેવા. અર્જુનને જ્યારે પોતાના મૂળ સ્વરૂપની વિસ્મૃતિ થઈ. ત્યારે એ કહેવા લાગ્યો કે, 'હું મરવા તૈયાર છું, આ બધાને મારવા તૈયાર નથી.'

જીવ શિવની માફક અવિનાશી છે. જીવ સહજ સુખરાશિ છે, પણ અહીં વિષાદ કરતો દેખાય છે. આ ભેદ કુરુક્ષેત્રમાં સ્પષ્ટ દેખાય છે. અર્જુન જીવનું પ્રતિનિધિત્વ કરે છે અને શ્રીકૃષ્ણ પ્રસન્નતાથી ગીત ગાય છે. એ ગીત એટલે ગાય છે કે અર્જુનનો વિષાદ દૂર થાય અને એ પણ પ્રસન્નતાથી ભરાઈ જાય. પોતાના કર્તવ્યરૂપ કર્મને યુદ્ધમાં મસ્તીથી લડે, યુદ્ધ કરવા તૈયાર થાય. ભગવાન આપણા વિષાદને દૂર કરવા, આપણું કર્તવ્ય શું છે તે સમજાવવા, જીવનને પ્રસન્નતા, મસ્તીથી ભરી દેવા માટે જ ગીત ગાય છે. એના ગીતમાં જાદુ જ એવો છે કે વિષાદ દૂર કરશે જ.

ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર આપણું શરીર છે. ગીતામાં શરીરને ક્ષેત્ર કહ્યું છે.

ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિભિધીયતે।

ક્ષેત્ર એટલે ખેતર. ખેતરનું શું કામ હોય? ખેડવા માટે, ખેતી કરવા માટે. શેની ખેતી કરવાની છે? ધર્મની. માટે આ ક્ષેત્ર કયું છે? ધર્મક્ષેત્ર. આ શરીર કેમ મળ્યું છે? ધર્માચરણ માટે. ધર્મ શું? જેનાથી અભ્યુદય થાય, નિશ્ચયની સિદ્ધિ થાય, તે ધર્મ.

જેનાથી જીવનનાં દરેક ક્ષેત્રમાં વિકાસ થાય, ધર્મથી કેવળ આપણા આધ્યાત્મિક વિકાસની સાથે સામાજિક ક્ષેત્રે પણ વિકાસ થાય છે. ધર્મથી આર્થિક વિકાસ પણ થાય છે. ધર્મથી સંસ્કૃતિનો વિકાસ થાય.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જેના જીવનમાં કલા નથી, જેને કલા પ્રત્યે પ્રેમ નથી એ માણસનું જીવન બોજ થઈ જશે, કેમ કે કલા હૃદય સાથે સંબંધિત છે

ધર્મથી રાજકીય વિકાસ પણ થાય છે. જીવના દરેક પાસાંનો વિકાસ જેના દ્વારા થાય અને નિશ્ચયની પ્રાપ્તિ થાય.

માનવને સામાજિક પ્રાણી કહે છે. પરસ્પર સહયોગથી આ જીવન ચાલે છે. 'મને કોઈની શું પડી છે.' એટલે પછી મારા જેવો બીજો છે ક્યાં? અને આવી રીતે માણસ – મારે કોઈની શું જરૂર છે, એવું વિચારે તો એ સમાજને માટે બોજારૂપ છે.

એક વાત સમજી લઈએ, માત્ર પૈસાથી જ નથી જીવાતું – કપડાંની જરૂર પડે છે, મકાનની, રક્ષણની, જમવાની જરૂર પડે છે અને એ માટે સમાજની જરૂર પડવાની. પરસ્પરનો સહયોગ – જીવન

સમાજના નીતિનિયમનું પાલન કરવાની માણસે તૈયારી રાખવાની છે. ભેગા મળીને જીવવાનું છે. જે પ્રેમથી ભરાયેલા છે ત્યાં ઘર્ષણ નિવારે છે.

પ્રેમ એવો શબ્દ છે જે પરસ્પર આપવાનો છે. પ્રેમ આપવાથી મળે છે, વહેંચવાથી વધે છે. સમાજમાં પરસ્પર સ્નેહ જાગે અને એ સ્નેહયુક્ત કામ કરે, તેનું નામ ધર્મ. ત્યારે ધર્મના નામે જ માણસ ઘર્ષણમાં આવતો હોય ત્યારે તે ધર્મ નથી. ધર્મના કપડાં પહેરીને આવેલો અધર્મ છે. આજે મુશ્કેલી એ જ છે.

રિલિજિયન્સ ગેરમાર્ગે દોરતો શબ્દ છે. રિલિજિયન સાચો શબ્દ છે. આપણા ધર્મશાસ્ત્રોમાં, ધર્મગ્રંથોમાં ઋષિમુનિઓ દ્વારા જે વાતો કહેવામાં આવી છે તેમાં ક્યાંય સંકીર્ણતા નથી. જેનાથી અભ્યુદય થવો જોઈએ. આર્થિક વિકાસ થવો જોઈએ.

બીજું પાસું કયું છે? મને પૈસાની જરૂર છે. મારો આર્થિક વિકાસ થવો જોઈએ હું મલ્ટિમિલિયોનર બનું, પણ જેમ પૈસાવાળો થતો જાઉં, તેમ સમાજથી દૂર થતો ન જાઉં. આજના મોટા ભાગના પૈસાવાળા સમાજથી દૂર થતાં જાય છે. એ કોઈને મળવા ન જાય, કોઈને ઘેર ન આવવા દે. પૈસા વધતા જાય તેમ માણસ પૈસાના પાંજરામાં કેદ થઈ જાય અને સમાજથી દૂર થઈ જાય. એને નાના માણસો સાથે બેસવામાં નાનપ લાગે. જેમ વધારે પૈસા આવે તેમ સમાજના ઉત્થાનના કાર્યો કરવા જોઈએ. સામાજિક વિકાસ થવો જોઈએ. આર્થિક વિકાસ થવો જોઈએ.

જીવન અને કલાનો સંયોગ ત્રીજું પાસું સાંસ્કૃતિક છે. માણસનાં જીવનમાં કલા પણ જોઈએ. રાજકીય વિકાસ સામાજિક વિકાસમાં આવી જાય છે. બીજો આર્થિક વિકાસ, ત્રીજો સાંસ્કૃતિક વિકાસ. કલા જોઈએ માણસના જીવનમાં. જેના જીવનમાં કલા નથી, જેને કલા પ્રત્યે પ્રેમ નથી એ માણસનું જીવન બોજ થઈ જશે, કેમ કે કલા હૃદય સાથે સંબંધિત છે.

જે દેશમાં સારો સાહિત્યકાર, સારો કવિ ન હોય એ દેશ ગરીબ છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે, જે ગામમાં એક સારો શિક્ષક, એક સારો સમાજ-સેવક, સારો કવિ, સારો ભક્ત કે સંત ન હોય એ ગામ કુગ્રામ છે. એમાં કોઈ દિવસ રહેવું નહીં.

પારિવારિક સંવાદિતાનું સંગીન સૂચન

વાત છે અટલાદરા ગામની, જ્યાં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયો હતો. ઉત્સવ સભાના સમય અંગે સ્વામીએ પૂછપરછ કરી, એટલે સંતોએ કહ્યું, 'આપને આમાં કંઈ ફેરફાર કરાવવો હોય તો જણાવો. આપ કહો એમ કરીશું.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા, 'હું નહીં, બધાનું શું કહેવું છે? હું કહું એમ જ થવું જોઈએ, એમ ન થવું જોઈએ. સર્વાનુમતે થવું જોઈએ.' સંવાદિતાનો સંગીન સુઝાવ પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાંથી સરી પડ્યો!

શબ્દો સીમિત છે, પરંતુ એમાં રહેલી ભાવના અપાર છે! વાક્ય નાનું છે, પણ એનું પરિણામ મોટું છે અને સત્પુરુષના મુખેથી સરી પડેલું વાક્ય જીવનમાં જીવી બતાવવું તે પણ મોટી સિદ્ધિ છે, કારણ કે આ વાતનો અમલ મેનેજમેન્ટની દૃષ્ટિએ આપણા નોકરી, ધંધા, વ્યવસાય, રાજકારણમાં કરો, તો પણ કંપની, રાજ્ય કે દેશની સંપૂર્ણ પ્રગતિ નિશ્ચિત છે. જો તેનો અમલ પારસ્પરિક સંબંધોની દૃષ્ટિએ આપણા પરિવારમાં કરો, તો પણ પારિવારિક શાંતિ અને પરસ્પરના અતૂટ લાગણીબંધન મળવા નિશ્ચિત છે.

આજકાલના પરિવારોમાં ઉદ્ભવતા પ્રશ્નોનાં મૂળ તો એટલે જ પહોંચે છે કે 'બસ, બધે મારું ધાર્યું થવું જોઈએ. લોકો મારા એકલાનું જ માનવા જોઈએ. બધા મને પૂછીને જ બધું કરવા જોઈએ.' એક કુટુંબમાં બનતી બીના પર એક પ્રચલિત કટાક્ષ છે : છગનના ઘરે નવી આવેલી વહુ લીલીને સાસુ સંચીએ ઘરની વ્યવસ્થા સમજાવતાં કહ્યું, 'આ ઘરમાં વડાપ્રધાન તમારા સસરા છે. ગૃહપ્રધાન હું છું અને નાણાંપ્રધાન પણ હું છું. મારી દીકરી વિદેશપ્રધાન છે, મોટો દીકરો પુરવઠાપ્રધાન છે અને તારો વર નાયબ પુરવઠાપ્રધાન છે. તમે કયા ખાતાના પ્રધાન થવું પસંદ કરશો?' જ્યારે પરિવારની વિધિના લેખ, ગળથૂથીમાંથી જ આવા લખાય, તો પ્રતિભાવ કેવો હોય? 'હું વિરોધ પક્ષે બેસવાનું પસંદ કરીશ...' વહુ લીલીએ જવાબ આપ્યો. બધાને પ્રધાન થવું હોય, સત્તા જોઈતી હોય; પરંતુ કોઈને એવો વિચાર આવ્યો કે, 'આપણે સેવક બનીએ', 'સૌને સાથે રાખીને નિર્ણયો લઈએ', 'સૌની સાથે હળીમળીને રહીએ...'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જ્યારે પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે તેઓ સંસ્થાના પ્રમુખ, સંપૂર્ણ સત્તાધારી હોવા છતાં, ક્યારેય કોઈ પણ નિર્ણય એકલા કર્યો નથી. આપણે શરૂઆતમાં જે વાંચ્યા, એ શબ્દોને તેઓ જીવ્યા છે.

1971માં પ્રમુખસ્વામી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અક્ષરધામમાં પધાર્યા. ધામગમનના બીજા દિવસે પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ મંદિરની ખેતીવાડી સંભાળતા સંતને પૂછેલું : 'જ્યાં આપણે ઘઉં વાવ્યા છે, તે સ્થળ મોટેરા સંતો અને ટ્રસ્ટીઓએ યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર માટે પસંદ કર્યું છે. તમારો શો અભિપ્રાય છે?' 'સ્વામી! આપ સંસ્થાના ધણી છો. હું તો સામાન્ય સેવક છું. આપે નક્કી કર્યું હોય એ બરાબર જ હોય. આપે મને પૂછવાનું પણ ન હોય.' તે સંતે કહ્યું.

'તમે ઘઉં વાવ્યા છે, મહેનત કરી છે. તેથી તમને પૂછવું તો પડે ને!' સ્વામી બોલ્યા. પોતાના પ્રાણપ્યારા ગુરુ ધામમાં ગયા હોય, ત્યારના દુ:ખ, જવાબદારીઓ વચ્ચે પણ પ્રમુખસ્વામી મહારાજે સાથેના સંતને પૂછ્યા વિના જ નિર્ણય ન લીધો. સંસ્થાના ધણી થઈને સ્વામીએ એ સંતને મહત્ત્વ આપીને તેમનું હૃદય સહજમાં જીતી લીધું. તેઓના જીવન થકી થયેલું આ કેવું વિરલ 'પ્રમુખ દર્શન!'

આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે : 'जितं जगत् केन मनो हि येन' જેનો અર્થ થાય છે : 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.' આ ઉક્તિનો અર્થ એવો પણ કરી શકાય કે, 'જેણે સૌનાં મન જીત્યાં, તેણે આખું જગત જીત્યું...' કારણ કે પોતાનું મન તો ખરું જ, પણ તે સાથે સ્વજનોનાં મન-હૃદય જીતીને જે કુટુંબ, સમાજ કે દેશ માટે કાર્ય કરે છે, તે સુખી અને સફળ જીવનનો અધિકારી બને છે.

આપણા વર્તનથી ઘરનાં દરેક સભ્યને લાગવું જોઈએ કે પરિવારમાં તેનું પણ મહત્ત્વ છે. ઘરનાં ફર્નિચરમાં ફેરફાર કરતાં પહેલાં એક વાર પિતાને પૂછ્યું હોય; કિચનમાં કંઈ કરાવવામાં પત્નીની સલાહ લીધી હોય; નવી ગાડી લેવાની હોય ત્યારે માતાને 'ટ્રાયલ રાઈડ'માં બેસાડીને 'તમને આ ગાડીમાં ફાવશે?' પૂછ્યું હોય; ફરવા જતાં પહેલાં બાળકોને 'ક્યાં જવું ગમે?' પૂછ્યું હોય... તો પરિવાર કેટલો સંપીલો, લાગણી અને પ્રેમભર્યો થઈ જાય!

સ્વજનોને તેમનાં અસ્તિત્વનાં મહત્ત્વનો અનુભવ કરાવવાનો છે. સૌને સાથે રાખીશું, અભિપ્રાય લઈશું, મન સાચવીશું તો ઘર નંદનવન બનતા કોઈ રોકી નહીં શકે!

બરેજા પાર્શ્વનાથ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

એક વાર એક સાર્થવાહ વહાણમાં બેસીને સમુદ્રયાત્રા કરી રહ્યો હતો, વ્યાપાર માટે તે દેશાંતર જઈ રહ્યો હતો. સમુદ્રમાં વહાણ અચાનક સ્તંભિત થઈ ગયું. વહાણનું આમ અચાનક સ્તંભિત થવાનું કોઈ કારણ સાર્થવાહને ન જણાયું. વહાણ તો સ્તંભિત થઈ ગયું, પણ સાર્થવાહ વિસ્મય થયું.

અનુભવી સેવકોને તપાસ કરવા મોકલ્યા, તો ખ્યાલ આવ્યો કે ત્યાં સમુદ્રનાં જળમાં એક મનોરમ્ય પ્રતિમા હતી. તેના પ્રભાવે જહાજ આગળ જઈ શકતું ન હતું. સેવકો તે પ્રતિમા લઈને આવ્યા. ચિત્તાકર્ષક પ્રભુનાં દર્શન કરી સાર્થવાહ અતિશય હર્ષિત થયો.

સાર્થવાહે પ્રભુની પ્રતિમા સૌરાષ્ટ્રના 'બરેજા' નામના ગામમાં પધરાવી. વિશાળ જિનપ્રાસાદના મૂળનાયક તરીકે પ્રભુ શોભાયમાન થયા. આમ તો પ્રભુનું વિશેષ કોઈ નામ ન હતું, પણ બરેજા ગામમાં પ્રભુ પ્રતિષ્ઠિત થયા હોવાથી 'બરેજા પાર્શ્વનાથ' તરીકે પ્રસિદ્ધ થયા.

33 ઇંચની ઊંચાઈવાળા અને 23 ઇંચ પહોળા વેલુથી નિર્મિત પ્રભુની આ પ્રતિમા શ્યામ વર્ણીય છે. સાંપ્રત સમયે 108 પાર્શ્વનાથ પ્રભુનાં તીર્થોમાં શોભતું આ જિનાલય 1900માં શેઠ ભીમજી કલ્યાણજીએ નિર્માણ કરાવ્યું હતું.

1905માં મહા વદ ત્રીજના પાવન દિવસે આચાર્ય જિનેશ્વર સૂરિજી મહારાજાનાં કરકમળ દ્વારા પ્રભુની પ્રતિષ્ઠા થઈ.